Visit Dwarkadheeshvastu.com For

FREE Vastu Consultancy, Music, Epics, Devotional Videos
Educational Books, Educational Videos, Wallpapers

****

All Music is also available in CD format. CD Cover can also be print with your Firm Name

****

We also provide this whole Music and Data in PENDRIVE and EXTERNAL HARD DISK.

Contact : Ankit Mishra ( +91-8010381364, dwarkadheeshvastu@gmail.com )

# So Upnishad

## (Gujrati)

# मैत्रायण्युपनिषत्

शान्तिपाठः—ॐ आप्यायन्तु ममाङ्गानि वाक्प्राणश्चक्षुः श्रोत्रमथो
बलमिन्द्रियाणि च सर्वाणि सर्वं ब्रह्मौपनिषदं माहं ब्रह्म
निराकुर्यां मा मा ब्रह्म निराकरोदनिराकरणमस्त्व-
निराकरणं मे अस्तु । तदात्मनि निरते य उपनिषत्सु-
धर्मास्तेमयि संतु ते मयि संतु ॥

ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

## प्रथमः प्रपाठकः

ॐ बृहद्रथो ह वै नाम राजा राज्ये ज्येष्ठं पुत्रं निधापयित्वे-
दमशाश्वतं मन्यमानः शारीरं वैराग्यमुपेतोऽरण्यं निर्जगाम,
स तत्र परमं तप आस्थायादित्यमीक्षमाण ऊर्ध्वबाहुस्तिष्ठत्यन्ते
सहस्रस्य मुनिरन्तिकमाजगामाग्निरिवाधूमकस्तेजसा निर्दहन्निवात्म-
विद्भगवाञ्छाकायन्य उत्तिष्ठोत्तिष्ठ वरं वृणीष्वेति राजानमब्रवीत्स
तस्मै नमस्कृत्योवाच भगवन्नाहमात्मवित्त्वं तत्त्वविच्छृणुमो वयं स
त्वं नो ब्रूहीत्येतद्वृत्तं पुरस्तादशक्यं मा पृच्छ प्रश्नमैक्ष्वाकान्यान्कामा-
न्वृणीष्वेति शाकायन्यस्य चरणावभिमृश्यमानो राजेमां गाथां जगाद॥१
भगवन्नस्थिचर्मस्नायुमज्जामांसशुक्रशोणितश्लेष्माश्रुदूषिते विण्मूत्र-
वातपित्तकफसंघाते दुर्गन्धे निःसारेऽस्मिञ्छरीरे किं कामोपभोगैः ॥२॥
कामक्रोधलोभभयविषादेर्ष्येष्टवियोगानिष्टसंप्रयोगक्षुत्पिपासाजरामृत्यु-

# ૩ : મૈત્રાયણી ઉપનિષદ

ૐ મારાં અંગો, વાણી, પ્રાણ, આંખ, કાન, બળ અને બધી ઇંદ્રિયો પુષ્ટ બનો. આ બધું ઉપનિષદોમાં વર્ણવેલું બ્રહ્મ છે. હું બ્રહ્મને મારાથી દૂર ન કરું અને બ્રહ્મ મને પોતાથી દૂર ન કરો. બ્રહ્મ મારાથી દૂર ન થાઓ અને હું બ્રહ્મથી દૂર ન થાઉં. આત્મામાં પ્રીતિવાળા મનુષ્ય માટે જે ધર્મો ઉપનિષદોમાં કહ્યા છે, તે મારામાં હો, મારામાં હો ! ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

## પ્રથમ પ્રપાઠક

બૃહદ્રથ નામના એક રાજાને શરીર અનિત્ય છે એવું ભાન થતાં વૈરાગ્ય આવ્યો. આથી પોતાના મોટા છોકરાને રાજ્ય સોંપીને તે વનમાં ચાલ્યો ગયો. ત્યાં તેણે લાંબો વખત ઉગ્ર તપશ્ચર્યા કરી. તે સૂર્ય સામે જોતો ઊંચા હાથ કરીને ઊભો રહેતો હતો. છેવટે એક હજાર વર્ષને અંતે એ તપશ્ચર્યાના ફળરૂપે એક વખત શાકાયન્ય નામના આત્મવેત્તા મહામુનિ તેની પાસે આવ્યા કે, જે ધુમાડા વિનાના અગ્નિની પેઠે તેજ વડે જાણે બળતા હોય એવા જણાતા હતા. તેમણે રાજાને કહ્યું : 'હે રાજા, ઊઠ-ઊઠ, અને વરદાન માગ.' રાજાએ તેમને કહ્યું : 'હે ભગવન્ ! હું આત્મવેત્તા નથી; અમે સાંભળ્યું છે, કે આપ આત્મવેત્તા છો; માટે મને આત્મજ્ઞાનરૂપ વરદાન આપો.' એ સાંભળી મુનિએ તેને કહ્યું : 'હે ઇક્ષ્વાકુવંશી રાજા ! તું બીજો કોઈ વર માગ; અને આવો પૂર્વકાળથી જ અશક્ય પ્રશ્ન ન પૂછ.' એ સાંભળી બૃહદ્રથ રાજા શાકાયન્યના ચરણોને સ્પર્શ કરતો આ ગાથા બોલ્યો : ૧ 'હે ભગવન્ ! આ શરીર હાડકાં, ચામડી, સ્નાયુ, મજ્જા, માંસ, વીર્ય, લોહી, આંસુ, વિષ્ટા, મૂત્ર, વાયુ, પિત્ત, કફ વગેરેથી યુક્ત છે, દુર્ગંધથી ભરેલું છે અને નિઃસાર છે; તો વિષયભોગોની શી જરૂર છે? ૨ આ શરીર

# ઉપનિષદોમાં શું છે ?

એક તત્ત્વમાંથી જગતની ઉત્પત્તિ તેમાં સ્થિતિ અને તે એક તત્ત્વમાં પાછો તેનો લય આમાં સમજાવવામાં આવ્યાં છે. જેમાંથી શરીર બને છે, તે પંચમહાભૂતો; પાંચ કર્મેંદ્રિયો અને પાંચ જ્ઞાનેંદ્રિયો, તેઓનું સંચાલક મન અને તેને પ્રેરણા કરનારી બુદ્ધિ અને તેથી આગળ જઈને જીવનનું જીવન જે પ્રાણ છે, તેની ઓળખ આમાં અપાયેલી છે. ગર્ભધારણ પહેલાંની સ્થિતિ, ત્યાર પછીનો વિકાસ, અનેક બંધનોમાં સંકુચિત રહેલો જીવ સાક્ષીરૂપે અને અલિપ્ત એવો અંતર્યામી આત્મા અને સર્વદૃશ્ય જગત જેની માત્ર એક છાયા છે, તેવો અનાદિ, અનંત, સ્વયંપ્રકાશ, નિરામય, કૂટસ્થ, સર્વશક્તિમાન, સ્વસંવેદ્ય, સર્વેશ્વર, અનુશાસક, અણુથી પણ અણુ અને મહાનથી પણ મહાન, અનુપમ, અવર્ણનીય, સર્વાત્મા, નિરંજન, નિરાકાર, સર્વજ્ઞ, સર્વવ્યાપી, સનાતન અને અલક્ષ્ય (બાવાઓનો અહાલેક અથવા અલખ) પરમાત્મા એટલે પરબ્રહ્મ—એવા ગહન વિષયો શ્રેષ્ઠ મહાતપસ્વી જીવન્મુક્ત ઋષિઓની વાણીમાં આ ગ્રંથમાં વાચકોને મળશે. છેવટે દરેક જીવ એ વ્યાપક પરબ્રહ્મસ્વરૂપે જ છે, એવું અનેક દૃષ્ટાંતો દ્વારા અહીં પ્રતિપાદિત કરવામાં આવ્યું છે. જગત અને કર્મની એકતા પણ અહીં દેખાડવામાં આવી છે.

જે આત્મા વ્યક્તિમાં છે, તે જ સમૂહમાં છે. એક જ પરમાત્મા સર્વના હૃદયમાં રહેલો છે, તે જ પૂર્ણ છે. તે પૂર્ણતાની તરફ વળાય અને એકત્વ અનુભવાય, તો જ સુખ છે. આનંદ એ આત્માનું સ્વરૂપ છે. દુઃખ એ જડ તત્ત્વ હોઈને શરીર અને મનનો ગુણ છે. ક્ષણિક સુખ પેદા કરનારી વસ્તુઓને પોતાના તરફ ખેંચવામાં ખરો સ્વાર્થ નથી, પણ તે પોતામાં અને બીજાઓમાં રહેલું ખરું સ્વરૂપ સમજીને એટલે પરમાત્મા તરફ વળીને આત્મચિંતન કરવામાં છે. આમ વસ્તુઓનાં સૂક્ષ્મ કારણો સમજતાં અને સંતોના શબ્દોમાંથી પ્રેરણા લઈને શ્રદ્ધાપૂર્વક સત્ત્વગુણ વધારતાં મનુષ્ય પોતાનું અસલ રૂપ કેમ મેળવી શકે, તેમ જ જેમાંથી જન્મ-મરણ અથવા બીજી કોઈ પણ વ્યાધિ પાછી ઊભી ન થાય, એવા પરમબ્રહ્મના પદને તેનાથી કેમ પામી શકાય, એ આ ગ્રંથમાં બતાવ્યું છે.

સર્વ સત્યોનું છેવટનું સત્ય આમાં છે. લાંબા શુભ ચિંતન પછી ચિત્તશુદ્ધિ થાય છે. કંઈક પોતાના પ્રયાસથી અને કંઈક ઈશ્વરની કૃપાથી જીવનનું તત્ત્વ સમજાય છે. એ અધ્યાત્મવિદ્યાનો આ મુખ્ય ગ્રંથ છે; અને ભારતની સંસ્કૃતિનો એ મોટામાં મોટો વારસો છે.

ઉપનિષદોમાં કોઈ એક જ વાદ નથી, કોઈ અન્ય વાદનો વિવાદ પણ નથી. એમાં તો સર્વસુંદર સંવાદ છે. 'હું કોણ ?' એ પ્રશ્ન દરેક માણસે પોતાને પૂછવો જોઈએ અને શુદ્ધ તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ 'હું' પણ નથી, તેમ જ 'બીજાઓ' પણ નથી એમ જોવું જોઈએ. કૈવલ્ય એટલે આત્માનુભવ. એક જ મહાતત્ત્વ દરેક માણસની અંદર અને બહાર રહેલું છે. મન જે મનુષ્યોને બંધનકર્તા થાય છે, તેનો તો લય અને નાશ થઈ જાય છે. કર્મ, જ્ઞાન અને ભક્તિ-એ ત્રણે શ્રેણીઓ જે એક પદ ઉપર માણસને પહોંચાડે છે, ત્યાં છેવટે જ્ઞાન, જ્ઞાતા અને જ્ઞેય-એ ત્રણેનો ભેદ જ નીકળી જાય છે. તે મોક્ષ, તે બ્રહ્મજ્ઞાન, તે સાક્ષાત્કાર, તે ભગવદ્દર્શન, તે નિર્વાણ અને તે કૈવલ્ય. જિજ્ઞાસુઓના,

તપસ્વીઓના, ભક્તોના અને ઋષિમુનિઓના એ અંતિમ ધ્યેયનો સાફ અને સીધો ધોરી રસ્તો આ **ઉપનિષદોમાં** છે.

જે મુખ્ય વિચારકોએ ઉપનિષદોની બ્રહ્મવિદ્યાની ક્રમપૂર્વક સ્થાપના કરી છે, તે કંઈક કાલક્રમાનુસાર નીચે પ્રમાણે તારવી શકાય છેઃ+

૧. શ્રુતર્ષિ મહીદાસ ઐતરેય—ઋગ્વેદના ઐતરેય, આરણ્યક અને ઐતરેય ઉપનિષદના મુખ્ય શાખા–પ્રવર્તક અને 'प्रज्ञानं ब्रह्म—બ્રહ્મ શુદ્ધ જ્ઞાનમય તત્ત્વ છે' એ મહાવાક્યના સમર્થક.

૨. શ્રુતર્ષિ ઉદ્દાલક આરુણિ—સામવેદના છાંદોગ્ય ઉપનિષદના પ્રધાન વિચારક અને શ્વેતકેતુના પિતા: 'तत्त्वमसि—તું (જીવ) તે (બ્રહ્મ) છે' એ મહાવાક્યના સિદ્ધાંતના સ્થાપક.

૩. દેવર્ષિ વરુણ—કૃષ્ણ યજુર્વેદની તૈત્તિરીય શાખાના મહર્ષિ, પંચકોશ વિદ્યાના સ્થાપક અને 'બ્રહ્મ आनंदमय વસ્તુ છે' એવા નિર્ણયના પ્રવર્તક.

૪. યાજ્ઞવલ્ક્ય યોગીશ્વર—શુક્લ યજુર્વેદની શાખાના પ્રવર્તક, શતપથ બ્રાહ્મણની રચના કરનાર અને બૃહદારણ્યક અને તેમાં અંતર્ગત બૃહદારણ્યક ઉપનિષદના પ્રમુખ તત્ત્વનિષ્ઠ મહર્ષિ: 'अहं ब्रह्मास्मि—હું બ્રહ્મ છું' એવા શુદ્ધ અનુભવવાચક મહાવાક્યના સ્થાપક.

૫. માંડૂક્ય મુનિ—અથર્વવેદની એક શાખાના પ્રવર્તક, પ્રણવવિદ્યાના સંગ્રાહક અને 'अयमात्मा ब्रह्म—આ આત્મા બ્રહ્મ છે' એ મહાવાક્યના સ્થાપક.

૬. પિપ્પલાદ મુનિ—અથર્વવેદના રહસ્યકાંડના સંગ્રાહક અને પ્રવચનકાર

+ જુઓ ન. દે. મહેતાકૃત 'ઉપનિષદ-વિચારણા': પાનું ૩૫

૭. રાજર્ષિ જનક—બ્રહ્મવિદ્યાના ઉત્તેજક અને યોગીશ્વર યાજ્ઞવલ્કયના શિષ્ય.

૮. રાજર્ષિ પ્રવાહણ જૈબલિ—શ્વેતકેતુ અને તેના પિતા ઉદ્દાલકના પણ દેહોત્પત્તિ–વિદ્યાના સંબંધમાં ગુરુ.

૯. સત્યર્ષિ સત્યકામ જાબાલ—દાસીપુત્ર છતાં બુદ્ધિ અને સંસ્કારના પ્રભાવ વડે બ્રહ્મવિદ્યા મેળવનાર અને સ્વતંત્ર જાબાલ–શાખાના પ્રવર્તક ઋષિ.

૧૦. બ્રહ્મર્ષિ સયુગ્વા રૈકવ—દરિદ્રી બ્રાહ્મણ પણ વિદ્યામાની બ્રહ્મર્ષિ, જેણે શૂદ્ર રાજાની કન્યા દાનમાં લઈ બ્રહ્મવિદ્યાનો પ્રચાર કર્યો.

૧૧. રાજર્ષિ ગાર્ગ્યાયન—ઋગ્વેદની શાંખાયન અથવા કૌષીતકિ-શાખાના વિચારક, જેણે સગુણ–બ્રહ્મવાદનું અને પ્રાણ–બ્રહ્મવાદનું ઉદ્દાલક અને તેના પુત્ર શ્વેતકેતુને ભાન કરાવ્યું.

૧૨. રાજર્ષિ પ્રતર્દન દૈવોદાસિ—પ્રાણ–બ્રહ્મવાદને પ્રજ્ઞા–બ્રહ્મવાદમાં ચઢાવી 'प्रज्ञानं ब्रह्म' મહાવાકયની જેણે સાબિતી કરી.

ઉપનિષદ સાહિત્યમાં અનેક શ્રોતા–વક્તા ઋષિઓ અને વાદી–પ્રતિવાદીઓ આવે છે; પરંતુ ઉપનિષદની વિદ્યાની શ્રુતિ, યુક્તિ અને અનુભવ વડે એકવાકયતા કરનારાઓમાં ઉપરના બાર વિચારકો ખાસ આપણી નજરને ખેંચે તેવા છે.

વેદોમાં રહેલું અપૌરુષેય અધ્યાત્મજ્ઞાન ઉપનિષદોમાં તારવી લેવામાં આવ્યું છે. અનેક ઋષિઓએ જેમાં પોતાના પરમ અનુભવનું વર્ણન કર્યું છે, તે શ્રુતિના રૂપે (તમે શું સાંભળ્યું છે એમ પૂછીને) ઉપનિષદોમાં ઉતાર્યું છે. પૃથ્વી ઉપર કોઈ પણ જગ્યાએ હજારો વર્ષોમાં આ તત્ત્વજ્ઞાનમાં ઉપનિષદોથી કોઈ પણ આગળ જઈ શક્યું નથી.

જેમને હિંદની સંસ્કૃતિમાં (બધા સમાજોમાં અને સંપ્રદાયોમાં) મહાવાક્યો અને મહામંત્રો ગણ્યા છે, તે આ મહાવાક્યો **ઉપનિષદો**માં છે:

૧. प्रज्ञानं ब्रह्म । (ઋગ્વેદ) ૨. अहं ब्रह्मास्मि । (યજુર્વેદ)

૩. तत्त्वमसि । (સામવેદ) ૪. अयमात्मा ब्रह्म । (અથર્વવેદ)

જે શક્તિ વડે પ્રેરાઈને જ્ઞાનેંદ્રિયો પોતાના વિષયોનું ગ્રહણ કરે છે તે પ્રજ્ઞાન કહેવાય છે. એ પ્રજ્ઞાન બ્રહ્મરૂપ ચૈતન્ય જ છે અને તે સર્વમાં રહેલું છે. પરિપૂર્ણ પરમાત્મા આ શરીરમાં રહેલો છે અને બુદ્ધિમાં પ્રતિબિંબિત બનીને 'હું'રૂપે સ્ફુરે છે. આમ 'હું બ્રહ્મ જ છું' એમ બીજા મહાવાક્ય વડે કહેવાયું છે. એક અને અજોડ તેમ જ નામરૂપ વિનાનું તત્ત્વ સૃષ્ટિની પહેલાં હતું અને હમણાં પણ છે. એ તત્ત્વને तत् કહ્યું છે. સાંભળનાર વ્યક્તિ શરીર, ઇંદ્રિયો વગેરેથી પર છે; અને તેને त्वम् શબ્દ વડે દર્શાવાઈ છે. એ तत् અને त्वम् નું એકપણું બતાવવા માટે ત્રીજા મહાવાક્ય—तत् त्वमसिની યોજના થઈ છે. સ્વયંપ્રકાશ અને પ્રત્યક્ષ એવો આ આત્મા બ્રહ્મ છે, એમ ચોથા મહાવાક્ય વડે બતાવાયું છે. 'આ' શબ્દનો અર્થ 'અહંકાર, ચિત્ત, બુદ્ધિ, મન, ઇંદ્રિયો અને દેહના અભિમાનવાળો પ્રત્યગાત્મા' એવો થાય છે.*

એક જ વાત જુદા જુદા રૂપમાં સમજાવનારાં આ ચાર મહાવાક્યો, એ ઉપનિષદોનું અંતર્ગત બીજ તેમ જ તેનું છેવટનું ફળ છે. જડ તત્ત્વ, શરીરને સંબોધીને ઊભા થતા વિચારો અને ઇચ્છાઓ, સંકુચિત સ્વાર્થથી દોરાયેલી બુદ્ધિ અને વાસના—એ સર્વથી પર જઈને માણસે ખરું સુખ અને ખરો આનંદ શોધવા માટે પોતાનું અને જગતનું ખરું સ્વરૂપ શું છે, તે સમજવાનો આગ્રહ રાખવો જોઈએ; અને તે આત્માનુભવમાં—જીવ, આત્મા અને પરમાત્માના સમન્વયમાં—શુદ્ધ એક તત્ત્વના ચિંતનમાં પૂર્ણ પરબ્રહ્મ છે, એવો છેવટનો નિર્ણય **ઉપનિષદો**માં આપેલો છે.

---

* જુઓ ઉપનિષદ

જ્યાં જ્યાં આત્માનું ચિંતન અને આત્માની ચર્ચા થાય છે, ત્યાં ત્યાં આજે પણ મુમુક્ષુઓના દળમાં અને મહાત્માઓના પરસ્પર સમાગમમાં આ મહાગ્રંથ જ સમજાવાય છે.

પૂર્વે હજારો વર્ષોના અધ્યાત્મની શોધના અનુભવો જેમાં એકઠા કરવામાં આવ્યા છે, તે ગ્રંથ આજે હજારો વર્ષો પછી પણ શા માટે અગ્રગણ્ય અને સર્વમાન્ય ગણાય છે ? કારણ કે તેમાં છેવટનું સત્ય કહેવાયેલું છે; અને તે બુદ્ધિના તર્કથી નહિ, પણ અંગત અનુભવ લીધા પછી. **ઉપનિષદ એટલે નિશ્ચયપૂર્વક પાસે બેસવું.** આ અર્થ પુરાણી ગુરુ–શિષ્ય–ની પરંપરામાં ઊભો થયો છે. શિષ્ય ગુરુ પાસે બેસીને જ્ઞાન–વિજ્ઞાનની અનેક ગૂંચોનાં રહસ્યનો ભેદ મેળવે છે. ત્યાં ગૂઢ રહસ્ય, છેવટની વાત અને નિશ્ચયાત્મક સત્ય એ જ નીકળતાં. દરેક પુરુષ જ્ઞાનની નજરે કેવો અને કેટલો અધિકારી છે, તે તો તેના શિક્ષણક્રમની વાત છે; પણ દરેક જણનું ખરું સ્વરૂપ એક જ છે; દરેક જણની અંદર અને બહાર એ જ પરમતત્ત્વ રહેલું છે. ત્યાં નાનો કે મોટો, ઊંચ કે નીચ, પુણ્યવાન કે પાપી, એ ભેદો રહેતા નથી. ઉપ-**નિષદો** કહે છે કે, 'જે જીવાત્મા ત્રણ ગુણોથી યુક્ત છે અને ફળને માટે કર્મ કરનારો છે, તે જ તે કરેલાં કર્મોને ભોગવનારો પણ છે...... હૃદયમાં જે અંગૂઠા જેટલો છે, જે સૂર્ય જેવો તેજસ્વી છે, તેમ જ જે સંકલ્પ અને અહંકારથી યુક્ત છે, તે જ–જીવાત્મા બુદ્ધિના ગુણ વડે અને શરીરના ગુણ વડે આરાની અણી જેટલો નાનો બનેલો દેખાય છે. વાળના છેડાના સોમા ભાગના પણ સોમા ભાગ જેટલા એ જીવને જાણવો. **એ જીવ જ અનંત (બ્રહ્મ) થવાને સમર્થ છે.**'× 'આત્મવત્ સર્વભૂતેષુ' એ સમાનતા–એટલે છેવટમાં સર્વનો સરખો અધિકાર—માળામાં પરોવાયેલા સૂત્રની જેમ સર્વ–સામાન્ય આત્મા દ્વારા જ છે. 'જ્યારે એ જીવાત્મા બીજા (પરમાત્મા) નિયંતા તરીકે જુએ છે,

× શ્વેતા૦ ઉપ૦, પૃ. ૧૮૧

ત્યારે તે 'આ તો બધો એનો જ મહિમા હું જોઈ રહ્યો છું' એમ સમજીને શોકરહિત બને છે.'÷ 'એ મહાન આત્મા એકલો જ દરેકે દરેક જીવજાતિને અને સર્વ વ્યક્તિગત આકારોને નિયમમાં રાખે છે.' +'એ એક દેવ સર્વ ભૂતોમાં છુપાયેલો, સર્વવ્યાપી, સર્વ ભૂતોનો અંતરાત્મા, કર્મને કરનારો, સર્વ ભૂતોના નિવાસસ્થાનરૂપ, સાક્ષી, ચૈતન્યસ્વરૂપ, એકમાત્ર અને નિર્ગુણ છે. એક છતાં તે અનેક ક્રિયારહિત (અચેતન) વસ્તુઓને વશમાં રાખે છે. તે જ એક મૂળબીજને અનેક રૂપમાં પલટાવે છે.'*

પશ્ચિમના લોકો વખાણે તે જ સારું હોય એવી અધોગતિ અને માનસિક દૌર્બલ્ય જેમનામાં છે, તેવાં ભારતનાં સંતાનોની જાણ માટે કહેવું પડે છે કે, કાન્ટ, શોપેનહોર, ઈમર્સન, મેક્સમુલર વગેરે પશ્ચિમના અગ્રગણ્ય ચિંતકોએ આ જ મહાગ્રંથમાંથી પ્રેરણા મેળવી હતી. પશ્ચિમે ગ્રીસમાં અને પૂર્વમાં ચીન–જાપાનમાં ઉદ્ભવેલી અધ્યાત્મવિચારશ્રેણીમાં સીધી અને આડી રીતે ઉપનિષદોનો ઘણો મોટો આધાર અને ફાળો છે, એમ ઘણા પુરાતત્ત્વના નિષ્ણાતોનું માનવું છે. ટૂંકામાં આ ગંભીર જ્ઞાન એક પ્રજાનું કે એક પ્રદેશનું નહિ, પણ સમસ્ત માનવજાતિનું સનાતન છે. આ મહાન અનુભવસાગરમાંથી જેને જોઈએ તે પોતાની જરૂર જેટલું લઈ શકે છે. આ તે વિદ્યા છે, જે બીજાને આપતાં ઘટતી નથી, પણ વધે છે. આત્મસાધન, આત્મચિંતન અને આત્મદર્શનનો મહામાર્ગ સર્વને માટે ખુલ્લો છે.

ગીતામાં આપેલો ઉપદેશ પામર, જિજ્ઞાસુ, સિદ્ધ, યોગી, જ્ઞાની, ભક્ત, મુનિ અને જીવન્મુક્તોને માટે છે. ઉપનિષદોમાં પણ પામર એટલે સામાન્ય કોટિના કરોડો માણસોને તરત કામ લાગે અને તરત તમસ અને રજસને ઓછા કરી કિંચિત્ સત્ત્વગુણની વૃદ્ધિ કરે એવી ઘણી

---

÷ શ્વેતા૦ ઉપ૦, પૃ. ૧૭૫ + શ્વેતા૦ ઉપ૦, પૃ. ૧૭૭

* શ્વેતા૦ ઉપ૦, પૃ. ૧૮૭

વાતો છે: જેમ કે–'સત્ય બોલજે; ધર્મનું આચરણ કરજે; વેદ ભણવામાં આળસ કરતો નહિ; ગુરુને સંતોષ થાય એવી એમને દક્ષિણા આપીને, ગૃહસ્થાશ્રમ માંડીને પ્રજા ઉત્પન્ન કરજે અને વંશરૂપ તાંતણાને તોડી નાખતો નહિ; સત્યથી ચળતો નહિ; ધર્મથી ચળતો નહિ; કુશળતા છોડી દેતો નહિ. ઐશ્વર્ય મેળવવા માટે આળસને છોડી દેજે. વેદાભ્યાસ અને પ્રવચનમાં આળસ કરતો નહિ; દેવ અને પિતૃનાં કાર્યમાં આળસ કરતો નહિ; માતાને દેવ સમાન ગણજે; પિતાને દેવ સમાન ગણજે; ગુરુને દેવ સમાન ગણજે; અતિથિને દેવ સમાન ગણજે; જે અનિંદિત (નિર્દોષ) કર્મો છે તે કરવાં–બીજાં નહિ; જે અમારાં શ્રેષ્ઠ આચરણો છે, તે આચરવાં–બીજાં નહિ.'* 'અન્ન ખૂબ મેળવવું એ વ્રત છે. પૃથ્વી અન્ન છે અને આકાશ અન્ન ખાનારું છે. આકાશમાં પૃથ્વી સ્થિર બની છે અને પૃથ્વીમાં આકાશ સ્થિર બન્યું છે. આમ આ અન્ન અન્નમાં સ્થિર બન્યું છે. આમ જે અન્નને અન્નમાં સ્થિર બનેલું જાણે છે, તે સ્થિર બને છે અને અન્નવાળો તેમ જ અન્ન ખાનારો થાય છે; તેમ જ પ્રજા, પશુ, બ્રહ્મતેજ અને કીર્તિ વડે મહાન થાય છે.'÷

સંસારવ્યવહારમાં રહેલાને માટે ઉન્નતિકર ઉપદેશ આના કરતાં બીજો કયો હોઈ શકે? વધુ કહે છે કે–'મળ, મૂત્ર, દુર્ગંધ વગેરેની શુદ્ધિ તો માટી, જળ વગેરેથી થાય છે; પરંતુ એ લૌકિક શુદ્ધિ છે. ખરી પવિત્રતા 'હું, મારું' વગેરેને દૂર કરવાથી જ થાય છે. પવિત્રતા તો ચિત્તની શુદ્ધિ અને વાસનાઓના નાશથી જ થાય છે.'+ એક મહાત્માએ કહ્યું છે કે, 'ચિત્ત એટલે સંસાર. સંકલ્પ અર્થાત્ વિચાર એટલે જ બંધન. નિત્ય અને અનિત્ય વસ્તુના વિચાર વડે અનિત્ય સંસારના સુખદુઃખાત્મક બધા વિષયોમાંથી મમતારૂપ બંધનનો નાશ થઈ જાય,

* તૈત્તિ૦ ઉપ૦, પૃ. ૧૧૯ ÷ તૈત્તિ૦ ઉપ૦. પૃ. ૧૨૩

+ જુઓ મૈત્રેયી ઉપનિષદ.

તે મોક્ષ કહેવાય છે.'× **ઉપનિષદો** શીખવે છે કે 'પથ્થર, સોનું કે માટીમાંથી બનાવેલી મૂર્તિઓની પૂજા મોક્ષની ઇચ્છાવાળાને ફરી જન્મ અને ભોગ આપવાવાળી થાય છે. આથી ફરી જન્મ ન આવે એમ ઇચ્છનારાએ એવી બહારની પૂજા છોડી દઈ પોતાના હૃદયમાં જ પૂજા કરવી.'=

વળી સર્વ વિભૂતિઓ બતાવી, ઊંચામાં ઊંચો સમન્વય સાધી, ઉપનિષદો મનુષ્યત્વની સાધનાની આ જાણે આ છેલ્લી સીમા બતાવે છે:

'હું જ એકલો બીજરૂપે છું, બ્રહ્મ છું, ઉત્પત્તિ છું, સર્વ લોકનો ગુરુ છું અને સર્વ લોકમાં છું. હું જ સિદ્ધ છું, શુદ્ધ છું અને પરમ-તત્ત્વ પણ હું જ છું. હું હમેશ છું, તે હું છું, હું નિત્ય છું અને પવિત્ર છું. વિજ્ઞાન હું છું, વિશેષ હું છું, સોમ હું છું, બધું ય હું છું. હું શુભ છું, શોકરહિત છું, સમ છું અને ચૈતન્ય છું. હું માન અને અપમાનથી રહિત છું, ત્રણ ગુણોથી રહિત છું, શિવ છું, હું દ્વૈત અને અદ્વૈતથી રહિત છું, સુખદુ:ખ વગેરે જોડકાંથી રહિત છું, ઉત્પત્તિ અને વિનાશ વિનાનો છું. પ્રકાશ વિનાનો છું, છતાં પ્રકાશરૂપ પણ હું જ છું. હું શૂન્ય અને અશૂન્ય રૂપ છું, સુંદર અને કદરૂપો છું, સમતા અને વિષમતા વિનાનો છું. નિત્ય છું, શુદ્ધ છું અને સદાશિવ છું. હું સર્વ અને થોડાની કલ્પના વિનાનો છું. સાત્ત્વિક છું અને હમેશ છું. હું એક સંખ્યા અને બે સંખ્યા વિનાનો છું, સત્ અને અસત્‌ના ભેદ વિનાનો છું અને સંકલ્પ વિનાનો છું. હું જુદાપણા વિનાનો છું અને અખંડ આનંદ–સ્વરૂપ છું. હું હું પણ નથી અને બીજો પણ નથી. હું દેહાદિ વિનાનો છું, આશ્રય અને આધાર વિનાનો છું, બંધ અને મોક્ષ વિનાનો છું અને શુદ્ધ બ્રહ્મ છું. હું ચિત્ત વગેરે સર્વથી રહિત છું. હું પરથી પણ પર છું. હું હમેશ વિચારરૂપ છું, છતાં વિચારરહિત છું. અકાર, ઉકાર અને મકારરૂપ પણ હું જ છું. હું ધ્યાતા, ધ્યાન

× જુઓ નિરાલંબ ઉપનિષદ. = જુઓ મૈત્રેયી ઉપનિષદ.

અને ધ્યેયથી રહિત છું. સર્વ અને પૂર્ણસ્વરૂપ છું અને સચ્ચિદાનંદરૂપ છું. બધાં તીર્થો પણ હું જ છું અને ભગવાન શિવ પણ હું જ છું. હું જ લક્ષ્ય–અલક્ષ્યથી રહિત અને લય ન પામનારા રસરૂપ છું. હું જ પ્રમાણ, પ્રમેય અને પ્રમાતા વિનાનો અને શિવરૂપ છું. હું આ જગતનો દ્રષ્ટા નથી. હું આંખ વગેરે ઇંદ્રિયો વિનાનો છું. હું જ વૃદ્ધિ પામેલો, જ્ઞાન પામેલો, પ્રસન્ન અને પરમ છું. હું બધી ઇંદ્રિયો વિનાનો છું, છતાં બધાં કર્મો કરનારો હું જ છું. બધાં વેદાંત વડે હું જ સંતુષ્ટ બન્યો છું અને હમેશ સહેલાઈથી મેળવી શકાય એવો પણ હું જ છું. આનંદ અને શોકરૂપ, સર્વ મૌનનાં ફળરૂપ, નિત્ય ચિદ્રૂપ અને સચ્ચિદ્રૂપ પણ હું જ છું. હું હૃદયની ગાંઠો વિનાનો છું અને હૃદયકમળની વચમાં રહેલો પણ હું જ છું. હું જન્મ વગેરે છ વિકારો વિનાનો, છ કોશ વિનાનો અને કામ, ક્રોધ વગેરે છ શત્રુઓ વિનાનો છું ને ઊંડામાં ઊંડે સ્થાને રહેલો છું. હું દેશ અને કાળથી રહિત છું, તેમ જ દિશા, આકાશ અને આનંદરૂપ છું. 'આ નથી, તે નથી' પણ હું જ છું. હું વિમુક્ત છું અને નકારથી રહિત છું. હું અખંડ આકાશ છું, અખંડ આકાર છું, સંસારપ્રપંચમાંથી ઊઠી ગયેલા ચિત્તવાળો છું અને સંસારપ્રપંચથી રહિત છું. હું સર્વ પ્રકાશસ્વરૂપ છું અને ચૈતન્યરૂપ જ્યોતિ પણ હું જ છું. હું ત્રણ કાળથી પર છું અને કામક્રોધ વગેરેથી રહિત છું. હું શરીર વગેરેથી પર છું, નિર્ગુણ છું અને એકમાત્ર છું. હું મોક્ષ વિનાનો છું, છતાં મુક્ત છું; હું સત્ય અને અસત્ય વિનાનો છું. મારે કશે જવાપણું કે ન જવાપણું નથી અને જવાનું સ્થાન પણ નથી. હું હમેશ સમરૂપ છું અને શાંત પરમાત્મા છું. આવો જેનો સ્વાનુભવ છે, તે જરૂર બ્રહ્મરૂપ જ થાય છે.'×

આટલું કહ્યા પછી પણ તે સાધકોને ચેતવે છે કે, 'તત્ત્વનો વિચાર ઉત્તમ છે, શાસ્ત્રોનો વિચાર મધ્યમ છે, મંત્રોની સાધના અધમ

× જુઓ મૈત્રેયી ઉપનિષદ.

છે અને તીર્થોમાં ફરવું અધમમાં અધમ છે. પ્રતિબિંબિત થયેલા ઝાડના ફળના સ્વાદની જેમ, ખરા અનુભવ વિના મૂઢને થતો બ્રહ્મનો આનંદ નકામો છે.'*

મનુષ્ય માત્ર સુખ, આનંદ અને મોજ શોધી રહ્યો છે. તેનું ખરું સ્વરૂપ આ સુંદર શબ્દોમાં સમજાવવામાં આવ્યું છે: 'જે વિશાળતા (ભૂમા) છે, એ જ સુખ છે. ઓછાપણામાં સુખ નથી, માટે વિશાળતા સમજવી જોઈએ....માણસ પોતાથી કાંઈ જુદું છે એમ દેખે નહિ, જુદું છે એમ સાંભળે નહિ, જુદું છે એમ સમજે નહિ, એ વિશાળતા છે; ત્યાં પણ જ્યાં એ 'પોતાનાથી બીજા જુદા છે' એમ દેખે, સાંભળે અને સમજે ત્યાં 'અલ્પતા'—ઓછાપણું છે......જે વિશાળતા છે, એ અમૃત છે; અને જે અલ્પતા—ઓછાપણું છે, એ મરણ છે.'

★

* જુઓ મૈત્રેયી ઉપનિષદ.

# અનુક્રમણિકા


| ક્રમ | નામ | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | બ્રહ્મબિંદુ ઉપનિષદ | ૧૯ |
| ૨ | બ્રહ્મોપનિષદ | ૨૪ |
| ૩ | મૈત્રાયણી ઉપનિષદ | ૩૧ |
| ૪ | મૈત્રેયી ,, | ૫૯ |
| ૫ | સુબાલ ,, | ૭૫ |
| ૬ | ક્ષુરિકા ,, | ૧૧૨ |
| ૭ | મંત્રિકા ,, | ૧૧૫ |
| ૮ | સર્વસારોપનિષદ | ૧૧૯ |
| ૯ | નિરાલંબ ઉપનિષદ | ૧૨૭ |
| ૧૦ | શુકરહસ્ય ,, | ૧૩૫ |
| ૧૧ | તેજોબિંદુ ,, | ૧૪૯ |
| ૧૨ | આત્મપ્રબોધ ,, | ૨૨૩ |
| ૧૩ | શાણ્ડિલ્ય ,, | ૨૩૧ |
| ૧૪ | નિર્વાણ ,, | ૨૬૯ |
| ૧૫ | મણ્ડલબ્રાહ્મણ ,, | ૨૭૫ |
| ૧૬ | ત્રિપાદ્વિભૂતિ મહા-નારાયણ ઉપનિષદ | ૨૯૫ |
| ૧૭ | મહોપનિષદ | ૩૭૭ |
| ૧૮ | અન્નપૂર્ણા ઉપનિષદ | ૪૭૧ |
| ૧૯ | અધ્યાત્મોપનિષદ | ૫૩૧ |
| ૨૦ | અવધૂત ઉપનિષદ | ૫૪૫ |
| ૨૧ | કઠરુદ્ર ,, | ૫૫૩ |
| ૨૨ | જાબાલદર્શન ,, | ૫૬૫ |
| ૨૩ | વરાહ ,, | ૬૦૩ |
| ૨૪ | જાબાલોપનિષદ (સાર) | ૬૫૦ |
| ૨૫ | હંસોપનિષદ | ૬૫૧ |
| ૨૬ | આરુણિકોપનિષદ | ૬૫૨ |
| ૨૭ | ગર્ભોપનિષદ | ,, |
| ૨૮ | નારાયણોપનિષદ | ૬૫૬ |
| ૨૯ | મહાનારાયણોપનિષદ | ,, |
| ૩૦ | પરમહંસોપનિષદ | ૬૫૭ |
| ૩૧ | અમૃતનાદોપનિષદ | ૬૫૮ |
| ૩૨ | અથર્વશિર ઉપનિષદ | ૬૬૧ |
| ૩૩ | અથર્વશિખોપનિષદ | ૬૬૨ |
| ૩૪ | કૌષીતકિ ઉપનિષદ | ૬૬૪ |
| ૩૫ | બૃહજ્જાબાલ ,, | ૬૬૯ |
| ૩૬ | નૃસિંહપૂર્વતાપિની ,, | ૬૭૦ |
| ૩૭ | નૃસિંહઉત્તરતાપિની ,, | ,, |
| ૩૮ | કાલાગ્નિરુદ્ર ,, | ૬૭૨ |
| ૩૯ | વજ્રસૂચિકા ,, | ૬૭૨ |
| ૪૦ | નાદબિંદુ ,, | ,, |
| ૪૧ | ધ્યાનબિંદુ ,, | ૬૭૪ |
| ૪૨ | બ્રહ્મવિદ્યા ,, | ૬૭૫ |
| ૪૩ | યોગતત્ત્વ ,, | ૬૭૬ |
| ૪૪ | નારદપરિવ્રાજક ,, | ૬૭૭ |
| ૪૫ | ત્રિશિખી બ્રાહ્મણ ,, | ૬૮૩ |

| | | |
|---|---|---|
| ૪૬ | સીતા ઉપનિષદ | ૬૮૫ |
| ૪૭ | યોગચૂડામણિ ,, | ,, |
| ૪૮ | દક્ષિણામૂર્તિ ,, | ૬૮૭ |
| ૪૯ | શરભ ,, | ૬૮૮ |
| ૫૦ | સ્કન્દ ,, | ,, |
| ૫૧ | અદ્વયતારક ઉપનિષદ | ૬૮૯ |
| ૫૨ | રામરહસ્ય ,, | ૬૯૦ |
| ૫૩ | રામપૂર્વતાપિની,, | ૬૯૧ |
| ૫૪ | રામઉત્તરતાપિની,, | ,, |
| ૫૫ | વાસુદેવ ,, | ૬૯૨ |
| ૫૬ | મુદ્ગલ ,, | ૬૯૩ |
| ૫૭ | પૈંગલ ,, | ૬૯૪ |
| ૫૮ | ભિક્ષુક ,, | ૬૯૬ |
| ૫૯ | શારીરક ,, | ૬૯૬ |
| ૬૦ | યોગશિખોપનિષદ | ૬૯૭ |
| ૬૧ | તુરીયાતીત ઉપનિષદ | ૬૯૮ |
| ૬૨ | સંન્યાસ ,, | ,, |
| ૬૩ | પરમહંસ પરિવ્રાજક,, | ૭૦૦ |
| ૬૪ | અક્ષમાલિકા ,, | ,, |
| ૬૫ | અવ્યક્ત ,, | ૭૦૧ |
| ૬૬ | એકાક્ષર ,, | ૭૦૨ |
| ૬૭ | સૂર્ય ,, | ૭૦૩ |
| ૬૮ | અક્ષિ ,, | ,, |
| ૬૯ | કુણ્ડિકા ,, | ૭૦૫ |
| ૭૦ | સાવિત્રી ,, | ૭૦૬ |
| ૭૧ | આત્મા ,, | ,, |
| ૭૨ | પાશુપત બ્રહ્મ ,, | ૭૦૮ |
| ૭૩ | પરબ્રહ્મ ,, | ૭૦૮ |
| ૭૪ | ત્રિપુરાતાપિની ,, | ૭૦૯ |
| ૭૫ | દેવી ,, | ૭૧૦ |
| ૭૬ | ત્રિપુરા ,, | ૭૧૧ |
| ૭૭ | ભાવના ,, | ,, |
| ૭૮ | રુદ્રહૃદય ,, | ,, |
| ૭૯ | યોગકુણ્ડલી ,, | ૭૧૩ |
| ૮૦ | ભસ્મજાબાલ ,, | ૭૧૪ |
| ૮૧ | રુદ્રાક્ષજાબાલ ,, | ૭૧૫ |
| ૮૨ | ગણપતિ ,, | ૭૧૬ |
| ૮૩ | તારસાર ,, | ૭૧૭ |
| ૮૪ | મહાવાક્ય ,, | ,, |
| ૮૫ | પંચબ્રહ્મ ,, | ૭૧૮ |
| ૮૬ | પ્રાણાગ્નિહોત્ર ,, | ,, |
| ૮૭ | ગોપાલપૂર્વતાપિની,, | ૭૧૯ |
| ૮૮ | ગોપાલઉત્તરતાપિની,, | ૭૨૦ |
| ૮૯ | કૃષ્ણ ,, | ૭૨૨ |
| ૯૦ | યાજ્ઞવલ્ક્ય ,, | ૭૨૩ |
| ૯૧ | શાટ્યાયની ,, | ૭૨૪ |
| ૯૨ | હયગ્રીવ ,, | ૭૨૫ |
| ૯૩ | દત્તાત્રેય ,, | ,, |
| ૯૪ | ગરુડ ,, | ,, |
| ૯૫ | કલિસંતરણ ,, | ૭૨૬ |
| ૯૬ | જાબાલિ ,, | ,, |
| ૯૭ | સૌભાગ્યલક્ષ્મી ,, | ૭૨૭ |
| ૯૮ | સરસ્વતીરહસ્ય ,, | ૭૨૮ |
| ૯૯ | બહ્વૃચ ,, | ૭૩૦ |
| ૧૦૦ | મુક્તિકા ,, | ૭૩૧ |

# સો ઉપનિષદો

# ब्रह्मबिन्दूपनिषत्

शान्तिपाठ : ॐ सह नाववतु सह नौ भुनक्तु सह वीर्यं करवावहै
तेजस्वि नावधीतमस्तु मा विद्विषावहै ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

ॐ मनो हि द्विविधं प्रोक्तं शुद्धं चाशुद्धमेव च ।
अशुद्धं कामसंकल्पं शुद्धं कामविवर्जितम् ॥ १ ॥
मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ।
बन्धाय विषयासक्तं मुक्त्यै निर्विषयं स्मृतम् ॥ २ ॥
यतो निर्विषयस्यास्य मनसो मुक्तिरिष्यते ।
तस्मान्निर्विषयं नित्यं मनः कार्यं मुमुक्षुणा ॥ ३ ॥
निरस्तविषयासङ्गं संनिरुद्धं मनो हृदि ।
यदा यात्युन्मनीभावं तदा तत्परमं पदम् ॥ ४ ॥
तावदेव निरोद्धव्यं यावद्धृदि गतं क्षयम् ।
एतज्ज्ञानं च मोक्षं च अतोऽन्यो ग्रन्थविस्तरः ॥५॥१॥
नैव चिन्त्यं न चाचिन्त्यमचिन्त्यं चिन्त्यमेव च ।
पक्षपातविनिर्मुक्तं ब्रह्म संपद्यते तदा ॥ ६ ॥
स्वरेण संधयेद्योगमस्वरं भावयेत्परम् ।
अस्वरेण हि भावेन भावो नाभाव इष्यते ॥ ७ ॥

# : બ્રહ્મબિંદુ ઉપનિષદ્

ૐ બ્રહ્મ અમારું બન્ને(ગુરુ-શિષ્ય)નું સાથે રક્ષણ કરો, અમારું બન્નેનું સાથે પાલન કરો, અમે બન્ને સાથે જ સામર્થ્ય મેળવીએ. અમારા બન્નેનું ભણતર તેજસ્વી થાઓ. અમે કોઈનો દ્વેષ ન કરીએ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

મન બે પ્રકારનું છે: શુદ્ધ અને અશુદ્ધ કામનાઓની ઇચ્છા કરવાવાળું મન અશુદ્ધ છે; અને કામનાઓ વિનાનું મન શુદ્ધ છે. ૧ મનુષ્યોના બંધન અને મોક્ષનું કારણ એકમાત્ર મન જ છે. એ મન જ્યારે વિષયભોગોમાં ફસાય છે, ત્યારે બંધન થાય છે; અને વિષયવાસનાથી છૂટું થાય છે, ત્યારે મોક્ષ થાય છે. ૨ જ્યારે મન ભોગેચ્છાને છોડી દે છે, ત્યારે મનુષ્યોનો મોક્ષ થાય છે; માટે મોક્ષની ઇચ્છાવાળાએ મનને હમેશ ભોગેચ્છા વિનાનું બનાવવું. ૩ ભોગોની આસક્તિ છૂટી જતાં જ્યારે મન હૃદયમાં એકાગ્ર બને છે અને જ્યારે મનનું મનપણું નીકળી જાય છે, ત્યારે તે પરમપદરૂપ બ્રહ્મને પામે છે. ૪ જ્યાં સુધી મનનો નાશ ન થાય, ત્યાં સુધી તેનો હૃદયમાં નિરોધ કરવો; આટલું જ માત્ર ખરેખરું જ્ઞાન છે અને એ જ મોક્ષ છે; બાકીનું તો બધું ગ્રંથોનો વિસ્તાર છે. ૫ અશુદ્ધ મન વડે બ્રહ્મ વિચારી શકાતું નથી; પરંતુ શુદ્ધ મન વડે તે વિચારી શકાય છે. આમ બ્રહ્મ અચિંત્ય છતાં પણ ચિંત્ય છે. બધે સમ (સરખી) રીતે રહેલા એ બ્રહ્મનું ચિંતન કરનારો બ્રહ્મને જ પામે છે. ૬ પહેલાં ૐકાર વડે યોગસાધના કરવી અને પછી ૐકારથી પણ પર રહેલા નિર્ગુણ બ્રહ્મની ધારણા કરવી; કારણ કે એ નિર્ગુણ બ્રહ્મની ભાવના થતાં જ ભાવ કે અભાવ (અર્થાત્ સત્ય કે મિથ્યાનો ખ્યાલ) રહેતો નથી. ૭ એ જ

तदेव निष्कलं ब्रह्म निर्विकल्पं निरञ्जनम् ।
तद्ब्रह्माहमिति ज्ञात्वा ब्रह्म संपद्यते ध्रुवम् ॥८॥
निर्विकल्पमनन्तं च हेतुदृष्टान्तवर्जितम् ।
अप्रमेयमनाद्यं च ज्ञात्वा च परमं शिवम् ॥९॥
न निरोधो न चोत्पत्तिर्न बन्धो न च शासनम् ।
न मुमुक्षा न मुक्तिश्च इत्येषा परमार्थता ॥१०॥२॥
एक एवात्मा मन्तव्यो जाग्रत्स्वप्नसुषुप्तिषु ।
स्थानत्रयाद्यतीतस्य पुनर्जन्म न विद्यते ॥११॥
एक एव हि भूतात्मा भूते भूते व्यवस्थितः ।
एकधा बहुधा चैव दृश्यते जलचन्द्रवत् ॥१२॥
घटसंभृतमाकाशं लीयमाने घटे यथा ।
घटो लीयेत नाकाशं तद्वज्जीवो घटोपमः ॥१३॥
घटवद्विविधाकारं भिद्यमानं पुनः पुनः ।
तद्भग्नं न च जानाति स जानाति च नित्यशः ॥१४॥
शब्दमायावृतो यावत्तावत्तिष्ठति पुष्करे ।
भिन्ने तमसि चैकत्वमेकमेवानुपश्यति ॥१५॥३॥
शब्दाक्षरं परं ब्रह्म यस्मिन्क्षीणे यदक्षरम् ।
तद्विद्वानक्षरं ध्यायेद्यदीच्छेच्छान्तिमात्मनः ॥१६॥

વિકલ્પ વિનાનું, દોષરહિત અને પૂર્ણ બ્રહ્મ છે; અને એ બ્રહ્મ હું જ છું, એમ જાણીને મનુષ્ય જરૂર એ બ્રહ્મને પામે છે. ૮ જે વિકલ્પરહિત અને અનંત છે, યુક્તિ અને દૃષ્ટાંતથી જે ન સમજાવી શકાય એવું છે, જેની કલ્પના ન થઈ શકે એવું છે

અને જેની પહેલાં કોઈ જ નથી, એવા પરમ કલ્યાણમય તત્ત્વને જાણીને મનુષ્ય એને જ પામે છે. ૯ ખરું જોતાં તો અહીં ઉત્પત્તિ પણ નથી અને વિનાશ પણ નથી; ગુરુ પણ નથી અને શાસ્ત્રનો ઉપદેશ પણ નથી; મોક્ષની ઇચ્છા પણ નથી અને મોક્ષ પણ નથી—આટલું જ માત્ર સાચેસાચું તત્ત્વ છે. ૧૦ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ—એ ત્રણે અવસ્થામાં એક જ આત્મા છે એમ માનવું. આ ત્રણ અવસ્થાને પેલે પાર પહોંચી ગયા પછી ફરી જન્મ થતો નથી. ૧૧ દરેકે દરેક પ્રાણી અને વસ્તુમાં એક જ પરમાત્મા રહેલો છે. જેમ પાણીથી ભરેલાં જુદાં જુદાં વાસણોમાં ચંદ્ર પ્રતિબિંબરૂપે જુદો જુદો દેખાય છે અને ચંદ્ર તરીકે એક રૂપે પણ દેખાય છે, તેમ જ એ આત્મા પણ દરેક પ્રાણીમાં જુદો જુદો અને આત્મા તરીકે એકરૂપે દેખાય છે. ૧૨ જ્યારે ઘડાનો નાશ થાય છે, ત્યારે ઘડામાં રહેલું આકાશ બહારના મહાકાશમાં ભળી જાય છે; પણ ઘડાનો નાશ થતાં એમાં રહેલું આકાશ કાંઈ નાશ પામતું નથી; જીવની વાત પણ એ ઘડાના જેવી જ છે; અર્થાત્ દેહનો નાશ થતાં જીવનો નાશ થતો નથી. ૧૩ ઘડાની જેમ એક દેહનો નાશ થતાં બીજા દેહને અને તેનો નાશ થતાં ત્રીજા દેહને, એમ વિવિધ પ્રકારના દેહને જીવ ફરી ને ફરી ધારણ કરે છે. એ દેહના નાશને તે જીવ હમેશ જાણતો હોવા છતાં પણ જાણતો નથી. ૧૪ જ્યાં સુધી જીવ વાણીની જાળમાં ફસાયેલો રહે છે, ત્યાં સુધી તેને અનેકત્વ જણાય છે; પરંતુ અજ્ઞાનનો નાશ થતાં તે કેવળ એકત્વને જ જુએ છે. ૧૫ દેહ વગેરેનો નાશ થતાં પણ જેનો નાશ થતો નથી, તે શાસ્ત્રમાં વર્ણવેલું પરબ્રહ્મ છે. શાસ્ત્રમાં કહેલા બ્રહ્મને જાણનારો જો આત્માની ખરી શાંતિ મેળવવાની ઇચ્છા રાખતો હોય, તો તેણે અવિનાશી બ્રહ્મનું ધ્યાન કરવું. ૧૬ વિદ્યા બે પ્રકારની છે:

द्वे विद्ये वेदितव्ये तु शब्दब्रह्म परं च यत्।
शब्दब्रह्मणि निष्णातः परं ब्रह्माधिगच्छति ॥ १७ ॥
ग्रन्थमभ्यस्य मेधावी ज्ञानविज्ञानतत्त्वतः ।
पलालमिव धान्यार्थी त्यजेद्ग्रन्थमशेषतः ॥ १८ ॥
गवामनेकवर्णानां क्षीरस्याप्येकवर्णता ।
क्षीरवत्पश्यते ज्ञानं लिङ्गिनस्तु गवां यथा ॥ १९ ॥
घृतमिव पयसि निगूढं भूते भूते च वसति विज्ञानम् ।
सततं मन्थयितव्यं मनसा मन्थानभूतेन ॥ २० ॥
ज्ञाननेत्रं समादाय चरेद्वह्निमतः परम् ।
निष्कलं निर्मलं शान्तं तद्ब्रह्माहमिति स्मृतम् ॥ २१ ॥
सर्वभूताधिवासं च यद्भूतेषु वसत्यधि । सर्वानुग्राहकत्वेन
तदस्म्यहं वासुदेवः तदस्म्यहं वासुदेव इति ॥ २२ ॥ ४ ॥

ॐ सह नाववतु सहनौ भुनक्तु सह वीर्यं
करवावहै तेजस्वि नावधीतमस्तु मा विद्विषावहै ।
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

इत्यथर्ववेदीया ब्रह्मबिन्दूपनिषत्समाप्ता ॥

શબ્દબ્રહ્મની અને પરબ્રહ્મની. શબ્દબ્રહ્મ અર્થાત્ શાસ્ત્રમાં વર્ણવેલી બ્રહ્મવિદ્યામાં કુશળ બનેલો પરબ્રહ્મને મેળવી શકે છે. ૧૭ જ્ઞાન અને વિજ્ઞાનનાં તત્ત્વો બરાબર સમજાય એવી રીતે શાસ્ત્રગ્રંથોનો અભ્યાસ કરીને બુદ્ધિમાન મનુષ્યે ધાન્યની ઈચ્છાવાળો જેમ છોતરાને છોડી દે, તેમ સર્વ ગ્રંથોને છોડી દેવા. ૧૮ જેમ અનેક રંગવાળી ગાયોનું દૂધ એક રંગનું અર્થાત સફેદ જ હોય છે, તેમ જુદાં જુદાં શાસ્ત્રોમાં આપેલું હોવા છતાં જ્ઞાન એક જ છે એમ જ્ઞાનીઓ સમજે છે. ૧૯ દૂધમાં જેમ ઘી ગુપ્તરૂપે રહેલું છે, તેમ એક જ વિજ્ઞાનમય આત્મા બધાં પ્રાણીઓમાં ગુપ્તરૂપે રહેલો છે. એ વિજ્ઞાનમય આત્માનું મનરૂપ રવાઈ વડે મંથન કરવું. ૨૦ આ રવાઈને જ્ઞાનરૂપી નેતરાં જોડવાં. ત્યાર પછી તેમાંથી ઉત્પન્ન થયેલા માખણને ઘી બનાવવા (યોગરૂપ) અગ્નિ પર તાવવું. આમ કરવાથી 'અખંડ, નિર્મળ અને શાંત એવું જે બ્રહ્મ તે તે હું જ છું.' એમ સ્મૃતિ થશે. ૨૧ સર્વ પ્રાણી જેમાં નિવાસ કરે છે અને જે સર્વ પ્રાણીમાં નિવાસ કરે છે-તે પ્રાણીમાત્ર પર અનુગ્રહ કરનાર વાસુદેવ હું જ છું, તે વાસુદેવ હું જ છું. ૨૨

ૐ બ્રહ્મ અમારું બન્ને (ગુરુ-શિષ્ય)નું રક્ષણ કરો, અમારું બન્નેનું સાથે પાલન કરો, અમે બન્ને સાથે જ સામર્થ્ય મેળવીએ. અમારું બન્નેનું ભણતર તેજસ્વી થાઓ. અમે કોઈનો દ્વેષ ન કરીએ. ૐ શાંતિ: શાંતિ: શાંતિ:

# ब्रह्मोपनिषत्

शान्तिपाठः–ॐ सह नाववतु सह नौ भुनक्तु सह वीर्यं करवावहै
तेजस्वि नावधीतमस्तु मा विद्विषावहै ।
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

ॐ अथास्य पुरुषस्य चत्वारि स्थानानि भवन्ति । नाभिर्हृदयं कण्ठं मूर्धा च । तत्र चतुष्पादं ब्रह्म विभाति । जागरिते ब्रह्मा स्वप्ने विष्णुः सुषुप्तौ रुद्रस्तुरीयमक्षरम् । स आदित्यो विष्णुश्चेश्वरश्च । स्वयममनस्कमश्रोत्रमपाणिपादं ज्योतिर्विदितम् । यत्र लोका न लोका देवा न देवा वेदा न वेदा यज्ञा न यज्ञा माता न माता पिता न पिता स्नुषा न स्नुषा चाण्डालो न चाण्डालः पौल्कसो न पौल्कसः श्रमणो न श्रमणस्तापसो न तापस एकमेव तत्परं ब्रह्म विभाति निर्वाणम् । न तत्र देवा ऋषयः पितर ईशते प्रतिबुध्यः सर्वविद्येति । हृदिस्था देवताः सर्वा हृदि प्राणाः प्रतिष्ठिताः । हृदि प्राणाश्च ज्योतिश्च त्रिवृत्सूत्रं च तद्विदुरिति । हृदि चैतन्ये तिष्ठति । यज्ञोपवीतं परमं पवित्रं प्रजापतेर्यत्सहजं पुरस्तात् । आयुष्यमग्र्यं प्रतिमुञ्च शुभ्रं यज्ञोपवीतं बलमस्तु तेजः । सशिखं वपनं कृत्वा बहिःसूत्रं त्यजेद्बुधः । यदक्षरं परं ब्रह्म तत्सूत्रमिति धारयेत् ।

## २ : બ્રહ્મોપનિષદ

ૐ બ્રહ્મ અમારું બન્ને (ગુરુ–શિષ્ય)નું સાથે રક્ષણ કરો. અમારું બન્નેનું સાથે પાલન કરો, અમે બન્ને સાથે જ સામર્થ્ય મેળવીએ. અમારા બન્નેનું ભણતર તેજસ્વી થાઓ. અમે કોઈનો દ્વેષ ન કરીએ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

શરીરમાં નાભિ, હૃદય, કંઠ અને બ્રહ્મરંધ્ર-એ ચાર આત્માનાં ખાસ સ્થાનો છે; તેમાં ચાર ચરણવાળું એ બ્રહ્મ પ્રકાશે છે. જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય-એવી આત્માની ચાર અવસ્થાઓ છે; તેમાં જાગ્રતમાં બ્રહ્મારૂપે, સ્વપ્નમાં વિષ્ણુરૂપે, સુષુપ્તિમાં રુદ્રરૂપે અને ચોથી તુરીય અવસ્થામાં અક્ષર–પરમાત્મા–રૂપે તે પ્રકાશે છે. એ આત્મા પોતે મન, ઇંદ્રિયો અને હાથપગ વગેરેથી રહિત છે અને પ્રકાશમય પ્રસિદ્ધ છે. એ આત્મા અર્થાત્ બ્રહ્મમાં લોકો લોકરૂપે નથી, દેવો દેવરૂપે નથી, વેદો વેદરૂપે નથી, યજ્ઞો યજ્ઞરૂપે નથી, માતા માતારૂપે નથી, વહુ વહુરૂપે નથી, ચંડાળ ચંડાળરૂપે નથી, ભીલ ભીલરૂપે નથી, સંન્યાસી સંન્યાસીરૂપે નથી અને વાનપ્રસ્થ વાનપ્રસ્થરૂપે નથી; પરંતુ તે હંમેશ એક જ હોઈ નિર્વાણસ્વરૂપ અને પરબ્રહ્મરૂપે પ્રકાશે છે.

એ બ્રહ્મમાં દેવો, ઋષિઓ કે પિતૃઓ સામર્થ્ય ધરાવતા નથી. તે જ્ઞાનથી જાણવાયોગ્ય છે અને સર્વવિદ્યાસ્વરૂપ છે. પ્રાણીમાત્રના હૃદયમાં સર્વ દેવો રહ્યા છે, હૃદયમાં પ્રાણો સ્થિતિ કરે છે અને હૃદયમાં જ પ્રાણો અને જ્યોતિ છે–આમ ત્રણ સ્વરૂપે પરમાત્મા રહે છે; આમ જે સૂચવે છે તે ત્રણ તાંતણાવાળું યજ્ઞસૂત્ર જનોઈ છે, એમ તેનું રહસ્ય જાણનારા સમજે છે. 'પરમાત્મા હૃદય વિષે ચૈતન્યમાં રહે છે' (એમ સૂચવતું) યજ્ઞોપવીત પરમ પવિત્ર છે, એ પ્રથમ પ્રજાપતિની સાથે જ જન્મેલું છે. આયુષ્ય આપનાર છે–આમ સમજીને તું ઉત્તમ અને ઉજ્જવળ જનોઈ ધારણ કર; એ યજ્ઞોપવીત તારાં બળરૂપ અને તેજરૂપ થાઓ.

શિખા સહિત મુંડન કર્યા પછી (સંન્યાસી થઈ) જ્ઞાનીએ બહારનાં સૂત્ર(જનોઈ)નો ત્યાગ કરવો. જેને અવિનાશી પરબ્રહ્મ કહે છે એ જ સૂત્ર છે, એમ સમજી તેમને જ (હૃદયમાં)

सूचनात्सूत्रमित्याहुः सूत्रं नाम परं पदम् । तत्सूत्रं विदितं येन स विप्रो वेदपारगः । येन सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव । तत्सूत्रं धारयेद्योगी योगवित्तत्त्वदर्शिवान् । बहिःसूत्रं त्यजेद्विद्वान्योगमुत्तमास्थितः । ब्रह्मभावमिदं सूत्रं धारयेद्यः स चेतनः । धारणात्तस्य सूत्रस्य नोच्छिष्टो नाशुचिर्भवेत् ॥ सूत्रमन्तर्गतं येषां ज्ञानयज्ञोपवीतिनाम् । ते वै सूत्रविदो लोके ते च यज्ञोपवीतिनः ॥ ज्ञानशिखिनो ज्ञाननिष्ठा ज्ञानयज्ञोपवीतिनः । ज्ञानमेव परं तेषां पवित्रं ज्ञानमुच्यते ॥ अग्नेरिव शिखा नान्या यस्य ज्ञानमयी शिखा । स शिखीत्युच्यते विद्वान्नेतरे केशधारिणः ॥ कर्मण्यधिकृता ये तु वैदिके ब्राह्मणादयः । तेभिर्धार्यमिदं सूत्रं क्रियाङ्गं तद्धि वै स्मृतम् ॥ शिखा ज्ञानमयी यस्य उपवीतं च तन्मयम् । ब्राह्मण्यं सकलं तस्य इति ब्रह्मविदो विदुः ॥ इदं यज्ञोपवीतं तु परमं यत्परायणम् स विद्वान्यज्ञोपवीति स्यात्स यज्ञस्तं यज्वानं विदुः ॥ एको देवः सर्वभूतेषु गूढः सर्वव्यापी सर्वभूतान्तरात्मा । कर्माध्यक्षः सर्वभूताधिवासः साक्षी चेता केवलो निर्गुणश्च ॥ एको वशी सर्वभूतान्तरात्मैकं रूपं बहुधा यः करोति । तमात्मस्थं ये नु पश्यन्ति धीरास्तेषां सुखं शाश्वतं नेतरे-

ધારણ કરવા. જનોઈ પરબ્રહ્મને હૃદયમાં રહેલા જ સૂચવે છે, માટે તેને ‘ સૂત્ર ’ કહે છે. ‘ સૂત્ર ’ એટલે પરમ પદ; એ સૂત્રને જેણે જાણ્યું હોય, તે બ્રાહ્મણ વેદનો પારગામી છે. જેમ સૂતરના તાંતણામાં મણકા પરોવાયા હોય છે, તેમ પરબ્રહ્મમાં આ સર્વ પરોવાયું છે; માટે તે ‘ સૂત્ર ’ છે. એ સૂત્રને તત્ત્વદ્રષ્ટા અને

યોગવેત્તા યોગીએ (હૃદયમાં) ધારણ કરવું. ઉત્તમ યોગનો આશ્રય કરનાર જ્ઞાની પુરુષ બહારના સૂત્ર(જનોઈ)નો ત્યાગ કરે. બ્રહ્મસ્વરૂપ હોવું એ જ સૂત્ર છે; એ સૂત્રને જે ધારણ કરે, તે જ ચેતન છે. એ સૂત્રને ધારણ કરવાથી મનુષ્ય ઉચ્છિષ્ટ (એઠો) કે અપવિત્ર થતો નથી. જ્ઞાનરૂપ યજ્ઞોપવીત ધારણ કરનારા જે પુરુષોના હૃદયમાં બ્રહ્મરૂપ સૂત્ર જ (જનોઈરૂપે) રહ્યું હોય છે, તેઓ જ સૂત્ર(જનોઈ)ના સ્વરૂપને જાણે છે; અને લોકમાં તેઓ જ (સાચું યજ્ઞોપવીત) જનોઈ ધારણ કરનારા છે. જેઓ જ્ઞાનરૂપ શિખાવાળા, જ્ઞાનમાં જ નિષ્ઠા-વાળા અને જ્ઞાનરૂપ જ યજ્ઞોપવીત ધારણ કરે છે, તેમને જ્ઞાન જ પરમ પવિત્ર કરનાર કહેવાય છે. જે પુરુષને અગ્નિની શિખા જેવી જ્ઞાન જ શિખા હોય છે, તેને માટે બીજી શિખા હોતી જ નથી; અને સાચો શિખાધારી અને જ્ઞાની તે જ કહેવાય છે; બીજાઓ કેશ (વાળરૂપી ચોટલી) ધારણ કરનારા શિખાધારી કહેવાય જ નહિ. જે બ્રાહ્મણો વગેરે વૈદિક કર્મમાં અધિકારી છે, તેમણે આ સૂત્ર (જનોઈ) ધારણ કરવું જ જોઈએ; કેમ કે તેને ક્રિયાનું અંગ કહ્યું છે. બ્રહ્મવેત્તાઓ કહે છે કે, જેની શિખા જ્ઞાનમય છે અને યજ્ઞોપવીત પણ જ્ઞાનમય છે, તેનું બ્રાહ્મણપણું સંપૂર્ણ છે. આ જ્ઞાન જ યજ્ઞોપવીત છે, એ જ પરમ પરાયણ છે; માટે જ્ઞાની પુરુષ જ (સાચો) યજ્ઞોપવીતધારી છે, યજ્ઞરૂપ છે અને તેને જ યજમાન કહે છે.

પરમાત્મા એક, સર્વ પ્રાણીઓમાં ગૂઢ, સર્વવ્યાપી, સર્વ ભૂતોનો અંતરાત્મા, બધાનાં કર્મોને નિયમમાં રાખનારો, સર્વ પ્રાણીઓનું રહેઠાણ, સાક્ષી, ચૈતન્યસ્વરૂપ, શુદ્ધ અને નિર્ગુણ છે. એ એક જ વશ રાખનાર, સર્વ ભૂતોનો અંતરાત્મા પોતાના એક જ રૂપને અનેક પ્રકારે પ્રગટ કરે છે. એને જે બુદ્ધિમાન્

षाम् ॥ आत्मानमरणिं कृत्वा प्रणवं चोत्तरारणिम् । ध्याननिर्मथनाभ्यासादेवं पश्येन्निगूढवत् ॥ तिलेषु तैलं दधनीव सर्पिरापः स्रोतःस्वरणीषु चाग्निः । एवमात्मात्मनि जायतेऽसौ सत्येन तपसा योऽनुपश्यति ॥ ऊर्णनाभिर्यथा तन्तून्सृजते संहरत्यपि । जाग्रत्स्वप्ने तथा जीवो गच्छत्यागच्छते पुनः ॥ नेत्रस्थं जागरितं विद्यात्कण्ठे स्वप्नं समाविशेत् । सुषुप्तं हृदयस्थं तु तुरीयं मूर्ध्नि संस्थितम् ॥ यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह । आनन्दमेतज्जीवस्य यज्ज्ञात्वा मुच्यते बुधः ॥ सर्वव्यापिनमात्मानं क्षीरे सर्पिरिवार्पितम् । आत्मविद्यातपोमूलं तद्ब्रह्मोपनिषत्पदं तद्ब्रह्मोपनिषत्पदमिति ॥

ॐ सह नाववतु सह नौ भुनक्तु सह वीर्यं करवावहै

तेजस्वि नावधीतमस्तु मा विद्विषावहै ।

ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

इति ब्रह्मोनिपषत्समाप्ता ॥

મનુષ્યો પોતામાં રહેલો જુએ છે, તેમને નિત્ય શાંતિ મળે છે–બીજાઓને નહિ. આત્માને નીચેની અરણિ અને ૐકારને ઉપરની અરણિ બનાવી ધ્યાનરૂપ મથનના અભ્યાસથી એ છુપાઈ રહેલા આત્માનો સાક્ષાત્કાર કરવો. તલમાં તેલની જેમ, દહીંમાં ઘીની જેમ, પ્રવાહમાં પાણીની જેમ અને લાકડામાં અગ્નિની જેમ એ આત્મા આપણામાં છુપાઈ રહેલો છે. તે આત્મા સત્ય અને તપ વડે પ્રગટ થાય છે. જેવી રીતે કરોળિયો તાંતણાને ઉત્પન્ન કરે છે અને પાછા ખેંચી લે છે, તેવી રીતે જીવાત્મા પણ જાગ્રત અને સ્વપ્નાવસ્થામાં આવે છે અને જાય છે. જાગ્રત અવસ્થાનો વૈશ્વાનર નામનો આત્મા નેત્રમાં રહે છે, સ્વપ્નાવસ્થાનો તૈજસ આત્મા કંઠમાં રહે છે અને સુષુપ્તિ અવસ્થાનો પ્રાજ્ઞ નામનો આત્મા હૃદયમાં રહે છે; તેમ જ તુરીય ( ચોથી, આગલી ત્રણ અવસ્થાથી પર એવી ) અવસ્થાનો આત્મા બ્રહ્મરંધ્રમાં રહે છે એમ જાણવું. જ્યાં મનુષ્યની વાણી અને મન પહોંચી શકતાં નથી, તે આત્માના આનંદને જાણીને જ્ઞાની મુક્ત બને છે. દૂધમાં ઘીની જેમ બધે વ્યાપી રહેલો આત્મા આત્મજ્ઞાન અને તપ વડે પ્રાપ્ત થાય છે. એ આત્મા જ બ્રહ્મ છે. એ જ ઉપનિષદોનું પરમ પદ છે.

ૐ બ્રહ્મ અમારું બન્ને( ગુરુ–શિષ્ય )નું સાથે રક્ષણ કરો, અમારું બન્નેનું સાથે પાલન કરો, અમે બન્ને સાથે જ સામર્થ્ય મેળવીએ. અમારા બન્નેનું ભણતર તેજસ્વી થાઓ અમે કોઈનો દ્વેષ ન કરીએ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

रोगशोकाद्यैरभिहतेऽस्मिञ्छरीरे किं कामोपभोगैः ॥ ३ ॥ सर्वं चेदं क्षयिष्णु पश्यामो यथेमे दंशमशकादयस्तृणवन्नश्यतयोद्भूतप्रध्वंसिनः अथ किमेतैर्वा परेऽन्ये महाधनुर्धराश्चक्रवर्तिनः केचित्सुद्युम्नभूरिद्युम्नेन्द्रद्युम्नकुवलयाश्वयौवनाश्ववद्ध्रियाश्वाश्वपतिः शशबिन्दुर्हरिश्चन्द्रोऽम्बरीषोमनूत्वन्नशर्यातिर्ययातिरनरण्योक्षसेनोत्थमरुत्तभरतप्रभृतयो राजानो मिषतो बन्धुवर्गस्य महतीं श्रियं त्यक्त्वास्माल्लोकादमुं लोकं प्रयान्ति ॥ ५ ॥ अथ किमेतैर्वा परेऽन्ये गन्धर्वासुरयक्षराक्षसभूतगणपिशाचोरगग्रहादीनां निरोधनं पश्यामः ॥ ६ ॥ अथ किमेतैर्वान्यानां शोषणं महार्णवानां शिखरिणां प्रपतनं ध्रुवस्य प्रचलनं स्थानं वा तरूणां निमज्जनं पृथिव्याः स्थानादपसरणं सुराणां सोऽहमित्येतद्विधेऽस्मिन्संसारे किं कामोपभोगैर्यैरेवाश्रितस्यासकृदिहावर्तनं दृश्यत इत्युद्धर्तुमर्हसीत्यन्धोदपानस्थो भेक इवाहमस्मिन्संसारे भगवंस्त्वं नो गतिस्त्वं नो गतिः ॥ ७ ॥

॥ इति प्रथमः प्रपाठकः ॥

## द्वितीयः प्रपाठकः

अथ भगवाञ्छाकायन्यः सुप्रीतोऽब्रवीद्राजानं महाराज बृहद्रथक्ष्वाकुवंशध्वजशीर्षात्मजः कृतकृत्यस्त्वं मरुन्नाम्नो विश्रुतोऽसीत्ययं वा व खल्वात्मा ते कतमो भगवान्वर्ण्य इति तं होवाचेति ॥ १ ॥

કામ, ક્રોધ, લોભ, ભય, દુઃખ, ઈર્ષ્યા, ગમતી વસ્તુનો વિયોગ, અણગમતી વસ્તુનો સંયોગ, ભૂખ, તરસ, ઘડપણ, મરણ, રોગ, શોક વગેરેથી પીડાયેલું છે; તો વિષયભોગોની શી જરૂર છે? ૩ આખું આ જગત નાશવંત છે. મનુષ્ય વગેરેને હું મરતા

જોઉં છું, એમ જ ડાંસ, મચ્છર વગેરે તો ઉત્પન્ન થઈને તરત જ મરણ પામે છે. ૪ તેઓ તો શું, પણ બીજા મોટા મોટા ધનુર્ધારીઓ અને કેટલાક સુદ્યુમ્ન, ભૂરિદ્યુમ્ન, ઇંદ્રદ્યુમ્ન કુવલયાશ્વ, યૌવનાશ્વ, તેના જેવા ધિયાશ્વ, અશ્વપતિ, શશબિંદુ, હરિશ્ચંદ્ર, અંબરીષ, મનુનો પુત્ર શર્યાતિ, યયાતિ, અનરણ્ય, ઉક્ષસેન, તેનો પુત્ર મરુત્ત અને ભરત વગેરે ચક્રવર્તી રાજાઓ પણ પોતાના બંધુવર્ગના દેખતાં આ લોકનું મોટું ઐશ્વર્ય છોડીને પરલોકમાં ચાલ્યા ગયા છે. ૫ અને તે મનુષ્યો તો શું. પણ બીજા ગંધર્વ, અસુર, યક્ષ, રાક્ષસ, ભૂતગણ, પિશાચ, સર્પ અને ગ્રહ વગેરેનો પણ આપણે નાશ જોઈએ છીએ; ૬ અથવા એ તો શું, પણ આ મોટા સમુદ્રો સુકાઈ જાય છે, પર્વતો ભાંગી-તૂટી જાય છે, ધ્રુવ પણ પોતાના સ્થાનથી ચળે છે, વૃક્ષો પડી જાય છે, પૃથ્વી પણ એક સ્થાન પર સ્થિર રહી શકતી નથી, દેવો પણ પોતાના સ્થાનમાંથી નીચે પડે છે; તો 'આ હું' એવા અહંકારથી ભરેલા આ સંસારમાં વિષયભોગોથી શું વળવાનું છે? વિષયોમાં રચ્યાપચ્યા રહેનારાને તો અનેક વખત જન્મ-મરણના ફેરામાં ભટકવું પડતું દેખાય છે; માટે હે ભગવન્! અંધારા કૂવામાં પડેલા દેડકાની જેમ આ સંસારમાં હું પડ્યો છું, તેનો આપ ઉદ્ધાર કરો. આપ મારું શરણ છો, આધાર છો. ૭

પહેલો પ્રપાઠક સમાપ્ત

## બીજો પ્રપાઠક

આ સાંભળી મહર્ષિ શાકાયન્ય અત્યંત પ્રસન્ન થઈ રાજાને કહેવા લાગ્યા કે, 'હે મહારાજા બૃહદ્રથ! ઇક્ષ્વાકુવંશના ધ્વજ-શીર્ષનો તું પુત્ર છે, મરુત નામથી પ્રખ્યાત છે અને કૃતકૃત્ય

य एषो बाह्यावष्टम्भनेनोर्ध्वमुत्क्रान्तो व्यथमानोऽव्यथमानस्तमः प्रणुदत्येष आत्मेत्याह भगवानथ य एष संप्रसादोऽस्माच्छरीरात्समुत्थाय परं ज्योतिरुपसंपद्य स्वेन रूपेणाभिनिष्पद्यत एष आत्मेति होवाचैतदमृतमभयमेतद्ब्रह्मेति ॥२॥ अथ खल्वियं ब्रह्मविद्या सर्वोपनिषद्विद्या वा राजन्नस्माकं भगवता मैत्रेयेण व्याख्याताहं ते कथयिष्यामीत्यथापहतपाप्मानस्तिग्मतेजस ऊर्ध्वरेतसो वालखिल्या इति श्रूयन्तेऽथैते प्रजापतिमब्रुवन्भगवञ्शकटमिवाचेतनमिदं शरीरं कस्यैष खल्वीदृशो महिमातीन्द्रियभूतस्य येनैतद्विधमिदं चेतनवत्प्रतिष्ठापितं प्रचोदयितास्य को भगवन्नेतदस्माकं ब्रूहीति तान्होवाच ॥३॥ यो ह खलु वाचोपरिस्थः श्रूयते स एव वा एष शुद्धः पूतः शून्यः शान्तः प्राणोऽनीशात्माऽनन्तोऽक्षय्यः स्थिरः शाश्वतोऽजः स्वतन्त्रः स्वे महिम्नि तिष्ठत्यनेनेदं शरीरं चेतनवत्प्रतिष्ठापितं प्रचोदयिता चैषोऽस्येति ते होचुर्भगवन्कथमनेनेदृशेनानिच्छेनैतद्विधमिदं चेतनवत्प्रतिष्ठापितं प्रचोदयिता चैषोऽस्येति कथमिति तान्होवाच ॥४॥ स वा एष सूक्ष्मोऽग्राह्योऽदृश्यः पुरुषसंज्ञको बुद्धिपूर्वमिहैवावर्ततेंऽशेन सुषुप्तस्यैव बुद्धिपूर्वं निबोधयत्यथ योह खलु वावैतस्यांशोऽयं यश्चेतनमात्रः प्रतिपूरुषं क्षेत्रज्ञः संकल्पाध्यवसायाभिमानलिङ्गः प्रजापतिर्विश्वाक्षस्तेन चेतनेनेदं शरीरं चेतनवत्प्रतिष्ठापितं प्रचोदयिता चैषोऽस्येति ते होचुर्भगवन्नीदृशस्य कथमंशेन वर्तनमिति तान्होवाच ॥

છે. આ આત્મા કેવો છે, તે તને હું સમજાવું છું' તે સાંભળી રાજાએ કહ્યું: 'આપ ભગવાન તેનું વર્ણન કરો.' એટલે તે મુનિ રાજાને કહેવા લાગ્યા. ૧ બહારની ઇંદ્રિયોનો નિરોધ કરવાથી આ પ્રાણરૂપ આત્મા યોગ વડે ઉપર ચડે છે. તે દુઃખયુક્ત લાગતો હોવા છતાં દુઃખરહિત છે અને અંધારાનો નાશ

કરે છે.' વળી તે ભગવાને કહ્યું: 'આ આત્મા આ શરીરમાંથી બહાર નીકળી પરમ જ્યોતિરૂપ બ્રહ્મને પામીને પોતાના સ્વરૂપમાં સ્થિર બને છે; એ જ આત્મા અમૃતરૂપ, અભયરૂપ અને બ્રહ્મરૂપ છે. ૨

'હે રાજન્! બધાં ઉપનિષદોએ જેનો ઉપદેશ કર્યો છે, તેવી આ બ્રહ્મવિદ્યા ભગવાન મૈત્રેયે અમને કહી છે, તે હું તને કહું છું. જેમનાં પાપ નાશ પામ્યાં છે એવા તીક્ષ્ણ તેજવાળા અને બ્રહ્મચારી વાલખિલ્ય નામના મુનિઓ પ્રસિદ્ધ છે. તેમણે એક વખત બ્રહ્મદેવને પૂછ્યું: 'હે ભગવન્! આ શરીર ગાડાના જેવું અચેતન છે; તો એવો કોનો મહિમા છે? એવો કયો અતીંદ્રિય પદાર્થ છે? જેને લીધે આવું આ શરીર ચેતનની પેઠે પ્રતિષ્ઠા પામ્યું છે? અને એને પ્રેરણા આપનાર કોણ છે એ અમને કહો.' બ્રહ્માએ ઉત્તર આપ્યો: ૩ 'જે વાણીથી પર રહેલો સંભળાય છે, તે શુદ્ધ, પવિત્ર, શૂન્ય, શાંત, જિવાડનાર અનીશ્વરનો આત્મા, અનંત, અવિનાશી, સ્થિર, સનાતન, જન્મ-રહિત અને સ્વતંત્ર એવો આત્મા પોતાના મહિમામાં રહ્યો છે, તેને લીધે આ શરીર ચેતનની પેઠે પ્રતિષ્ઠા પામ્યું છે. એ જ આને પ્રેરણા આપનારો છે. આવો આનો મહિમા છે.' આ સાંભળી વાલખિલ્યોએ પૂછ્યું: 'હે ભગવન્! એ આત્મા ઇચ્છા-રહિત હોવા છતાં તેણે આવા આ શરીરને ચેતન જેવું કેવી રીતે ટકાવી રાખ્યું છે? એ તેને પ્રેરણા કરનાર શાથી છે? અને આ એનો મહિમા કેવો છે?' બ્રહ્માએ કહ્યું: ૪ 'આ આત્મા સૂક્ષ્મ, અગ્રાહ્ય અને અદૃશ્ય છે. તેનું નામ પુરુષ છે. પોતાના એક અંશ વડે અહીં બુદ્ધિપૂર્વક ક્રિયા કરે છે. ઊંઘતાને બુદ્ધિ-પૂર્વક જગાડે છે અને એનો જે અંશ છે તે જ અહીં બધાં ચેતન પ્રાણીઓમાં જીવાત્મા બન્યો છે; તે જ દરેક શરીરમાં

प्रजापतिर्वा एषोऽग्रेऽतिष्ठत्स नारमतैकः स आत्मानमभिध्याय-द्बह्वीः प्रजा असृजत्ता अस्यैवात्मप्रबुद्धा अप्राणा स्थाणुरिव तिष्ठमाना अपश्यत्स नारमत सोऽमन्यतैतासां प्रतिबोधनायाभ्यन्तरं प्रविशानी-त्यथ स वायुमिवात्मानं कृत्वाभ्यन्तरं प्राविशत्स एको नाविशत्स पञ्चधात्मानं प्रविभज्योच्यते यः प्राणोऽपानः समान उदानो व्यान इति ॥६॥ अथ योऽयमूर्ध्वमुत्क्रामतीत्येष वाव स प्राणोऽथ योयमवाञ्चं संक्रामत्येष वाव सोऽपानोऽथ योयं स्थविष्ठमन्नधातुमपाने स्थापय-त्यणिष्ठं चाङ्गेऽङ्गे समं नयत्येष वाव स समानोऽथ योऽयं पीता-शितमुद्गिरति निगिरतीति चैष वाव स उदानोऽथ येनैताः शिरा अनुव्याप्ता एष वाव स व्यानः ॥ ७ ॥ अथोपांशुरन्तर्याम्यमभिभवत्य-न्तर्याममुपांशुमेतयोरन्तराले चौष्ण्यं मासवद्यदौष्ण्यं स पुरुषोऽथ यः पुरुषः सोऽग्निर्वैश्वानरोऽप्यन्यत्राप्युक्तमयमग्निर्वैश्वानरो योऽयमन्तः पुरुषो येनेदमन्नं पच्यते यदिदमद्यते तस्यैष घोषो भवति यदेतत्कर्णा-वपिधाय शृणोति स यदोत्क्रमिष्यन्भवति नैनं घोषं शृणोति ॥ ८ ॥ स वा एष पञ्चधात्मानं प्रविभज्य निहितो गुहायां मनोमयः प्राणशरीरो बहुरूपः सत्यसंकल्प आत्मेति स वा एषोऽस्य हृदन्तरे तिष्ठन्नकृतार्थोऽमन्यतार्थानसानि तत्स्वानीमानि भित्त्वोदितः पञ्चमी

ક્ષેત્રજ્ઞરૂપે રહેલો છે; તેમ જ તે જ સંકલ્પ, પ્રયત્ન અને અભિમાનવાળો, પ્રજાપતિરૂપ અને સર્વને જોનારો છે. તે ચેતન વડે જ આ શરીર સચેતન બન્યું છે, તે જ આ શરીરને ક્રિયા કરવા પ્રેરે છે.' ત્યારે વાલખિલ્યોએ પૂછ્યું: 'ભગવન્! એ આત્મા અખંડ હોવા છતાં કેવી રીતે પોતાના અંશ વડે અહીં રહ્યો છે?' તેમને બ્રહ્માએ ઉત્તર આપ્યો: ૫

'સૌથી પહેલા પ્રજાપતિ જ એકલા હતા. તેમને એકલાને કાંઈ ચેન પડયું નહિ. આથી તેમણે આત્માનું ધ્યાન કરીને અનેક પ્રકારની પ્રજા ઉત્પન્ન કરી. પોતે ઉત્પન્ન કરેલી પ્રજાને તેમણે પ્રાણ વિનાની અને થાંભલા જેવી જડ જોઈ. આ તેમને ઠીક લાગ્યું નહિ. એમણે વિચાર કર્યો કે, આ બધી પ્રજાને સચેતન કરવા માટે હું તેમનામાં પ્રવેશ કરું; એમ વિચારી પોતાને વાયુ જેવા કરી તેમણે તેમનામાં પ્રવેશ કર્યો. તેમણે એકરૂપે નહિ, પણ પાંચરૂપે પ્રવેશ કર્યો. આથી એક જ પ્રાણના પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન–એમ પાંચ ભેદ થયા. ૬ જે ઊંચે ગતિ કરે છે, તે પ્રાણ છે; જે નીચે ગતિ કરે છે, તે અપાન છે; જે અતિશય સ્થૂલ અન્નધાતુ( મળ )ને ગુદાસ્થાનમાં પહોંચાડે છે અને અતિ સૂક્ષ્મ અન્નધાતુને દરેક અંગમાં એકસરખી લઈ જાય છે, તે સમાન છે; જે ખાધેલું–પીધેલું ઊંચે ગળે છે ને નીચે ગળે છે, તે ઉદાન છે; અને જેનાથી બધી નાડીઓ ભરેલી છે, તે વ્યાન છે. ૭ જે નજીકમાં અંતર્યામી છે અને એક પ્રહરની અંદર જે પરાભવ કરી શકે છે, એ બન્નેની વચ્ચે જે ગરમીના મહિના જેવી ઉષ્ણતા છે, તે જ ઉષ્ણતા પુરુષ છે; જે પુરુષ છે, તે જ વૈશ્વાનર નામનો અગ્નિ છે; બીજે સ્થળે પણ કહેવાયું છે કે, આ અંદર રહેલો વૈશ્વાનર અગ્નિ પુરુષ છે, જેને લીધે અન્ન પચે છે. જે ખવાય છે, તેનો જ આ અવાજ થાય છે. કાન બંધ કરતાં જે અવાજ સંભળાય છે, તે એનો અવાજ છે. શરીરમાંથી પ્રાણ જ્યારે નીકળી જવાનો હોય છે, ત્યારે એ અવાજ સંભળાતો નથી.' ૮

'એ પ્રજાપતિરૂપ આત્મા પોતાને પાંચરૂપે બનાવીને હૃદયરૂપ ગુફામાં સ્થિર બન્યો છે, અને તે આત્મા જ મનરૂપે, પ્રાણરૂપે, અનેકરૂપે સત્યસંકલ્પવાળો છે. આ પ્રમાણે હૃદયમાં રહેલો તે

रश्मिभिर्विषयानत्तीति बुद्धीन्द्रियाणि यानीमान्येतान्यस्य रश्मयः कर्मेन्द्रियाण्यस्य हया रथः शरीरं मनो नियन्ता प्रकृतिमयोऽस्य प्रतोदनेन खल्वीरितं परिभ्रमतीदं शरीरं चक्रमिवमृते च नेदं शरीरं चेतनवत्प्रतिष्ठापितं प्रचोदयिता चैषोऽस्येति ॥९॥ स वा एष आत्मेत्यदो वशं नीत एव सितासितैः कर्मफलैरभिभूयमान इव प्रतिशरीरेषु चरत्यव्यक्तत्वात्सूक्ष्मत्वाद्दृश्यत्वादग्राह्यत्वान्निर्ममत्वाच्चानवस्थोऽकर्ता कर्तेवावस्थितः ॥१०॥ स वा एष शुद्धः स्थिरोऽचलश्चालेपोऽव्यग्रो निःस्पृहः प्रेक्षकवदवस्थितः स्वस्य चरितभुग्गुणमयेन पटेनात्मानमन्तर्धीयावस्थित इत्यवस्थित इति ॥११॥

॥इति द्वितीयः प्रपाठकः॥

## तृतीयः प्रपाठकः

ते होचुर्भगवन्यद्येवमस्यात्मनो महिमानं सूचयसीत्यन्यो वा परः कोऽयमात्मा सितासितैः कर्मफलैरभिभूयमानः सदसद्योनिमापद्यत इत्यवाचीं वोर्ध्वां वा गतिं द्वन्द्वैरभिभूयमानः परिभ्रमतीति कतम एष इति तान्होवाच ॥१॥ अस्ति खल्वन्योऽपरो भूतात्मा योऽयं सितासितैः कर्मफलैरभिभूयमानः सदसद्योनिमापद्यत इत्यवाचीं वोर्ध्वां गतिं द्वन्द्वैरभिभूयमानः परिभ्रमतीत्यस्योपव्याख्यानं पञ्च तन्मात्राणि भूतशब्देनोच्यन्ते पञ्च महाभूतानि भूतशब्देनोच्यन्तेऽथ तेषां यः समुदायः शरीरमित्युक्तमथ यो ह खलु वाव शरीरमित्युक्तं स भूतात्मेत्युक्तमथास्ति तस्यात्मा बिन्दुरिव पुष्कर इति स वा एषोऽभिभूतः प्राकृतैर्गुणैरित्यतोऽभिभूतत्वात्संमूढत्वं प्रयात्यसंमूढत्वादात्मस्थं प्रभुं

પોતાને અકૃતાર્થ માનવા લાગ્યો અને પોતાને કૃતાર્થ બનાવવા માટે પોતાનાં પાંચ દ્વાર ભેદીને પ્રકટ થયો. એ પાંચ દ્વારો તે પાંચ ઇંદ્રિયો બની. એ પાંચ જ્ઞાનેંદ્રિયો લગામ છે, કર્મેંદ્રિયો ઘોડા છે, શરીર રથ છે, મન સારથિ છે અને સ્વભાવ (પ્રકૃતિ) ચાબખો છે. એ ચાબખા વડે પ્રેરાયેલું શરીર પૈડાંની પેઠે ગતિમાન થાય છે અને મરણ થયા પછી તે ચેતનાવાળું દેખાતું નથી. આથી આત્મા શરીરનો પ્રેરક છે. ૯ આ આત્મા જાણે કે શરીરને વશ થયો હોય અને જાણે કે શુભાશુભ કર્મનાં ફળ વડે બંધાઈ ગયો હોય, તેમ જુદાં જુદાં શરીરોમાં સંચાર કરે છે; પરંતુ ખરું જોતાં તો તે અવ્યક્ત, સૂક્ષ્મ, અદૃશ્ય, અગ્રાહ્ય અને મમતારહિત છે. તેનામાં કર્તાપણું ન હોવા છતાં તે બધી ય અવસ્થાઓથીરહિત છે; તેથી તે કર્તારૂપે રહ્યો હોય એમ જણાય છે. ૧૦ એ આત્મા શુદ્ધ, સ્થિર, અચળ, આસક્તિ વિનાનો, દુઃખ વિનાનો, ઇચ્છારહિત, દ્રષ્ટા જેવો રહેલો અને પોતાનું કર્મ ભોગવતો હોય તેવો દેખાય છે; તેમ જ ત્રણ ગુણોરૂપી વસ્ત્ર વડે પોતાના સ્વરૂપને જાણે તે ઢાંકી દેતો હોય તેમ રહેલો જણાય છે.' ૧૧

બીજો પ્રપાઠક સમાપ્ત

## ત્રીજો પ્રપાઠક

આ સાંભળી વાલખિલ્યોએ પ્રશ્ન કર્યો: 'ભગવન્! જો એ આત્માનો એવો મહિમા કહો છો, તો પછી શુભાશુભ કર્મો નીચે દબાયેલો અને એ અનુસાર સારી-નરસી જાતિઓમાં ભમતો આત્મા શું કોઈ બીજો છે? સુખ-દુઃખ વગેરેથી પરાભવ પામીને કયો આત્મા ઊંચી અથવા નીચી ગતિમાં ભમે છે?' આ સાંભળી બ્રહ્મા બોલ્યા: ૧ 'જે શુભાશુભ કર્મો નીચે દબાયેલો છે, તે તો

भगवन्तं कारयितारं नापश्यद्गुणौघैस्तूय्यमानः कलुषीकृतश्चास्थिरश्चञ्चलो लोलुप्यमानः सस्पृहो व्यग्रश्चाभिमानत्वं प्रयात इत्यहं सो ममेदमित्येवं मन्यमानो निबध्नात्यात्मनात्मानं जालेनेव खचरः कृतस्यानुफलैरभिभूयमानः परिभ्रमतीति ॥ २ ॥ अथान्यत्राप्युक्तं यः कर्ता सोऽयं वै भूतात्मा करणैः कारयितान्तःपुरुषोऽथ यथाग्निनायःपिण्डो वाभिभूतः कर्तृभिर्हन्यमानो नानात्वमुपैत्येवं वाव खल्वसौ भूतात्मान्तःपुरुषेणाभिभूतो गुणैर्हन्यमानो नानात्वमुपैत्यथ यत्त्रिगुणं चतुरशीतिलक्षयोनिपरिणतं भूतत्रिगुणमेतद्वै नानात्वस्य रूपं तानि ह वा इमानि गुणानि पुरुषेणेरितानि चक्रमिव चक्रिणेत्यथ यथायःपिण्डे हन्यमाने नाग्निरभिभूयत्येवं नाभिभूयत्यसौ पुरुषोऽभिभूयत्ययं भूतात्मोपसंश्लिष्टत्वादिति ॥ ३ ॥ अथान्यत्राप्युक्तं शरीरमिदं मैथुनादेवोद्भूतं संविदपेतं निरय एव मूत्रद्वारेण निष्क्रान्तमस्थिभिश्चितं मांसेनानुलिप्तं चर्मणावबद्धं विण्मूत्रपित्तकफमज्जामेदोवसाभिरन्यैश्च मलैर्बहुभिः परिपूर्णं कोश इवावसन्नेति ॥ ४ ॥ अथान्यत्राप्युक्तं संमोहो भयं विषादो

બીજો ભૂતાત્મા કહેવાય છે. એ સારી-નરસી યોનિને પામે છે, ઊંચી-નીચી ગતિમાં જાય છે અને રાગ-દ્વેષાદિ જોડકાંથી હેરાન થાય છે. એને ભૂતાત્મા કહેવાનું કારણ એ છે, કે પાંચ તન્માત્રાઓ અને પાંચ મહાભૂતો ભૂત શબ્દથી કહેવાય છે; અને તે ભૂતોનો જે સમુદાય તે જ શરીર છે. આથી એ શરીરને જ ભૂતાત્મા કહેવામાં આવે છે. એમાં રહેલો આત્મા તો કમળપત્ર પર રહેલા પાણીના ટીપા જેવો છે, પરંતુ પોતાની પ્રકૃતિના ગુણો વડે પરાભવ પામેલો હોઈ તે મૂઢ બની ગયો છે; અને તેથી પોતામાં રહેલા પ્રેરક પરમાત્માને તે જોઈ શકતો નથી; તેમ જ ગુણોના સમૂહ

વડે તૃપ્ત થતો, પાપયુક્ત બનતો, અસ્થિર, ચંચળ, લોલુપ, વિષયોની ઇચ્છાવાળો, વ્યાકુળ અને અભિમાની બનતો તે 'આ હું છું–આ મારું છે' એમ માનતો જાળમાં જેમ પક્ષી ફસાય, તેમ કરેલાં કર્મનાં ફળમાં પોતે પોતાની મેળે જ ફસાઈને અહીં–તહીં ભમ્યા કરે છે.' ૨

'બીજે ઠેકાણે પણ કહ્યું છે કે કર્તાપણું આ ભૂતાત્માને છે, પરંતુ અંદર રહેલો શુદ્ધ આત્મા તો માત્ર પ્રેરક જ છે. તે ઇંદ્રિયો દ્વારા બધું કરાવે છે. જેમ અગ્નિમાં તપાવેલો લોખંડનો ગોળો લુહાર વડે ટિપાઈને અનેક રૂપનો થાય છે, તેમ આ ભૂતાત્મા પણ અંદર રહેલા શુદ્ધ આત્મા વડે તાપ પામીને અને ગુણો વડે ટિપાઈને અનેક પ્રકારનો થાય છે–અર્થાત્ ત્રણ ગુણોથી યુક્ત એવી ચોર્યાસી લાખ જાતની ત્રિગુણાત્મક યોનિઓમાં પરિણામ પામે છે. આ જ અનેકપણાનું સ્વરૂપ છે. જેમ ચક્રને ચલાવનારો કુંભાર ચક્રથી જુદો છે, તેમ આ ત્રણ ગુણોને પ્રેરનારો પુરુષ અર્થાત્ આત્મા એ ગુણોથી જુદો છે. જેમ લોખંડના ગોળાને ટીપવાથી કાંઈ તેમાં રહેલો અગ્નિ ટિપાતો નથી, તેમ શુદ્ધ આત્માને કાંઈ વિકાર થતો નથી; પરંતુ માત્ર ભૂતાત્માના સંસર્ગનો દોષ જ તેને લાગે છે. ૩ વળી બીજે સ્થળે પણ કહ્યું છે કે સ્ત્રી-પુરુષના સંયોગ વડે આ શરીર ઉત્પન્ન થાય છે; તે ચેતન વિનાનું છે અને જાણે નરક જ છે. મૂત્રના દ્વારમાંથી નીકળેલું તે હાડકાંથી ગોઠવાયું છે, માંસથી લિપાયલું છે અને ચામડીથી મઢાયું છે; મળ, મૂત્ર, પિત્ત, કફ વગેરેથી ભરપૂર છે, તેમ જ બીજા પણ ઘણા મેલથી પૂર્ણ છે; અને તે જાણે કે ખરાબ વસ્તુઓનો ખજાનો હોય તેવું છે.' ૪

'વળી બીજે સ્થળે પણ કહ્યું છે કે, મોહ, ભય, દુઃખ ઊંઘ, ઘડપણ, શોક, ભૂખ, તરસ, દીનતા, ક્રોધ, નાસ્તિકતા,

निद्रा तन्द्री व्रणो जरा शोकः क्षुत्पिपासा कार्पण्यं क्रोधो नास्तिक्यमज्ञानं मात्सर्यं वैकारुण्यं मूढत्वं निर्व्रीडत्वं निकृतत्वमुद्धतत्वमसमत्वमिति तामसान्वितस्तृष्णा स्नेहो रागो लोभो हिंसा रतिर्दृष्टिर्व्यापृतत्वमीर्ष्या काममवस्थितत्वं चञ्चलत्वं जिहीर्षार्थोपार्जनं मित्रानुग्रहणं परिग्रहावलम्बोऽनिष्टेष्विन्द्रियार्थेषु द्विष्टिरिष्टेष्वभिषङ्ग इति राजसान्वितैः परिपूर्ण एतैरभिभूत इत्ययं भूतात्मा तस्मान्नानारूपाण्याप्नोतीत्याप्नोतीति ॥ ५ ॥

॥ इति तृतीयः प्रपाठकः ॥

## चतुर्थः प्रपाठकः

ते ह खल्वथोर्ध्वरेतसोऽतिविस्मिता अतिसमेत्योचुर्भगवन्नमस्ते त्वं नः शाधि त्वमस्माकं गतिरन्या न विद्यत इत्यस्य कोऽतिथिर्भूतात्मनो येनेदं हित्वात्मन्येव सायुज्यमुपैति तान्होवाच ॥ १ ॥ अथान्यत्राप्युक्तं महानदीषूर्मय इव निवर्तकमस्य यत्पुराकृतं समुद्रवेलेव दुर्निवार्यमस्य मृत्योरागमनं सदसत्फलमयैर्हि पाशैः पशुरिव बद्धं बन्धनस्थस्येवास्वातन्त्र्यं यमविषयस्थस्येव बहुभयावस्थं मदिरोन्मत्त इवामोदमदिरोन्मत्तं पाप्मना गृहीत इव भ्राम्यमाणं महोरगदष्ट इव विषदष्टं महान्धकार इव रागान्धमिन्द्रजालमिव मायामयं स्वप्न इव मिथ्यादर्शनं कदलीगर्भ इवासारं नट इव क्षणवेषं चित्र-

અજ્ઞાન, અદેખાઈ, નિર્દયતા, મૂઢતા, નિર્લજ્જપણું, કૃતઘ્નીપણું, ઉદ્ધતાઈ અને વિષમતા વગેરે અનેક તમોગુણના વિકારોથી તે ભરેલું છે. તે ઉપરાંત, તૃષ્ણા, સ્નેહ, રાગ, લોભ, હિંસા, રમવું, દૃષ્ટિવ્યાપાર, ઈર્ષ્યા, ઇચ્છા પ્રમાણે વર્તવું, ચંચળતા, કોઈનું લઈ

લેવાની ઇચ્છા, ધન કમાવાની ઇચ્છા, મિત્રોનો સંગ્રહ, પરિગ્રહનો આશ્રય, ઇંદ્રિયોના અનિષ્ટ વિષયો તરફ દ્વેષ અને ઇષ્ટ વિષયોમાં આસક્તિ વગેરે રજોગુણના વિકારો પણ તેમાં અનેક છે. આ બધા વડે એ ભૂતાત્મા પરાભવ પામેલો છે, તેથી અનેક જાતનાં રૂપોને પામે છે.' ૫

ત્રીજો પ્રપાઠક સમાપ્ત

## ચોથો પ્રપાઠક

આ સાંભળી તે બ્રહ્મચારી વાલખિલ્યો ઘણું વિસ્મય પામી, અતિ સમીપ જઈને બોલ્યા: 'ભગવન્! આપને નમસ્કાર હો! તમે જ અમારું શરણ છો, બીજું અમારું શરણ નથી; માટે અમને સમજાવો કે ભૂતાત્માનો કયો અતિથિ છે? કે જેને લીધે આ સર્વને છોડી દઈને તે આત્મામાં જ સાયુજ્યને પામે છે?' બ્રહ્માએ ઉત્તર આપ્યો: ૧ 'વળી બીજે ઠેકાણે પણ કહ્યું છે કે મોટી નદીઓમાં જેમ તરંગો ઊછળે, તેમ આ ભૂતાત્મામાં પૂર્વનાં કર્મો રહેલાં હોય છે અને એનાં ફળ તેને ભોગવવાં જ પડે છે. વળી સમુદ્રનો કિનારો જેમ મોજાંઓના અંતને માટે જરૂરી છે, તેમ ભૂતાત્માને મૃત્યુ પણ જરૂરી છે. એ શુભાશુભ કર્મોના ફળરૂપ બંધનોમાં પશુની જેમ જકડાયો છે અને તદ્દન પરતંત્ર બની ગયો છે. યમના રાજ્યમાં રહેતો હોય તેમ એ ભૂતાત્મા હમેશ બહુ જ ભયયુક્ત રહે છે. વિષયસુખરૂપ દારૂ પીને તે ઉન્મત્ત બને છે. પાપરૂપી ભૂત ભરાયું હોય તેમ તે અહીંથી તહીં ભટકે છે. ઝેરી સાપ કરડ્યો હોય તેમ તે વિપત્તિથી દુઃખ પામે છે. વિષયોની ઇચ્છારૂપ ગાઢ અંધકાર વડે તે આંધળો બને છે. મદારીના જાદુની જેમ તે માયાથી ભરેલો છે. સ્વપ્ન જેવા મિથ્યા દેખાવનો છે. કેળના

भित्तिरिव मिथ्यामनोरममित्यथोक्तम् ॥ शब्दस्पर्शादयो येऽर्था अनर्था इव ते स्थिताः। येष्वासक्तस्तु भूतात्मा न स्मरेच्च परं पदम् ॥२॥ अयं वा व खल्वस्य प्रतिविधिर्भूतात्मनो यद्येव विद्याधिगमस्य धर्मस्यानुचरणं स्वाश्रमेष्वेवानुक्रमणं स्वधर्म एव सर्वं धत्ते स्तम्भशाखेवेतराण्यनेनोर्ध्वभाग्भवत्यन्यथाधः पतत्येष स्वधर्माभिभूतो यो वेदेषु न स्वधर्मातिक्रमेणाश्रमी भवत्याश्रमेष्वेव वस्थितस्तपस्वी चेत्युच्यत एतदप्युक्तं नातपस्कस्यात्मध्यानेऽधिगमः कर्मशुद्धिर्वेत्येवं ह्याह ॥ तपसा प्राप्यते सत्त्वं सत्त्वात्संप्राप्यते मनः। मनसा प्राप्यते त्वात्मा ह्यात्मापत्त्या निवर्तत इति ॥ ३ ॥

॥ अत्रैते श्लोका भवन्ति ॥

यथा निरिन्धनो वह्निः स्वयोनावुपशाम्यति।<br>
तथा वृत्तिक्षयाच्चित्तं स्वयोनावुपशाम्यति ॥ १ ॥

स्वयोनावुपशान्तस्य मनसः सत्यगामिनः।<br>
इन्द्रियार्थविमूढस्यानृता कर्मवशानुगाः ॥ २ ॥

चित्तमेव हि संसारस्तत्प्रयत्नेन शोधयेत्।<br>
यच्चित्तस्तन्मयो भवति गुह्यमेतत्सनातनम् ॥ ३ ॥

चित्तस्य हि प्रसादेन हन्ति कर्म शुभाशुभम्।<br>
प्रसन्नात्मात्मनि स्थित्वा सुखमव्ययमश्नुते ॥ ४ ॥

ગર્ભની જેમ તે નિઃસાર છે. નટની જેમ તે ક્ષણે ક્ષણે નવા નવા વેશ ધારણ કરે છે અને ચિત્રવાળી ભીંતની પેઠે ખોટા દેખાવથી જ સુંદર છે. વળી એમ પણ કહ્યું છે કે, શબ્દ, સ્પર્શ વગેરે

વિષયો અસાર છે; અને તેમાં આસક્ત બનેલા ભૂતાત્માને પોતાનું ખરું સ્વરૂપ યાદ આવતું નથી. ૨ એની મુક્તિનો ઉપાય આ પ્રમાણે છે: જ્ઞાનની પ્રાપ્તિ કરાવનારા ધર્મનું આચરણ કરવું અને પોતાના આશ્રમધર્મોને અનુસરવું; કારણ કે સ્વધર્મ જ બધું કરી શકે છે; બીજાં કર્મો તો થાંભલામાંની ડાળી જેવાં ખોટાં છે; માટે આ સ્વધર્મ વડે ભૂતાત્મા ઉન્નતિને પામે છે; બીજી રીતે તો તે નીચે પડે છે. વેદમાં કહેલા સ્વધર્મનો ત્યાગ કરનારો આશ્રમી કહેવાતો નથી. જે પોતાના આશ્રમધર્મોનું આચરણ કરે છે, તે તપસ્વી છે. આ પણ કહ્યું છે કે જે તપસ્વી નથી, તેને આત્મામાં ધ્યાન લાગતું નથી, તેમ જ તેની કર્મશુદ્ધિ પણ થતી નથી. તપ વડે જ્ઞાન પ્રાપ્ત થાય છે, જ્ઞાન થતાં મન વશ બને છે, મન વશ થતાં આત્માની પ્રાપ્તિ થાય છે અને આત્માની પ્રાપ્તિ થતાં સંસારમાંથી છૂટી જાય છે. ૩

અહીં આ શ્લોકો છે:—

જેમ લાકડાં ખૂટી જતાં અગ્નિ પોતાની મેળે જ પોતાના ઉત્પત્તિસ્થાનમાં હોલવાઈ જાય છે, તેમ વૃત્તિઓનો નાશ થતાં ચિત્ત પોતાની મેળે જ પોતાના ઉત્પત્તિસ્થાનમાં શાંત થઈ જાય છે. ૧ પોતાના ઉત્પત્તિસ્થાનમાં શાંત બનેલું અને જ્ઞાન પામેલું ચિત્ત જ્યારે સત્ય તરફ વળે છે, ત્યારે કર્મને વશ રહેનારા ઇંદ્રિયના વિષયો તેને મિથ્યા લાગે છે. ૨ ચિત્ત એ જ સંસાર છે, માટે પ્રયત્નથી ચિત્તશુદ્ધિ કરવી. જેવું ચિત્ત હોય, તેવી ગતિ થાય એ સનાતન રહસ્ય છે. ૩ ચિત્ત શાંત થતાં શુભાશુભ કર્મો નાશ પામે છે અને શાંત બનેલો મનુષ્ય જ્યારે આત્મામાં લીન થાય છે, ત્યારે તેને અવિનાશી આનંદ પ્રાપ્ત થાય છે. ૪ માણસનું

समासक्तं यदा चित्तं जन्तोर्विषयगोचरे ।
यद्येवं ब्रह्मणि स्यात्तत्को न मुच्येत बन्धनात् ॥ ५ ॥

मनो हि द्विविधं प्रोक्तं शुद्धं चाशुद्धमेव च ।
अशुद्धं कामसंकल्पं शुद्धं कामविवर्जितम् ॥ ६ ॥

लयविक्षेपरहितं मनः कृत्वा सुनिश्चलम् ।
यदा यात्यमनीभावं तदा तत्परमं पदम् ॥ ७ ॥

तावदेव निरोद्धव्यं हृदि यावत्क्षयं गतम् ।
एतज्ज्ञानं च मोक्षं च शेषास्तु ग्रन्थविस्तराः ॥ ८ ॥

समाधिनिर्धूतमलस्य चेतसो निवेशितस्यात्मनि यत्सुखं लभेत् ।
न शक्यते वर्णयितुं गिरा तदा स्वयं तदन्तःकरणेन गृह्यते ॥ ९ ॥

अपामपोऽग्निरग्नौ वा व्योम्नि व्योम न लक्षयेत् ।
एवमन्तर्गतं चित्तं पुरुषः प्रतिमुच्यते ॥ १० ॥

मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ।
बन्धाय विषयासक्तं मुक्त्यै निर्विषयं स्मृतमिति ॥ ११ ॥

॥ अथ यथेयं कौत्सायनिस्तुतिः ॥

त्वं ब्रह्मा त्वं च वै विष्णुस्त्वं रुद्रस्त्वं प्रजापतिः ।
त्वमग्निर्वरुणो वायुस्त्वमिन्द्रस्त्वं निशाकरः ॥ १२ ॥

त्वं मनुस्त्वं यमश्च त्वं पृथिवी त्वमथाच्युतः ।
स्वार्थे स्वाभाविकेऽर्थे च बहुधा तिष्ठसे दिवि ॥ १३ ॥

विश्वेश्वर नमस्तुभ्यं विश्वात्मा विश्वकर्मकृत् ।
विश्वभुग्विश्वमायस्त्वं विश्वक्रीडारतिः प्रभुः ॥ १४ ॥

ચિત્ત જેટલું વિષયોમાં આસક્ત હોય છે, તેટલું જ જો બ્રહ્મમાં આસક્ત થાય, તો બંધનમાંથી કોણ મુક્ત ન થાય? ૫ મન બે પ્રકારનું છે: શુદ્ધ અને અશુદ્ધ. કામનાઓની ઈચ્છાવાળું મન અશુદ્ધ છે; અને કામનાઓ વિનાનું મન શુદ્ધ છે. ૬ જ્યારે મન લય અને વિક્ષેપ વિનાનું અને તદ્દન સ્થિર બને છે અને તેનું મનપણું નીકળી જાય છે, ત્યારે તે જ પરમપદરૂપ થાય છે. ૭ જ્યાં સુધી મનનો નાશ ન થાય, ત્યાં સુધી જ તેનો હૃદયમાં નિરોધ કરવો. આટલું જ માત્ર જ્ઞાન અને મોક્ષ છે. બાકીના તો ગ્રંથોના વિસ્તારો જ છે. ૮ સમાધિ વડે જેનો મળ દૂર થયો છે અને જે આત્મામાં પરોવાયું છે એવા ચિત્તને જે આનંદ થાય છે, તેનું વાણી વડે વર્ણન થઈ શકતું નથી. તે તો માત્ર અંતઃકરણ વડે અનુભવી જ શકાય છે. ૯ જેમ પાણીમાં પાણી, અગ્નિમાં અગ્નિ અથવા આકાશમાં આકાશ મળી જતાં તે પાછું જુદે રૂપે જોઈ શકાતું નથી, તેમ ચિત્તનો લય થઈ જતાં મનુષ્ય મુક્ત થાય છે. ૧૦ મનુષ્યોનાં બંધ અને મોક્ષનું કારણ મન જ છે. વિષયોમાં આસક્ત બનેલું મન બંધનનું કારણ બને છે, અને વિષયરહિત મન મોક્ષનું કારણ બને છે. ૧૧

**હવે અહીં કૌત્સાયનિ ઋષિની કરેલી આ સ્તુતિ દર્શાવે છે:** 'તમે બ્રહ્મા છો, તમે વિષ્ણુ છો, તમે રુદ્ર છો, તમે પ્રજાપતિ છો, તમે અગ્નિ છો, તમે વરુણ છો, તમે વાયુ છો, તમે ઇંદ્ર છો અને તમે ચંદ્ર છો. ૧૨ તમે મનુ છો, તમે યમ છો, તમે પૃથ્વી છો, તમે અચ્યુત છો, તમે જ પોતાના વિષયરૂપ સ્વાભાવિક અર્થમાં છો અને તમે જ સ્વર્ગમાં અનેક પ્રકારે રહો છો. ૧૩ હે સર્વના ઈશ્વર, તમને નમસ્કાર! તમે સર્વના આત્મા, સર્વ કર્મ કરનાર, સર્વના ભોક્તા, સર્વ માયાવાળા,

नमः शान्तात्मने तुभ्यं नमो गुह्यतमाय च।
अचिन्त्यायाप्रमेयाय अनादिनिधनाय चेति ॥ १५॥

तमो वा इदमेकमास तत्पश्चात्तत्परेणेरितं विषमत्वं प्रयात्येतद्वै रजसो रूपं तद्रजः खल्वीरितं विषमत्वं प्रयात्येतद्वै तमसो रूपं तत्तमः खल्वीरितं तमसः संप्रास्रवत्येतद्वै सत्त्वस्य रूपं तत्सत्त्वमेवेरितं तत्सत्त्वात्संप्रास्रवत्सोंऽशोऽयं यश्चेतनमात्रः प्रतिपुरुषं क्षेत्रज्ञः संकल्पाध्यवसायाभिमानलिङ्गः प्रजापतिस्तस्य प्रोक्ता अग्र्यास्तनवो ब्रह्मा रुद्रो विष्णुरित्यथ यो ह खलु वावास्य राजसोंऽशोऽसौ स योऽयं ब्रह्माथ यो ह खलु वावास्य तामसोंऽशोऽसौ स योऽयं रुद्रोऽथ यो ह खलु वावास्य सात्विकोंऽशोऽसौ स एव विष्णुः स वा एष एकस्त्रिधाभूतोऽष्टधैकादशधा द्वादशधाऽपरिमितधा चोद्भूत उद्भूतत्वाद्भूतेषु चरति प्रतिष्ठा सर्वभूतानामधिपतिर्बभूवेत्यसावात्मान्तर्बहिश्चान्तर्बहिश्च ॥ ५॥

इति चतुर्थः प्रपाठकः ॥

## पञ्चमः प्रपाठकः

द्विधा वा एष आत्मानं बिभर्त्ययं यः प्राणो यश्चासावादित्योऽथ द्वौ वा एतावास्तां पञ्चधा नामान्तर्बहिश्चाहोरात्रे तौ व्यावर्तेते असौ वा आदित्यो बहिरात्मान्तरात्मा प्राणो बहिरात्मा गत्यान्तरात्मनानुमीयते । गतिरित्येवं ह्याह यः कश्चिद्विद्वानपहतपाप्माध्यक्षोऽ-

સર્વત્ર ક્રીડા કરવામાં પ્રેમવાળા અને પ્રભુ છો. ૧૪ શાંત સ્વરૂપ આપને નમસ્કાર હો ! અતિશય ગુહ્ય, અચિંત્ય, પ્રમાણોથી જાણવા અશક્ય તથા આદિ–અંતરહિત આપને નમસ્કાર હો ! ૧૫

'સૃષ્ટિની પૂર્વે આ કેવળ અંધકાર( અથવા અજ્ઞાન )રૂપ જ હતું; પછી પરમાત્માથી પ્રેરણા પામીને ઇંદ્રિયોના વિષયરૂપ બન્યું છે. આમાં એ વસ્તુ રજોગુણનું સ્વરૂપ છે કે જે પ્રેરણા પામેલો રજોગુણ વિષમતાને પામ્યો છે; તેમ જ એ તમોગુણનું રૂપ છે કે જે પ્રેરણા પામેલો તમોગુણ જ તમોગુણમાંથી સ્રવ્યો છે; અને એ સત્ત્વગુણ સ્વરૂપ છે કે જે પ્રેરણા પામેલો સત્ત્વગુણ જ સત્ત્વગુણમાંથી સ્રવ્યો છે. જે આ ચેતનમાત્ર પ્રત્યેક પ્રાણીમાં ક્ષેત્રજ્ઞ જીવરૂપે રહેલો છે, તે એ પરમાત્માનો અંશ છે. તે સંકલ્પ અને નિશ્ચયસ્વરૂપ છે; અભિમાનરૂપ ચિહ્નવાળો છે અને પ્રજાઓનો પતિ છે. બ્રહ્મા, રુદ્ર અને વિષ્ણુને એ પરમાત્માનાં સૌથી મોટાં અને શ્રેષ્ઠ શરીરો કહ્યાં છે. એ પરમાત્માનો રજોગુણનો અંશ તે બ્રહ્મા છે, તમોગુણનો અંશ તે રુદ્ર છે અને સત્ત્વગુણનો અંશ તે વિષ્ણુ છે. એ એક જ પરમાત્મા ત્રણ રૂપે, આઠ રૂપે, અગિયાર રૂપે, બાર રૂપે અને અગણિત રૂપે થયેલ છે; અને એ જ પ્રમાણે અનંત થઈને પ્રત્યેક ભૂતમાં સ્થિતિ કરે છે, સર્વ પ્રાણીઓના એ અધિપતિ છે અને એ જ અંદર ને બહાર આત્મારૂપે છે, એ જ અંદર ને બહાર છે.' ૫

ચોથો પ્રપાઠક સમાપ્ત

## પાંચમો પ્રપાઠક

'એ પરમાત્મા બે પ્રકારના આત્માને (સ્વરૂપને) ધારણ કરે છે. જે આ પ્રાણ છે અને આ આદિત્ય (સૂર્ય) છે, તે બન્ને જ પ્રથમ થયા હતા. તેમાંનો પ્રાણ પાંચ પ્રકારનો થયેલ છે. તે અંદર ને બહાર રાત–દહાડો ફર્યા કરે છે. આ સૂર્ય છે તે બહારનો આત્મા છે અને પ્રાણ અંતરાત્મા છે. તે એની ગતિ ઉપરથી અંતરાત્મારૂપે અનુમાન કરાય છે. એ ગતિ જ છે, એમ વેદ કહે છે.

वदातमनास्तन्निष्ठ आवृत्तचक्षुः सोऽन्तरात्मागत्या बहिरात्मनोऽनु-
मीयते गतिरित्येवं ह्याहाथ य एषोऽन्तरादित्ये हिरण्मयः पुरुषो यः
पश्यति मां हिरण्यवत्स एषोऽन्तरे हृत्पुष्कर एवाश्रितोऽन्नमत्ति ॥ १ ॥
अथ य एषोऽन्तरे हृत्पुष्कर एवाश्रितोऽन्नमत्ति स एषोऽग्निर्दिवि
श्रितः सौरः कालाख्योऽदृश्यः सर्वभूतान्नमत्ति कः पुष्करः किमयं
वेद वा व तत्पुष्करं योऽयमाकाशोऽस्येमाश्चतस्रो दिशश्चतस्र उप-
दिशः संस्था अयमर्वागग्निः परत एतौ प्राणादित्यावेतावुपासीतोमित्य-
क्षरेण व्याहृतिभिः सावित्र्या चेति ॥ २ ॥ द्वे वाव ब्रह्मणो रूपे मूर्तं
चामूर्तं चाथ यन्मूर्तं तदसत्यं यदमूर्तं तदसत्यं तद्ब्रह्म यद्ब्रह्म
तज्ज्योतिर्यज्ज्योतिः स आदित्यः स वा एष ओमित्येतदात्मा स
त्रेधात्मान व्यकुरुत ओमिति तिस्रो मात्रा एताभिः सर्वमिदमोतं प्रोतं
चैवास्मिन्नित्येवं ह्याहैतद्वा आदित्य ओमित्येवं ध्यायंस्तथात्मानं
युञ्जीतेति ॥ ३ ॥ अथान्यत्राप्युक्तमथ खलु य उद्गीथः स प्रणवो यः
प्रणवः स उद्गीथ इत्यसावादित्य उद्गीथ एव प्रणव इत्येवं ह्याहो-
द्गीथः प्रणवाख्यं प्रणेतारं नामरूपं विगतनिद्रं विजरमविमृत्युं पुनः
पञ्चधा ज्ञेयं निहितं गुहायामित्येवं ह्याहोर्ध्वमूलं वा आब्रह्मशाखा
आकाशवाय्वग्न्युदकभूम्यादय एकेनात्तमेतद्ब्रह्म तत्तस्यैतत्ते यदसावा-
दित्य ओमित्येतदक्षरस्य चैतत्तस्मादोमित्यनेनैतदुपासीताजस्रमित्ये-

જે કોઈ વિદ્વાન નાશ પામેલાં પાપોવાળો થતો હોય તે સર્વનો અધ્યક્ષ
થાય છે તેનું મન શુદ્ધ હોય છે, તેની નિષ્ઠા પરમાત્મામાં જ હોય છે,
તેનું (જ્ઞાનરૂપ) ચક્ષુ ઊઘડી જાય છે અને તે અંતરાત્મા જ બની રહે
છે. તે ગતિ વડે બહાર પણ હોય છે, આત્માની ગતિનું અનુમાન

કરાય છે, એમ વેદ કહે છે. હવે જે આ સૂર્યની અંદર સુવર્ણમય પુરુષ દેખાય છે કે જે મને હિરણ્ય (પ્રકાશ) જેવો જુએ છે, એ જ હૃદયકમળમાં રહ્યો છે અને એ જ અન્ન ખાય છે.'૧

'હવે જે આ હૃદયકમળમાં જ રહ્યો છે અને અન્ન ખાય છે, તે જ આ સૂર્યના અગ્નિરૂપે આકાશમાં રહ્યો છે. તે કાળ નામનો છે. તે અદૃશ્ય રહી સર્વ ભૂતોરૂપી અન્નનું ભક્ષણ કરે છે. એ કમળ કયું? અને એ શું જાણે છે? તેના ઉત્તરમાં એ જ કે જે આ આકાશ છે, તે જ કમળ છે. (એમાં રહેલો એ બધું જાણે છે.) આ ચાર દિશાઓ અને ચાર ઉપદિશાઓ તેની સ્થિતિ છે. તે સૌથી પર છે. આ પ્રાણ તથા આદિત્યની ૐ અક્ષર વડે, વ્યાહૃતિઓ વડે અને ગાયત્રી મંત્ર વડે ઉપાસના કરવી જોઈએ.' ૨

'બ્રહ્મનાં બે જ સ્વરૂપો છે: મૂર્ત અને અમૂર્ત. તેમાંનું જે મૂર્ત છે તે અસત્ય છે અને જે અમૂર્ત છે તે સત્ય છે. તે જ બ્રહ્મ છે. જે બ્રહ્મ છે તે જ્યોતિ છે, જે જ્યોતિ છે તે આદિત્ય છે. તે જ આ ૐ છે, તે જ આત્મા છે. તેણે પોતાના સ્વરૂપને ત્રણ પ્રકારે બનાવ્યું છે. ૐ એ ત્રણ માત્રાઓરૂપ છે. તે ત્રણ માત્રાઓથી આ સર્વ ઓતપ્રોત છે. એમાં જ આ બધું રહ્યું છે એમ શ્રુતિ કહે છે; અથવા આદિત્ય જ ૐ છે એમ ધ્યાન કરતા પુરુષે આત્માને તેમાં જોડવો જોઈએ.૩

વળી બીજે ઠેકાણે પણ કહ્યું છે કે જે આ (સામવેદનો એક ભાગ) ઉદ્ગીથ છે, તે પ્રણવ (ૐ) છે અને જે પ્રણવ છે તે ઉદ્ગીથ છે. આ આદિત્ય છે તે ઉદ્ગીથ જ છે. ઉદ્ગીથ એ પ્રણવ છે, એમ જ શ્રુતિ કહે છે. જે પ્રણવ નામનું (તત્ત્વ) છે, તે જ સર્વને ઉત્પન્ન કરનાર છે. એ નામ તથા રૂપ છે, નિદ્રારહિત છે, ઘડપણ વિનાનું છે. મૃત્યુરહિત છે. વળી તેને પાંચ પ્રકારનું જાણવું જોઈએ. તે હૃદયરૂપી ગુફામાં રહેલ છે, એમ શ્રુતિ કહે છે. એનું

कोऽस्य रसं बोधयीत इत्येवं ह्याहैतदेवाक्षरं पुण्यमेतदेवाक्षरं ज्ञात्वा यो यदिच्छति तस्य तत् ॥ ४ ॥ अथान्यत्राप्युक्तं स्तनयत्येपास्य तनूर्या ओमिति स्त्रीपुंनपुंसकमिति लिङ्गवत्येषाथाग्निर्वायुरादित्य इति भास्वत्येषाथ रुद्रो विष्णुरित्यधिपतिरित्येषाथ गार्हपत्यो दक्षिणाग्नि-राहवनीय इति मुखवत्येषाथ ऋग्यजुःसामेति विजानात्येषाथ भूर्भुवः-स्वरिति लोकवत्येषाथ भूतं भव्यं भविष्यदिति कालवत्येषाथ प्राणो-ऽग्निः सूर्य इति प्रतापवत्येषाथान्नमापश्चन्द्रमा इत्याप्यायनवत्येषाथ बुद्धिर्मनोऽहंकार इति चेतनवत्येषाथ प्राणोऽपानो व्यान इति प्राण-वत्येके त्यजामीत्युक्तैताह प्रस्तोतार्पिता भवतीत्येवं ह्याहैतद्वै सत्यकाम परं चापरं च यदोमित्येतदक्षरमिति ॥ ५ ॥ अथ व्यात्तं वा इदमा-सीत्सत्यं प्रजापतिस्तपस्तप्त्वा अनुव्याहरद्भूर्भुवःस्वरित्येषा हाथ प्रजा-पतेः स्थविष्ठा तनूर्या लोकवतीति स्वरित्यस्याः शिरो नाभिर्भुवो भूः पादा आदित्यश्चक्षुरायत्तः पुरुषस्य महतो मात्राश्चक्षुषा ह्ययं मात्रा-श्चरति सत्यं वै चक्षुरक्षिण्युपस्थितो हि पुरुषः सर्वार्थेषु वदत्येतस्मा-द्भूर्भुवःस्वरित्युपासीतान्नं हि प्रजापतिर्विश्वात्मा विश्वचक्षुरिवोपा-सितो भवतीत्येवं ह्याहैषा वै प्रजापतिर्विश्वभृत्तनूरेतस्यामिदं सर्वमन्त-

મૂળ ઉપર છે. બ્રહ્મ સુધી શાખાઓ છે. તે આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી વગેરે છે. એ એક જ તત્ત્વ વડે આ બધું ગ્રહણ કરાય છે. એ જ બ્રહ્મ છે. આ જગત એનું જ સ્વરૂપ છે. તે આકાશ વગેરે તત્ત્વો પણ તે જ છે. જે આ સૂર્ય છે તે ૐ એ અક્ષરનું જ સ્વરૂપ છે. માટે ૐ એ અક્ષરથી જ એની નિરંતર ઉપાસના કરવી. એ એક જ એના રસને સમજાવી શકે છે, એમ જ શ્રુતિ કહે છે.

એ જ અક્ષર પવિત્ર છે. એ જ અક્ષરને જાણીને મનુષ્ય જેને ઇચ્છે, તે તેનું થઈ રહે છે. ૪

વળી બીજે સ્થળે પણ કહ્યું છે, કે બ્રહ્મનું આ શરીર અવાજ કરે છે કે જેને ૐ કહે છે; એ સ્ત્રી, પુરુષ અને નપુંસક એવા લિંગવાળું છે; અગ્નિ, વાયુ અને સૂર્યરૂપે એ પ્રકાશવાળું છે; રુદ્ર અને વિષ્ણુરૂપે અધિપતિ છે; ગાર્હપત્ય, દક્ષિણાગ્નિ અને આહવનીય-એ ત્રણ તેનાં મોઢાં છે; ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદને એ જાણે છે; ભૂર્ ભુવઃ અને સ્વર્ગ-એ ત્રણ તેના લોક છે; ભૂત, ભવિષ્ય ને વર્તમાન એ તેના કાળ છે; પ્રાણ, અગ્નિ અને આદિત્ય તેનો પ્રતાપ છે; અન્ન, જળ અને ચંદ્રમા તેનું પોષણ છે; બુદ્ધિ, મન અને અહંકાર તેનું ચેતન છે અને પ્રાણ, અપાન તથા વ્યાન તેના પ્રાણ છે, એમ કેટલાક કહે છે. હું ત્યજું છું, એમ તે કહેવાયેલ છે. એ સ્તુતિ કરનાર અને એ અર્પિત કરનાર થાય છે; શ્રુતિ એમ કહે છે : હે સત્યકામ! એ જ પર અને અપર બ્રહ્મ છે, જે ૐ એવો અક્ષર છે. ૫

હવે આ જે વિસ્તાર પામ્યું છે, તે સત્ય છે. પ્રજાપતિએ તપ કરીને ભૂર્, ભુવર્ અને સ્વર્ એમ કહ્યું છે. આ પ્રજાપતિનું સ્થૂલ શરીર છે. તે લોકવાળું છે. સ્વર્ તેનું મસ્તક છે. ભુવર્ નાભિ છે, ભૂર્ પગ છે. આદિત્ય ચક્ષુ છે. એ તેને આધીન છે. મહાપુરુષની એ માત્રાઓ (અંશો) છે. આ પુરુષ ચક્ષુવડે એ માત્રાઓમાં જાય છે. સત્ય જ ચક્ષુ છે. નેત્રમાં રહેલો પુરુષ જ સર્વ પદાર્થો વિષે કહે છે. આથી ભૂર્, ભુવર્ અને સ્વર્ એમ ઉપાસના કરવી. અન્ન એ જ પ્રજાપતિ છે. સર્વના આત્મા અને સર્વના ચક્ષુ જેવો તે ઉપાસાય છે એમ વેદ કહે છે. આ પ્રજાપતિ જગતને ધારણ કરનારું શરીર છે. આમાં આ સર્વ

हितमस्मिंश्च सर्वस्मिन्नेषान्तर्हितेति तस्मादेषोपासीतेति ॥ ६ ॥ तत्सवितुर्वरेण्यमित्यसौ वा आदित्यः सविता स वा एवं प्रवरणाय आत्मकामेनेत्याहुर्ब्रह्मवादिनोऽथ भर्गो देवस्य धीमहीति सविता वै तेऽवस्थिता योऽस्य भर्गः कं संचिन्तयामीत्याहुर्ब्रह्मवादिनोऽथ धियो यो नः प्रचोदयादिति बुद्धयो वै धियस्ता योऽस्माकं प्रचोदयादित्याहुर्ब्रह्मवादिनोऽथ भर्ग इति यो ह वा अस्मिन्नादित्ये निहितस्तारकेऽक्षिणि चैष भर्गाख्यो भाभिर्गतिरस्य हीति भर्गो भर्जति वैष भर्ग इति रुद्रो ब्रह्मवादिनोऽथ भर्ग इति भासयतीमाँल्लोकानीनि रञ्जयतीमानि भूतानि गच्छत इति गच्छत्यस्मिन्नागच्छत्यस्मा इमाः प्रजास्तस्माद्भारकत्वाद्भर्गः शत्रून्सूयमानत्वात्सूर्यः सवनात्सविता दानादादित्यः पवनात्पावमानोऽथायनादादित्य इत्येवं ह्याह खल्वात्मनात्मामृताख्यश्चेता मन्ता गन्ता स्रष्टा नन्दयिता कर्ता वक्ता रसयिता घ्राता स्पर्शयिता च विभुविग्रहे सन्निष्ठा इत्येवं ह्याहाथ यत्र द्वैतीभूतं विज्ञानं तत्र हि शृणोति पश्यति जिघ्रति रसयते चैव स्पर्शयति सर्वमात्मा जानीतेति यत्राद्वैतीभूतं विज्ञानं कार्यकारणनिर्मुक्तं

રહેલું છે અને આ સર્વમાં તે રહેલ છે, માટે એની ઉપાસના કરવી. ૬

તે સૂર્યનું શ્રેષ્ઠ તેજ છે; અથવા એ જ આદિત્ય છે અને એ જ સવિતા (એટલે સર્વને ઉત્પન્ન કરનાર) છે, એમ સમજી આત્માની ઇચ્છાવાળાએ તેનો જ સ્વીકાર કરવા તત્પર થવું એમ બ્રહ્મવાદીઓ કહે છે.

હવે એ સૂર્યદેવના 'ભર્ગ'નું અમે ધ્યાન કરીએ છીએ, કે જે તારી આગળ ઊભો રહે છે. એનું જે 'ભર્ગ' છે, તે જ

બધે છે; તો હું કોનું ચિંતન કરું ? એમ બ્રહ્મવાદીઓ કહે છે. જે અમારી બુદ્ધિઓને પ્રેરણા કરે છે. બુદ્ધિ એ જ 'ધી' છે; તે અમારી બુદ્ધિને જે પ્રેરે છે–સન્માર્ગે દોરે છે, એમ બ્રહ્મવાદીઓ કહે છે.

હવે 'ભર્ગ' શબ્દની વ્યાખ્યા કહે છે: જે 'ભર્ગ' છે, તે જ આ સૂર્યમાં સ્થપાયેલ છે. આંખની કીકીમાં પણ એ જ 'ભર્ગ' નામે રહેલ છે. એની કાંતિવડે આ મનુષ્યની ગતિ થાય છે, માટે એ 'ભર્ગ' છે; અથવા એ સર્વને તપાવે છે, માટે 'ભર્ગ' છે. તે રુદ્ર છે એમ બ્રહ્મવાદીઓ કહે છે; અથવા તો સર્વ લોકોને એ પ્રકાશમાન કરે છે માટે 'ભર્ગ' છે; અથવા આ પ્રાણીઓનું તે રંજન કરે છે માટે 'ભર્ગ' છે; અથવા પ્રાણીઓ પ્રત્યે તે જાય છે માટે 'ભર્ગ' છે; અથવા આ જગતમાં તે આવે છે અને જાય છે અથવા એને માટે આ પ્રજાઓ છે અથવા તે સર્વનું ધારણ–પોષણ કરે છે માટે 'ભર્ગ' છે. વળી તે શત્રુઓનો નાશ કરે છે માટે 'સૂર્ય' છે; સર્વને ઉત્પન્ન કરનાર છે માટે 'સવિતા' છે; સર્વને પ્રકાશ આપે છે માટે 'આદિત્ય' છે. પવિત્ર કરે છે માટે 'પવમાન' છે; અથવા સર્વ પ્રત્યે જાય છે અને સર્વનું અયન એટલે આશ્રયસ્થાન છે તેથી તેને 'આદિત્ય' એમ કહે છે. એ પોતે જ આત્મા છે. એનું નામ અમૃત છે. તે સર્વને જાણે છે, વિચારે છે, ગતિ કરે છે, સરજે છે, આનંદ પમાડે છે, કહે છે, સ્વાદ લે છે, સૂંઘે છે, સ્પર્શ કરે છે, શરીરમાં વ્યાપી રહેલ છે, ઉત્તમ સ્થાનરૂપ છે એમ વેદ કહે છે. જ્યાં વિજ્ઞાન દ્વૈતરૂપ થાય છે, ત્યાં જ સાંભળે છે, જુએ છે, સૂંઘે છે, સ્વાદ લે છે અને સ્પર્શ કરે છે. પણ આ બધું આત્મા છે એમ તમે જાણો. એટલે જ્યાં

निर्वचनमनौपम्यं निरुपाख्यं किं तदङ्ग वाच्यम् ॥ ७ ॥ एष हि खल्वात्मेशानः शंभुर्भवो रुद्रः प्रजापतिर्विश्वसृड्ढिरण्यगर्भः सत्यं प्राणो हंसः शान्तो विष्णुर्नारायणोऽर्कः सविता धाता सम्राडिन्द्र इन्दुरिति य एष तपत्यग्निना पिहितः सहस्राक्षेण हिरण्मयेनानन्देनैष वाव विजिज्ञासितव्योऽन्वेष्टव्यः सर्वभूतेभ्योऽभयं दत्त्वारण्यं गत्वाथ बहिः-कृतेन्द्रियार्थान्स्वशरीरादुपलभतेऽथैनमिति विश्वरूपं हरिणं जातवेदसं परायणं ज्योतिरेकं तपन्तम् । सहस्ररश्मिः शतधा वर्तमानः प्राणः प्रजानामुदयत्येष सूर्यः ॥

॥ इति पञ्चमः प्रपाठकः ॥

ॐ आप्यायन्तु ममाङ्गानि वाक्प्राण श्चक्षुः श्रोत्रमथो बल-मिन्द्रियाणि च सर्वाणि सर्वं ब्रह्मौपनिषदं माहं ब्रह्म निराकुर्यां मा मा ब्रह्म निराकरोदनिराकरणमस्त्वनिराकरणं मे अस्तु । तदात्मनि निरते य उपनिषत्सु धर्मास्ते मयि संतु ते मयि संतु ॥

ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

॥ इति मैत्रायण्युपनिषत्समाप्ता ॥

વિજ્ઞાન અદ્વૈત થયું, ત્યાં કાર્ય તથા કારણથી રહિત, કહેવું અશક્ય, ઉપમારહિત અને વ્યાખ્યારહિત હોઈ તે શું કહી શકાય તેવું છે? ૭

હે ભાઈ! તે જ આત્મા છે; એ જ સર્વનો નિયંતા, અથવા ઈશ્વર, શંભુ, ભવ, રુદ્ર, પ્રજાપતિ, વિશ્વસ્રષ્ટા, હિરણ્યગર્ભ, સત્ય, પ્રાણ, હંસ, શાંત, વિષ્ણુ, નારાયણ, અર્ક, સવિતા, ધાતા, સમ્રાટ, ઇંદ્ર અને ચંદ્ર છે. જે આ અગ્નિસ્વરૂપે તપે છે અને હજારોના નેત્રરૂપ એવા પ્રકાશમય આનંદવડે વ્યાપ્ત છે, એ જ જાણવા યોગ્ય છે અને સર્વ પ્રાણીઓને અભયદાન આપી જંગલમાં જઈને એને જ શોધવો જોઈએ. જેઓ ઇંદ્રિયોના વિષયોનો બહિષ્કાર કરે છે, તેમને પોતાનાં શરીરમાંથી જ તે પ્રાપ્ત થાય છે, કે જે વિશ્વસ્વરૂપ, ઉજ્જવળ અથવા તેજસ્વી છે, જન્મેલું જાણે છે, સર્વનું પરમ આશ્રયસ્થાન છે અને કેવળ જ્યોતિરૂપે તપે છે. આ સૂર્ય (પરમાત્મા) હજારો કિરણોવાળા, સેંકડો પ્રકારે વર્તતા અને પ્રજાઓના પ્રાણરૂપ હોઈ ઉદય પામે છે.

પાંચમો પ્રપાઠક સમાપ્ત

શાંતિપાઠ: ૐ મારાં અંગો, વાણી, પ્રાણ, આંખ, કાન, બળ અને બધી ઇંદ્રિયો પુષ્ટ બનો. આ બધું ઉપનિષદોમાં વર્ણવેલું બ્રહ્મ છે. હું બ્રહ્મને મારાથી દૂર ન કરું અને બ્રહ્મ મને પોતાથી દૂર ન કરો. બ્રહ્મ મારાથી દૂર ન થાઓ અને હું બ્રહ્મથી દૂર ન થાઉં. આત્મામાં પ્રીતિવાળા મનુષ્ય માટે જે ધર્મો ઉપનિષદોમાં કહ્યા છે, તે મારામાં હો–મારામાં હો! ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ઇતિ મૈત્રાયણી ઉપનિષદ સમાપ્ત

# मैत्रेय्युपनिषत्

शान्तिपाठः—ॐ आप्यायन्तु ममाङ्गानि वाक्प्राणश्चक्षुःश्रोत्रमथो बल-
मिन्द्रियाणि च सर्वाणि सर्वं ब्रह्मौपनिषदं माहं ब्रह्म
निराकुर्यां मा मा ब्रह्म निराकरोदनिराकरणमस्त्व-
निराकरणं मे अस्तु । तदात्मनि निरते य उपनिषत्सु
धर्मास्ते मयि संतु ते मयि संतु ॥

ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

## प्रथमोऽध्यायः

ॐ बृहद्रथो वै नाम राजा राज्ये ज्येष्ठं पुत्रं निधापयित्वेदमशाश्वतं मन्यमानः शरीरं वैराग्यमुपेतोऽरण्यं निर्जगाम । स तत्र परमं तप आस्थायादित्यमीक्षमाण ऊर्ध्वबाहुस्तिष्ठत्यन्ते सहस्रस्य मुनिरन्तिकमाजगामाग्निरिवाधूमकस्तेजसा निर्दहन्निवात्मविद्भगवाञ्छाकायन्य उत्तिष्ठोत्तिष्ठ वरं वृणीष्वेति राजानमब्रवीत्स तस्मै नमस्कृत्योवाच भगवन्नाहमात्मवित्त्वं तत्त्वविच्छृणुमो वयं स त्वं नो ब्रूहीत्येतद्वृत्तं पुरस्तादशक्यं मा पृच्छ प्रश्नमैक्ष्वाकान्यान्कामान्वृणीष्वेति शाकायन्यस्य चरणावभिमृश्यमानो राजेमां गाथां जगाद ॥१॥

अथ किमेतैर्वान्यानां शोषणं महार्णवानां शिखरिणां प्रपतनं ध्रुवस्य प्रचलनं स्थानं वा तरूणां निमज्जनं पृथिव्याः स्थानादपसरणं सुराणां सोऽहमित्येतद्विधेऽस्मिन्संसारे किं कामोपभोगैर्वैराग्यमेवाश्रितस्यासकृदुपावर्तनं दृश्यत इत्युद्धर्तुमर्हसीत्यन्धोदपानस्थो भेक इवाहमस्मिन्संसारे

# ૪ : મૈત્રેયી ઉપનિષદ

**શાંતિપાઠ :** ૐ મારાં અંગો, વાણી, પ્રાણ, આંખ, કાન, બળ અને બધી ઇંદ્રિયો પુષ્ટ બનો. આ સર્વ (જગત) ઉપનિષદોમાં કહેલું બ્રહ્મ જ છે. હું બ્રહ્મને દૂર ન કરું અને બ્રહ્મ મને દૂર ન કરો. બ્રહ્મ મારો અનાદર ન કરો અને હું બ્રહ્મનો અનાદર ન કરું. આત્મા ઉપર પ્રીતિવાળા મનુષ્ય માટે ઉપનિષદોમાં જે ધર્મો કહ્યા છે, તે મારામાં હો-મારામાં હો! ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

## પહેલો અધ્યાય

ૐ બૃહદ્રથ નામના એક રાજાને શરીર નાશવંત છે એવું ભાન થતાં વૈરાગ્ય આવ્યો અને તેથી પોતાના મોટા પુત્રને રાજ્ય સોંપી તે વનમાં ચાલ્યો ગયો. ત્યાં તેણે ઉગ્ર તપશ્ચર્યા કરી. તે સૂર્યની સામે જોતો ઊંચા હાથ કરી ઊભો રહેતો. એક હજાર વર્ષના અંતે એ તપશ્ચર્યાના ફળરૂપે એક વખત તેજ વડે નિર્ધૂમ અગ્નિ પેઠે પ્રકાશતા શાકાયન્ય નામના આત્મવેત્તા મહામુનિ તેની પાસે આવ્યા. તેમણે રાજાને 'ઊઠ, ઊઠ, વરદાન માગ' એમ કહ્યું, ત્યારે રાજાએ તેમને નમસ્કાર કરી કહ્યું કે, 'હે ભગવન્! હું આત્મવેત્તા નથી; અને તમે તત્ત્વવેત્તા છો એમ અમે સાંભળીએ છીએ, માટે આપ તે તત્ત્વનો મને ઉપદેશ કરો.' આથી મહામુનિ શાકાયન્યે તેને એ અત્યંત કઠણ હોવાનું જણાવી બીજું કાંઈ વરદાન માગવા કહ્યું. એ સાંભળી બૃહદ્રથ રાજાએ શાકાયન્ય ઋષિના બન્ને ચરણોનો સ્પર્શ કરી કહ્યું : ૧ 'મોટા સમુદ્રો સુકાઈ જાય છે, પર્વતો ભાંગી-તૂટી જાય છે, ધ્રુવ પણ પોતાના સ્થાનમાંથી ચળે છે, વૃક્ષો પડી જાય છે, પૃથ્વી પણ ડૂબી જાય છે, દેવો પણ સ્થિર રહી શકતા નથી; તો પછી આવા નાશવંત સંસારમાં વિષયભોગોથી શું વળે? વિષયો-

भगवंस्त्वं नो गतिरिति ॥२॥ भगवञ्शरीरमिदं मैथुनादेवोद्भूतं संविदपेतं निरय एव मूत्रद्वारेण निष्क्रान्तमस्थिभिश्चितं मांसेनानुलिप्तं चर्मणावबद्धं विण्मूत्रवातपित्तकफमज्जामेदोवसाभिरन्यैश्च मलैर्बहुभिः परिपूर्णमेतादृशे शरीरे वर्तमानस्य भगवंस्त्वं नो गतिरिति ॥३॥

अथ भगवाञ्छाकायन्यः सुप्रीतोऽब्रवीद्राजानं महाराज बृहद्रथेक्ष्वाकुवंशध्वजशीर्षात्मज्ञः कृतकृत्यस्त्वं मरुन्नाम्नो विश्रुतोऽसीत्ययं खल्वात्मा ते कतमो भगवान्वर्ण्य इति तं होवाच ॥ शब्दस्पर्शमया येऽर्था अनर्था इव ते स्थिताः । येषां सक्तस्तु भूतात्मा न स्मरेच्च परं पदम् ॥१॥ तपसा प्राप्यते सत्त्वं सत्त्वात्संप्राप्यते मनः । मनसा प्राप्यते ह्यात्मा ह्यात्मापत्त्या निवर्तते ॥२॥ यथा निरिन्धनो वह्निः स्वयोनावुपशाम्यति । तथा वृत्तिक्षयाच्चित्तं स्वयोनावुपशाम्यति ॥३॥ स्वयोनावुपशान्तस्य मनसः सत्यगामिनः । इन्द्रियार्थविमूढस्यानृताः कर्मवशानुगाः ॥४॥ चित्तमेव हि संसारस्तत्प्रयत्नेन शोधयेत् । यच्चित्तस्तन्मयो भवति गुह्यमेतत्सनातनम् ॥५॥ चित्तस्य हि प्रसादेन हन्ति कर्म शुभाशुभम् । प्रसन्नात्मात्मनि स्थित्वा सुखमक्षयमश्नुते ॥६॥ समासक्तं यदा चित्तं जन्तोर्विषयगोचरम् । यद्येवं ब्रह्मणि स्यात्तत्को न मुच्येत बन्धनात् ॥७॥ हृत्पुण्डरीक-

માં ડૂબેલા રહેનારાને તો અનેક વખત જન્મ-મરણના ચકરાવામાં ફરવું દેખાય છે; તો હે મુનિ! અંધારા કૂવામાં પડેલા દેડકા જેવા મારો ઉદ્ધાર કરવા આપ યોગ્ય છો. હે ભગવન્! આ સંસારમાં તમે અમારું શરણ છો. ૨ હે ભગવન્! મૈથુનથી જ ઉત્પન્ન થયેલું આ શરીર જ્ઞાનરહિત હોય, તો નરક જ છે; કેમ કે તે મૂત્રના દ્વારમાંથી નીકળેલું છે,

હાડકાંથી ચણેલું છે, માંસથી લીપેલું છે, ચામડીથી મઢેલું છે અને વિષ્ઠા, મૂત્ર, વાત, પિત્ત, કફ, મજ્જા, મેદ, ચરબી અને બીજા પણ અનેક જાતના મેલથી ભરેલું છે. આવા શરીરમાં રહેલા મારું, હે ભગવન્! આપ જ શરણ છો.' ૩

એ સાંભળી ભગવાન શાકાયન્ય મુનિએ અત્યંત પ્રસન્ન થઈ રાજાને કહ્યું : 'હે મહારાજા બૃહદ્રથ ! તું કૃતકૃત્ય છે, મરુત્ નામથી પ્રખ્યાત છે; આ જ તારો આત્મા છે.' ત્યારે રાજાએ કહ્યું : 'એ કયો આત્મા છે? તેનું હે ભગવન્! વર્ણન કરો.' તે સાંભળી મુનિએ તેને કહ્યું : 'શબ્દ, સ્પર્શ વગેરે વિષયો અનર્થ કરનારા છે; અને તેમાં આસક્ત બનેલા ભૂતાત્માને પરમ પદનું સ્વરૂપ યાદ આવતું નથી. ૧ તપ વડે જ્ઞાન પ્રાપ્ત થાય છે, જ્ઞાન થતાં મન વશ બને છે, મન વશ થતાં આત્માની પ્રાપ્તિ થાય છે અને આત્મા મળતાં સંસારમાંથી છૂટી જવાય છે. ૨ જેમ લાકડાં ખૂટી જતાં અગ્નિ આપ મેળે જ પોતાના ઉત્પત્તિસ્થાનમાં હોલવાઈ જાય છે, તેમ વૃત્તિઓનો નાશ થતાં ચિત્ત પોતાના કારણરૂપ આત્મામાં શાંત બની જાય છે. ૩ પોતાના મૂળ કારણમાં શાંત થયેલા અને સત્ય તરફ વળેલા મનને, ઇંદ્રિયોના વિષયો તરફની મૂઢતા દૂર થતાં કર્મોને વશ રહેનારા એ વિષયો જૂઠા જણાય છે. ૪ ચિત્ત એ જ સંસાર છે; માટે હમેશ પ્રયત્નપૂર્વક તેને શુદ્ધ કરવું. 'જેવું જેનું ચિત્ત હોય, તેવી તેની ગતિ થાય' એ સનાતન રહસ્ય છે. ૫ ચિત્ત શાંત થતાં શુભાશુભ કર્મો નાશ પામે છે; અને શાંત બનેલો મનુષ્ય જ્યારે આત્મામાં લીન થાય છે, ત્યારે તેને અક્ષય આનંદ પ્રાપ્ત થાય છે. ૬ માણસનું ચિત્ત જેટલું બહારના વિષયોમાં આસક્ત હોય છે, તેટલું જ જો બ્રહ્મમાં આસક્ત થાય, તો બંધનમાંથી કોણ મુક્ત ન થાય? ૭ હૃદયકમળની વચમાં સમસ્ત બુદ્ધિનાં કાર્યોના સાક્ષી

मध्ये तु भावयेत्परमेश्वरम् । साक्षिणं बुद्धिवृत्तस्य परमप्रेमगोचरम् ॥८॥ अगोचरं मनोवाचामवधूतादिसंप्लवम् । सत्तामात्रप्रकाशैकप्रकाशं भावनातिगम् ॥९॥ अहेयमनुपादेयमसामान्यविशेषणम् । ध्रुवं स्तिमितगम्भीरं न तेजो न तमस्ततम् । निर्विकल्पं निराभासं निर्वाणमयसंविदम् ॥१०॥ नित्यः शुद्धो बुद्धमुक्तस्वभावः सत्यः सूक्ष्मः संविभुश्चाद्वितीयः । आनन्दाब्धिर्यः परः सोऽहमस्मि प्रत्यग्धातुर्नात्र संशीतिरस्ति ॥११॥ आनन्दमन्तर्निजमाश्रयं तमाशापिशाचीमवमानयन्तम् । आलोकयन्तं जगदिन्द्रजालमापत्कथं मां प्रविशेदसङ्गम् ॥१२॥ वर्णाश्रमाचारयुता विमूढाः कर्मानुसारेण फलं लभन्ते । वर्णादिधर्मं हि परित्यजन्तः स्वानन्दतृप्ताः पुरुषा भवन्ति ॥१३॥ वर्णाश्रमं सावयवं स्वरूपमाद्यन्तयुक्तं ह्यतिकृच्छ्रमात्रम् । पुत्रादिदेहेष्वभिमानशून्यं भूत्वा वसेत्सौख्यतमे ह्यनन्त इति ॥१४॥

॥ इति प्रथमोऽध्यायः ॥

## द्वितीयोऽध्यायः

अथ भगवान्मैत्रेयः कैलासं जगाम तं गत्वोवाच भो भगवन्परमतत्त्वरहस्यमनुब्रूहीति ॥ स होवाच महादेवः–देहो देवालयः प्रोक्तः स जीवः केवलः शिवः । त्यजेदज्ञाननिर्माल्यं सोऽहंभावेन पूजयेत् ॥१॥ अभेददर्शनं ज्ञानं ध्यानं निर्विषयं मनः । स्नानं मनोमलत्यागः शौच-

અને પરમ પ્રેમના વિષય પરમેશ્વરનું ધ્યાન કરવું. ૮ એ પરમાત્મા મન અને વાણીથી જાણી શકાતો નથી. તે આદિ અને અંતથી રહિત છે. એક માત્ર સતરૂપ પ્રકાશથી પ્રકાશે છે અને કલ્પનાથી પર રહેલો છે. ૯ તેને ગ્રહણ કરવાની કે છોડવાની,

સામાન્ય ભાવની કે વિશેષ ભાવની કલ્પના પણ નથી. તે તો સ્થિર, શાંત અને ગંભીર છે. તે તેજ પણ નથી અને અંધકાર-રૂપે ફેલાયેલો પણ નથી; પરંતુ સંકલ્પરહિત, આભાસરહિત અને મુક્ત ચૈતન્ય જ છે. ૧૦ તે નિત્ય, શુદ્ધ, જ્ઞાનમય, મુક્તસ્વભાવ, સત્ય, સૂક્ષ્મ, સર્વવ્યાપક અને માત્ર એક જ છે. એ પરમ આનંદનો સમુદ્ર અને પ્રત્યેક સ્વરૂપ ધારણ કરનારો હું જ છું, તેમાં કોઈ પણ સંશય છે જ નહિ. ૧૧ અંતઃકરણમાં રહેલા આનંદને આશરે રહેનારા, આશારૂપ પિશાચને દૂર ધકેલી દેનારા, આખા જગતને મદારીના ખેલ તરીકે જોનારા અને અસંગ એવા મારામાં દુઃખો ક્યાંથી પ્રવેશી શકે? ૧૨ વર્ણ અને આશ્રમના ધર્મો પાળનારા મૂઢ લોકો જ પોતાનાં કર્મો પ્રમાણે ફળ મેળવે છે; પરંતુ વર્ણ વગેરેના ધર્મોને છોડી દઈ આત્મામાં જ સ્થિર રહે-નારા મનુષ્યો અંદરના આનંદમાં જ સંતોષી રહે છે. ૧૩ વર્ણ અને આશ્રમના ધર્મો, તેમ જ અવયવોવાળું શરીર–એ બધાં આદિ અને અંતવાળાં હોઈ માત્ર અત્યંત કષ્ટરૂપ જ છે; માટે પુત્ર વગેરેનાં શરીરો પર મોહ ન રાખી પરમ આનંદરૂપ અનંતમાં સ્થિર બનવું.' ૧૪

પહેલો અધ્યાય સમાપ્ત

## બીજો અધ્યાય

એક સમયે ભગવાન મૈત્રેય કૈલાસ પર્વત પર ગયા અને ત્યાં જઈને મહાદેવને તેમણે કહ્યું કે, 'હે ભગવન્! પરમ તત્ત્વનું રહસ્ય મને કહો.' મહાદેવ બોલ્યા: 'શરીર એ દેવાલય છે અને તેમાં જીવ એ કેવળ પરમાત્મા છે; આથી અજ્ઞાનરૂપ નિર્માલ્ય છોડી દેવું અને 'એ પરમાત્મા હું જ છું' એમ ગણી તેની પૂજા કરવી. ૧ જીવ અને પરમાત્મામાં ભેદ ન જોવો એ જ્ઞાન છે. અને મનને

मिन्द्रियनिग्रहः ॥ २ ॥ ब्रह्मामृतं पिबेद्भैक्षमाचरेद्देहरक्षणे । वसेदेका-न्तिको भूत्वा चैकान्ते द्वैतवर्जिते । इत्येवमाचरेद्धीमान्स एवं मुक्तिमाप्नुयात् ॥ ३ ॥ जातं मृतमिदं देहं मातापितृमलात्मकम् । सुख-दुःखालयामेध्यं स्पृष्ट्वा स्नानं विधीयते ॥ ४ ॥ धातुबद्धं महारोगं पापमन्दिरमध्रुवम् । विकाराकारविस्तीर्णं स्पृष्ट्वा स्नानं विधीयते ॥५॥ नवद्वारमलस्रावं सदा काले स्वभावजम् । दुर्गन्धं दुर्मलोपेतं स्पृष्ट्वा स्नानं विधीयते ॥ ६ ॥ मातृसूतकसंबन्धं सूतके सह जायते । मृतसूत-कजं देहं स्पृष्ट्वा स्नानं विधीयते ॥ ७ ॥ अहंममेति विण्मूत्रलेपगन्धा-दिमोचनम् । शुद्धशौचमिति प्रोक्तं मृज्जलाभ्यां तु लौकिकम् ॥ ८ ॥ चित्तशुद्धिकरं शौचं वासनात्रयनाशनम् । ज्ञानवैराग्यमृत्तोयैः क्षाल-नाच्छौचमुच्यते ॥ ९ ॥ अद्वैतभावनाभैक्षमभक्ष्यं द्वैतभावनम् । गुरु-शास्त्रोक्तभावेन भिक्षोर्भैक्षं विधीयते ॥ १० ॥ विद्वान्स्वदेशमुत्सृज्य संन्यासानन्तरं स्वतः । कारागारविनिर्मुक्तचोरवद्दूरतो वसेत् ॥ ११ ॥ अहंकारसुतं वित्तभ्रातरं मोहमन्दिरम् । आशापत्नीं त्यजेद्यावत्तावन्मुक्तो न संशयः ॥ १२ ॥ मृता मोहमयी माता जातो बोधमयः सुतः । सूतकद्वयसंप्राप्तौ कथं संध्यामुपास्महे ॥ १३ ॥ हृदाकाशे चिदादित्यः सदा भासति भासति । नास्तमेति न चोदेति कथं संध्यामुपास्महे

વિષયોમાંથી છૂટું કરવું એ ધ્યાન છે. મનના મળનો ત્યાગ કરવો એ સ્નાન છે અને ઇંદ્રિયોને કાબૂમાં રાખવી એ પવિત્રતા છે. ૨ બ્રહ્મરૂપ અમૃત પીવું અને દેહ ટકી રહે એટલા માટે ભિક્ષા માગવી. પોતે એકલા થઈ દ્વૈતરહિત એકાંત સ્થાનમાં રહેવું. બુદ્ધિમાન મનુષ્ય આ પ્રમાણે કરીને મુક્તિને પામે છે. ૩ માબાપના મળથી ઘડાયેલા, જન્મમરણવાળા, સુખ–દુઃખના સ્થાનરૂપ અને અપવિત્ર

એવા આ શરીરને અડકીને સ્નાન કરવું જોઈએ. ૪ સાત ધાતુ વડે ઘડાયેલા, મહારોગવાળા, પાપના ઘર જેવા, અસ્થિર અને વિકારોના આકારોથી ભરેલા આ શરીરને અડકીને સ્નાન કરવું જોઈએ. ૫ આંખ, કાન વગેરે નવ દરવાજા વાટે હમેશ જેમાંથી મળ બહાર નીકળ્યા કરે છે તેવા અને એ મળમાંથી ઉત્પન્ન થતી દુર્ગંધથી ભરેલા આ દુષ્ટ મલિન શરીરને અડકીને સ્નાન કરવું જોઈએ. ૬ માતાના સૂતકના સંબંધવાળું હોઈ સૂતક સાથે જ જન્મે છે અને મરણના સૂતકના સંબંધવાળું છે; માટે આ શરીરને અડકીને સ્નાન કરવું જોઈએ. ૭ મળ, મૂત્ર, દુર્ગંધ વગેરેની શુદ્ધિ તો માટી, જળ વગેરેથી થાય છે; પરંતુ એ તો લૌકિક શુદ્ધિ છે. ખરી પવિત્રતા તો 'હું, મારું' વગેરેને દૂર કરવાથી જ થાય છે. ૮ પવિત્રતા ચિત્તની શુદ્ધિ કરનાર છે અને વાસનાઓનો નાશ કરે છે; પણ જ્ઞાનરૂપ માટી અને વૈરાગ્યરૂપ જળ વડે ધોવાથી જે પવિત્રતા થયેલી કહેવાય છે, તે જ ખરી પવિત્રતા છે. ૯ અદ્વૈતની ભાવના એ જ ખરી ભિક્ષાવૃત્તિ છે અને દ્વૈતની ભાવના એ જ અભક્ષ્ય વસ્તુ છે. ભિક્ષુએ ગુરુ અને શાસ્ત્રના કહ્યા અનુસાર ભિક્ષા માગવી. ૧૦ જેમ ચોર કેદખાનામાંથી છૂટીને દૂર જઈને વસે, તેમ જ્ઞાની પુરુષે સંન્યાસ લઈને પોતાનો દેશ છોડી દૂર વસવું. ૧૧ અહંકારરૂપ પુત્રને, ધનરૂપ ભાઈને, મોહરૂપ ઘરને અને આશારૂપ પત્નીને છોડી દેનારો તરત જ મુક્ત થાય છે, એમાં સંશય નથી. ૧૨ મોહરૂપ મા મરી ગઈ છે અને જ્ઞાનરૂપ પુત્ર જન્મ્યો છે; તેથી મરણ અને જન્મનાં બે સૂતક લાગ્યાં છે; તો સંધ્યા કેવી રીતે કરીએ ? ૧૩ હૃદયરૂપ આકાશમાં ચૈતન્યરૂપી સૂર્ય હમેશ પ્રકાશ્યા જ કરે છે અને તે આથમતો યે નથી અને ઊગતો યે નથી; તો પછી સંધ્યા કેવી રીતે કરીએ ? ૧૪ અહીં બધું એક જ છે અને

॥ १४ ॥ एकमेवाद्वितीयं यद्गुरोर्वाक्येन निश्चितम् । एतदेकान्तमित्युक्तं न मठो न वनान्तरम् ॥ १५ ॥ असंशयवतां मुक्तिः संशयाविष्टचेतसाम् । न मुक्तिर्जन्मजन्मान्ते तस्माद्विश्वासमाप्नुयात् ॥ १६ ॥ कर्मत्यागान्न संन्यासो न प्रेषोच्चारणेन तु । संधौ जीवात्मनोरैक्यं संन्यासः परिकीर्तितः ॥ १७ ॥ वमनाहारवद्यस्य भाति सर्वेषणादिषु । तस्याधिकारः संन्यासे त्यक्तदेहाभिमानिनः ॥ १८ ॥ यदा मनसि वैराग्यं जातं सर्वेषु वस्तुषु । तदैव संन्यसेद्विद्वानन्यथा पतितो भवेत् ॥ १९ ॥ द्रव्यार्थमन्नवस्त्रार्थं यः प्रतिष्ठार्थमेव वा । संन्यसेदुभयभ्रष्टः स मुक्तिं नाप्तुमर्हति ॥ २० ॥ उत्तमा तत्त्वचिन्तैव मध्यमं शास्त्रचिन्तनम् । अधमा मंत्रचिन्ता च तीर्थभ्रान्त्यधमाधमा ॥ २१ ॥ अनुभूतिं विना मूढो वृथा ब्रह्मणि मोदते । प्रतिबिम्बितशाखाग्रफलास्वादनमोदवत् ॥ २२ ॥ न त्यजेच्चेद्यतिर्मुक्तो यो माधुकरमातरम् । वैराग्यजनकं श्रद्धाकलत्रं ज्ञाननन्दनम् ॥ २३ ॥ धनवृद्धा वयोवृद्धा विद्यावृद्धास्तथैव च । ते सर्वे ज्ञानवृद्धस्य किंकराः शिष्यकिंकराः ॥ २४ ॥ यन्मायया मोहितचेतसो मामात्मानमापूर्णमलब्धवन्तः । परं विदग्धोदरपूरणाय भ्रमन्ति काका इव सूरयोऽपि ॥ २५ ॥ पाषाणलोहमणिमृण्मयविग्रहेषु पूजा पुनर्जननभोगकरी मुमुक्षोः । तस्माद्यतिः स्वहृदयार्चनमेव कुर्याद्बाह्यार्चनं परिहरेदपुन-

બીજું કાંઈ છે જ નહિ, એમ ગુરુના ઉપદેશ વડે જે નિશ્ચય થયો છે, તે જ એકાંત છે; મઠ કે વનનો મધ્યભાગ એકાંત નથી. ૧૫ જેઓ સંશય વિનાના છે, તેઓ જ મુક્ત થઈ શકે છે; અને જેમને સંશય છે, તેઓ અનેક જન્મોના અંતે પણ મુક્ત થઈ શકતા

નથી. આથી (ગુરુ અને શાસ્ત્રનાં વચનો પર) વિશ્વાસ રાખવો. ૧૬ કર્મો છોડી દેવાં તે કાંઈ સંન્યાસ નથી; તેમ જ 'હું સંન્યાસી છું' એમ કહેવામાત્રથી જ કાંઈ સંન્યાસી થવાતું નથી. સમાધિમાં જીવ અને પરમાત્માના એકપણાનું ભાન થવું એ જ સંન્યાસ કહેવાય છે. ૧૭ જેને બધી ઇચ્છાઓ, ઓકેલું પાછું ખાવા જેવી લાગે છે અને જેણે દેહની મમતા છોડી દીધી છે, તેને જ સંન્યાસનો અધિકાર છે. ૧૮ જો બધી વસ્તુઓ ઉપર મનમાં વૈરાગ્ય આવે તો જ વિદ્વાને સંન્યાસ લેવો, નહિ તો જરૂર પતન થશે. ૧૯ જે મનુષ્ય પૈસાની, અન્નની, વસ્ત્રોની અથવા નામનાની લાલચથી સંન્યાસ લે છે, તે બન્ને બાજુથી ભ્રષ્ટ બનેલો થઈ કદી પણ મુક્તિ પામતો નથી. ૨૦ તત્ત્વનો વિચાર ઉત્તમ છે, શાસ્ત્રોનો વિચાર મધ્યમ છે, મંત્રોની સાધના અધમ છે અને તીર્થોમાં ફરવું અધમમાં અધમ છે. ૨૧ પ્રતિબિંબિત બનેલા ઝાડના ફળના સ્વાદના આનંદની પેઠે ખરા અનુભવ વિના મૂઢ માણસ વ્યર્થ બ્રહ્મ વિષે આનંદ પામે છે. ૨૨ જો યોગી ભિક્ષારૂપી માને, વૈરાગ્યરૂપી બાપને, શ્રદ્ધારૂપી સ્ત્રીને અને જ્ઞાનરૂપી પુત્રને છોડતો નથી, તો તે મુક્ત થાય છે. ૨૩ ધન વડે મોટા, વય વડે મોટા અને વિદ્યા વડે મોટા એ બધાય, અનુભવ વડે મોટાની આગળ તો નોકર અને શિષ્ય જેવા જ છે. ૨૪ જેઓ માયા વડે મૂઢ ચિત્તવાળા હોઈ 'હું'રૂપ આત્માને પૂર્ણપણે જાણતા નથી, તેઓ મહાબુદ્ધિમાન હોય તોપણ કાગડાઓની પેઠે અભાગિયું પેટ ભરવા માટે જ અહીંથી તહીં રખડ્યા કરે છે. ૨૫ પથ્થર, સોનું કે માટીમાંથી બનાવેલી મૂર્તિઓની પૂજા, મોક્ષની ઇચ્છાવાળાને ફરી જન્મ અને ભોગ આપવાવાળી થાય છે; આથી ફરી જન્મ ન આવે તે માટે સંન્યાસીએ એવી બહારની પૂજા

र्भवाय ॥ २६ ॥ अन्तःपूर्णो बहिःपूर्णः पूर्णकुम्भ इवार्णवे । अन्तःशून्यो बहिःशून्यः शून्यकुम्भ इवाम्बरे ॥ २७ ॥ मा भव ग्राह्यभावात्मा ग्राहकात्मा च मा भव । भावनामखिलां त्यक्त्वा यच्छिष्टं तन्मयो भव ॥ २८ ॥ द्रष्टृदर्शनदृश्यानि त्यक्त्वा वासनया सह । दर्शनप्रथमाभासमात्मानं केवलं भज ॥ २९ ॥ संशान्तसर्वसंकल्पा या शिलावदवस्थितिः । जाग्रन्निद्राविनिर्मुक्ता सा स्वरूपस्थितिः परा ॥ ३० ॥

इति द्वितीयोऽध्यायः ॥ २ ॥

## तृतीयोऽध्यायः

अहमस्मि परश्चास्मि ब्रह्मास्मि प्रभवोऽस्म्यहम् । सर्वलोकगुरुश्चास्मि सर्वलोकेऽस्मि सोऽस्म्यहम् ॥ १ ॥ अहमेवास्मि सिद्धोऽस्मि शुद्धोऽस्मि परमोऽस्म्यहम् । अहमस्मि सदा सोऽस्मि नित्योऽस्मि विमलोऽस्म्यहम् ॥ २ ॥ विज्ञानोऽस्मि विशेषोऽस्मि सोमोऽस्मि सकलोऽस्म्यहम् । शुभोऽस्मि शोकहीनोऽस्मि चैतन्योऽस्मि समोऽस्म्यहम् ॥ ३ ॥ मानावमानहीनोऽस्मि निर्गुणोऽस्मि शिवोऽस्म्यहम् । द्वैताद्वैतविहीनोऽस्मि द्वन्द्वहीनोऽस्मि सोऽस्म्यहम् ॥ ४ ॥ भावाभावविहीनोऽस्मि भासाहीनोऽस्मि भास्म्यहम् । शून्याशून्यप्रभावोऽस्मि शोभनाशोभनोऽस्म्यहम् ॥ ५ ॥ तुल्यातुल्यविहीनोऽस्मि नित्यः शुद्धः सदाशिवः । सर्वासर्वविहीनोऽस्मि सात्त्विकोऽस्मि सदास्म्यहम् ॥ ६ ॥ एकसंख्याविहीनोऽस्मि द्विसंख्यावानहं न च । सदसद्भेदहीनोऽस्मि संकल्परहितोऽस्म्यहम् ॥ ७ ॥ नानात्मभेदहीनोऽस्मि ह्यखण्डानन्द-

છોડી પોતાના હૃદયમાં જ (આત્માની) પૂજા કરવી. ૨૬ સમુદ્રમાં રહેલો ઘડો અંદર અને બહાર પાણીથી ભરેલો છે અને ખાલી જગામાં રહેલો ખાલી ઘડો અંદર અને બહાર પણ ખાલી જ છે.૨૭ તું ગ્રહણ કરનારો ન થા, તેમ જ ગ્રહણ કરવાના વિષયરૂપ પણ ન થા. આવી બધી કલ્પનાઓને છોડી દઈ જે બાકી રહે, તેમાં તન્મય થા.૨૮ દ્રષ્ટા, દૃશ્ય અને દર્શનને વાસનાની સાથે જ છોડી દઈ દર્શનનો પહેલો આભાસ જેમાંથી થાય છે, તે આત્માને જ કેવળ તું ભજ.૨૯ બધા સંકલ્પો જેમાં શાંત થઈ ગયા છે એવી જે પથ્થર જેવી અવસ્થા, તે જ પરમ સ્વરૂપાવસ્થા છે. ૩૦

બીજો અધ્યાય સમાપ્ત

## ત્રીજો અધ્યાય

'હું જ હું છું, બીજો પણ હું જ છું, હું બ્રહ્મ છું, ઉત્પત્તિ છું, સર્વલોકનો ગુરુ છું અને સર્વલોકમાં તે હું છું. ૧ હું જ સિદ્ધ છું, શુદ્ધ છું અને પરમ તત્ત્વ પણ હું જ છું, હું હંમેશ છું, હું નિત્ય છું અને પવિત્ર છું.૨ વિજ્ઞાન હું છું, વિશેષ હું છું, સોમ હું છું, બધું ય હું છું. હું શુભ છું, શોકરહિત છું, સમ છું અને ચૈતન્ય છું. ૩ હું માન અને અપમાનથી રહિત છું, ત્રણ ગુણોથી રહિત છું, શિવ છું. હું દ્વૈત અને અદ્વૈતથી રહિત છું, સુખ–દુઃખ વગેરે જોડકાંથી રહિત છું, ઉત્પત્તિ અને વિનાશ વિનાનો છું, પ્રકાશ વિનાનો છું છતાં પ્રકાશરૂપ પણ હું જ છું. હું શૂન્ય અને અશૂન્યરૂપ છું, સુંદર અને કદરૂપો છું, સમતા અને વિષમતા વિનાનો છું, નિત્ય છું, શુદ્ધ છું, અને સદાશિવ છું. હું સર્વ અને અસર્વની કલ્પના વિનાનો છું, સાત્ત્વિક છું અને હંમેશ છું. ૪–૬ હું એક સંખ્યા અને બે સંખ્યા વિનાનો છું, સત્ અને અસત્‌ના ભેદ વિનાનો છું

विग्रहः। नाहमस्मि न चान्योऽस्मि देहादिरहितोऽस्म्यहम् ॥८॥
आश्रयाश्रयहीनोऽस्मि आधाररहितोऽस्म्यहम् । बन्धमोक्षादिहीनो-
ऽस्मि शुद्धब्रह्मास्मि सोऽस्म्यहम् ॥९॥ चित्तादिसर्वहीनोऽस्मि
परमोऽस्मि परात्परः। सदा विचाररूपोऽस्मि निर्विचारोऽस्मि सोऽ-
स्म्यहम् ॥१०॥ अकारोकाररूपोऽस्मि मकारोऽस्मि सनातनः।
ध्यातृध्यानविहीनोऽस्मि ध्येयहीनोऽस्मि सोऽस्म्यहम् ॥११॥
सर्वपूर्णस्वरूपोऽस्मि सच्चिदानन्दलक्षणः । सर्वतीर्थस्वरूपोऽस्मि
परमात्मास्म्यहं शिवः॥१२॥ लक्ष्यालक्ष्यविहीनोऽस्मि लयहीनरसो-
ऽस्म्यहम्। मातृमानविहीनोऽस्मि मेयहीनः शिवोऽस्म्यहम् ॥१३॥
न जगत्सर्वद्रष्टास्मि नेत्रादिरहितोऽस्म्यहम्। प्रवृद्धोऽस्मि प्रबुद्धोऽ-
स्मि प्रसन्नोऽस्मि परोऽस्म्यहम् ॥१४॥ सर्वेन्द्रियविहीनोऽस्मि
सर्वकर्मकृदप्यहम् । सर्ववेदान्ततृप्तोऽस्मि सर्वदा सुलभोऽस्म्यहम्
॥१५॥ मुदितामुदिताख्योऽस्मि सर्वमौनफलोऽस्म्यहम् । नित्य-
चिन्मात्ररूपोऽस्मि सदा सच्चिन्मयोऽस्म्यहम्॥१६॥ यत्किंचिदपि
हीनोऽस्मि स्वल्पमप्यति नास्म्यहम्। हृदयग्रन्थिहीनोऽस्मि हृदया-
म्भोजमध्यगः॥१७॥ षड्विकारविहीनोऽस्मि षट्कोशरहितोऽस्म्यहम्।
अरिषड्वर्गमुक्तोऽस्मि अन्तरादन्तरोऽस्म्यहम् ॥१८॥ देशकाल-
विमुक्तोऽस्मि दिगम्बरसुखोऽस्म्यहम्। नास्ति नास्ति विमुक्तोऽस्मि
नकाररहितोऽस्म्यहम् ॥१९॥ अखण्डाकाशरूपोऽस्मि ह्यखण्डा-
कारमस्म्यहम्। प्रपञ्चमुक्तचित्तोऽस्मि प्रपञ्चरहितोऽस्म्यहम् ॥२०॥
सर्वप्रकाशरूपोऽस्मि चिन्मात्रज्योतिरस्म्यहम्। कालत्रयविमुक्तोऽस्मि

અને સંકલ્પ વિનાનો છું.૭ હું જુદાપણા વિનાનો છું અને અખંડ આનંદસ્વરૂપ છું. હું હું પણ નથી અને બીજો પણ નથી. હું દેહાદિ વિનાનો છું આશ્રય અને આધાર વિનાનો છું, બંધ અને મોક્ષ વિનાનો છું અને શુદ્ધ બ્રહ્મ છું. ૮,૯ હું ચિત્ત વગેરે સર્વથી રહિત છું. હું પરથી પણ પર છું. હું હમેશ વિચારરૂપ છું છતાં વિચારરહિત છું. ૧૦ અકાર, ઉકાર, અને મકારરૂપ પણ હું જ છું. હું ધાતા, ધ્યાન અને ધ્યેયથી રહિત છું; સર્વ અને પૂર્ણસ્વરૂપ છું અને સચ્ચિદાનંદરૂપ છું. બધાં તીર્થો પણ હું જ છું અને ભગવાન શિવ પણ હું જ છું. ૧૧,૧૨ હું જ લક્ષ્ય અને અલક્ષ્યથી રહિત તથા લય ન પામનારા રસરૂપ છું. હું જ પ્રમાણ, પ્રમેય અને પ્રમાતા વિનાનો તથા શિવરૂપ છું. ૧૩ હું આ જગતનો સર્વદ્રષ્ટા નથી. હું આંખ વગેરે ઇંદ્રિયો વિનાનો છું. હું જ વૃદ્ધિ પામેલો, જ્ઞાન પામેલો, પ્રસન્ન અને પરમ છું. ૧૪ હું બધી ઇંદ્રિયો વિનાનો છું; છતાં બધાં કર્મો કરનારો હું જ છું. બધાં વેદાંત વડે હું જ સંતુષ્ટ બન્યો છું અને હંમેશ સહેલાઈથી મેળવી શકાય એવો પણ હું જ છું.૧૫ આનંદ અને શોકરૂપ, સર્વ મૌનના ફળરૂપ, નિત્ય ચિદ્રૂપ અને સચ્ચિદ્રૂપ પણ હું જ છું. ૧૬ હું જે કંઈ પણ હીન છું છતાં અતિ અલ્પ નથી કે અધિક નથી. હું હૃદયની ગાંઠ વિનાનો છું અને હૃદયકમળની વચમાં રહેલો પણ હું જ છું. ૧૭ હું જન્મ વગેરે છ વિકારો વિનાનો, ચામડી વગેરે છ કોશ વિનાનો, અને કામ, ક્રોધ વગેરે છ શત્રુઓ વિનાનો છું ને ઊંડામાં ઊંડે સ્થાને રહેલો છું. ૧૮ હું દેશ અને કાળથી રહિત છું તેમ જ દિશા, આકાશ અને આનંદરૂપ છું. આ નથી, તે નથી પણ હું જ છું. હું વિમુક્ત છું અને નકારથી રહિત છું. ૧૯ હું અખંડ આકાશ છું, અખંડ આકાર છું, સંસારપ્રપંચમાંથી ઊઠી ગયેલા ચિત્તવાળો છું અને સંસારપ્રપંચથી રહિત છું.૨૦

कामादिरहितोऽस्म्यहम् ॥ २१ ॥ कायिकादिविमुक्तोऽस्मि निर्गुणः केवलोऽस्म्यहम् । मुक्तिहीनोऽस्मि मुक्तोऽस्मि मोक्षहीनोऽस्म्यहं सदा ॥ २२ ॥ सत्यासत्यादिहीनोऽस्मि सन्मात्रान्नास्म्यहं सदा । गन्तव्यदेशहीनोऽस्मि गमनादिविवर्जितः ॥ २३ ॥ सर्वदा समरूपोऽस्मि शान्तोस्मि पुरुषोत्तमः । एवं स्वानुभवो यस्य सोऽहमस्मि न संशयः ॥ २४ ॥ यः शृणोति सकृद्वापि ब्रह्मैव भवति स्वयमित्युपनिषत् ॥ ॐ आप्यायन्त्विति शान्तिः ॥

इति तृतीयोऽध्यायः

ॐ आप्यायन्तु ममाङ्गानि वाक्प्राणश्चक्षुः श्रोत्रमथो बलमिन्द्रियाणि च सर्वाणि सर्वं ब्रह्मोपनिषदं माहं ब्रह्म निराकुर्यां मा मा ब्रह्म निराकरोदनिराकरणमस्त्वनिराकरणं मे अस्तु । तदात्मनि निरते य उपनिषत्सु धर्मास्ते मयि संतु ते मयि संतु ॥

ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

॥ इति मैत्रेय्युपनिषत्समाप्ता ॥

હું સર્વ પ્રકાશસ્વરૂપ છું અને ચૈતન્યરૂપ જ્યોતિ પણ હું જ છું. હું ત્રણ કાળથી પર છું, અને કામ–ક્રોધ વગેરેથી રહિત છું. ૨૧ હું શરીર વગેરેથી પર છું, નિર્ગુણ છું અને માત્ર એક છું. હું મોક્ષ વિનાનો છું, છતાં મુક્ત છું. ૨૨ હું સત્ય અને અસત્ય વિનાનો છું. માત્ર હું સત્સ્વરૂપથી (જુદો) સર્વ કાળે નથી. મારે ક્યાંય જવાપણું કે ન જવાપણું નથી અને જવાનું સ્થાન પણ નથી. ૨૩ હું હમેશ સમરૂપ છું અને શાંત પરમાત્મા છું.'

આવો જેનો સ્વાનુભવ છે, તે જરૂર 'હું બ્રહ્મ છું' એમ બ્રહ્મરૂપ જ થાય છે. એમાં સંશય નથી. ૨૪ જે મનુષ્ય એક વાર પણ આ સાંભળે છે, તે પોતે બ્રહ્મ જ થાય છે, એમ આ ઉપનિષદ કહે છે.

ત્રીજો અધ્યાય સમાપ્ત

ૐ મારાં અંગો, વાણી, પ્રાણ, આંખ, કાન, બળ અને બધી ઇંદ્રિયો પુષ્ટ બનો. આ સર્વ (જગત) ઉપનિષદોમાં કહેલું બ્રહ્મ જ છે. હું બ્રહ્મને દૂર ન કરું અને બ્રહ્મ મને દૂર ન કરો. બ્રહ્મ મારો અનાદર ન કરો અને હું બ્રહ્મનો અનાદર ન કરું. આત્મા ઉપર પ્રીતિવાળા મનુષ્ય માટે ઉપનિષદોમાં જે ધર્મો કહ્યા છે, તે મારામાં હો–મારામાં હો.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

મૈત્રેયી ઉપનિષદ સમાપ્ત

# सुबालोपनिषत्

शान्तिपाठः—ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते ॥
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

## प्रथमः खण्डः

ॐ तदांहुः किं तदासीत्तस्मै स होवाच न सन्नासन्न सदसदिति तस्मात्तमः संजायते तमसो भूतादिर्भूतादेराकाशमाकाशाद्वायुर्वायोरग्निरग्नेरापोऽद्भ्यः पृथिवी तदण्डं समभवत्तत्संवत्सरमात्रमुषित्वा द्विधाकरोदधस्ताद्भूमिमुपरिष्टादाकाशं मध्ये पुरुषो दिव्यः सहस्रशीर्षा पुरुषः सहस्राक्षः सहस्रपात्। सहस्रबाहुरिति सोऽग्रे भूतानां मृत्युमसृजत् त्र्यक्षरं त्रिशिरस्कं त्रिपादं खण्डपरशुं तस्य ब्रह्माभिधेति स ब्रह्माणमेव विवेश स मानसान्सप्त पुत्रानसृजत्तेह विराजः सत्यमानसानसृजन्तेह प्रजापतयो ब्राह्मणोऽस्य मुखमासीद्बाहू राजन्यः कृतः। ऊरू तदस्य यद्वैश्यः पद्भ्यां शूद्रो अजायत॥ चन्द्रमा मनसो जातश्चक्षोः सूर्यो अजायत। श्रोत्राद्वायुश्च प्राणश्च हृदयात्सर्वमिदं जायते॥

इति प्रथमः खण्डः ॥ १ ॥

## ૫ : સુબાલ ઉપનિષદ

**શાંતિપાઠ :** ૐ એ બ્રહ્મ પૂર્ણ છે, આ જગત પૂર્ણ છે; એ પૂર્ણ બ્રહ્મમાંથી આ પૂર્ણ જગત ઉત્પન્ન થાય છે. એ પૂર્ણ બ્રહ્મમાંથી પૂર્ણ જગત કાઢી લઈએ, તો પૂર્ણ બ્રહ્મ જ બાકી રહે છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

### પહેલો ખંડ

ૐ સૃષ્ટિની પહેલાં શું હતું ? એ વિષે ઋષિઓએ પ્રશ્ન કર્યો, ત્યારે તેઓમાંના મુખ્ય રૈકવને ઘોરાંગિરસ ઋષિએ કહ્યું, કે, સૃષ્ટિની પહેલાં સત્ ન હતું, અસત્ પણ ન હતું તેમ જ સદસત્ પણ ન હતું; તેમાંથી તમસ્ ( અજ્ઞાન ) ઉત્પન્ન થાય છે; એ તમસ્‌થી ભૂતાદિ–અહંકાર થયો, અહંકારથી આકાશ, આકાશથી વાયુ, વાયુથી અગ્નિ, અગ્નિથી જળ અને જળમાંથી પૃથ્વી થઈ. એ જ બ્રહ્માંડરૂપ ઈંડું થયું. એમાં માત્ર એક વર્ષ સુધી એમ ને એમ જ રહી ( પુરુષે ) તેના બે ભાગ કર્યા. નીચેનો ભાગ તે ભૂમિ થઈ અને ઉપરનો ભાગ આકાશરૂપ રહ્યો. વચ્ચે દિવ્ય પુરુષ હજાર માથાંવાળો, હજાર આંખવાળો, હજાર પગવાળો અને હજાર હાથવાળો રહ્યો. તેણે પ્રથમ ભૂતોના મૃત્યુને સર્જ્યું. તે ત્રણ અક્ષરવાળું, ત્રણ માથાવાળું, ત્રણ પગવાળું અને નાની ફરશીને ધારણ કરતું હતું. તેનું ‘ બ્રહ્મ ’ એવું નામ હતું. તેણે જ બ્રહ્મામાં પ્રવેશ કર્યો. તેણે માનસિક સાત પુત્રો સર્જ્યા. તેમણે જ વિરાટસ્વરૂપ સત્ય માનસપુત્રો સર્જ્યા. તેઓ અહીં પ્રજાપતિ થયા. બ્રાહ્મણ એ વિરાટનું મુખ થયો, ક્ષત્રિય બન્ને બાહુઓરૂપ કરાયો, વૈશ્ય બન્ને સાથળોરૂપ થયો અને બન્ને પગમાંથી શૂદ્ર થયો. ચંદ્રમા તેના મનથી થયો; ચક્ષુમાંથી સૂર્ય થયો, કાનમાંથી વાયુ થયો અને હૃદયમાંથી પ્રાણ થયો. આ રીતે આ સર્વ જગત ઉત્પન્ન થાય છે.

પહેલો ખંડ સમાપ્ત

## द्वितीयः खण्डः

अपानान्निषादा यक्षराक्षसगन्धर्वाश्चास्थिभ्यः पर्वता लोमभ्य ओषधिवनस्पतयो ललाटात्क्रोधजो रुद्रो जायते तस्यैतस्य महतो भूतस्य निःश्वसितमेवैतद्यदृग्वेदो यजुर्वेदः सामवेदोऽथर्ववेदः शिक्षा कल्पो व्याकरणं निरुक्तं छन्दो ज्योतिषामयनं न्यायो मीमांसा धर्मशास्त्राणि व्याख्यानान्युपव्याख्यानानि च सर्वाणि च भूतानि हिरण्यज्योतिर्यस्मिन्नयमात्माधिक्षियन्ति भुवनानि विश्वा ॥ आत्मानं द्विधाकरोदर्धेन स्त्री अर्धेन पुरुषो देवो भूत्वा देवानसृजदृषिर्भूत्वा ऋषीन्यक्षराक्षसगन्धर्वान्ग्राम्यानारण्यांश्च पशूनसृजदितरा गौरितरोऽनड्वानितरो वडवेतरोऽश्व इतरा गर्दभीतरो गर्दभ इतरा विश्वंभरीतरो विश्वंभरः सोऽन्ते वैश्वानरो भूत्वा संदग्ध्वा सर्वाणि भूतानि पृथिव्यप्सु प्रलीयत आपस्तेजसि प्रलीयन्ते तेजो वायौ विलीयत वायुराकाशे विलीयत आकाशमिन्द्रियेष्विन्द्रियाणि तन्मात्रेषु तन्मात्राणि भूतादौ विलीयन्ते भूतादिर्महति विलीयते महानव्यक्ते विलीयतेऽव्यक्तमक्षरे विलीयते अक्षरं तमसि विलीयते तमः परे देवी एकीभवति परस्तान्न सन्नासन्नासदसदित्येतन्निर्वाणानुशासनमिति वेदानुशासनमिति वेदानुशासनम् ॥

इति द्वितीयः खण्डः ॥ २ ॥

### બીજો ખંડ

(એ વિરાટના) અપાનમાંથી ભીલો, યક્ષો, રાક્ષસો અને ગંધર્વો થયા; હાડકાંમાંથી પર્વતો થયા, રુવાંટાંમાંથી ઔષધો

અને વનસ્પતિઓ થઈ અને લલાટમાંથી ક્રોધ વડે જન્મેલા રુદ્ર ઉત્પન્ન થયા. એ વિરાટ પુરુષ સર્વથી મોટા ભૂતરૂપ છે. તેમના શ્વાસોચ્છ્વાસ એ જ આ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ, જ્યોતિષશાસ્ત્ર, ન્યાય, મીમાંસા, ધર્મશાસ્ત્રો, વ્યાખ્યાનો, નાનાં વ્યાખ્યાનો અને સર્વ પ્રાણીઓ છે. એ સુવર્ણ જેવા તેજસ્વી છે, જેમાં આ આત્મા તથા સર્વ ભુવનો રહ્યાં છે. તેમણે પોતાના સ્વરૂપના બે વિભાગ કર્યા; અર્ધાથી સ્ત્રી અને અર્ધાથી પુરુષ થયો. તેમણે દેવ થઈને દેવોને સર્જ્યા; ઋષિ થઈ ઋષિઓને સર્જ્યા. તે જ પ્રમાણે યક્ષો, રાક્ષસો, ગંધર્વો તથા ગામમાં રહેનારાં ને જંગલમાં રહેનારાં પશુઓ સર્જ્યાં. તેમાંથી કોઈ ગાય થઈ, કોઈ બળદ થયો; કોઈ ઘોડી થઈ, કોઈ ઘોડો થયો; કોઈ ગધેડી થઈ, કોઈ ગધેડો થયો; કોઈ સર્વનું પોષણ કરનારી થઈ અને કોઈ સર્વનું પોષણ કરનારો થયો. પછી છેવટે એ પુરુષ અગ્નિરૂપ થઈ સર્વ ભૂતોને બાળી નાખે છે. એ વેળા પૃથ્વી જળમાં લય પામે છે, જળ તેજમાં લય પામે છે, તેજ વાયુમાં લય પામે છે, વાયુ આકાશમાં લય પામે છે, આકાશ ઇંદ્રિયોમાં લય પામે છે. ઇંદ્રિયો તન્માત્રાઓમાં લય પામે છે, તન્માત્રાઓ અહંકારમાં લય પામે છે. અહંકાર મહત્તત્ત્વમાં લય પામે છે, મહત્તત્ત્વ પ્રકૃતિમાં લય પામે છે, પ્રકૃતિ અક્ષરમાં લય પામે છે, અક્ષર તમસ્(અજ્ઞાન)માં લય પામે છે અને તમસ્ પરમદેવ–પરમાત્મામાં એકરૂપ થઈ જાય છે. તે પછી સત્ નથી રહેતું, અસત્ નથી રહેતું અને સત્–અસત્ બન્ને નથી રહેતું. આ જ નિર્વાણ(મોક્ષ)નો ઉપદેશ છે, આ જ વેદનું શિક્ષણ છે અને આવી જ વેદની શિખામણ છે.

બીજો ખંડ સમાપ્ત

## तृतीयः खण्डः

असद्वा इदमग्र आसीदजातमभूतमप्रतिष्ठितमशब्दमस्पर्शमरूपमरसमगन्धमव्ययममहान्तमबृहन्तमजमात्मानं मत्वा धीरो न शोचति॥ अप्राणममुखमश्रोत्रमवागमनोऽतेजस्कमचक्षुष्कमनामगोत्रमशिरस्कमपाणिपादमस्निग्धमलोहितमप्रमेयमह्रस्वमदीर्घमस्थूलमनण्वनल्पमपारमनिर्देश्यमनपावृतमप्रतर्क्यमप्रकाश्यमसंवृतमनन्तरमबाह्यं न तदश्नाति किंचन न तदश्नाति कश्चनैतद्वै सत्येन दानेन तपसाऽनाशकेन ब्रह्मचर्येण निर्वेदनेनानाशकेन षडङ्गेनैव साधयेदेतत्त्रयं वीक्षेत दमं दानं दयामिति न तस्य प्राणा उत्क्रामन्त्यत्रैव समवलीयन्ते ब्रह्मैव सन्ब्रह्माप्येति य एवं वेद ॥

इति तृतीयः खण्डः ॥ ३ ॥

## चतुर्थः खण्डः

हृदयस्य मध्ये लोहितं मांसपिण्डं यस्मिंस्तद्दहरं पुण्डरीकं कुमुदमिवानेकधा विकसितं हृदयस्य दश छिद्राणि भवन्ति येषु प्राणाः प्रतिष्ठिताः स यदा प्राणेन सह संयुज्यते तदा पश्यति नद्यो नगराणि बहूनि विविधानि च यदा व्यानेन सह संयुज्यते तदा पश्यति देवांश्च ऋषींश्च यदापानेन सह संयुज्यते तदा पश्यति यक्षराक्षसगन्धर्वान्यदोदानेन सह संयुज्यते तदा पश्यति देवलोकान्दे-

### ત્રીજો ખંડ

અથવા પ્રથમ સૃષ્ટિની પૂર્વે આ જગત અસત્ હતું; તેથી આત્મા જન્મેલો નથી, ઉત્પન્ન થયો નથી, પ્રતિષ્ઠા પામ્યો નથી. તે શબ્દરહિત, સ્પર્શરહિત, રૂપ વિનાનો, રસ વિનાનો, ગંધ વિનાનો, નિર્વિકાર, નહિ મોટો, નહિ વધેલો અને અજન્મા

છે, એમ જાણીને ધીર પુરુષ શોક કરતો નથી. વળી આ આત્મા પ્રાણ વિનાનો, મુખરહિત, કાન વિનાનો, વાણી વગરનો, મન વિનાનો, તેજરહિત, ચક્ષુ વિનાનો, નામ વગરનો, ગોત્ર વિનાનો, માથા વિનાનો, હાથ-પગ વિનાનો, આકાશ વિનાનો, લોહી વિનાનો, પ્રમાણનો અવિષય, નહિ ટૂંકો, નહિ લાંબો, નહિ જાડો, નહિ સૂક્ષ્મ, નહિ નાનો, પાર વિનાનો, બતાવવો અશક્ય, નહિ ઢંકાયલો, તર્ક કરવાને અશક્ય, પ્રકાશ કરવાને અશક્ય, નહિ સાંકડો, નહિ અંદરનો કે નહિ બહારનો છે. તે કંઈ ખાતો નથી અને તેને કોઈ ખાતું નથી; એને તો સત્ય, દાન, તપ, અનશન, બ્રહ્મચર્ય, અખંડ વૈરાગ્ય-આ છ સાધનોથી જ જાણવો જોઈએ; તેમ જ દમ (ઇંદ્રિય-નિગ્રહ), દાન અને દયા-આ ત્રણ સામે દૃષ્ટિ રાખવી જોઈએ. જે પુરુષ આમ સમજે છે, તેના પ્રાણ ઊંચે (બીજી ગતિમાં) જતા નથી, પણ આ આત્મતત્ત્વમાં જ લીન થાય છે; અને તે બ્રહ્મસ્વરૂપ જ થઈને બ્રહ્મને પામે છે.

ત્રીજો ખંડ સમાપ્ત

## ચોથો ખંડ

હૃદયની મધ્યે લાલ માંસનો પિંડો છે, જેની મધ્યે તે સૂક્ષ્મ આત્મતત્ત્વ છે; એ રાત્રિવિકાસી કમળ જેવું ધોળા વર્ણનું છે; અને તે જ અનેક પ્રકારે વિકાસ પામ્યું છે. હૃદયનાં દશ છિદ્રો છે, જેમનામાં પ્રાણો રહ્યા છે. તે-ઉપાસક જ્યારે પ્રાણ સાથે જોડાય છે, ત્યારે નદીઓ તથા અનેક જાતનાં ઘણાં નગરોને જુએ છે; જ્યારે વ્યાન સાથે જોડાય છે, ત્યારે દેવો તથા ઋષિઓને જુએ છે; જ્યારે અપાન સાથે જોડાય છે, ત્યારે યક્ષોને, રાક્ષસોને તથા ગંધર્વોને જુએ છે; જ્યારે ઉદાન સાથે જોડાય છે, ત્યારે દેવોને, દેવોના લોકોને, કાર્તિકસ્વામીને તથા જયંતદેવને જુએ છે, સમાન સાથે જોડાય છે, ત્યારે દેવોના

वान्स्कन्दं जयन्तं चेति यदा समानेन सह संयुज्यते तदा पश्यति देवलोकान्धनानि च यदा वैरम्भेण सह संयुज्यते तदा पश्यति दृष्टं च श्रुतं च भुक्तं चाभुक्तं च सच्चासच्च सर्वं पश्यति अथेमा दश दश नाड्यो भवन्ति तासामेकैकस्य द्वासप्ततिर्द्वासप्ततिः शाखा नाडीसहस्राणि भवन्ति यस्मिन्नयमात्मा स्वपिति शब्दानां च करोत्यथ यद्द्वितीये स कोशे स्वपिति तदेमं च लोकं परं च लोकं पश्यति सर्वाञ्छब्दान्विजानाति स संप्रसाद इत्याचक्षते प्राणः शरीरं परिरक्षति हरितस्य नीलस्य पीतस्य लोहितस्य श्वेतस्य नाड्यो रुधिरस्य पूर्णा अथात्रैतद्दहरं पुण्डरीकं कुमुदमिवानेकधा विकसितं यथा केशः सहस्रधा भिन्नस्तथा हिता नाम नाड्यो भवन्ति हृद्याकाशे परे कोशे दिव्योऽयमात्मा स्वपिति यत्र सुप्तो न कंचन कामं कामयते न कंचन स्वप्नं पश्यति न तत्र देवा न देवलोका यज्ञा न यज्ञा वा न माता न पिता न बन्धुर्न बान्धवो न स्तेनो न ब्रह्महा तेजस्कायममृतं सलिल एवेदं सलिलं वनं भूयस्तेनैव मार्गेण जाग्राय धावति सम्राडिति होवाच ॥

इति चतुर्थः खण्डः ॥ ४ ॥

## पञ्चमः खण्डः

स्थानानि स्थानिभ्यो यच्छति नाडी तेषां निबन्धनं चक्षुरध्यात्मं द्रष्टव्यमधिभूतमादित्यस्तत्राधिदैवतं नाडी तेषां निबन्धनं

લોકોને તથા ધનને જુએ છે; અને જ્યારે વૈરંભ સાથે જોડાય છે, ત્યારે ભૂતકાળમાં જોયેલું, ખાધેલું, નહિ ખાધેલું, સત્ અને

અસત્ સર્વ જુએ છે.

હવે આ હૃદયની દશ દશ નાડીઓ છે, તે નાડીઓની એક એકની બોંતેર બોંતેર શાખાઓ છે; એમ હજારો નાડીઓ થાય છે, જેમાં આ આત્મા સૂએ છે અને શબ્દોની ક્રિયા કરે છે. હવે જે બીજો કોશ છે તેમાં આત્મા સૂએ છે ત્યારે આ લોક તથા પરલોક જુએ છે; અને સર્વ શબ્દોને જાણે છે, ત્યારે તેને સંપ્રસાદ એમ કહે છે. પ્રાણ શરીરની રક્ષા કરે છે. જે આ નાડીઓ છે, તે ભૂરા. લીલા, પીળા, લાલ અને ધોળા લોહીની ભરેલી છે.

હવે આ શરીરમાં જે આ સૂક્ષ્મ હૃદયકમળ છે, તે રાત્રિ-વિકાસી કમળ જેવું ધોળા રંગનું છે. તે અનેક પ્રકારે વિકાસ પામ્યું છે. જેમ વાળ હજારો પ્રકારે ચિરાયા હોય, તેવી સૂક્ષ્મ 'હિતા' નામની નાડીઓ છે. હૃદયાકાશ શ્રેષ્ઠ કોશ છે. તેમાં આ દિવ્ય આત્મા સૂએ છે. જ્યારે તે સૂતો હોય, ત્યારે કોઈ કામનાની ઇચ્છા કરતો નથી, કોઈ સ્વપ્નને જોતો નથી. ત્યાં દેવો નથી, દેવોના લોકો નથી; યજ્ઞો નથી, યજ્ઞની ક્રિયાઓ નથી; માતા નથી, પિતા નથી, બંધુ નથી, બાંધવ નથી; ચોર નથી અને બ્રહ્મહત્યારો નથી. એ તેજોરૂપ છે, અમૃત છે; જળમાં જ એ જળ રહેલું છે. લગભગ એ વન છે, એ જ માર્ગે ફરી આત્મા જાગ્રત અવસ્થા તરફ દોડે છે, એમ સમ્રાટ (જનક) કહેતા હતા.

ચોથો ખંડ સમાપ્ત

## પાંચમો ખંડ

આત્મા તે તે સ્થાનમાં રહેનારાઓને સ્થાનો આપે છે. નાડી તેઓનું મૂળ સ્થાન છે, ચક્ષુ અધ્યાત્મ છે; જોવાનો પદાર્થ

यश्चक्षुषि यो द्रष्टव्ये य आदित्ये यो नाड्यां यः प्राणे यो विज्ञाने य आनन्दे यो हृद्याकाशे य एतस्मिन्सर्वस्मिन्नन्तरे संचरति सोऽयमात्मा तमात्मानमुपासीताजरममृतमभयमशोकमनन्तम् । श्रोत्रमध्यात्मं श्रोतव्यमधिभूतं दिशस्तत्राधिदैवतं नाडी तेषां निबन्धनं यः श्रोत्रे यः श्रोतव्ये यो दिक्षु यो नाड्यां यः प्राणे यो विज्ञाने य आनन्दे यो हृद्याकाशे य एतस्मिन्सर्वस्मिन्नन्तरे संचरति सोऽयमात्मा तमात्मानमुपासीताजरममृतमभयमशोकमनन्तम् ।। नासाध्यात्मं घ्रातव्यमधिभूतं पृथिवी तत्राधिदैवतं नाडी तेषां निबन्धनं यो नासायां यो घ्रातव्ये यः पृथिव्यां यो नाड्यां० नन्तम् ।। जिह्वाध्यात्मं यो रसयितव्यमधिभूतं वरुणस्तत्राधिदैवतं नाडी तेषां निबन्धनं यो जिह्वायां यो रसयितव्ये यो वरुणे यो नाड्यां० नन्तम् ।। त्वगध्यात्मं स्पर्शयितव्यमधिभूतं वायुस्तत्राधिदैवतं नाडी तेषां निबन्धनं यस्त्वचि यः स्पर्शयितव्ये यो वायौ यो नाड्यां० नन्तम् ।। मनोऽध्यात्मं मन्तव्यमधिभूतं चन्द्रस्तत्राधिदैवतं नाडी तेषां निबन्धनं यो मनसि यो मन्तव्ये यश्चन्द्रे यो नाड्यां० नन्तम् ।। बुद्धिरध्यात्मं बोद्धव्यमधिभूतं ब्रह्मा तत्राधिदैवतं नाडी तेषां निबन्धनं यो बुद्धौ यो बोद्धव्ये यो ब्रह्मणि यो नाड्यां० नन्तम् ।। अहंकारोऽध्यात्मम-हंकर्तव्यमधिभूतं रुद्रस्तत्राधिदैवतं नाडी तेषां निबन्धनं योऽहंकारे

(૩૫) અધિભૂત છે અને સૂર્ય તેમાં અધિદૈવત છે. તેમનું મૂળ સ્થાન નાડી છે. ચક્ષુમાં, જોવાના પદાર્થમાં, સૂર્યમાં, નાડીમાં, પ્રાણમાં, વિજ્ઞાનમાં, આનંદમાં, હૃદયાકાશમાં અને આ સર્વ શરીરમાં જે સંચાર કરે છે, તે આત્મા છે; તેની ઉપાસના કરવી. તે ઘડપણ વિનાનો, અમર, ભયરહિત, શોક વિનાનો અને અનંત છે.

योऽहंकर्तव्ये यो रुद्रे यो नाड्यां० नन्तम् ॥ चित्तमध्यात्मं चेतयितव्यमधिभूतं क्षेत्रज्ञस्तत्राधिदैवतं नाडी तेषां निबन्धनं यश्चित्ते यश्चेतयितव्ये यः क्षेत्रज्ञे यो नाड्यां० नन्तम् ॥ वागध्यात्मं वक्तव्यमधिभूतमग्निस्तत्राधिदैवतं नाडी तेषां निबन्धनं यो वाचि यो वक्तव्ये योऽग्नौ यो नाड्यां० नन्तम् ॥ हस्तावध्यात्ममादातव्यमधिभूतमिन्द्रस्तत्राधिदैवतं नाडी तेषां निबन्धनं यो हस्ते य आदातव्ये य इन्द्रे यो नाड्यां० नन्तम् ॥ पादावध्यात्मं गन्तव्यमधिभूतं विष्णुस्तत्राधिदैवतं नाडी तेषां निबन्धनं यः पादे यो गन्तव्ये यो विष्णौ यो नाड्यां० नन्तम् ॥ पायुरध्यात्मं विसर्जयितव्यमधिभूतं मृत्युस्तत्राधिदैवतं नाडी तेषां निबन्धनं यः पायौ यो विसर्जयितव्ये यो मृत्यौ यो नाड्यां० नन्तम् ॥ उपस्थोऽध्यात्ममानन्दयितव्यमधिभूतं प्रजापतिस्तत्राधिदैवतं नाडी तेषां निबन्धनं य उपस्थे य आनन्दयितव्ये यः प्रजापतौ यो नाड्यां यः प्राणे यो विज्ञाने य आनन्दे यो हृद्याकाशे य एतस्मिन्सर्वस्मिन्नन्तरे संचरति सोऽयमात्मा तमात्मानमुपासीताजरममृतमभयमशोकमनन्तम् ॥ एष सर्वज्ञ एष सर्वेश्वर एष सर्वाधिपतिरेषोऽन्तर्याम्येष योनिः सर्वस्य सर्वसौख्यैरुपास्यमानो न च सर्वसौख्यान्युपास्यति वेदशास्त्रैरुपास्यमानो न च वेदशास्त्राण्युपास्यति यस्यान्नमिदं सर्वं न च योऽन्नं भवत्यतः परं सर्वनयनः प्रशास्तान्नमयो भूतात्मा प्राणमय इन्द्रियात्मा मनोमयः

મૂળ સ્થાન છે; અને જે અહંકારમાં, અહંકારના વિષયમાં, રુદ્રમાં, નાડીમાં....અનંત છે. એ રીતે ચિત્ત અધ્યાત્મ છે, ચિંતનનો વિષય અધિભૂત છે, ક્ષેત્રજ્ઞ તેમાં અધિદૈવત છે, નાડી તેમનું મૂળ સ્થાન છે; અને જે ચિત્તમાં, ચિંતનના વિષય-

માં, ક્ષેત્રજ્ઞમાં, નાડીમાં....અનંત છે. તે પ્રમાણે વાણી અધ્યાત્મ છે, બોલવાનું અધિભૂત છે, અગ્નિ તેમાં અધિદૈવત છે અને નાડી તેમનું સ્થાન છે; અને જે વાણીમાં બોલવાના વિષયમાં, અગ્નિમાં નાડીમાં....અનંત છે. એ રીતે હાથ અધ્યાત્મ છે, લેવાનું અધિભૂત છે, ઇંદ્ર તેમાં અધિદૈવત છે અને નાડી તેમનું મૂળ સ્થાન છે; અને જે હાથમાં, લેવાના વિષયમાં, ઇંદ્રમાં, નાડીમાં....અનંત છે. એ રીતે પગ અધ્યાત્મ છે, જવાનો વિષય અધિભૂત છે, વિષ્ણુ તેમાં અધિદૈવત છે અને નાડી તેમનું સ્થાન છે; અને જે પગમાં, જવાના વિષયમાં, વિષ્ણુમાં, નાડીમાં....અનંત છે. એ રીતે ગુદા અધ્યાત્મ છે, એ ગુદાથી ત્યજવાનું અધિભૂત છે, મૃત્યુ તેમાં અધિદૈવત છે અને નાડી તેમનું મૂળ સ્થાન છે; તેમ જ જે ગુદામાં, તેનાથી ત્યજવાયોગ્યમાં, મૃત્યુમાં, નાડીમાં....અનંત છે. એ રીતે જનનેંદ્રિય અધ્યાત્મ છે, આનંદનો વિષય અધિભૂત છે, પ્રજાપતિ તેમાં અધિદૈવત છે અને નાડી તેમનું મૂળ સ્થાન છે; તેમ જ જે જનનેંદ્રિયમાં, આનંદના વિષયમાં, પ્રજાપતિમાં, નાડીમાં, પ્રાણમાં, વિજ્ઞાનમાં, આનંદમાં, હૃદયાકાશમાં અને આખા આ શરીરમાં સંચાર કરે છે, તે આત્મા છે; એની ઉપાસના કરવી. તે ઘડપણ વિનાનો, અમર, ભય વિનાનો, શોકરહિત તથા અનંત છે. એ સર્વજ્ઞ છે, સર્વનો ઈશ્વર છે, સર્વનો અધિપતિ છે, અંતર્યામી છે અને સર્વનું મૂળ ઉત્પત્તિસ્થાન છે. સર્વ સુખો એને ઉપાસે છે, પણ સર્વ સુખોની એ ઉપાસના કરતો નથી; વેદો તથા શાસ્ત્રો એને ઉપાસે છે, પણ વેદો તથા શાસ્ત્રોની એ ઉપાસના કરતો નથી. આ બધું એનું અન્ન છે, પણ એ કોઈનું અન્ન નથી; આથી વધારે વળી એ કહી શકાય, કે આ આત્મા

संकल्पात्मा विज्ञानमयः कालात्मानन्दमयो लयात्मैकत्वं नास्ति द्वैतं कुतो मर्त्यं नास्त्यमृतं कुतो नान्तःप्रज्ञो न बहिःप्रज्ञो नोभयतःप्रज्ञो न प्रज्ञानघनो न प्रज्ञो नाप्रज्ञोऽपि नो विदितं वेद्यं नास्तीत्येतन्निर्वाणानुशासनमिति वेदानुशासनमिति वेदानुशासनम् ॥

इति पञ्चमः खण्डः ॥ ५ ॥

## षष्ठः खण्डः

नैवेह किंचनाग्र आसीदमूलमनाधारमिमाः प्रजाः प्रजायन्ते दिव्यो देव एको नारायणश्चक्षुश्च द्रष्टव्यं च नारायणः श्रोत्रं च श्रोतव्यं च नारायणो घ्राणं च घ्रातव्यं च नारायणो जिह्वा च रसयितव्यं च नारायणस्त्वक् च स्पर्शयितव्यं च नारायणो मनश्च मन्तव्यं च नारायणो बुद्धिश्च बोद्धव्यं च नारायणोऽहंकारश्चाहंकर्तव्यं च नारायणश्चित्तं च चेतयितव्यं च नारायणो वाक् च वक्तव्यं च नारायणो हस्तौ चादातव्यं च नारायणः पादौ च गन्तव्यं च नारायणः पायुश्च विसर्जयितव्यं च नारायण उपस्थश्चानन्दयितव्यं च नारायणो धाता विधाता कर्ता विकर्ता दिव्यो देव एको नारायण आदित्या रुद्रा मरुतो वसवोऽश्विनावृचो यजूंषि सामानि मंत्रोऽग्निराज्याहुतिर्नारायण उद्भवः संभवो दिव्यो देव एको

સર્વનાં નેત્રરૂપ છે, સર્વના પર હુકમ ચલાવનારો છે, અન્નમય છે, ભૂતોનો આત્મા છે, પ્રાણમય છે, ઇંદ્રિયોનો આત્મા છે, મનોમય છે, સંકલ્પરૂપ છે, વિજ્ઞાનમય છે, કાળસ્વરૂપ છે, આનંદમય છે, લયસ્વરૂપ છે. તેનામાં એકપણું નથી; દ્વૈતપણું

તો ક્યાંથી હોય ? તેને મરણધર્મ નથી, અમૃત ક્યાંથી હોય? એનામાં અંદર પ્રજ્ઞા નથી, બહાર પ્રજ્ઞા નથી. અંદર–બહાર બન્ને ભાગે પ્રજ્ઞા નથી; એ પ્રજ્ઞાનથી વ્યાપ્ત નથી; ઘણું જાણનારો નથી, ઘણું નહિ જાણનારો પણ નથી; એણે કંઈ જાણેલું નથી અને એને કંઈ જાણવાનું નથી. બસ, આ જ મોક્ષ માટેનો ઉપદેશ છે, આ જ વેદનું શિક્ષણ છે અને આ જ વેદની શિખામણ છે.

પાંચમો ખંડ સમાપ્ત

## છઠ્ઠો ખંડ

સૃષ્ટિની પહેલાં આ જગતમાં કંઈ જ ન હતું; મૂળ વિનાનું અને આધાર વિનાનું હતું. પછી જેમાંથી આ પ્રજાઓ ઉત્પન્ન થઈ છે, એ જ એક દિવ્ય દેવ નારાયણ છે. એ ચક્ષુ છે અને જોવાના વિષયરૂપ છે; એ નારાયણ શ્રોત્ર છે અને સાંભળવાનો વિષય છે; નારાયણ ઘ્રાણેન્દ્રિય છે અને સૂંઘવાનું છે; નારાયણ જીભ છે અને સ્વાદ લેવાનું છે; નારાયણ ત્વચા છે અને સ્પર્શ કરવાનું છે; નારાયણ મન છે અને મનનો વિષય છે; નારાયણ બુદ્ધિ છે અને તેનો વિષય છે; નારાયણ અહંકાર છે અને તેનો વિષય છે; નારાયણ ચિત્ત છે અને ચિંતન છે; નારાયણ વાણી છે અને બોલવાનું છે; નારાયણ હાથ છે અને લેવાનું છે; નારાયણ પગ છે અને તેનો વિષય–જવાનું છે; નારાયણ ગુદા છે અને તેનાથી ત્યજવાનું છે; નારાયણ જનનેંદ્રિય છે અને તેનો વિષય આનંદ છે; નારાયણ ધારણ કરનાર છે, વિધાતા છે, કરનાર છે, વિશેષ રચનાર છે અને એ જ એક દિવ્ય દેવ છે. આદિત્યો, રુદ્રો, વાયુઓ, વસુઓ, બન્ને અશ્વિનીકુમારો, ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, મંત્ર, અગ્નિ અને ઘીની આહુતિ નારાયણ છે.

नारायणो माता पिता भ्राता निवासः शरणं सुहृद्गतिर्नारायणो विराजा सुदर्शनाजितासोम्यामोघाकुमारामृतासत्यामध्यमानासीराशिशुसूर्या-सुरामास्वत्येतानि नाडीनामानि दिव्यानि गर्जति गायति वाति वर्षति वरुणोऽर्यमा चन्द्रमाः कला कलिर्धाता ब्रह्मा प्रजापतिर्मघवा दिवसा-श्चार्धदिवसाश्च कलाः कल्पाश्चोर्ध्वं च दिशश्च सर्वं नारायणः॥ पुरुष एवेदं सर्वं यद्भूतं यच्च भव्यम्। उतामृतत्वस्येशानो यदन्नेनातिरोहति॥ तद्विष्णोः परमं पदं सदा पश्यन्ति सूरयः। दिवीव चक्षुराततम्॥ तद्विप्रासो विमन्यवो जागृवांसः समिन्धते। विष्णोर्यत्परमं पदम्॥ तदेतन्निर्वाणानुशासनमिति वेदानुशासनमिति वेदानुशासनम्॥

इति षष्ठः खण्डः ॥ ६ ॥

## सप्तमः खण्डः

अन्तःशरीरे निहितो गुहायामज एको नित्यो यस्य पृथिवी शरीरं यः पृथिवीमन्तरे संचरन् यं पृथिवी न वेद॥ यस्यापः शरीरं योऽपोन्तरे संचरन्यमापो न विदुः॥ यस्य तेजः शरीरं यस्तेजोन्तरे संचरन् यं तेजो न वेद॥ यस्य वायुः शरीरं यो वायुमन्तरे संचरन् यं वायुर्न वेद॥ यस्याकाशः शरीरं य आकाशमन्तरे संचरन् यमाकाशो न वेद॥ यस्य मनः शरीरं यो मनोन्तरे संचरन् यं मनो न वेद॥ यस्य बुद्धिः शरीरं यो बुद्धिमन्तरे संचरन् यं बुद्धिर्न वेद॥

એ જ દિવ્ય દેવ ઉત્પત્તિરૂપ અને સંભવરૂપ છે. એક નારાયણ જ માતા, પિતા, ભાઈ, રહેઠાણ, શરણ, મિત્ર અને ગતિ છે. એ નારાયણ વિરાજિતા, સુદર્શના, જિતા, સૌમ્યા, મોઘા, કુમારા,

અમૃતા, સત્યા, મધ્યમા, નાસીરા, શિશુ, સૂર્યા, અસુરા અને ભાસ્વતી એવાં દિવ્ય નાડીઓનાં નામો છે; એ નારાયણ જ ગાજે છે, વાય છે અને વર્ષે છે. વરુણ, અર્યમા, ચંદ્રમા, કળાઓ, કલિ, ધાતા, બ્રહ્મા, પ્રજાપતિ, ઇંદ્ર, દિવસો, અર્ધ દિવસો, કળાઓ, કલ્પો, ઉપરનો ભાગ તથા દિશાઓ–એ બધું નારાયણ જ છે. જે કંઈ આ વર્તમાનકાળમાં છે, ભૂતકાળમાં બન્યું છે અને ભવિષ્યમાં બનશે–એ બધું પુરુષ–પરમાત્મા જ છે. એ અમર–પણાના ઇશ્વર છે; અને જે કંઈ અન્ન વડે વૃદ્ધિ પામે છે, તે સર્વ એ પરમાત્મા છે. એ વિષ્ણુનું પરમ પદ છે, એને જ્ઞાનીઓ સદા જુએ છે; એ આકાશમાં ફેલાયેલું ચક્ષુ હોય તેવું છે. એનો ક્રોધરહિત અને જાગ્રત રહેતા બ્રાહ્મણો સાક્ષાત્કાર કરે છે, જે વિષ્ણુનું પરમ પદ છે. આ જ મોક્ષનો ઉપદેશ છે, આ જ વેદનું શિક્ષણ છે અને આ જ વેદની શિખામણ છે.

છઠ્ઠો ખંડ સમાપ્ત

## સાતમો ખંડ

જે શરીરની અંદર હૃદયરૂપી ગુફાની અંદર રહેલો છે, તે આત્મા અજન્મા, એક અને નિત્ય છે. પૃથ્વી જેનું શરીર છે, પૃથ્વીની અંદર જે સંચાર કરે છે છતાં જેને પૃથ્વી જાણતી નથી; જળ જેનું શરીર છે, જળની અંદર જે સંચાર કરે છે છતાં જળ જેને જાણતું નથી; તેજ જેનું શરીર છે, તેજની અંદર જે સંચાર કરે છે છતાં તેજ જેને જાણતું નથી; વાયુ જેનું શરીર છે, વાયુની અંદર જે સંચાર કરે છે છતાં વાયુ જેને જાણતો નથી; આકાશ જેનું શરીર છે, આકાશની અંદર જે સંચાર કરે છે છતાં આકાશ જેને જાણતું નથી; મન જેનું શરીર છે, મનની

यस्याहंकारः शरीरं योऽहंकारमन्तरे संचरन् यमहंकारो न वेद ॥ यस्य चित्तं शरीरं यश्चित्तमन्तरे संचरन् यं चित्तं न वेद ॥ यस्याव्यक्तं शरीरं योऽव्यक्तमन्तरे संचरन् यमव्यक्तं न वेद ॥ यस्याक्षरं शरीरं योऽक्षरमन्तरे संचरन् यमक्षरं न वेद ॥ यस्य मृत्युः शरीरं यो मृत्युमन्तरे संचरन् यं मृत्युर्न वेद ॥ स एष सर्वभूतान्तरात्मापहतपाप्मा दिव्यो देव एको नारायणः ॥ एतां विद्यामपान्तरतमाय ददावपान्तरतमो ब्रह्मणे ददौ ब्रह्मा घोराङ्गिरसे ददौ घोराङ्गिरा रैक्वाय ददौ रैक्वो रामाय ददौ रामः सर्वेभ्यो भूतेभ्यो ददावित्येवं निर्वाणानुशासनमिति वेदानुशासनमिति वेदानुशासनम् ॥

इति सप्तमः खण्डः ॥ ७ ॥

## अष्टमः खण्डः

अन्तःशरीरे निहितो गुहायां शुद्धः सोऽयमात्मा सर्वस्य मेदोमांसक्लेदावकीर्णे शरीरमध्येऽत्यन्तोपहते चित्रभित्तिप्रतीकाशे गान्धर्वनगरोपमे कदलीगर्भवन्निःसारे जलबुद्बुदवचञ्चले निःसृतमात्मानमचिन्त्यरूपं दिव्यं देवमसङ्गं शुद्धं तेजस्कायमरूपं सर्वेश्वरमचिन्त्यमशरीरं निहितं गुहायाममृतं विभ्राजमानमानन्दं तं पश्यन्ति विद्वांसस्तेन लये न पश्यन्ति ॥

इत्यष्टमः खण्डः ॥ ८ ॥

અંદર જે સંચાર કરે છે છતાં મન જેને જાણતું નથી; બુદ્ધિ જેનું શરીર છે, બુદ્ધિની અંદર જે સંચાર કરે છે છતાં બુદ્ધિ જેને જાણતી નથી; અહંકાર જેનું શરીર છે, અહંકારની અંદર જે સંચાર કરે છે છતાં અહંકાર જેને જાણતો નથી; ચિત્ત જેનું શરીર

છે, ચિત્તની અંદર જે સંચાર કરે છે છતાં ચિત્ત જેને જાણતું નથી; પ્રકૃતિ જેનું શરીર છે, પ્રકૃતિની અંદર જે સંચાર કરે છે છતાં પ્રકૃતિ જેને જાણતી નથી; અક્ષર જેનું શરીર છે, અક્ષરની અંદર જે સંચાર કરે છે છતાં અક્ષર જેને જાણતું નથી; અને મૃત્યુ જેનું શરીર છે, મૃત્યુની અંદર જે સંચાર કરે છે છતાં મૃત્યુ જેને જાણતું નથી, એ જ સર્વ ભૂતોનો અંતરાત્મા છે, એનાં પાપો નાશ પામ્યાં છે અને એ જ એક દિવ્ય દેવ નારાયણ છે. આ વિદ્યા નારાયણે અવાંતરતમને આપી હતી; અવાંતરતમે બ્રહ્માને આપી હતી; બ્રહ્માએ ઘોરાંગિરસને આપી હતી; ઘોરાંગિરસે રૈકવને આપી હતી; રૈકવે રામને આપી હતી અને રામે સર્વ ભૂતોને આપી છે. એમ આ મોક્ષના ઉપદેશરૂપ છે. વેદનું શિક્ષણ છે અને વેદની આજ્ઞારૂપ છે.

સાતમો ખંડ સમાપ્ત

## આઠમો ખંડ

સર્વના શરીરની અંદર હૃદયરૂપી ગુફામાં આ શુદ્ધ આત્મા રહેલો છે; શરીર તો મેદ, માંસ અને લોહીથી ભરેલું, અત્યંત નાશવંત, ચિત્રયુક્ત ભીંત જેવું, ગંધર્વનગર જેવું, કેળના ગર્ભ જેવું નિઃસાર અને પાણીના પરપોટા જેવું ચંચળ છે, પણ તેમાંથી જુદો પડેલો આત્મા અચિંત્ય સ્વરૂપવાળો, દિવ્ય, પ્રકાશમાન, સંગરહિત, શુદ્ધ, તેજરૂપ શરીરવાળો, રૂપરહિત, સર્વનો ઈશ્વર, અચિંત્ય અને શરીરરહિત છે. તે હૃદયરૂપી ગુફામાં રહેલો, અમર અને દેદીપ્યમાન છે; જ્ઞાનીઓ આનંદસ્વરૂપ તેને જુએ છે; અને તેમાં પોતાનો લય થતાં તેથી જુદું કંઈ જોતા નથી.

આઠમો ખંડ સમાપ્ત

नवमः खण्डः

अथ हैनं रैक्वः पप्रच्छ भगवन्कस्मिन्सर्वेऽस्तं गच्छन्तीति ॥ तस्मै स होवाच चक्षुरेवाप्येति यश्चक्षुरेवास्तमेति द्रष्टव्यमेवाप्येति यो द्रष्टव्यमेवास्तमेत्यादित्यमेवाप्येति य आदित्यमेवास्तमेति विराजमेवाप्येति यो विराजमेवास्तमेति प्राणमेवाप्येति यः प्राणमेवास्तमेति विज्ञानमेवाप्येति यो विज्ञानमेवास्तमेत्यानन्दमेवाप्येति य आनन्दमेवास्तमेति तुरीयमेवाप्येति यस्तुरीयमेवास्तमेति तदमृतमभयमशोकमनन्तनिर्बीजमेवाप्येतीति होवाच ॥ श्रोत्रमेवाप्येति यः श्रोत्रमेवास्तमेति श्रोतव्यमेवाप्येति यः श्रोतव्यमेवास्तमेति दिशमेवाप्येति यो दिशमेवास्तमेति सुदर्शनामेवाप्येति यः सुदर्शनामेवास्तमेत्यपानमेवाप्येति योऽपानमेवास्तमेति विज्ञानमेवाप्येति यो विज्ञानमेवास्तमेति तदमृतमभयमशोकमनन्तनिर्बीजमेवाप्येतीति होवाच ॥ नासामेवाप्येति यो नासामेवास्तमेति घ्रातव्यमेवाप्येति यो घ्रातव्यमेवास्तमेति पृथिवीमेवाप्येति यः पृथिवीमेवास्तमेति जितामेवाप्येति यो जितामेवास्तमेति व्यानमेवाप्येति यो व्यानमेवास्तमेति विज्ञानमेवाप्येति तदमृत० होवाच ॥ जिह्वामेवाप्येति यो जिह्वामेवास्तमेति

નવમો ખંડ

પછી રૈક્વે ઘોરાંગિરસને પૂછ્યું કે, 'હે ભગવન્! સર્વ પદાર્થો કઈ વસ્તુમાં અસ્ત પામે છે?' ત્યારે ઘોરાંગિરસે રૈક્વને કહ્યું, કે જે પદાર્થ ચક્ષુ પ્રત્યે પ્રાપ્ત થાય છે તે ચક્ષુમાં જ અસ્ત પામે છે; એ ચક્ષુ જોવાના પદાર્થ પ્રત્યે પ્રાપ્ત થાય છે માટે તે જોવાના પદાર્થમાં જ અસ્ત પામે છે, એ જોવાના પદાર્થ સૂર્ય

પ્રત્યે પ્રાપ્ત થાય છે માટે તે સૂર્યમાં જ અસ્ત પામે છે; એ જ સૂર્ય વિરાટ પ્રત્યે પ્રાપ્ત થાય છે માટે તે વિરાટમાં જ અસ્ત પામે છે; એ વિરાટ પ્રાણુ પ્રત્યે પ્રાપ્ત થાય છે માટે તે પ્રાણુમાં જ અસ્ત પામે છે; એ વિરાટ વિજ્ઞાનને પામે છે માટે તે વિજ્ઞાનમાં જ અસ્ત પામે છે; એ વિજ્ઞાન આનંદને પામે છે માટે તે આનંદમાં જ અસ્ત પામે છે; અને આનંદ તુરીયને પામે છે માટે તે અમર, અભય, શોકરહિત, અનંત અને બીજરહિત તુરીય સ્વરૂપને જ પામે છે. એ જ પ્રમાણે જે શ્રોત્રને પામે છે માટે તે શ્રોત્રમાં જ અસ્ત પામે છે; જે શ્રોત્ર સાંભળવાના વિષય-ને પામે છે, માટે તે સાંભળવાના વિષયમાં જ અસ્ત પામે છે; જે સાંભળવાનો વિષય દિશાઓને પામે છે, માટે તે દિશાઓમાં જ અસ્ત પામે છે; એ દિશાઓ સુદર્શનાને પામે છે, માટે તે સુદર્શનામાં જ અસ્ત પામે છે; એ સુદર્શના અપાનમાં જાય છે માટે તે અપાનમાં જ અસ્ત પામે છે; એ અપાન વિજ્ઞાન પ્રત્યે જાય છે માટે વિજ્ઞાનમાં જ અસ્ત પામે છે; એ વિજ્ઞાન તુરીય પ્રત્યે જાય છે માટે તે અમર, નિર્ભય, શોકરહિત, અનંત અને બીજરહિત તુરીયપણાને જ પામે છે. એમ કહીને વળી પણ તેમણે કહ્યું કે, જે પદાર્થ નાકને પામે છે, તે નાકમાં જ અસ્ત પામે છે; એ નાક સૂંઘવાના પદાર્થ પ્રત્યે જાય છે માટે તે સૂંઘ-વાના પદાર્થમાં જ અસ્ત પામે છે; એ સૂંઘવાનો પદાર્થ પૃથ્વી પ્રત્યે જાય છે માટે તે પૃથ્વીમાં જ અસ્ત પામે છે; એ પૃથ્વી જિતા નાડી પ્રત્યે જાય છે માટે તે જિતામાં જ અસ્ત પામે છે; એ જિતા વ્યાન પ્રત્યે જાય છે, માટે તે વ્યાનમાં જ અસ્ત પામે છે; એ વ્યાન વિજ્ઞાન પ્રત્યે જાય છે, માટે વિજ્ઞાનમાં જ અસ્ત પામે છે; અને એ વિજ્ઞાન તુરીય પ્રત્યે જાય છે, માટે તે અમર,

रसयितव्यमेवाप्येति यो रसयितव्यमेवास्तमेति वरुणमेवाप्येति यो वरुणमेवास्तमेति सौम्यामेवाप्येति यः सौम्यामेवास्तमेत्युदानमेवाप्येति य उदानमेवास्तमेति विज्ञानमेवाप्येति तदमृत० होवाच ॥ त्वचमेवाप्येति यस्त्वचमेवास्तमेति स्पर्शयितव्यमेवाप्येति यः स्पर्शयितव्यमेवास्तमेति वायुमेवाप्येति यो वायुमेवास्तमेति मोघामेवाप्येति यो मोघामेवास्तमेति समानमेवाप्येति यः समानमेवास्तमेति विज्ञानमेवाप्येति तद० होवाच ॥ वाचमेवाप्येति यो वाचमेवास्तमेति वक्तव्यमेवाप्येति यो वक्तव्यमेवास्तमेत्यग्निमेवाप्येति यो ऽग्निमेवास्तमेति कुमारामेवाप्येति यः कुमारामेवास्तमेति वैरम्भमेवाप्येति यो वैरम्भमेवास्तमेति विज्ञानमेवाप्येति तद० होवाच ॥ हस्तमेवाप्येति यो हस्तमेवास्तमेत्यादातव्यमेवाप्येति य आदातव्यमेवास्तमेतीन्द्रमेवाप्येति य इन्द्रमेवास्तमेत्यमृतामेवाप्येति योऽमृतामेवास्तमेति मुख्यमेवाप्येति यो मुख्यमेवास्तमेति विज्ञानमेवाप्येति तद० होवाच ॥

નિર્ભય, શોકરહિત, અનંત અને બીજરહિત તુરીયપણાને જ પામે છે. એમ કહી ફરી તેમણે કહ્યું, કે જે પદાર્થ જીભને પામે છે, તે જીભમાં જ અસ્ત પામે છે; એ જીભ સ્વાદ લેવાના પદાર્થ પ્રત્યે જાય છે, માટે તે સ્વાદ લેવાના પદાર્થમાં જ અસ્ત પામે છે; એ સ્વાદ લેવાનો પદાર્થ વરુણ પ્રત્યે જાય છે, માટે તે વરુણમાં જ અસ્ત પામે છે; એ વરુણ સૌમ્યા નાડી પ્રત્યે જાય છે, માટે તે સૌમ્યામાં જ અસ્ત પામે છે; એ સૌમ્યા ઉદાન પ્રત્યે જાય છે, માટે તે ઉદાનમાં જ અસ્ત પામે છે; એ ઉદાન વિજ્ઞાન પ્રત્યે જાય છે, માટે તે વિજ્ઞાનમાં જ અસ્ત પામે છે; એ વિજ્ઞાન તુરીય પ્રત્યે જ જાય છે, માટે તે અમર, નિર્ભય

શોકરહિત, અનંત અને બીજરહિત તુરીયપણાને જ પામે છે. એમ કહીને ફરી તેમણે કહ્યું કે, જે પદાર્થ ત્વચાને પામે છે, તે ત્વચામાં જ અસ્ત પામે છે; એ ત્વચા સ્પર્શ કરવાના પદાર્થને પામે છે, માટે તે સ્પર્શ કરવાના પદાર્થમાં જ અસ્ત પામે છે; એ સ્પર્શ કરવાનો પદાર્થ વાયુને પામે છે, માટે તે વાયુમાં જ અસ્ત પામે છે; એ વાયુ મોઘા નાડીને પામે છે, માટે તે મોઘામાં જ અસ્ત પામે છે; એ મોઘા સમાનને પામે છે, માટે તે સમાનમાં જ અસ્ત પામે છે; એ સમાન વિજ્ઞાનને પામે છે, માટે તે વિજ્ઞાનમાં જ અસ્ત પામે છે; અને તે વિજ્ઞાન તુરીય પ્રત્યે જાય છે, માટે તે અમર, નિર્ભય, શોકરહિત, અનંત અને બીજ રહિત તુરીયપણાને પામે છે. એમ કહી ફરી તેમણે કહ્યું કે, જે વાણીને જ પામે છે, તે વાણીમાં જ અસ્ત થાય છે; એ વાણી બોલવાના શબ્દ પ્રત્યે જાય છે, માટે તે બોલવાના શબ્દમાં જ અસ્ત પામે છે; એ શબ્દ અગ્નિ પ્રત્યે જાય છે, માટે તે અગ્નિમાં જ અસ્ત પામે છે; એ અગ્નિ કુમારા નાડીને પામે છે, માટે તે કુમારામાં જ અસ્ત થાય છે; એ કુમારા વૈરંભ પ્રત્યે જાય છે, માટે તે વૈરંભમાં જ અસ્ત પામે છે; એ વૈરંભ વિજ્ઞાન પ્રત્યે જાય છે, માટે તે વિજ્ઞાનમાં જ અસ્ત પામે છે; અને તે વિજ્ઞાન તુરીય પ્રત્યે જાય છે, માટે તે અમર, નિર્ભય, શોક રહિત, અનંત અને બીજરહિત તુરીયપણાને પામે છે. એમ કહી ફરી તેમણે કહ્યું: જે હાથને પામે છે, તે હાથમાં જ અસ્ત થાય છે, એ હાથ લેવાના પદાર્થ પ્રત્યે જાય છે, માટે તે લેવાના પદાર્થમાં જ અસ્ત પામે છે; એ લેવાનો પદાર્થ ઇંદ્ર પ્રત્યે જાય છે, માટે તે ઇંદ્રમાં જ અસ્ત પામે છે; એ ઇંદ્ર અમૃતા નાડી પ્રત્યે જાય છે, માટે તે અમૃતામાં જ અસ્ત પામે છે; એ અમૃતા મુખ્ય પ્રત્યે જાય છે, માટે તે મુખ્યમાં જ અસ્ત પામે

पादमेवाप्येति यः पादमेवास्तमेति गन्तव्यमेवाप्येति यो गन्तव्यमेवास्तमेति विष्णुमेवाप्येति यो विष्णुमेवास्तमेति सत्यामेवाप्येति यः सत्यामेवास्तमेत्यन्तर्यामेमेवाप्येति योऽन्तर्याममेवास्तमेति विज्ञानमेवाप्येति तद० होवाच ।। पायुमेवाप्येति यः पायुमेवास्तमेति विसर्जयितव्यमेवाप्येति यो विसर्जयितव्यमेवास्तमेति मृत्युमेवाप्येति यो मृत्युमेवास्तमेति मध्यमामेवाप्येति यो मध्यमामेवास्तमेति प्रभञ्जनमेवाप्येति यः प्रभञ्जनमेवास्तमेति विज्ञानमेवाप्येति तद० होवाच ।। उपस्थमेवाप्येति य उपस्थमेवास्तमेत्यानन्दयितव्यमेवाप्येति य आनन्दयितव्यमेवास्तमेति प्रजापतिमेवाप्येति यः प्रजापतिमेवास्तमेति नासीरामेवाप्येति यो नासीरामेवास्तमेति कुमारमेवाप्येति यः कुमारमेवास्तमेति विज्ञानमेवाप्येति तदमृत० होवाच ।। मन एवाप्येति यो मन एवास्तमेति मन्तव्यमेवाप्येति यो मन्तव्यमेवास्तमेति चन्द्रमेवाप्येति यश्चन्द्रमेवास्तमेति शिशुमेवाप्येति यः शिशुमेवास्तमेति श्येनमेवाप्येति यः श्येनमेवास्तमेति विज्ञानमेवाप्येति

છે; એ મુખ્ય વિજ્ઞાન પ્રત્યે જાય છે, માટે તે વિજ્ઞાનમાં જ અસ્ત પામે છે; અને તે વિજ્ઞાન તુરીય પ્રત્યે જાય છે, માટે તે અમર, નિર્ભય, શોકરહિત, અનંત અને બીજરહિત તુરીયપણાને પામે છે. એમ કહી ફરી તેમણે કહ્યું : જે પગ પ્રત્યે જાય છે, તે પગમાં જ લય પામે છે; એ પગ જવાના પ્રદેશ તરફ જાય છે, માટે તે જવાના પ્રદેશમાં જ લય પામે છે; એ જવાનો પ્રદેશ વિષ્ણુ પ્રત્યે જાય છે, માટે તે વિષ્ણુમાં જ લય પામે છે; એ વિષ્ણુ સત્યા નાડી તરફ જાય છે, માટે તે સત્યામાં જ લય પામે છે, એ સત્યા અંતર્યામ તરફ જ જાય છે, માટે તે

અંતર્યામમાં જ લય પામે છે; તે અંતર્યામ વિજ્ઞાન તરફ જાય છે, માટે વિજ્ઞાનમાં જ લય પામે છે; અને તે વિજ્ઞાન તુરીય પ્રત્યે જાય છે, માટે તે અમર, નિર્ભય, શોકરહિત, અનંત અને બીજ-રહિત તુરીયપણાને પામે છે. એમ કહી ફરી તેમણે કહ્યું : જે ગુદાને જ પામે છે, તે ગુદામાં જ લય પામે છે; એ ગુદા ત્યજવા યોગ્ય મળત્યાગને જ પામે છે, માટે એ ત્યજવા યોગ્યને જ પામે છે; એ મળત્યાગ મૃત્યુને જ પામે છે, માટે તે મૃત્યુમાં જ અસ્ત થાય છે; એ મૃત્યુ મધ્યમા નાડીને પામે છે, માટે તે એ મધ્યમામાં જ લય પામે છે; એ મધ્યમા પ્રભંજન વાયુને જ પામે છે, માટે તે પ્રભંજનમાં જ અસ્ત થાય છે; તે પ્રભંજન વિજ્ઞાનને જ પામે છે, માટે તે વિજ્ઞાનમાં જ અસ્ત પામે છે; અને તે વિજ્ઞાન તુરીય પ્રત્યે જાય છે, માટે તે અમર, નિર્ભય, શોક-રહિત, અનંત અને બીજરહિત તુરીયપણાને પામે છે. એમ કહી ફરી તેમણે કહ્યું : જે ઉપસ્થને પામે છે, તે ઉપસ્થમાં જ લય પામે છે; એ ઉપસ્થ આનંદરૂપ વિષયને જ પામે છે, માટે તે આનંદમાં જ લય પામે છે; એ આનંદ પ્રજાપતિ પ્રત્યે જાય માટે પ્રજાપતિમાં જ લય પામે છે, એ પ્રજાપતિ નાસીરા નાડી તરફ જાય છે, માટે એ નાસીરામાં જ લય પામે છે; એ નાસીરા કુમારા નાડી તરફ જાય છે, માટે તે કુમારામાં જ લય પામે છે; એ કુમારા વિજ્ઞાન તરફ જ જાય છે, માટે તે વિજ્ઞાનમાં જ લય પામે છે; અને તે વિજ્ઞાન તુરીયને જ પામે છે, માટે તે અમર, નિર્ભય, શોકરહિત, અનંત અને બીજરહિત તુરીયપણાને પામે છે. એમ કહી ફરી તેમણે કહ્યું : જે મનને પામે છે, તે મનમાં જ લય પામે છે; એ મન વિચારવા યોગ્યને પામે છે, માટે તે વિચારવા યોગ્યમાં જ લય પામે છે; એ વિચારવાનું ચંદ્ર પ્રત્યે જાય છે; માટે તે ચંદ્ર વિષે જ અસ્ત પામે છે; એ ચંદ્ર

तदमृत० होवाच ॥ बुद्धिमेवाप्येति यो बुद्धिमेवास्तमेति बोद्धव्य-मेवाप्येति यो बोद्धव्यमेवास्तमेति ब्रह्माणमेवाप्येति यो ब्रह्माणमेवा-स्तमेति सूर्यामेवाप्येति यः सूर्यामेवास्तमेति कृष्णमेवाप्येति यः कृष्णमेवास्तमेति विज्ञानमेवाप्येति तदमृत० होवाच ॥ अहंकारमे-वाप्येति योऽहंकारमेवास्तमेत्यहंकर्तव्यमेवाप्येति योऽहंकर्तव्यमेवा-स्तमेति रुद्रमेवाप्येति यो रुद्रमेवास्तमेत्यसुरामेवाप्येति योऽसुरामेवा-स्तमेति श्वेतमेवाप्येति यः श्वेतमेवास्तमेति विज्ञानमेवाप्येति तदमृत० होवाच ॥ चित्तमेवाप्येति यश्चित्तमेवास्तमेति चेतयितव्यमेवाप्येति यश्चेतयितव्यमेवास्तमेति क्षेत्रज्ञमेवाप्येति यः क्षेत्रज्ञमेवास्तमेति भास्वतीमेवाप्येति यो भास्वतीमेवास्तमेति नागमेवाप्येति यो नाग-मेवास्तमेति विज्ञानमेवाप्येति यो विज्ञानमेवास्तमेत्यानन्दमेवाप्येति य आनन्दमेवास्तमेति तुरीयमेवाप्येति यस्तुरीयमेवास्तमेति तदमृत-मभयमशोकमनन्तं निर्बीजमेवाप्येति तद० होवाच ॥ य एवं निर्बीजं

શિશુ નાડી તરફ જાય છે, માટે તે શિશુમાં જ લય પામે છે; એ શિશુ શ્યેન તરફ જાય છે, માટે તે શ્યેનમાં જ લય પામે છે; તે શ્યેન વિજ્ઞાન તરફ જાય છે, માટે તે અમર, નિર્ભય, શોકરહિત, અનંત અને બીજરહિત તુરીયપણાને પામે છે. એમ કહી ફરી તેમણે કહ્યું : જે બુદ્ધિને પામે છે, તે બુદ્ધિમાં જ લય પામે છે, એ બુદ્ધિ જાણવાના વિષય તરફ જાય છે, માટે તે જાણવાના વિષયમાં જ લય પામે છે; એ જાણવાનો વિષય બ્રહ્મા તરફ જાય છે, માટે તે બ્રહ્મામાં જ અસ્ત પામે છે; એ બ્રહ્મા સૂર્યા નાડીને પામે છે, માટે તે સૂર્યામાં જ લય પામે છે, તે સૂર્યા કૃષ્ણને જ પામે છે, માટે તે કૃષ્ણમાં જ લય પામે

છે; તે કૃષ્ણુ વિજ્ઞાનને જ પામે છે, માટે તે વિજ્ઞાનમાં જ લય પામે છે, અને તે વિજ્ઞાન તુરીયને જ પામે છે, માટે તે અમર, નિર્ભય, શોકરહિત, અનંત અને બીજરહિત તુરીયપણાને પામે છે. એમ કહી ફરી તેમણે કહ્યું: જે અહંકારને પામે છે, તે અહંકારમાં જ લય પામે છે; એ અહંકાર અહંકાર કરવા યોગ્યને જ પામે છે, માટે તે અહંકાર કરવા યોગ્યમાં જ લય પામે છે; એ અહંકાર કરવા યોગ્ય રુદ્રને જ પામે છે, માટે તે રુદ્રમાં જ લય પામે છે; એ રુદ્ર અસુરા નાડીને પામે છે, માટે તે અસુરામાં જ લય પામે છે; તે અસુરા શ્વેતને પામે છે, માટે તે શ્વેતમાં જ લય પામે છે; એ શ્વેત વિજ્ઞાનને પામે છે, માટે તે વિજ્ઞાનમાં જ લય પામે છે; અને તે વિજ્ઞાન તુરીયને પામે છે, માટે તે અમર, નિર્ભય, શોકરહિત અનંત અને બીજરહિત તુરીયપણાને પામે છે. એમ કહી ફરી તેમણે કહ્યું: જે ચિત્તને પામે છે, તે ચિત્તમાં જ લય પામે છે; એ ચિત્ત ચિંતન કરવા યોગ્યને પામે છે, માટે તે ચિંતન કરવા યોગ્યમાં જ અસ્ત પામે છે; એ ચિંતનનો વિષય ક્ષેત્રજ્ઞને પામે છે માટે તે ક્ષેત્રજ્ઞમાં જ લય પામે છે; એ ક્ષેત્રજ્ઞ ભાસ્વતી નાડીમાં જાય છે, માટે તે ભાસ્વતીમાં જ લય પામે છે; એ ભાસ્વતી નાગ વાયુમાં જાય છે, માટે તે નાગમાં જ અસ્ત પામે છે; એ નાગ વિજ્ઞાન તરફ જ જાય છે, માટે તે વિજ્ઞાનમાં જ લય પામે છે; એ વિજ્ઞાન આનંદને પામે છે; માટે તે આનંદમાં જ લય પામે છે અને તે આનંદ અમૃત, અભય, શોકરહિત, અનંત અને બીજ વિનાના તુરીયમાં જાય છે, માટે તે અમર, નિર્ભય, શોક રહિત, અનંત અને બીજરહિત તુરીયપણાને પામે છે, એમ તેમણે કહ્યું.

એમ જે નિર્બીજ તત્ત્વને જાણે છે, તે નિર્બીજ થાય છે.

वेद निर्बीज एव स भवति न जायते न म्रियते न मुह्यते न भिद्यते न दह्यते न छिद्यते न कम्पते न कुप्यते सर्वदहनोऽयमात्मेत्याचक्षते नैवमात्मा प्रवचनशतेनापि लभ्यते न बहुश्रुतेन न बुद्धिज्ञानाश्रितेन न मेधया न वेदैर्न यज्ञैर्न तपोभिरुग्रैर्न सांख्यैर्न योगैर्नाश्रमैर्नान्यैरात्मानमुपलभन्ते प्रवचनेन प्रशंसया व्युत्थानेन तमेतं ब्राह्मणा शुश्रुवांसोऽनूचाना उपलभन्ते शान्तो दान्त उपरतस्तितिक्षुः समाहितो भूत्वात्मन्येवात्मानं पश्यति सर्वस्यात्मा भवति य एवं वेद ॥

इति नवमः खण्डः ॥ ९ ॥

## दशमः खण्डः

अथ हैनं रैक्वः पप्रच्छ भगवन्कस्मिन्सर्वे संप्रतिष्ठिता भवन्तीति रसातललोकेष्विति होवाच कस्मिन्रसातललोका ओताश्च प्रोताश्चेति भूर्लोकेष्विति होवाच कस्मिन्भूर्लोका ओताश्च प्रोताश्चेति भुवर्लोकेष्विति होवाच कस्मिन्भुवर्लोका ओताश्च प्रोताश्चेति सुवर्लोकेष्विति होवाच कस्मिन्सुवर्लोका ओताश्च प्रोताश्चेति महर्लोकेष्विति होवाच कस्मिन्महर्लोका ओताश्च प्रोताश्चेति जनोलोकेष्विति होवाच कस्मिन् जनोलोका ओताश्च प्रोताश्चेति तपोलोकेष्विति होवाच कस्मिंस्तपोलोका ओताश्च प्रोताश्चेति सत्यलोकेष्विति होवाच कस्मिन्सत्यलोका ओताश्च प्रोताश्चेति प्रजापतिलोकेष्विति होवाच कस्मिन्प्रजापतिलोका ओताश्च प्रोताश्चेति ब्रह्मलोकेष्विति होवाच कस्मिन्ब्रह्मलोका ओताश्च

તે જન્મતો નથી, મરતો નથી, મોહ પામતો નથી, ભેદાતો નથી, બળતો નથી, છેદાતો નથી, કંપતો નથી, અને કોપ કરતો નથી. એ તો સર્વને બાળનારો આત્મા જ છે, એમ આત્મવેત્તા-

ઓ કહે છે. આ આત્મા સેંકડો પ્રવચનો કરવાથી મળતો નથી, ઘણાં શાસ્ત્રોથી પ્રાપ્ત થતો નથી, બુદ્ધિ કે જ્ઞાનનો આશ્રય કરવાથી પણ મળતો નથી, તેમ જ મેધાથી, વેદોથી, યજ્ઞોથી, ઉગ્ર તપશ્ચર્યાઓથી, સાંખ્યજ્ઞાનથી, યોગથી; આશ્રમોથી કે બીજા કોઈ પ્રયત્નોથી તે પ્રાપ્ત થતો નથી. જે બ્રહ્મનિષ્ઠ પુરુષો પ્રવચન વડે, પ્રશંસા વડે અને સમાધિમાંથી બહાર આવી આત્મા વિષે શ્રવણ કરે છે અને વ્યાખ્યાનો કરે છે, તેઓ જ એને પામે છે; માટે શમગુણ, દમગુણ, ઉપરતિ તથા તિતિક્ષામાં સ્થિતિ કરી સમાધિનિષ્ઠ થયેલો પુરુષ આત્માને વિષે જ આત્માને જુએ છે. જે પુરુષ એમ જાણે છે, તે સર્વનો આત્મા થાય છે.

નવમો ખંડ સમાપ્ત

## દસમો ખંડ

વળી પણ રૈકવે એ ઘોરાંગિરસને પૂછ્યું કે, 'હે ભગવન્! કયા પદાર્થમાં સર્વ પદાર્થો રહ્યા છે?' ત્યારે તેમણે કહ્યું કે, રસાતલના લોકોમાં સર્વે રહ્યા છે. એ રસાતલના લોકો શેમાં ઓતપ્રોત રહ્યા છે? 'ભૂર્લોકમાં' એમ તેમણે કહ્યું. એ ભૂર્લોક શેમાં ઓતપ્રોત છે? 'ભૂવર્લોકમાં' એમ તેમણે કહ્યું. એ ભુવ-ર્લોક શેમાં ઓતપ્રોત છે? 'સુવર્લોકમાં' એમ તેમણે કહ્યું. એ એ સુવર્લોક શામાં ઓતપ્રોત છે? 'મહર્લોકમાં' એમ તેમણે કહ્યું. એ મહર્લોક શામાં ઓતપ્રોત છે? 'જનલોકમાં' એમ તેમણે કહ્યું. એ જનલોક શામાં ઓતપ્રોત છે? 'તપોલોકમાં' એમ તેમણે કહ્યું. એ તપોલોક શામાં ઓતપ્રોત છે? 'સત્ય-લોકમાં' એમ તેમણે કહ્યું. એ સત્યલોક શામાં ઓતપ્રોત છે? 'પ્રજાપતિલોકમાં' એમ તેમણે કહ્યું. એ પ્રજાપતિલોક શામાં ઓતપ્રોત છે? 'બ્રહ્મલોકમાં' એમ તેમણે કહ્યું. એ બ્રહ્મલોક શામાં

प्रोताश्चेति सर्वलोका आत्मनि ब्रह्मणि मणय इवौताश्च प्रोताश्चेति स होवाचैवमेतान् लोकानात्मनि प्रतिष्ठितान्वेदात्मैव स भवतीत्येतन्निर्वाणानुशासनमिति वेदनुशासनमिति वेदानुशासनम् ॥

इति दशमः खण्डः ॥ १० ॥

## एकादशः खण्डः

अथ हैनं रैक्वः पप्रच्छ भगवन्योऽयं विज्ञानघन उत्क्रामन्स केन कतरद्वावस्थानमुत्सृज्यापक्रामतीति तस्मै स होवाच हृदयस्य मध्ये लोहितं मांसपिण्डं यस्मिंस्तद्दहरं पुण्डरीकं कुमुदमिवानेकधा विकसितं तस्य मध्ये समुद्रः समुद्रस्य मध्ये कोशस्तस्मिन्नाड्यश्चतस्रो भवन्ति रमारमेच्छाऽपुनर्भवेति तत्र रमा पुण्येन पुण्यं लोकं नयत्यरमा पापेन पापमिच्छया यत्स्मरति तदभिसंपद्यते अपुनर्भवया कोशं भिनत्ति कोशं भित्त्वा शीर्षकपालं भिनत्ति शीर्षकपालं भित्त्वा पृथिवीं भिनत्ति पृथिवीं भित्त्वापो भिनत्त्यापो भित्त्वा तेजो भिनत्ति तेजो भित्त्वा वायुं भिनत्ति वायुं भित्त्वाकाशं भिनत्त्याकाशं भित्त्वा मनो भिनत्ति मनो भित्त्वा भूतादिं भिनत्ति भूतादिं भित्त्वा महान्तं भिनत्ति महान्तं भित्त्वाव्यक्तं भिनत्त्यव्यक्तं भित्त्वाक्षरं भिनत्त्यक्षरं भित्त्वा मृत्युं भिनत्ति मृत्युर्वै परे देव एकीभवतीति परस्तान्न सन्नासन्न सदसदित्येतन्निर्वाणानुशासनमिति वेदानुशासनमिति वेदानुशासनम् ॥

इत्येकादशः खण्डः ॥ ११ ॥

ઓતપ્રોત છે? 'સર્વ લોકો આત્મારૂપ બ્રહ્મમાં મણકાઓની પેઠે ઓતપ્રોત છે' એમ તેમણે કહ્યું. જે મનુષ્ય આ લોકોને આત્મામાં જ રહેલા જાણે છે, તે આત્મા જ બની રહે છે, એમ આ

મોક્ષ વિષેનો ઉપદેશ છે. આ જ વેદનું શિક્ષણ છે; આ જ વેદની આજ્ઞા છે.

દશમો ખંડ સમાપ્ત

## અગિયારમો ખંડ

વળી પણ રૈકવે એમને પૂછ્યું કે, 'હે ભગવન્ ! આ વિજ્ઞાનમય આત્મા શરીરમાંથી જ્યારે બહાર નીકળે છે, ત્યારે કયા માર્ગે કયું સ્થાન છોડીને બહાર જાય છે?' તે સાંભળી ઘોરાંગિરસે તેને કહ્યું કે, 'હૃદયની મધ્યે લાલ માંસનો પિંડ છે, તેમાં ચંદ્રવિકાસી કમળ જેવું ધોળું અતિ સૂક્ષ્મ કમળ છે. તે અનેક પ્રકારે વિકાસ પામ્યું છે. તેની મધ્યે સમુદ્ર છે. એ સમુદ્ર મધ્યે કોશ (કળી) છે. તેમાં ચાર નાડીઓ છે: રમા, અરમા, ઇચ્છા અને અપુનર્ભવા. તેમાંની રમા પુણ્ય વડે પુણ્યલોકમાં લઈ જાય છે; અરમા પાપ વડે પાપલોકમાં લઈ જાય છે; ઇચ્છા નાડી વડે જેનું સ્મરણ કરે છે, તેને પામે છે; અને અપુનર્ભવા વડે એ કોશને ખુલ્લો કરે છે; કોશને ખુલ્લો કરી માથાની ખોપરીને ખુલ્લી કરે છે; માથાની ખોપરીને ખોલી પૃથ્વીને ભેદી જળને ભેદે છે; જળને ભેદી તેજને ભેદે છે; તેજને ભેદી વાયુને ભેદે છે; વાયુને ભેદી આકાશને ભેદે છે; આકાશને ભેદી મનને ભેદે છે; મનને ભેદી અહંકારને ભેદે છે, અહંકારને ભેદી મહત્તત્ત્વને ભેદે છે; મહત્તત્ત્વને ભેદી પ્રકૃતિને ભેદે છે; પ્રકૃતિને ભેદી અક્ષરને ભેદે છે; અક્ષરને ભેદી મૃત્યુને ભેદે છે; અને તે મૃત્યુ પરમ દેવ પરમાત્મામાં જ એકરૂપ થાય છે. એ પછી સત્ નથી, અસત્ નથી કે સદસત્ નથી; એમ આ મોક્ષનો ઉપદેશ છે. આ વેદનું શિક્ષણ છે, આ જ વેદની આજ્ઞા છે.

અગિયારમો ખંડ સમાપ્ત

## द्वादशः खण्डः

ॐ नारायणाद्वा अन्नमागतं पक्वं ब्रह्मलोके महासंवर्तके पुनः पक्वमादित्ये पुनः पक्वं क्रव्यादि पुनः पक्वं जालकिलक्लिन्नं पर्युषितं पूतमन्नमयाचितसंक्लृप्तमश्नीयान्न कंचन याचेत ॥

इति द्वादशः खण्डः ॥ १२ ॥

## त्रयोदशः खण्डः

बाल्येन तिष्ठासेद्बालस्वभावोऽसङ्गो निरवद्यो मौनेन पाण्डित्येन निरवधिकारतयोपलभ्येत कैवल्यमुक्तं निगमनं प्रजापतिरुवाच महत्पदं ज्ञात्वा वृक्षमूले वसेत कुचेलोऽसहाय एकाकी समाधिस्थ आत्मकाम आप्तकामो निष्कामो जीर्णकामो हस्तिनि सिंहे दंशे मशके नकुले सर्पराक्षसगन्धर्वे मृत्यो रूपाणि विदित्वा न बिभेति कुतश्चनेति वृक्षमिव तिष्ठासेच्छिद्यमानोऽपि न कुप्येत न कम्पेतोत्पलमिव तिष्ठासच्छिद्यमानोऽपि न कुप्येत न कम्पेताकाशमिव तिष्ठासेच्छिद्यमानोऽपि न कुप्येत न कम्पेत सत्येन तिष्ठासेत्सत्योऽयमात्मा सर्वेषामेव गन्धानां पृथिवी हृदयं सर्वेषामेव रसानामापो हृदयं सर्वेषामेव रूपाणां तेजो हृदयं सर्वेषामेव स्पर्शानां वायुर्हृदयं सर्वेषामेव शब्दानामाकाशं हृदयं सर्वेषामेव गतीनामव्यक्तं हृदयं सर्वेषामेव सत्त्वानां मृत्युर्हृदयं मृत्युर्वै परे देव एकीभवतीनि परस्तान्न सन्नासन्न सदसदित्येतन्निर्वाणानुशासनमिति वेदानुशासनमिति वेदानुशासनम् ॥

इति त्रयोदशः खण्डः ॥ १३ ॥

## બારમો ખંડ

ૐ નારાયણથી અન્ન આવેલું છે. તે બ્રહ્મલોકમાં પાકેલું છે, ફરી મહાસંવર્તકમાં પાકેલું છે, ફરી સૂર્યમાં પાકેલું છે અને ફરી ક્રવ્યાદમાં પાકયું છે. એ અન્નને સંન્યાસીએ જળમાં ભીનું કરી વાસી તથા પવિત્ર કરી ખાવું; તે માગેલું અને પોતાને માટે તૈયાર કરેલું પણ ન હોવું જોઈએ. આમ સંન્યાસીએ કોઈની પાસે અન્ન માંગવું ન જોઈએ.

બારમો ખંડ સમાપ્ત

## તેરમો ખંડ

(જ્ઞાનીએ) બાળપણમાં રહેવા ઇચ્છવું, બાળક જેવા સ્વભાવના થવું, સંગરહિત અને નિર્દોષ રહેવું. મૌન તથા પંડિતાઈ જાળવી અમુક કોઈ અવધિ કરનાર તરીકે ન જણાવું. આ છેલ્લી કૈવલ્ય સ્થિતિ કહી છે. પ્રજાપતિએ કહ્યું છે કે, મહાન પદને જાણ્યા પછી ઝાડનાં મૂળ પાસે રહેવું; ખરાબ વસ્ત્રો પહેરવાં, કોઈની સહાય ન લેવી અને એકલા સમાધિમાં રહેવું. આવો પુરુષ આત્માની જ કામનાવાળો પૂર્ણકામ તથા નિષ્કામ થાય છે. તેની સર્વ કામનાઓ જીર્ણ થાય છે. તે હાથી, સિંહ, ડાંસ, મચ્છર, નોળિયો, સર્પ, રાક્ષસ કે ગંધર્વમાં મૃત્યુનાં રૂપો જાણી કોઈથી ડરતો નથી; ઝાડ જેવો રહેવા ઇચ્છે છે; કોઈ કાપી નાખે તોપણ કોપ ન કરે, કંપે નહિ; કમળ જેવો નિર્લેપ રહેવા ઇચ્છે; છેદાય છતાં ગુસ્સો ન કરે, ડગે નહિ; આકાશ જેવો રહેવા ઇચ્છે; છિન્નભિન્ન કરાય તોપણ ક્રોધ ન કરે અને કંપે નહિ; સત્ય સાથે જ રહેવા ઇચ્છે; આ આત્મા સત્ય છે. સર્વ ગંધોનું હૃદય પૃથ્વી છે; સર્વ રસોનું હૃદય જળ છે; સર્વ રૂપનું હૃદય તેજ છે; સર્વ સ્પર્શોનું હૃદય વાયુ છે, સર્વ શબ્દોનું હૃદય

## चतुर्दशः खण्डः

ॐपृथिवी वान्नमापोऽन्नादा आपो वान्नं ज्योतिरन्नादं ज्योतिर्वान्नं वायुरन्नादो वायुर्वान्नमाकाशोऽन्नाद आकाशो वान्नमिन्द्रियाण्यन्नादानीन्द्रियाणि वान्नं मनोऽन्नादं मनो वान्नं बुद्धिरन्नादा बुद्धिर्वान्नमव्यक्तमन्नादमव्यक्तं वान्नमक्षरमन्नादमक्षरं वान्नं मृत्युरन्नादो मृत्युर्वै परे देव एकीभवतीति परस्तान्न सन्नासन्न सदसदित्येतन्निर्वाणानुशासनमिति वेदानुशासनमिति वेदानुशासनम् ॥

इति चतुर्दशः खण्डः ॥ १४ ॥

## पञ्चदशः खण्डः

अथ हैनं रैक्कः पप्रच्छ भगवन्योऽयं विज्ञानघन उत्क्रामन्स केन कतरद्वाव स्थानं दहतीति तस्मै स होवाच योऽयं विज्ञानघन उत्क्रामन्प्राणं दहत्यपानं व्यानमुदानं समानं वैरम्भं मुख्यमन्तर्यामं प्रभञ्जनं कुमारं श्येनं श्वेतं कृष्णं नागं दहति पृथिव्यापस्तेजोवाय्वाकाशं दहति जागरितं स्वप्नं सुषुप्तं तुरीयं च महतां च लोकं परं च लोकं दहति लोकालोकं दहति धर्माधर्मं दहत्यभास्करममर्यादं निरालोकमतः परं दहति महान्तं दहत्यव्यक्तं दहत्यक्षरं दहति मृत्युं

આકાશ છે. સર્વ ગતિઓનું હૃદય પ્રકૃતિ છે, સર્વ પ્રાણીઓનું હૃદય મૃત્યુ છે; અને તે મૃત્યુ જ પરમ દેવ પરમાત્મામાં એકરૂપ બને છે. તે પછી સત્ નથી, અસત્ નથી અને સદસત્ નથી, એમ આ મોક્ષનો ઉપદેશ છે. આ વેદનું શિક્ષણ છે અને આ જ વેદની આજ્ઞા છે.

તેરમો ખંડ સમાપ્ત

## ચૌદમો ખંડ

ૐ પૃથ્વી અન્ન છે અને જળ અન્ન ખાનાર છે; જળ અન્ન છે અને તેજ અન્ન ખાનાર છે; તેજ અન્ન છે અને વાયુ અન્ન ખાનાર છે; વાયુ અન્ન છે અને આકાશ અન્ન ખાનાર છે; આકાશ અન્ન છે અને ઇંદ્રિયો અન્ન ખાનાર છે; ઇંદ્રિયો અન્ન છે અને મન અન્ન ખાનાર છે; મન અન્ન છે અને બુદ્ધિ અન્ન ખાનાર છે; બુદ્ધિ અન્ન છે અને પ્રકૃતિ અન્ન ખાનાર છે; પ્રકૃતિ અન્ન છે અને અક્ષર અન્ન ખાનાર છે. અક્ષર અન્ન છે અને મૃત્યુ અન્ન ખાનાર છે. એ મૃત્યુ જ પરમ દેવ પરમાત્મામાં એકરૂપ થાય છે. તે પછી સત્ નથી, અસત્ નથી અને સદસત્ પણ નથી. એમ આ મોક્ષનો ઉપદેશ છે. આ વેદનું શિક્ષણ છે અને આ વેદની આજ્ઞા છે.

ચૌદમો ખંડ સમાપ્ત

## પંદરમો ખંડ

વળી રૈકવે એ ઘોરાંગિરસને પૂછયું કે, 'હે ભગવન્! આ વિજ્ઞાનમય આત્મા જ્યારે શરીરમાંથી બહાર નીકળે છે, ત્યારે કોના વડે કયા સ્થાનને બાળે છે?' તે સાંભળી તેમણે તેને કહ્યું કે, 'આ વિજ્ઞાનઘન આત્મા જ્યારે બહાર નીકળે છે, ત્યારે પ્રથમ પ્રાણને, અપાનને, વ્યાનને, ઉદાનને, સમાનને, વૈરંભને, મુખ્યને, અંતર્યામને, પ્રભંજનને, કુમારને, શ્યેનને, શ્વેતને, કૃષ્ણને તથા નાગને બાળે છે. પછી પૃથ્વી, જળ, તેજ, વાયુ તથા આકાશને બાળે છે; પછી જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ, તુરીય, મોટાઓના લોક અને પરલોકને બાળે છે, પછી લોક તથા આ લોકને બાળે છે; ધર્મ તથા અધર્મને બાળે છે; પછી સૂર્ય વિનાનાં, મર્યાદા વિનાનાં તથા પ્રકાશ વિનાનાં સ્થાનને બાળે છે. તે પછી મહત્તત્ત્વને બાળે છે, પ્રકૃતિને બાળે છે, અક્ષરને બાળે છે,

दहति मृत्युर्वै परे देव एकीभवतीति परस्तान्न सन्नासन्न सदसदित्येतन्निर्वाणानुशासनमिति वेदानुशासनमिति वेदानुशासनम् ॥

इति पञ्चदशः खण्डः ॥ १५ ॥

## षोडशः खण्डः

सौबालबीजब्रह्मोपनिषन्नाप्रशान्ताय दातव्या नापुत्राय नाशिष्याय नासंवत्सररात्रोषिताय नापरिज्ञातकुलशीलाय दातव्या नैव च प्रवक्तव्या। यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ। तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मन इत्येतन्निर्वाणानुशासनमिति वेदानुशासनमिति वेदानुशासनम् ॥

इति षोडशः खण्डः ॥ १६ ॥

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते। पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥ ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

इति सुबालोपनिषत्समाप्ता ॥

મૃત્યુને બાળે છે; એ મૃત્યુ જ પરમ દેવ પરમાત્મામાં એકરૂપ થાય છે. તે પછી સત્ નથી, અસત્ નથી કે સત્–અસત્ રહેતું નથી. એમ આ મોક્ષનો ઉપદેશ છે, આ વેદનું શિક્ષણ છે, આ વેદની આજ્ઞા છે.

પંદરમો ખંડ સમાપ્ત

## સોળમો ખંડ

સૌબાલ જેનું બીજ છે, એવી આ બ્રહ્મની ઉપનિષદ જે અત્યંત શાંત ન હોય તેને આપવી નહિ; જે પુત્ર ન હોય, શિષ્ય ન હોય અને એક વર્ષ સુધી પાસે ન રહ્યો હોય એવા અજાણ્યા કુળ–શીલવાળાને પણ આપવી નહિ કે કહેવી નહિ; કેમ કે જેને પરમાત્મા ઉપર તથા પરમાત્મા જેવી જ ગુરુ ઉપર પરમ ભક્તિ હોય તેના માટે જ આ અર્થો કહ્યા છે; અને એવા મહાત્માને જ આ પ્રકાશે છે, એમ આ મોક્ષનો ઉપદેશ છે, વેદનું શિક્ષણ છે અને વેદની આજ્ઞા છે.

સોળમો ખંડ સમાપ્ત

ૐ એ બ્રહ્મ પૂર્ણ છે. આ જગત પૂર્ણ છે; એ પૂર્ણ બ્રહ્મમાંથી આ પૂર્ણ જગત ઉત્પન્ન થાય છે. એ પૂર્ણ બ્રહ્મમાંથી પૂર્ણ જગત કાઢી લઈએ, તો પૂર્ણ બ્રહ્મ જ બાકી રહે છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ઇતિ સુબાલોપનિષદ સમાપ્ત

# क्षुरिकोपनिषत्

**शान्तिपाठः**–ॐ सह नाववतु सह नौ भुनक्तु सह वीर्यं करवावहै।
तेजस्वि नावधीतमस्तु मा विद्विषावहै।
ॐ शान्तिः शान्तिः शान्तिः॥

ॐ क्षुरिकां संप्रवक्ष्यामि धारणां योगसिद्धये। यां प्राप्य न पुनर्जन्म योगयुक्तस्य जायते॥१॥ वेदतत्त्वार्थविहितं यथोक्तं हि स्वयंभुवा। निःशब्दं देशमास्थाय तत्रासनमवस्थितः॥२॥ कूर्मोऽङ्गानीव संहृत्य मनो हृदि निरुध्य च। मात्राद्वादशयोगेन प्रणवेन शनैः शनैः॥३॥ पूरयेत्सर्वमात्मानं सर्वद्वारं निरुध्य च। उरोमुखकटिग्रीवं किंचिद्धृदयमुन्नतम्॥४॥ प्राणान्संधारयेत्तस्मिन्नासाभ्यन्तरचारिणः। भूत्वा तत्र गतप्राणः शनैरथ समुत्सृजेत्॥५॥ स्थिरमात्रादृढं कृत्वा अङ्गुष्ठेन समाहितः। द्वे गुल्फे तु प्रकुर्वीत जङ्घे चैव त्रयस्त्रयः॥६॥ द्वे जानुनी तथोरुभ्यां गुदे शिश्ने त्रयस्त्रयः। वायोरायतनं चात्र नाभिदेशे समाश्रयेत्॥७॥ तत्र नाडी सुषुम्ना तु नाडीभिर्बहुभिर्वृता। अणु रक्ताश्च पीताश्च कृष्णास्ताम्रा विलोहिताः॥८॥ अतिसूक्ष्मां च तन्वीं च शुक्लां नाडीं समाश्रयेत्। तत्र संचारयेत्प्राणानूर्णनाभीव तन्तुना॥९॥ ततो रक्तोत्पलाभासं

# ૬ : ક્ષુરિકા ઉપનિષદ્

**શાંતિપાઠ :**—ૐ બ્રહ્મ અમારું બન્ને( ગુરુ–શિષ્ય )નું સાથે રક્ષણ કરો. અમારું બન્નેનું સાથે પાલન કરો. અમે બન્ને સાથે પરાક્રમ કરીએ; અમારું બન્નેનું ભણતર તેજસ્વી થાઓ; અમે કોઈનો દ્વેષ ન કરીએ. ૐ શાંતિ : શાંતિ : શાંતિ :

યોગની સિદ્ધિને માટે ધારણારૂપ ક્ષુરિકા–અર્થાત્ છરી હું કહું છું, જેને પ્રાપ્ત કરી યોગયુક્ત થયેલાનો પુનર્જન્મ થતો નથી.૧ ઘોંઘાટ વિનાના ઠેકાણામાં આસન લગાવી બેસવું; અને જેમ કાચબો પોતાના અવયવોને સંકોચી લે, તેમ મનને હૃદયમાં રોકવું. ત્યાર પછી ધીમે ધીમે બાર માત્રાવાળા ૐકાર વડે વેદના તત્ત્વાર્થ-રૂપે વિધાન કરેલું અને બ્રહ્માએ જેમ કહ્યું છે તેમ આખા શરીરને પૂરક પ્રાણાયામથી પૂર્ણ કરવું; અને છાતી, મોઢું, કેડ, ડોક તથા હૃદયને કંઈક ઊંચાં રાખવાં. ૨–૪ પછી નાકની અંદર ચાલતા પ્રાણને હૃદયમાં ધારણ કરવો. એ રીતે ( કુંભકરૂપે ) રહીને ત્યાં પ્રાણ પહોંચી ગયા પછી ધીમે ધીમે તેને છોડવો ( એટલે રેચક કરવો ). ૫ એમ અમુક પ્રમાણમાં તે અભ્યાસ સ્થિર અને દૃઢ થયા પછી બરાબર સાવધાન રહી પગના અંગૂઠાથી માંડી બન્ને ઘૂંટીમાં બે, બન્ને જાંઘમાં ત્રણ ત્રણ, બન્ને ઢીંચણમાં બે અને બન્ને સાથળો સાથે ગુદામાં તથા લિંગમાં ત્રણ ત્રણ વાયુની ધારણા કરવી, પછી વાયુના સ્થાન નાભિ–પ્રદેશનો આશ્રય કરવો.૬,૭ ત્યાં સુષુમ્ણા નામની નાડી છે; તે અનેક નાડીઓથી વીંટાયલી છે; તેમાંની કેટલીક સૂક્ષ્મ, લાલ, પીળી, કાળી અને લાલ છે; ૮ પણ જે નાડી અતિ-શય સૂક્ષ્મ, પાતળી અને ધોળી છે, તેનો આશ્રય કરવો. જેમ કરોળિયો લાળના તાંતણા વડે સંચાર કરે છે તેમ યોગીએ તે

पुरुषायतनं महत् । दहरं पुण्डरीकं तद्वेदान्तेषु निगद्यते ॥१०॥ तद्भित्त्वा कण्ठमायाति तां नाडीं पूरयन्यतः । मनसस्तु क्षुरं गृह्य सुतीक्ष्णं बुद्धिनिर्मलम् ॥११॥ पादस्योपरि यन्मध्ये तद्रूपं नाम कृन्तयेत् । मनोद्वारेण तीक्ष्णेन योगमाश्रित्य नित्यशः ॥१२॥ इन्द्रवज्र इति प्रोक्तं मर्मजङ्घानुकीर्तनम् । तद्ध्यानबलयोगेन धारणाभिर्निकृन्तयेत् ॥१३॥ ऊर्वोर्मध्ये तु संस्थाप्य मर्मप्राणविमोचनम् । चतुरभ्यासयोगेन छिन्देदनभिशङ्कितः ॥१४॥ ततः कण्ठान्तरे योगी समूहन्नाडिसंचयम् । एकोत्तरं नाडिशतं तासां मध्ये वराः स्मृताः ॥१५॥ सुषुम्ना तु परे लीना विरजा ब्रह्मरूपिणी इडा तिष्ठति वामेन पिङ्गला दक्षिणेन च ॥१६॥ तयोर्मध्ये वरं स्थानं यस्तं वेद स वेदवित् । द्वासप्ततिसहस्राणि प्रतिनाडीषु तैतिलम् ॥१७॥ छिद्यते ध्यानयोगेन सुषुम्नैका न छिद्यते । योगनिर्मलधारेण क्षुरेणानलवर्चसा ॥१८॥ छिन्देन्नाडीशतं धीरः प्रभावादिह जन्मनि । जातीपुष्पसमायोगैर्यथा वास्यति वै तिलम् ॥१९॥ एवं शुभाशुभैर्भावैः सा नाडीति विभावयेत् । तद्भाविताः प्रपद्यन्ते पुनर्जन्मविवर्जिताः ॥२०॥ तपोविजितचित्तस्तु निःशब्दं देशमास्थितः । निःसङ्गतत्त्वयोगज्ञो निरपेक्षः शनैः शनैः ॥२१॥ पाशं छित्त्वा यथा हंसो निर्विशङ्कं खमुत्क्रमेत् । छिन्नपाशस्तथा जीवः संसारं तरते सदा ॥२२॥ यथा निर्वाणकाले तु दीपो दग्ध्वा लयं व्रजेत् ।

નાડીમાં પ્રાણોનો સંચાર કરવો; ૯ તે પછી વેદાંતોમાં જેને ‘ દહર પુંડરીક ’ કહે છે, તે( હૃદય )રૂપ મોટું પુરુષ( આત્મા )નું જે સ્થાન છે, તે લાલ કમળ જેવું પ્રકાશે છે; ૧૦ તેને ભેદી વાયુ પેલી નાડીને ભરતો કંઠમાં આવે છે; માટે યોગીએ બુદ્ધિ વડે

નિર્મળ એવી અતિશય તીક્ષ્ણ મનરૂપી છરી લઈને પગની ઉપર મધ્યભાગમાં જે નામ તથા રૂપ છે, તેને કાપી નાખવાં. એમ તીક્ષ્ણ મન દ્વારા નિત્ય યોગનો આશ્રય કરવો. ૧૧,૧૨ પછી 'ઇંદ્રવજ્ર' નામનું જે મર્મસ્થાન કહેવાય છે, તે જંઘામાં વર્ણવેલું છે; તેને પણ ધ્યાનયોગના બળથી અને ધારણાઓથી કાપી નાખવું. ૧૩ પછી બે સાથળોની વચ્ચે પ્રાણને સ્થાપી મર્મભાગોમાં તેને મૂકવો. એમ ચાર વાર યોગાભ્યાસ કરી નિઃશંક થઈ મર્મભાગોને કાપી નાખવા. ૧૪ પછી યોગી કંઠની અંદર નાડીઓના સમૂહને એકઠો કરે છે. તેઓમાં એકસો એક નાડીઓને શ્રેષ્ઠ કહી છે. ૧૫ સુષુમ્ણા પરતત્ત્વમાં લીન છે, વિરજા બ્રહ્મરૂપ છે, ઈડા ડાબી બાજુ રહેલી છે અને પિંગલા જમણી બાજુ છે. ૧૬ એ બે નાડીઓની વચ્ચે ઉત્તમ સ્થાન છે, તેને જાણે છે, તે વેદ જાણનારો છે. એકંદર પેટાનાડીઓ બોતેર હજાર છે તે તૈતિલ કહેવાય છે. ૧૭ ધ્યાન-યોગથી એ બધી નાડીઓ છેદાય છે; એક સુષુમ્ણા છેદાતી નથી. ધીર પુરુષે આ જન્મમાં આત્માના પ્રભાવથી અગ્નિ જેવી તેજસ્વી અને યોગરૂપી નિર્મળ ધારવાળી (મનરૂપી) છરી વડે સો નાડીઓને છેદવી જોઈએ; જેથી જાઈનાં પુષ્પો વડે જેમ તેલ વાસિત થાય તેમ તૈતિલ વાસિત થાય છે. ૧૮,૧૯ એમ શુભાશુભ ભાવોથી એ સુષુમ્ણા નાડીનું ધ્યાન ધરવું. એમાં ભાવનાવાળા પુરુષો પુનર્જન્મથી રહિત થઈ બ્રહ્મને પામે છે. ૨૦ તપ વડે ચિત્તને જેણે જીત્યું હોય, તેણે શબ્દરહિત એકાંત પ્રદેશ-માં બેસી નિઃસંગ તત્ત્વ માટેના યોગના જાણકાર બનવું અને ધીમે ધીમે નિરપેક્ષ થવું; ૨૧ જેથી બંધનને કાપીને નિઃશંક થઈ હંસ જેમ આકાશમાં ઊડી જાય છે, તેમ કપાઈ ગયેલાં બંધનવાળો જીવ સંસારને સદા તરી જાય છે. ૨૨ જેમ દીવો,

तथा सर्वाणि कर्माणि योगी दग्ध्वा लयं व्रजेत् ॥ २३ ॥ प्राणायामसुतीक्ष्णेन मात्राधारेण योगवित्। वैराग्योपलघृष्टेन छित्वा तं तु न बध्यते ॥ २४ ॥ अमृतत्वं समाप्नोति यदा कामात्स मुच्यते। सर्वैषणाविनिर्मुक्तश्छित्त्वा तं तु न बध्यत इत्युपनिषत् ॥

ॐ सह नाववतु सह नौ भुनक्तु सह वीर्यं करवावहै। तेजस्वि नावधीतमस्तु मा विद्विषावहै ॥ ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

इत्यथर्ववेदे क्षुरिकोपनिषत्समाप्ता ॥

# मन्त्रिकोपनिषत्

शान्तिपाठः–ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

ॐ अष्टपदं शुचिं हंसं त्रिसूत्रमणुमव्ययम्। त्रिवर्त्मानं तेजसोऽहं सर्वतःपश्यन्न पश्यति ॥ १ ॥ भूतसंमोहने काले भिन्ने तमसि वैखरे। अन्तः पश्यन्ति सत्त्वस्था निर्गुणं गुणगह्वरे ॥ २ ॥ अशक्यः सोऽन्यथा द्रष्टुं ध्यायमानः कुमारकैः। विकारजननीमज्ञामष्टरूपामजां

હોલવાઈ જવાના સમયે બધું તેલ બાળી નાખી હોલવાઈ જાય છે, તેમ યોગી સર્વ કર્મોને બાળી નાખી બ્રહ્મમાં લય પામે છે. ૨૩ પ્રાણાયામ વડે અત્યંત તીક્ષ્ણ કરેલી, ૐકારરૂપ ધારવાળી અને વૈરાગ્યરૂપી પથ્થર પર ઘસેલી (મનરૂપી) છરી વડે સંસારરૂપ તાંતણાને કાપી નાખી યોગવેત્તા પુરુષ (ફરી તેના વડે)

બંધાતો નથી. ૨૪ જ્યારે તે કામનાથી છૂટે છે અને સર્વ એષણાઓથી રહિત થાય છે, ત્યારે અમરપણાને પામે છે; એમ સંસારને છેદી નાખ્યા પછી તે બંધાતો નથી. ૨૫ આવું આ રહસ્ય છે.

ૐ બ્રહ્મ અમારું બન્ને (ગુરુ–શિષ્ય)નું સાથે રક્ષણ કરો. અમારું બન્નેનું સાથે પાલન કરો. અમે બન્ને સાથે પરાક્રમ કરીએ; અમારું બન્નેનું ભણતર તેજસ્વી થાઓ; અમે કોઈનો દ્વેષ ન કરીએ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ઇતિ અથર્વવેદનું ક્ષુરિકોપનિષદ સમાપ્ત

## ૭ મંત્રિકા ઉપનિષદ

**શાંતિપાઠ :**—ૐ એ બ્રહ્મ પૂર્ણ છે, આ જગત પૂર્ણ છે, એ પૂર્ણ બ્રહ્મમાંથી આ પૂર્ણ જગત ઉત્પન્ન થાય છે; પૂર્ણ બ્રહ્મમાંથી પૂર્ણ જગત કાઢી લઈએ, તો પૂર્ણ બ્રહ્મ જ બાકી રહે છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ૐ આઠ પાદવાળા, ઉજ્જવળ, ત્રણ સૂત્રવાળા, સૂક્ષ્મ, અવિનાશી, ત્રણ માર્ગવાળા અને સોઽહં–'તે જ હું છું.' એમ તેજ વડે પ્રકાશતા હંસ(આત્મા)ને સર્વ તરફ મનુષ્ય જુએ છે (અનુભવે છે) છતાં જોતો નથી. ૧ તે આત્મા નિર્ગુણ છે છતાં ગુણોરૂપી ગુફામાં ભરાયો છે. તેથી પ્રાણીઓને મોહ ઉપજાવનારું અને કાળું અતિ કઠોર (અજ્ઞાનરૂપ) અંધારું જ્યારે નાશ પામે છે, ત્યારે સત્ત્વમાં રહેનારા પુરુષો અંતઃકરણમાં તેને જુએ છે. ૨ બીજા કોઈ પ્રકારે ધ્યાન કરવામાં આવે, તોપણ અજ્ઞાનીઓ તેને જોઈ શકતા નથી; કેમ કે વિકારોને ઉત્પન્ન કરનારી, અજ્ઞાનથી યુક્ત, આઠ રૂપોવાળી, અજન્મા અને અવિચળ એવી માયાનું તેઓ ધ્યાન કરે છે, એ માયા

ध्रुवाम् ॥ ३ ॥ ध्यायतेऽध्यासिता तेन तन्यते प्रेर्यते पुनः। सूयते पुरुषार्थं च तेनैवाधिष्ठितं जगत् ॥ ४॥ गौरनाद्यन्तवती सा जनित्री भूतभाविनी। सितासिता च रक्ता च सर्वकामदुघा विभोः॥ ५॥ पिबन्त्येनामविषयामविज्ञातां कुमारकाः। एकस्तु पिबते देवः स्वच्छन्दोऽत्र वशानुगः ॥ ६ ॥ ध्यानक्रियाभ्यां भगवान्भुङ्क्तेऽसौ प्रसहद्विभुः। सर्वसाधारणीं दोग्ध्रीं पीयमानां तु यज्वभिः ॥ ७॥ पश्यन्त्यस्यां महात्मानः सुवर्णं पिप्पलाशनम्। उदासीनं ध्रुवं हंसं स्नातकाध्वर्यवो जगुः ॥ ८ ॥ शंसन्तमनुशंसन्ति बह्वृचाः शास्त्रकोविदाः। रथन्तरं बृहत्साम सप्तवैधैस्तु गीयते ॥ ९ ॥ मन्त्रोपनिषदं ब्रह्म पदक्रमसमन्वितम्। पठन्ति भार्गवा ह्येते ह्यथर्वाणो भृगूत्तमाः ॥ १०॥ सब्रह्मचारिवृत्तिश्च स्तम्भोऽथ फलितस्तथा। अनड्वान्रोहितोच्छिष्टः पश्यन्तो बहुविस्तरम् ॥ ११ ॥ कालः प्राणश्च भगवान्मृत्युः शर्वो महेश्वरः। उग्रो भवश्च रुद्रश्च ससुरः सासुरस्तथा ॥ १२ ॥ प्रजापतिर्विराट् चैव पुरुषः सलिलमेव च। स्तूयते मन्त्रसंस्तुत्यैरथर्वविद्भिर्विभुः ॥ १३ ॥ तं षड्विंशक इत्येते सप्तविंशं तथापरे। पुरुषं निर्गुणं सांख्यमथर्वशिरसो विदुः॥ १४॥ चतुर्विंशतिसंख्यातं व्यक्तमव्यक्तमेव च। अद्वैतं द्वैतमित्याहुस्त्रिधा तं पञ्चधा तथा ॥ १५ ॥

અધ્યાસને લીધે જ જણાયેલી છે, તેને લીધે જ તે ફેલાય છે અને પ્રેરાય છે. ખરી રીતે, એ હંસ જ પુરુષાર્થને ઉત્પન્ન કરે છે અને તેના વડે જ જગત અધિષ્ઠિત છે. ૩,૪ એ માયા પરમાત્માની જાણે કામધેનુ છે, આદિ–અંત વિનાની છે. સર્વની માતા છે, પ્રાણીમાત્રનું પોષણ કરનારી છે. ધોળી, કાળી ને લાલ છે અને સર્વ કામનાઓને પૂર્ણ કરનારી છે. ૫ અજ્ઞાની જીવો એ

ગાયને ધાવે છે; કેમ કે તે અવિષય અને અવિજ્ઞાત છે. માત્ર એક પરમાત્મા જ આ જગતમાં સર્વને વશ રાખી તેમાં પરોવાયેલા તથા સ્વતંત્ર રહી એ માયાને પીએ છે. ૬ એ ભગવાન સર્વ માટે સામાન્ય દૂઝતી અને યાજ્ઞિકો વડે પિવાતી એ માયારૂપ ગાયને ધ્યાન તથા ક્રિયા વડે ભોગવે છે. અત્યંત સહન કરે છે અને વ્યાપક રહે છે. મહાત્માઓ ઉત્તમ વર્ણવાળા, (સંસારરૂપ) પીપળાનું ફળ ખાતા, ઉદાસીન અને અવિનાશી એ હંસને માયામાં જુએ છે, જેને સ્નાતક અધ્વર્યુઓ ગાય છે. ૭.૮ શાસ્ત્રકુશળ અનેક ઋગ્વેદીઓ 'સ્તુતિ કરનારની પાછળ પાછળ એ હંસની સ્તુતિ કરે છે અને એને જ ઉદ્દેશી રથંતર નામનું 'બૃહત્ સામ' સાત વિધિઓથી ગવાય છે. ૯ મંત્રોનું રહસ્ય એ બ્રહ્મ છે; તેને જ ભૃગુઓમાં ઉત્તમ અને ભાર્ગવ ગોત્રના આ અથર્વવેદીઓ પદ તથા ક્રમ સાથે ભણે છે. ૧૦ એ પરમાત્મા બ્રહ્મચારીની વૃત્તિવાળા, સ્તંભ જેવા અડગ, સંસારરૂપે ફળેલા, સંસારરૂપ ગાડું વહેતા, લાલ રંગના, સર્વનો ત્યાગ કરતાં બાકી રહેલા અને બહુ વિસ્તારથી જોઈ રહ્યા છે. ૧૧ એ જ ભગવાન કાળ, પ્રાણ, મૃત્યુ, શર્વ, મહેશ્વર, ઉગ્ર, ભવ, રુદ્ર, દેવો સહિત અને અસુરો સહિત છે. ૧૨ એ જ વ્યાપક પુરુષ પ્રજાપતિ, વિરાટ અને જળરૂપ હોઈ મંત્રોથી સ્તુતિ કરવાયોગ્ય અને અથર્વવેદમાં જાણીતાં નામો વડે સ્તવાય છે. ૧૩ તેમને જ કેટલાક છવ્વીસમા તત્ત્વરૂપે કહે છે, બીજાઓ સત્યાવીસમા કહે છે અને અથર્વવેદનાં ઉપનિષદો નિર્ગુણ સાંખ્યપુરુષ કહે છે. ૧૪ વળી, કેટલાક તેમને ચોવીસની સંખ્યાવાળા કહે છે, કેટલાક વ્યક્ત, કેટલાક અવ્યક્ત, કેટલાક દ્વૈત અને કેટલાક અદ્વૈત કહે છે; તેમ જ કેટલાક તેમને ત્રણ પ્રકારના કહે છે અને કેટલાક પાંચ

ब्रह्माद्यं स्थावरान्तं च पश्यन्ति ज्ञानचक्षुषः। तमेकमेव पश्यन्ति परिशुभ्रं विभुं द्विजाः ॥ १६ ॥ यस्मिन्सर्वमिदं प्रोतं ब्रह्म स्थावरजंगमम्। तस्मिन्नेव लयं यान्ति स्रवन्त्यः सागरे यथा ॥ १७ ॥ यस्मिन्भावाः प्रलीयन्ते लीनाश्चाव्यक्ततां ययुः। पश्यन्ति व्यक्ततां भूयो जायन्ते बुद्बुदा इव ॥ १८ ॥ क्षेत्रज्ञाधिष्ठितं चैव कारणैर्विद्यते पुनः। एवं स भगवान्देवं पश्यन्त्यन्ये पुनःपुनः ॥ १९ ॥ ब्रह्म ब्रह्मेत्यथायान्ति ये विदुर्ब्राह्मणास्तथा। अत्रैव ते लयं यान्ति लीनाश्चाव्यक्तशालिनः ॥ लीनाश्चाव्यक्तशालिन इत्युपनिषत् ॥

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते। पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥ ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

इति यजुर्वेदान्तर्गता मन्त्रिकोपनिषत्समाप्ता ॥

## सर्वसारोपनिषत्

**शान्तिपाठः**—ॐ सह नाववतु सह नौ भुनक्तु सह वीर्यं करवावहै। तेजस्वि नावधीतमस्तु मा विद्विषावहै ॥

ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

**कथं बन्धः कथं मोक्षः का विद्या काऽविद्येति जाग्रत्स्वप्नसुषुप्तितुरीयं च कथम्। अन्नमयप्राणमयमनोमयविज्ञानमयानन्दमयकोशाः कथम्। कर्ता जीवः पञ्चवर्गः क्षेत्रज्ञः साक्षी कूटस्थोऽन्त-**

પ્રકારના વર્ણવે છે. ૧૫ કેટલાક જ્ઞાનદૃષ્ટિવાળા બ્રાહ્મણો બ્રહ્માથી માંડી સ્થાવર સુધીના જગતને તે એક જ અતિ ઉજ્જવળ પ્રભુરૂપે જુએ છે. ૧૬ આ સ્થાવર–જંગમ સર્વ જગત

જેમાં પરોવાયું છે, એ જ બ્રહ્મ છે; અને નદીઓ જેમ સમુદ્રમાં લય પામે છે, તેમ એ બ્રહ્મમાં જ બધું લય પામે છે. ૧૭ જેમ પરપોટા પાણીમાં પ્રકટ રીતે જન્મે છે અને પાછા લય પામે છે, તેમ જેમાં પદાર્થો જન્મે છે, લય પામે છે અને લય પામી અસ્પષ્ટપણાને પામે છે, એ બ્રહ્મને જ્ઞાનીઓ જુએ છે. ૧૮ એ ક્ષેત્રજ્ઞરૂપે સર્વમાં રહેલ છે; અને કારણો ઉપરથી એ જણાય છે. આવા તે ક્ષેત્રજ્ઞ જ ભગવાન છે. એ દેવને જ્ઞાનીઓ વારંવાર જુએ છે. ૧૯ જે બ્રાહ્મણો બ્રહ્મને જાણે છે, તેઓ બ્રહ્મને જ પામે છે અને એમાં જ લય પામે છે. તેમાં લય પામેલા તેઓ અવ્યક્ત સ્વરૂપે શોભે છે, અવ્યક્ત સ્વરૂપે જ શોભે છે. ૨૦ આવું આ રહસ્ય છે.

ૐ એ બ્રહ્મ પૂર્ણ છે, આ જગત પૂર્ણ છે; એ પૂર્ણ બ્રહ્મમાંથી આ પૂર્ણ જગત ઉત્પન્ન થાય છે; પૂર્ણ બ્રહ્મમાંથી પૂર્ણ જગત કાઢી લઈએ, તો પૂર્ણ બ્રહ્મ જ બાકી રહે છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ઇતિ યજુર્વેદનું મંત્રિકોપનિષદ સમાપ્ત

## ૮ : સર્વસારોપનિષદ

**શાંતિપાઠ** :–ૐ બ્રહ્મ અમારું બન્ને (ગુરુ-શિષ્ય)નું સાથે રક્ષણ કરો, અમારું બન્નેનું સાથે પાલન કરો, અમે બન્ને સાથે પરાક્રમ કરીએ. અમારું બન્નેનું ભણતર તેજસ્વી થાઓ. અમે કોઈનો દ્વેષ ન કરીએ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

બંધન શું? મોક્ષ શું? વિદ્યા અને અવિદ્યા કોને કહેવી? જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય–એ ચાર અવસ્થાઓ કઈ? અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય–એ પાંચ કોષ કયા કયા? કર્તા જીવ, પંચવર્ગ, ક્ષેત્રજ્ઞ, સાક્ષી, કૂટસ્થ

र्यामी कथम्। प्रत्यगात्मा परात्मा माया चेति कथम्। आत्मेश्वरजीवः अनात्मनां देहादीनामात्मत्वेनाभिमन्यते सोऽभिमान आत्मनो बन्धः। तन्निवृत्तिर्मोक्षः। या तदभिमानं कारयति सा अविद्या। सोऽभिमानो यया निवर्तते सा विद्या। मन आदिचतुर्दशकरणैः पुष्कलैरादित्याद्यनुगृहीतैः शब्दादीन्विषयान्स्थूलान्यदोपलभते तदात्मनो जागरणम्। तद्वासनासहितैश्चतुर्दशकरणैः शब्दाद्यभावेऽपि वासनामयाञ्छब्दादीन्यदोपलभते तदात्मनः स्वप्नम्। चतुर्दशकरणोपरमाद्विशेषविज्ञानाभावाद्यदा शब्दादीन्नोपलभते तदात्मनः सुषुप्तम्। अवस्थात्रयभावाभावसाक्षी स्वयंभावरहितं नैरन्तर्यं चैतन्यं यदा तदा तुरीयं चैतन्यमित्युच्यते। अन्नकार्याणां कोशानां समूहोऽन्नमयः कोश इत्युच्यते। प्राणादिचतुर्दशवायुभेदा अन्नमयकोशे यदा वर्तन्ते तदा प्राणमयः कोश इत्युच्यते। एतत्कोशद्वयसंसक्तमनआदिचतुर्दशकरणैरात्मा शब्दादिविषयसंकल्पादीन्धर्मान्यदा करोति तदा मनोमयः कोश इत्युच्यते। एतत्कोशत्रयसंसक्तं तद्गतविशेषज्ञो यदाभासते तदा विज्ञानमयः कोश इत्युच्यते। एतत्कोशचतुष्टयं संसक्तं स्वकारणाज्ञाने वटकणिकायामिव वृक्षो यदा वर्तते तदानन्दमयः कोश इत्युच्यते। सुखदुःखबुद्ध्या श्रेयोऽन्तः कर्ता यदा तदा

અને અંતર્યામીનો અર્થ શો? તેમ જ જીવાત્મા, પરમાત્મા અને માયા એ તત્ત્વો ક્યાં?

આત્મા જ ઈશ્વર અને જીવરૂપ છે, છતાં જે આત્મા નથી એવા દેહ વગેરેમાં જીવને જે અહંભાવ થાય છે, તે જીવાત્માનું બંધન છે. એ અહંભાવ નીકળી જવો તે મોક્ષ છે. એ અહં-

ભાવને જે ઉપજાવે છે તે અવિદ્યા છે અને એ અહંભાવ જેના વડે નીકળી જાય છે તે વિદ્યા કહેવાય છે. સૂર્ય વગેરે દેવતાઓની શક્તિઓ દ્વારા મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર અને દશ ઇંદ્રિયો–એ ચૌદ વડે જે અવસ્થામાં આત્મા શબ્દ, સ્પર્શ વગેરે સ્થૂલ વિષયોનું ગ્રહણ કરે છે, તે અવસ્થા આત્માની જાગ્રત અવસ્થા કહેવાય છે. શબ્દ વગેરે સ્થૂલ વિષયો ન હોવા છતાં, જાગ્રત અવસ્થાની રહી ગયેલી વાસનાને કારણે મન, બુદ્ધિ વગેરે ચૌદ કારણો વડે જે અવસ્થામાં શબ્દ વગેરે વાસનામય વિષયોને જીવ ગ્રહણ કરે છે, તે અવસ્થા આત્માની સ્વપ્ન અવસ્થા કહેવાય છે. એ ચૌદ ઇંદ્રિયો શાંત બની જતાં જે અવસ્થામાં વિશેષ જ્ઞાન નહિ હોવાથી જ્યારે શબ્દ વગેરે વિષયોને ગ્રહણ કરતો નથી, ત્યારે આત્માની તે અવસ્થા સુષુપ્તિ કહેવાય છે. આ ત્રણે અવસ્થાની ઉત્પત્તિ અને લયને જાણનારું અને પોતે ઉત્પત્તિ તથા લયથી નિરંતર પર એવું જે નિત્ય સાક્ષી–ચૈતન્ય છે, તુરીય ચૈતન્ય અથવા તુરીય અવસ્થા કહેવાય છે. અન્ન વડે ઘડાતા કોશોના સમૂહરૂપ શરીર અન્નમય કોશ કહેવાય છે. પ્રાણ વગેરે ચૌદ પ્રકારના વાયુઓ, એ અન્નમય કોશમાં સંચાર કરે છે, ત્યારે તે પ્રાણમય કોશ કહેવાય છે. આ બે કોશની અંદર રહેલી મન વગેરે ચૌદ ઇંદ્રિયો વડે જ્યારે આત્મા શબ્દ વગેરે વિષયોના વિચારો કરે છે, ત્યારે તે મનોમય કોશ કહેવાય છે. આત્મા આ ત્રણે કોશની સાથે જોડાઈને બુદ્ધિ વડે જે જાણે છે, તે તેનું બુદ્ધિમય સ્વરૂપ વિજ્ઞાનમય કોશ કહેવાય છે. આ ચાર કોશો સાથે આત્મા, વડના બીજમાં વૃક્ષની જેમ, પોતાના કારણ અજ્ઞાનમાં જે રહે છે, તે આનંદમય કોશ કહેવાય છે.

સુખદુઃખની નજરે અંતરમાં જે ગમતી વસ્તુની ઇચ્છા

इष्टविषये बुद्धिः सुखबुद्धिरनिष्टविषये बुद्धिर्दुःखबुद्धिः। शब्दस्पर्शरूपरसगन्धाः सुखदुःखहेतवः। पुण्यपापकर्मानुसारी भूत्वा प्राप्तशरीरसंयोगमप्राप्तशरीरसंयोगमिव कुर्वाणो यदा दृश्यते तदोपहितजीव इत्युच्यते। मनआदिश्च प्राणादिश्चेच्छादिश्च सत्त्वादिश्च पुण्यादिश्चैते पञ्चवर्गा इत्येतेषां पञ्चवर्गाणां धर्मीभूतात्मा ज्ञानादृते न विनश्यत्यात्मसन्निधौ नित्यत्वेन प्रतीयमान आत्मोपाधिर्यस्तल्लिङ्गशरीरं हृद्ग्रन्थिरित्युच्यते तत्र यत्प्रकाशते चैतन्यं स क्षेत्रज्ञ इत्युच्यते। ज्ञातृज्ञानज्ञेयानामाविर्भावतिरोभावज्ञाता स्वयमाविर्भावतिरोभावरहितः स्वयंज्योतिः साक्षीत्युच्यते। ब्रह्मादिपिपीलिकापर्यन्तं सर्वप्राणिबुद्धिष्ववशिष्टतयोपलभ्यमानः सर्वप्राणिबुद्धिस्थो यदा तदा कूटस्थ इत्युच्यते। कूटस्थोपहितभेदानां स्वरूपलाभहेतुर्भूत्वा मणिगणे सूत्रमिव सर्वक्षेत्रेष्वनुस्यूतत्वेन यदा काश्यते आत्मा तदान्तर्यामीत्युच्यते। सत्यं ज्ञानमनन्तमानन्दं सर्वोपाधिविनिर्मुक्तं कटकमुकुटाद्युपाधिरहितसुवर्णघनवद्विज्ञानचिन्मात्रस्वभावात्मा यदा भासते तदा त्वंपदार्थः। सत्यं ज्ञानमनन्तं ब्रह्म। सत्यमविनाशि। अविनाशि नाम देशकालवस्तुनिमित्तेषु विनश्यत्सु यन्न विनश्यति तदविनाशि। ज्ञानं नामोत्पत्तिविनाशरहितं नैरन्तर्यं चैतन्यं ज्ञानमित्युच्यते। अनन्तं नाम मृद्विकारेषु मृदिव स्वर्णविकारेषु स्वर्णमिव तन्तुविकारेषु तन्तुरिवाव्यक्तादिसृष्टिप्रपञ्चेषु पूर्णं व्यापकं चैतन्यमनन्तमित्युच्यते।

થાય છે, તે સુખબુદ્ધિ છે; અને જે અણગમતી વસ્તુની કલ્પના છે, તે દુઃખબુદ્ધિ છે. સુખ મેળવવા માટે અને દુઃખ ત્યજવા માટે જીવ જે ક્રિયાઓ કરે છે તેને લઈને તે કર્તા કહેવાય છે.

શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ—એ પાંચ વિષયો સુખદુઃખનાં કારણો છે. પુણ્ય અને પાપકર્મોને અનુસરનારો આત્મા, પ્રાપ્ત થયેલા શરીરના સંયોગને નહિ મળેલાની પેઠે કરતો દેખાય છે, ત્યારે તે ઉપાધિયુક્ત 'જીવ' કહેવાય છે. મન વગેરે, પ્રાણ વગેરે, ઇચ્છા વગેરે, સત્ત્વ વગેરે અને પુણ્ય વગેરેના પાંચ સમૂહોને પંચવર્ગ કહેવાય છે. આ પાંચ વર્ગોના ધર્મવાળો થયેલો જીવાત્મા જ્ઞાન વિના તેઓમાંથી છૂટી શકતો નથી. મન વગેરે સૂક્ષ્મ તત્ત્વોની ઉપાધિ હંમેશ આત્માને નિત્ય જેવી વળગેલી જે ભાસે છે, તેને લિંગશરીર કહેવાય છે અને તે જ હૃદયગ્રંથિ છે. તેમાં જે ચૈતન્ય દેખાય છે, તે ક્ષેત્રજ્ઞ કહેવાય છે. જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયની ઉત્પત્તિને તથા લયને જાણનારો છતાં પોતે ઉત્પત્તિ અને લય વિનાનો સ્વયંપ્રકાશ આત્મા સાક્ષી કહેવાય છે. બ્રહ્માથી માંડીને કીડી સુધી બધાં પ્રાણીઓની બુદ્ધિઓમાં રહેલો અને તેઓનાં સ્થૂલ, સૂક્ષ્મ વગેરે શરીરનો નાશ થતાં પણ બાકી રહેલો જે જણાય છે તે કૂટસ્થ કહેવાય છે. એ કૂટસ્થ વગેરે ઉપાધિના ભેદોમાંથી સ્વરૂપલાભના હેતુરૂપ થઈને આત્મા બધાં શરીરોમાં મણિઓમાં પરોવેલા દોરાની જેમ પરોવાયેલો જ્યારે પ્રકાશે છે, ત્યારે તે અંતર્યામી કહેવાય છે. સત્ય, જ્ઞાન, અનંત અને આનંદરૂપ સર્વ ઉપાધિ વિનાનો અને કડાં, મુકુટ વગેરે ઉપાધિ વિનાના સોના જેવો માત્ર જ્ઞાન અને ચૈતન્યરૂપ આત્મા જ્યારે ભાસમાન થાય છે, ત્યારે તે त्वं પદાર્થ કહેવાય છે. બ્રહ્મ, સત્ય, જ્ઞાનરૂપ અને અનંત છે. જે અવિનાશી છે, તે સત્ય કહેવાય છે. દેશ, કાળ, વસ્તુ વગેરે નિમિત્તોનો નાશ થતાં પણ જેનો નાશ થતો નથી, તે અવિનાશી કહેવાય છે. ઉત્પત્તિ અને વિનાશ વિનાનું નિત્ય-ચૈતન્ય જ્ઞાન કહેવાય છે, માટીની બનેલી વસ્તુઓમાં માટીની જેમ,

आनन्दं नाम सुखचैतन्यस्वरूपपोऽपरिमितानन्दसमुद्रोऽवशिष्टसुख-स्वरूपश्चानन्द इत्युच्यते। एतद्वस्तुचतुष्टयं यस्य लक्षणं देशकाल-वस्तुनिमित्तेष्वव्यभिचारी तत्पदार्थः परमात्मेत्युच्यते। त्वंपदार्था-दौपाधिकात्तत्पदार्थादौपाधिकभेदाद्विलक्षणमाकाशवत्सूक्ष्मं केवल-सत्तामात्रस्वभावं परं ब्रह्मेत्युच्यते। माया नाम अनादिरन्तवती प्रमाणाप्रमाणसाधारणा न सती नासती न सदसती स्वयमधिका विकाररहिता निरूप्यमाणा सतीतरलक्षणशून्या सा मायेत्युच्यते। अज्ञानं तुच्छाप्यसती कालत्रयेऽपि पामराणां वास्तवी च सत्त्वबुद्धि-र्लौकिकानामिदमित्थमित्यनिर्वचनीया वक्तुं न शक्यते। नाहं भवाम्यहं देवो नेन्द्रियाणि दशैव तु। न बुद्धिर्न मनः शश्वन्नाहं-कारस्तथैव च ॥ १ ॥ अप्राणो ह्यमनाः शुभ्रो बुद्ध्यादीनां हि सर्वदा। साक्ष्यहं सर्वदा नित्यश्चिन्मात्रोऽहं न संशयः ॥२॥ नाहं कर्ता नैव भोक्ता प्रकृतेः साक्षिरूपकः। मत्सान्निध्यात्प्रवर्तन्ते देहाद्या अजडा इव ॥ ३ ॥ स्थाणुर्नित्यः सदानन्दः शुद्धो ज्ञानमयोऽमलः। आत्माहं सर्वभूतानां विभुः साक्षी न संशयः ॥४॥ ब्रह्मैवाहं सर्ववेदान्तवेद्यं नाहं वेद्यं व्योमवातादिरूपम्। रूपं नाहं नाम नाहं न कर्मब्रह्मैवाहं सच्चिदानन्दरूपम् ॥५॥ नाहं देहो जन्ममृत्यू

સોનાની બનેલી વસ્તુઓમાં સોનાની જેમ અને તાંતણાની બનેલી વસ્તુઓમાં તાંતણાની જેમ, આખી સૃષ્ટિમાં પૂર્ણ અને વ્યાપક બનીને રહેલું જે ચૈતન્ય છે, તે અનંત કહેવાય છે. જે સુખમય ચૈતન્ય-સ્વરૂપ છે, અમાપ આનંદનો સમુદ્ર છે અને બાકી રહેલું સુખનું સ્વરૂપ છે, તે આનંદ કહેવાય છે. આ ચાર (અર્થાત્ સત્ય, જ્ઞાન, અનંત અને આનંદ) વસ્તું જેનું લક્ષણ છે અને દેશ,

કાળ, વસ્તુ વગેરે નિમિત્તો હોવા છતાં જેમાં કાંઈ પણ ફેર પડતો નથી, એને જ તત્ પદાર્થ અથવા પરમાત્મા કહે છે. આ ત્વં પદાર્થ અને તત્ પદાર્થ એ બન્ને ઉપાધિવાળા ભેદો કરતાં જુદું, આકાશ જેવું સૂક્ષ્મ અને કેવળ સતરૂપ તત્ત્વ પરબ્રહ્મ કહેવાય છે. આદિ વિનાની છતાં અંતવાળી, સત્ નહિ, અસત્ નહિ અને સદસત્ પણ નહિ, પોતે બધાથી અધિક, વિકાર-રહિત જણાય અને 'છે' એમ કહેવા સિવાય બીજી કોઈ રીતે સૂચવી ન શકાય એવા સ્વરૂપવાળી જે શક્તિ તે માયા કહેવાય છે. એ માયા અજ્ઞાનરૂપ, તુચ્છ અને મિથ્યા છે, છતાં મૂઢ મનુષ્યોને ત્રણે કાળે ખરી લાગે છે અને એવા લોકોને તેના સાચાપણાની જ બુદ્ધિ હોય છે; તેથી 'આ આવું છે' એમ એનું ખરું સ્વરૂપ સમજાવી શકાતું નથી.

હું ઉત્પન્ન થતો નથી, હું દશ ઇંદ્રિયો નથી, બુદ્ધિ નથી, મન નથી અને નિત્ય અહંકાર નથી! ૧ હું તો હમેશ પ્રાણ અને મન વિનાનો શુદ્ધ છું; બુદ્ધિ વગેરેનો સાક્ષી છું તથા હમેશ ચિત્સ્વરૂપ છું, એમાં સંશય નથી. ૨ હું કર્તા નથી અને ભોક્તા નથી, પરંતુ માત્ર પ્રકૃતિનો સાક્ષી છું અને મારા સમીપપણાને લઈને જ દેહ વગેરે જાણે કે સચેતન બનતા હોય તેમ ક્રિયા કરે છે. ૩ હું તો સ્થિર, નિત્ય, હમેશ આનંદ-સ્વરૂપ, શુદ્ધ, જ્ઞાનમય અને નિર્મળ આત્મા છું અને બધાં પ્રાણીઓમાં સાક્ષીરૂપ વ્યાપી રહેલો છું એમાં સંશય નથી. ૪ હું બધાં વેદાંતો વડે જાણી શકાતું બ્રહ્મ જ છું અને હું આકાશ, વાયુ વગેરે જણાતી વસ્તુરૂપ નથી. હું રૂપ નથી, નામ નથી અને કર્મ નથી; પરંતુ માત્ર સચ્ચિદાનંદસ્વરૂપ બ્રહ્મ જ છું. ૫ હું દેહ નથી, તો પછી મને જન્મ-મરણ ક્યાંથી હોય? હું

कुतो मे नाहं प्राणः क्षुत्पिपासे कुतो मे। नाहं चेतः शोकमोहौ कुतो मे नाहं कर्ता बन्धमोक्षौ कुतौ म इत्युपनिषत् ॥ ६ ॥

ॐ सह नाववतु सह नौ भुनक्तु सह वीर्यं करवावहै तेजस्वि नावधीतमस्तु मा विद्विषावहै। ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

इति सर्वसारोपनिषत्समाप्ता ॥

# निरालम्बोपनिषत्

शान्तिपाठः—ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

ॐ नमः शिवाय गुरवे सच्चिदानन्दमूर्तये। निष्प्रपञ्चाय शान्ताय निरालम्बाय तेजसे ॥ निरालम्बं समाश्रित्य सालम्बं विजहाति यः। स संन्यासी च योगी च कैवल्यं पदमश्नुते। एषामज्ञानजन्तूनां समस्तारिष्टशान्तये यद्यद्बोद्धव्यमखिलं तदाशङ्क्य ब्रवीम्यहम् ॥ किं ब्रह्म। क ईश्वरः। को जीवः। का प्रकृतिः। कः परमात्मा। को ब्रह्मा। को विष्णुः। को रुद्रः। क इन्द्रः। कः शमनः। कः सूर्यः। कश्चन्द्रः। के सुराः। के असुराः। के पिशाचाः। के मनुष्याः। काः स्त्रियः। के पश्वादयः। किं स्थावरम्। के ब्राह्मणादयः। का जातिः। किं कर्म। किमकर्म। किं ज्ञानम्। किमज्ञानम्। किं सुखम्। किं दुःखम्। कः स्वर्गः। को नरकः।

પ્રાણ નથી, તો પછી મને ભૂખ–તરસ શાની હોય? હું મન નથી, તો પછી મને શોક–મોહ શાના હોય? અને હું કર્તા નથી તો પછી મને બંધ–મોક્ષ શાના હોય? આ પ્રમાણે આ રહસ્ય છે.

ૐ બ્રહ્મ અમારું બંને( ગુરુ–શિષ્ય )નું રક્ષણ કરો, અમારું બન્નેનું સાથે પાલન કરો, અમે બન્ને સાથે પરાક્રમ કરીએ, અમારું બન્નેનું ભણતર તેજસ્વી થાઓ, અમે કોઈનો દ્વેષ ન કરીએ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ઇતિ સર્વસારોપનિષદ્ સમાપ્ત

## ૯ : નિરાલંબ ઉપનિષદ્

**શાંતિપાઠ** :–ૐ એ બ્રહ્મ પૂર્ણ છે, આ જગત પૂર્ણ છે; એ પૂર્ણ બ્રહ્મમાંથી આ પૂર્ણ જગત ઉત્પન્ન થાય છે; એ પૂર્ણ બ્રહ્મમાંથી પૂર્ણ જગત કાઢી લઈએ તો પૂર્ણ બ્રહ્મ જ બાકી રહે છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ૐ શિવ, ગુરુ, સચ્ચિદાનંદમૂર્તિ, પ્રપંચરહિત, શાંત અને આશ્ચર્યરહિત તેજરૂપ પરમાત્માને નમસ્કાર. જે આલંબન (અર્થાત્ આધાર) વિનાના તત્ત્વને આશરે રહીને આલંબનવાળી વસ્તુઓને છોડી દે છે, તે સંન્યાસી અથવા યોગી મોક્ષ મેળવે છે. આ અજ્ઞાની પ્રાણીઓનાં સમગ્ર દુઃખોની શાંતિ માટે જે જે જાણવાનું છે, તે બધું શંકા કરીને હું કહું છું. બ્રહ્મ શું? ઈશ્વર કોણ? જીવ કોણ? પ્રકૃતિ કઈ? પરમાત્મા કોણ? બ્રહ્મા કોણ? વિષ્ણુ કોણ? રુદ્ર કોણ? ઇંદ્ર કોણ? યમ કોણ? સૂર્ય કોણ? ચંદ્ર કોણ? દેવો કયા? અસુરો કયા? પિશાચો કયા? મનુષ્યો કયા? સ્ત્રીઓ કઈ? પશુઓ વગેરે કયાં? સ્થાવર શું? બ્રાહ્મણો વગેરે કયા? જાતિ કઈ? કર્મ કયું? અકર્મ કયું? જ્ઞાન કયું? અજ્ઞાન કયું? સુખ કયું?

को बन्धः। को मोक्षः। क उपास्यः। कः शिष्यः। को विद्वान्। को मूढः। किमासुरम्। किं तपः। किं परमं पदम्। किं ग्राह्यम्। किमग्राह्यम्। कः संन्यासीत्याशङ्क्याह ब्रह्मेति। स होवाच महदहंकारपृथिव्यप्तेजोवाय्वाकाशत्वेन बृहद्रूपेणाण्डकोशेन कर्मज्ञानार्थरूपतया भासमानमद्वितीयमखिलोपाधिविनिर्मुक्तं तत्सकलशक्त्युपबृंहितमनाद्यनन्तं शुद्धं शिवं शान्तं निर्गुणमित्यादिवाच्यमनिर्वाच्यं चैतन्यं ब्रह्म॥ ईश्वर इति च॥ ब्रह्मैव स्वशक्तिं प्रकृत्यभिधेयामाश्रित्य लोकान्सृष्ट्वा प्रविश्यान्तर्यामित्वेन ब्रह्मादीनां बुद्धीन्द्रियनियन्तृत्वादीश्वरः॥ जीव इति च ब्रह्मविष्ण्वीशानेन्द्रादीनां नामरूपद्वारा स्थूलोऽहमिति मिथ्याध्यासवशाज्जीवः। सोऽहमेकोऽपि देहारम्भकभेदवशाद्बहुजीवः। प्रकृतिरिति च ब्रह्मणः सकाशान्नानाविचित्रजगन्निर्माणसामर्थ्यबुद्धिरूपा ब्रह्मशक्तिरेव प्रकृतिः। परमात्मेति च देहादेः परतरत्वाद्ब्रह्मैव परमात्मा स ब्रह्मा स विष्णुः स इन्द्रः स शमनः स सूर्यः स चन्द्रस्ते सुरास्ते असुरास्ते पिशाचास्ते मनुष्यास्ताः स्त्रियस्ते पश्वादयस्तत्स्थावरं ते ब्राह्मणादयः। सर्वं खल्विदं ब्रह्म नेह नानास्ति किंचन। जातिरिति च। न चर्मणो न रक्तस्य न मांसस्य न चास्थिनः। न जातिरात्मनो जातिर्व्यवहारप्रकल्पिता। कर्मेति च क्रियमाणेन्द्रियैः कर्माण्यहं करोमीत्यध्यात्मनिष्ठतया कृतं कर्मैव कर्म। अकर्मेति च

દુઃખ કયું? સ્વર્ગ કયું? નરક કયું? બંધ કયો? મોક્ષ કયો? ઉપાસના કરવાયોગ્ય કોણ? શિષ્ય કોણ? વિદ્વાન કોણ? મૂઢ કોણ? આસુરી શું? તપ શું? પરમ પદ કયું? ગ્રહણ કરવા યોગ્ય કયું? નહિ કરવા યોગ્ય કયું? સંન્યાસી કોણ? આમ

શંકા કરીને તેમણે આ રીતે બ્રહ્મનું સ્વરૂપ કહ્યું : મહત્તત્ત્વ, અહંકાર, પૃથ્વી, જળ, તેજ, વાયુ તથા આકાશરૂપે; તેમ જ બ્રહ્માણ્ડરૂપે તથા કર્મ-જ્ઞાન-અર્થરૂપે ભાસમાન થયેલું છતાં એ બધી ઉપાધિઓ વિનાનું, અજોડ, તે તે સકળ શક્તિઓથી યુક્ત, આદિ-અંત વિનાનું, શુદ્ધ, પવિત્ર, શાંત, નિર્ગુણ અને અવર્ણનીય એવું ચૈતન્ય બ્રહ્મ કહેવાય છે. હવે ઈશ્વરનું સ્વરૂપ કહે છે : એ બ્રહ્મ જ જ્યારે પોતાની પ્રકૃતિ નામની શક્તિનો આશ્રય કરી લોકોને ઉત્પન્ન કરે છે અને અંતર્યામીરૂપે તેઓમાં પ્રવેશ કરી બ્રહ્મા વગેરે જીવોની બુદ્ધિ, ઇંદ્રિયો વગેરેને નિયમમાં રાખે છે, ત્યારે તે ઈશ્વર કહેવાય છે. જીવ એટલે કે જ્યારે એ ચૈતન્યને બ્રહ્મા, વિષ્ણુ, શંકર, ઇંદ્ર વગેરે નામો અને રૂપો દ્વારા ‘હું સ્થૂલ છું’ વગેરે મિથ્યા દેહાભિમાન થાય છે, ત્યારે તે જીવ કહેવાય છે. એ ચૈતન્ય ‘તે હું’ એમ એક જ અનુભવાય છે; છતાં જુદાં જુદાં શરીરોને લીધે અનેક જીવરૂપે થાય છે. પ્રકૃતિ એટલે અનેક પ્રકારનાં વિચિત્ર જગતોને ઉત્પન્ન કરવાનું જેમાં સામર્થ્ય છે, તેવી બ્રહ્મની બુદ્ધિરૂપ જે શક્તિ તે જ પ્રકૃતિ કહેવાય છે. પરમાત્મા એટલે દેહ વગેરેથી અત્યંત પર રહેલ બ્રહ્મ જ પરમાત્મા કહેવાય છે; અને એ જ બ્રહ્મ બ્રહ્મા, વિષ્ણુ, ઇંદ્ર, યમ, સૂર્ય, ચંદ્ર, દેવો, અસુરો, પિશાચો, મનુષ્યો, સ્ત્રીઓ, પશુઓ વગેરે રૂપે થયું છે; એ જ સ્થાવર તથા બ્રાહ્મણો વગેરે છે. આ આખું જગત બ્રહ્મ જ છે, એનાથી જુદું કાંઈ જ નથી. જાતિ કંઈ ચામડીની નથી, લોહીની નથી, માંસની નથી, હાડકાંની નથી કે આત્માની નથી; એ તો વ્યવહાર માટે કલ્પિત જ છે. કર્મ એટલે ઇંદ્રિયો વડે કરાતી ક્રિયાઓ ‘હું કરું છું’ એમ અધ્યાત્મ નિષ્ઠાથી જે કરી હોય, તેનું નામ કર્મ. કર્તાપણું અને ભોક્તાપણાના અભિમાનને લીધે બંધનરૂપ તથા

कर्तृत्वभोक्तृत्वाद्यहंकारतया बन्धरूपं जन्मादिकारणं नित्यनैमित्तिकयागव्रततपोदानादिषु फलाभिसंधानं यत्तदकर्म। ज्ञानमिति च देहेन्द्रियनिग्रहसद्गुरूपासनश्रवणमनननिदिध्यासनैर्यद्यद्दृग्दृश्यस्वरूपं सर्वान्तरस्थं सर्वसमं घटपटादिपदार्थमिवाकारं विकारेषु चैतन्यं विना किंचिन्नास्तीति साक्षात्कारानुभवो ज्ञानम। अज्ञानमिति च रज्जौ सर्पभ्रान्तिरिवाद्वितीये सर्वानुस्यूते सर्वमये ब्रह्मणि देवतिर्यङ्नरस्थावरस्त्रीपुरुषवर्णाश्रमबन्धमोक्षोपाधिनानात्मभेदकल्पितं ज्ञानमज्ञानम्। सुखमिति च सच्चिदानन्दस्वरूपं ज्ञात्वानन्दरूपा या स्थितिः सैव सुखम्। दुःखमिति अनात्मरूपः विषयसंकल्प एव दुःखम्। स्वर्ग इति च सत्संसर्गः स्वर्गः। नरक इति च असत्संसारविषयजनसंसर्ग एव नरकः। बन्ध इति च अनाद्यविद्यावासनया जातोऽहमित्यादिसंकल्पो बन्धः। पितृमातृसहोदरदारापत्यगृहारामक्षेत्रममतासंसारावरणसंकल्पो बन्धः। कर्तृत्वाद्यहंकारसंकल्पो बन्धः। अणिमाद्यष्टैश्वर्याशासिद्धसंकल्पो बन्धः। देवमनुष्याद्युपासनाकामसंकल्पो बन्धः। यमाद्यष्टाङ्गयोगसंकल्पो बन्धः। वर्णाश्रमधर्मकर्मसंकल्पो बन्धः।

જન્માદિનું કારણ એવા નિત્ય–નૈમિત્તિક યજ્ઞ, વ્રત, તપ, દાન વગેરેમાં ફળની ઇચ્છાથી કરાતું કર્મ તે અકર્મ કહેવાય છે. જ્ઞાન એટલે સૃષ્ટિની બધી ય બદલાતી વસ્તુઓની પાછળ ન બદલાતું ચૈતન્ય જ માત્ર રહ્યું છે, બીજું કાંઈ જ નથી; જે જે દ્રષ્ટા તથા દૃશ્ય સ્વરૂપ છે, તે એ ચૈતન્ય જ છે; એ સર્વની અંદર રહેલ છે, સર્વમાં સમાન છે. અને પોતે વિકારરહિત છે; છતાં ઘડો, કપડું વગેરે પદાર્થોરૂપ જાણે તે બન્યું હોય તેવું જણાય છે, એવો સાક્ષાત્કારવાળો જે અનુભવ તે જ્ઞાન છે.

આ અનુભવ દેહ, ઇંદ્રિય વગેરે પરના કાબૂ વડે તેમ જ સદ્‌ગુરુની ઉપાસના, શ્રવણ, મનન અને ધ્યાન વડે થાય છે. અજ્ઞાન એટલે દોરીનાં જેમ સાપની ભ્રાંતિ થાય, તેમ સર્વમાં પરોવાઈને રહેલા, સર્વરૂપ અને એકમાત્ર બ્રહ્મમાં દેવ, પશુ, પક્ષી, મનુષ્ય, સ્થાવર, સ્ત્રી, પુરુષ, વર્ણ, આશ્રમ, બંધ, મોક્ષ વગેરે અનેક ઉપાધિયુક્ત અનાત્મ વસ્તુઓનું જે ભેદકલ્પિત જ્ઞાન થાય, તે અજ્ઞાન કહેવાય છે. સુખ એટલે સચ્ચિદાનંદ પરમાત્માના સ્વરૂપને જાણીને આનંદવાળી જે સ્થિતિ તે સુખ કહેવાય છે; અને દુઃખ એટલે અનાત્મરૂપ વિષયોના વિચારો દુઃખ કહેવાય છે. સ્વર્ગ એટલે સત્પુરુષોનો સમાગમ જ સ્વર્ગ કહેવાય છે; નરક એટલે જૂઠા સંસારના વિષયો અને સંસારી લોકોનો સમાગમ નરક કહેવાય છે. બંધ એટલે આદિ રહિત અજ્ઞાનની વાસના વડે 'હું જન્મું છું, હું મરું છું' વગેરે જે વિચારો ઉત્પન્ન થાય છે, તે જ બંધન છે. મા, બાપ, ભાઈ, પત્ની, પુત્ર, ઘર, બગીચો, ખેતર વગેરે મારાં છે, એવા સંસારી આવરણરૂપ વિચારો પણ બંધનરૂપ છે. કર્તાપણા વગેરેના અભિમાનવાળો સંસ્કાર પણ બંધનરૂપ છે. અણિમા વગેરે આઠ ઐશ્વર્યની આશા સિદ્ધ કરવાનો સંકલ્પ પણ બંધન છે. દેવ, મનુષ્ય વગેરેની ઉપાસનાના મનોરથવાળો સંકલ્પ પણ બંધન છે; યમ, નિયમ વગેરે આઠ અંગવાળા યોગનો સંકલ્પ પણ બંધન છે. વર્ણાશ્રમ-ધર્મો વગેરેના કર્મનો સંકલ્પ પણ બંધનરૂપ જ છે; આશા, ભય, સંશય વગેરે રૂપ-ગુણોનો સંકલ્પ પણ બંધન છે; યજ્ઞ, વ્રત, તપ અને દાનના વિધિઓ કરવાના જ્ઞાનથી પણ બંધન થાય છે, તેમ જ કેવળ મોક્ષનો વિચાર કરવો, એ પણ એક જાતનું બંધન છે. સંકલ્પ અર્થાત્ વિચાર માત્રથી જ બંધન ઉત્પન્ન થાય છે. મોક્ષ એટલે નિત્ય અને અનિત્ય વસ્તુઓના વિચાર વડે,

आज्ञाभयसंशयात्मगुणसंकल्पो बन्धः। यागव्रततपोदानविधिविधान-ज्ञानसंभवो बन्धः। केवलमोक्षापेक्षासंकल्पो बन्धः। संकल्पमात्रसंभवो बन्धः। मोक्ष इति च नित्यानित्यवस्तुविचारादनित्यसंसारसुखदुःख-विषयसमस्तक्षेत्रममताबन्धक्षयो मोक्षः। उपास्य इति च सर्वशरीर-स्थचैतन्यब्रह्मप्रापको गुरुरुपास्यः। शिष्य इति च विद्याध्वस्तप्रप-ञ्चावगाहितज्ञानावशिष्टं ब्रह्मैव शिष्यः। विद्वानिति च सर्वान्तरस्थ-स्वसंविद्रूपविद्विद्वान्। मूढ इति च कर्तृत्वाद्यहंकारभावारूढो मूढः। आसुरमिति च ब्रह्मविष्ण्वीशानेन्द्रादीनामैश्वर्यकामनया निरशनजपा-ग्निहोत्रादिष्वन्तरात्मानं संतापयति चात्युग्ररागद्वेषविहिंसादम्भाद्यपे-क्षितं तप आसुरम्। तप इति च ब्रह्म सत्यं जगन्मिथ्येत्यपरोक्षज्ञा-नाग्निना ब्रह्माद्यैश्वर्याशासिद्धसंकल्पबीजसंतापं तपः। परमं पदमिति च प्राणेन्द्रियाद्यन्तःकरणगुणादेः परतरं सच्चिदानन्दमयं नित्यमुक्त-ब्रह्मस्थानं परमं पदं ग्राह्यमिति च देशकालवस्तुपरिच्छेदराहित्य-चिन्मात्रस्वरूपं ग्राह्यम्। अग्राह्यमिति च स्वस्वरूपव्यतिरिक्तमाया-मयबुद्धीन्द्रियगोचरजगत्सत्यत्वचिन्तनमग्राह्यम्। संन्यासीति च सर्वधर्मान्परित्यज्य निर्ममो निरहंकारो भूत्वा ब्रह्मेष्टं शरणमुपगम्य तत्त्वमसि अहं ब्रह्मास्मि सर्वं खल्विदं ब्रह्म नेह नानास्ति किंचनेत्या-

અનિત્ય સંસારના સુખદુઃખાત્મક બધા વિષયોનાં ક્ષેત્રોમાંથી મમતારૂપ બંધનનો નાશ થઈ જાય તે મોક્ષ કહેવાય છે. ઉપાસના કરવા યોગ્ય એ જ છે કે, બધાં શરીરમાં રહેલા ચૈતન્યરૂપ બ્રહ્મની જે પ્રાપ્તિ કરાવે તે ગુરુ ઉપાસ્ય છે. શિષ્ય એ જ છે કે જ્ઞાનપ્રાપ્તિ વડે સંસારરૂપ અજ્ઞાનનો નાશ થતાં ઊંડા જ્ઞાનરૂપે જ બાકી રહેલું બ્રહ્મ તે શિષ્ય છે. વિદ્વાન

એ જ કે સર્વની અંદર રહેલા આત્માના જ્ઞાનસ્વરૂપને જે જાણે છે તે વિદ્વાન છે; અને મૂઢ એ જ કે કર્તાપણું વગેરે અહંકારના ભાવ પર ચઢેલો મનુષ્ય મૂઢ છે. આસુરી એ જ કે બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ઇંદ્ર વગેરેનાં ઐશ્વર્યની ઇચ્છા રાખીને અને ઉપવાસ, જપ, અગ્નિહોત્ર વગેરેમાં અંતરાત્માને અત્યંત દુઃખ દે; અને અત્યંત ઉગ્ર રાગ, દ્વેષ, હિંસા, દંભ વગેરે દુર્ગુણોવાળું જે તપ કરે, તે આસુરી કહેવાય છે. તપ એ જ કે બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે, એવા પ્રત્યક્ષ જ્ઞાન વડે બ્રહ્માદિના ઐશ્વર્યની આશા સિદ્ધ કરવાના સંકલ્પોનું બીજ બાળી નાખવું, તે તપ કહેવાય છે. પરમ પદ એ જ કે પ્રાણ, ઇંદ્રિય, મન વગેરેથી પર રહેલું, સચ્ચિદાનંદરૂપ અને નિત્યમુક્ત એવું બ્રહ્મનું સ્થાન પરમપદ કહેવાય છે. ગ્રહણ કરવા યોગ્ય એ જ, કે દેશ, કાળ, વસ્તુ વગેરે મર્યાદા વિનાનું ચિન્માત્રસ્વરૂપ ગ્રાહ્ય (અર્થાત્ ગ્રહણ કરવા યોગ્ય વસ્તુ) છે, તેમ જ ગ્રહણ નહિ કરવાનું એ જ કે પોતાના સ્વરૂપથી જુદા, માયા વડે કલ્પાયેલા અને બુદ્ધિ, ઇંદ્રિય વગેરેના વિષયરૂપ જગતને સત્ય ગણવું તે અગ્રાહ્ય (અર્થાત્ ત્યજવા જેવી) વસ્તુ છે. સંન્યાસી એ જ કે બધા ધર્મોને છોડી દઈને તેમ જ અહંતામમતાને પણ ત્યજી દઈને ઇષ્ટવસ્તુ–બ્રહ્મને શરણે જઈ, 'તે તું છે,' 'હું બ્રહ્મ છું,' 'આ બધું બ્રહ્મ છે.' 'અહીં બ્રહ્મથી જુદું એવું કાંઈ જ નથી' ઇત્યાદિ મહાવાક્યો વડે 'હું જ બ્રહ્મ છું' એવો નિશ્ચય કરી નિર્વિકલ્પ સમાધિમાં રહી સ્વતંત્ર યતિરૂપે જે વ્યવહાર કરે છે, તે સંન્યાસી કહેવાય છે; તે જ મુક્ત છે, તે જ પૂજ્ય છે, તે જ યોગી છે, તે જ પરમહંસ છે, તે જ અવધૂત છે અને તે જ બ્રાહ્મણ છે. આ નિરાલંબ ઉપનિષદને જે ભણે છે, તે ગુરુકૃપાથી અગ્નિ જેવો પવિત્ર થાય છે, વાયુ

दिमहावाक्यार्थानुभवज्ञानाद्ब्रह्मैवाहमस्मीति निश्चित्य निर्विकल्पसमाधिनास्वतन्त्रो यतिश्चरति स संन्यासी स मुक्तः स पूज्यः स योगी स परमहंसः सोऽवधूतः स ब्राह्मण इति। इदं निरालम्बोपनिषदं योऽधीते गुर्वनुग्रहतः सोऽग्निपूतो भवति स वायुपूतो भवति न स पुनरावर्तते न स पुनरावर्तते पुनर्नाभिजायते पुनर्नाभिजायत इत्युपनिषत् ॥

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते। पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

इति निरालम्बोपनिषत्समाप्ता ॥

## शुकरहस्योपनिषत्

शान्तिपाठः- ॐ सह नाववतु सह नौ भुनक्तु सह वीर्यं करवावहै तेजस्वि नावधीतमस्तु मा विद्विषावहै।

ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

अथातो रहस्योपनिषदं व्याख्यास्यामो देवर्षयो ब्रह्माणं संपूज्य प्रणिपत्य पप्रच्छुर्भगवन्नस्माकं रहस्योपनिषदं ब्रूहीति। सोऽब्रवीत्- पुरा व्यासो महातेजाः सर्ववेदतपोनिधिः। प्रणिपत्य शिवं साम्बं कृताञ्जलिरुवाच ह ॥ १ ॥ श्रीवेदव्यास उवाच। देवदेव महाप्राज्ञ पाशच्छेददृढव्रत। शुकस्य मम पुत्रस्य वेदसंस्कारकर्मणि ॥ २ ॥ ब्रह्मोपदेशकालोऽयमिदानीं समुपस्थितः। ब्रह्मोपदेशः कर्तव्यो भवताद्य जगद्गुरो ॥ ३ ॥ ईश्वर उवाच। मयोपदिष्टे कैवल्ये

જેવો પવિત્ર થાય છે, તે ફરી સંસારમાં આવતો નથી, તે ફરી આ સંસારમાં આવતો નથી, તે ફરી જન્મતો નથી, ફરી જન્મતો નથી. એવું આ રહસ્ય છે.

ૐ એ બ્રહ્મ પૂર્ણ છે, આ જગત પૂર્ણ છે; એ પૂર્ણ બ્રહ્મમાંથી આ પૂર્ણ જગત ઉત્પન્ન થાય છે; એ પૂર્ણ બ્રહ્મમાંથી પૂર્ણ જગત કાઢી લઈએ તો પૂર્ણ બ્રહ્મ જ બાકી રહે છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ઇતિ નિરાલંબ ઉપનિષદ સમાપ્ત

## ૧૦ : શુકરહસ્ય ઉપનિષદ

**શાંતિપાઠ** :–ૐ બ્રહ્મ અમારું બન્ને( ગુરુ–શિષ્ય )નું સાથે રક્ષણ કરો; અમારું બન્નેનું સાથે પાલન કરો; અમે બન્ને સાથે જ સામર્થ્ય મેળવીએ; અમારું બન્નેનું ભણતર તેજસ્વી થાઓ; અમે કોઈનો દ્વેષ ન કરીએ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

હવે અહીંથી રહસ્યરૂપ ઉપનિષદનું અમે વ્યાખ્યાન કરીએ છીએ. દેવર્ષિઓએ બ્રહ્માની પૂજા કરી તેમને પ્રણામ કર્યા ને પૂછ્યું કે, 'હે ભગવન્! રહસ્યરૂપ ઉપનિષદ તમે અમને કહો.' ત્યારે બ્રહ્મા બોલ્યા : 'પૂર્વે મહાતેજસ્વી અને વેદ તથા તપના ભંડાર વ્યાસે અંબિકા સહિત શિવને પ્રણામ કરી બે હાથ જોડી કહ્યું હતું :' ૧

શ્રીવેદવ્યાસ બોલ્યા : 'હે દેવના દેવ! હે મહાબુદ્ધિમાન! હે સંસારરૂપ પાશ છેદવાના દૃઢ વ્રતવાળા! મારા પુત્ર શુકદેવને વેદસંસ્કાર કરવાનું કર્મ ચાલે છે; ૨ તેમાં એને બ્રહ્મનો ઉપદેશ કરવાનો હમણાં આ સમય આવ્યો છે; માટે હે જગદ્-ગુરુ! આપ આજે તેને બ્રહ્મનો ઉપદેશ કરો.' ૩

ઈશ્વર બોલ્યા : 'કૈવલ્યરૂપ સનાતન બ્રહ્મનો હું સાક્ષાત્

साक्षाद्ब्रह्मणि शाश्वते। विहाय पुत्रो निर्वेदात्प्रकाशं यास्यति स्वयम् ॥४॥ श्रीवेदव्यास उवाच। यथा तथा वा भवतु ह्युपनयनकर्मणि। उपदिष्टे मम सुते ब्रह्मणि त्वत्प्रसादतः ॥५॥ सर्वज्ञो भवतु क्षिप्रं मम पुत्रो महेश्वर। तव प्रसादसंपन्नो लभेन्मुक्तिं चतुर्विधाम् ॥६॥ तच्छ्रुत्वा व्यासवचनं सर्वदेवर्षिसंसदि। उपदेष्टुं स्थितः शम्भुः साम्बो दिव्यासने मुदा ॥७॥ कृतकृत्यः शुकस्तत्र समागत्य सुभक्तिमान्। तस्मात्स प्रणवं लब्ध्वा पुनरित्यब्रवीच्छिवम् ॥८॥ श्रीशुक उवाच। देवादिदेव सर्वज्ञ सच्चिदानन्दलक्षण। उमारमण भूतेश प्रसीद करुणानिधे ॥९॥ उपदिष्टं परं ब्रह्म प्रणवान्तर्गतं परम्। तत्त्वमस्यादिवाक्यानां प्रज्ञादीनां विशेषतः ॥१०॥ श्रोतुमिच्छामि तत्त्वेन षडङ्गानि यथाक्रमम्। वक्तव्यानि रहस्यानि कृपयाद्य सदाशिव ॥११॥ श्रीसदाशिव उवाच। साधु साधु महाप्राज्ञ शुक ज्ञाननिधे मुने। प्रष्टव्यं तु त्वया पृष्टं रहस्यं वेदगर्भितम् ॥१२॥ रहस्योपनिषन्नाम्ना सषडङ्गमिहोच्यते। यस्य विज्ञानमात्रेण मोक्षः साक्षान्न संशयः ॥१३॥ अङ्गहीनानि वाक्यानि गुरुर्नोपदिशेत्पुनः। सषडङ्गान्युपदिशेन्महावाक्यानि कृत्स्नशः ॥१४॥ चतुर्णामपि वेदानां यथोपनिषदः शिरः। इयं रहस्योपनिषत्तथोपनिषदां शिरः ॥१५॥ रहस्योपनिषद्ब्रह्म ध्यातं येन विपश्चिता। तीर्थैर्मंत्रैः श्रुतैर्जप्यैस्तस्य किं पुण्यहेतुभिः ॥१६॥

ઉપદેશ કરીશ, તો તમારો પુત્ર વૈરાગ્યને લીધે બધું ત્યજીને પોતે જ ખુલ્લી રીતે જતો રહેશે.' ૪

શ્રી વેદવ્યાસ બોલ્યા: 'આ ઉપનયન કર્મમાં આપની કૃપાથી મારા પુત્રને બ્રહ્મનો ઉપદેશ પ્રાપ્ત થાય, તો ભલે, ગમે

તે થાઓ. (પણ એને બ્રહ્મનો ઉપદેશ મળવો જ જોઈએ.) ૫ હે મહેશ્વર! મારો પુત્ર સત્વર સર્વજ્ઞ થાઓ; અને આપની કૃપાથી યુક્ત થઈ ચાર પ્રકારની મુક્તિને ભલે પામે.' ૬ વ્યાસનું તે વચન સાંભળી અંબિકા સહિત શ્રી શંકર દેવર્ષિઓની સભા વચ્ચે ઉપદેશ દેવાને દિવ્ય આસન ઉપર આનંદથી બેઠા. ૭ એટલે કૃતકૃત્ય શુકદેવજી અત્યંત ભક્તિપૂર્વક ત્યાં આવ્યા; તેમણે શંકર પાસેથી પ્રથમ પ્રણવ (ૐ)નો ઉપદેશ મેળવ્યો, ને પછી શંકરને આ પ્રમાણે કહ્યું. ૮

શ્રી શુકદેવજી બોલ્યા: 'હે દેવોના આદિદેવ! હે સર્વજ્ઞ! હે સર્વજ્ઞ! હે સચ્ચિદાનંદરૂપ લક્ષણવાળા! હે ઉમાપતિ! હે ભૂતપતિ! હે દયાના ભંડાર! પ્રસન્ન થાઓ. ૯ આપે પ્રણવની અંદર જ સમાઈ જતા પરબ્રહ્મનો ઉપદેશ મને આપ્યો; પણ હવે 'तत्त्वमसि' અને 'प्रज्ञानं ब्रह्म' આદિ મહાવાક્યોનાં છ અંગો અનુક્રમે ખાસ તત્ત્વસ્વરૂપે સાંભળવા હું ઇચ્છું છું; તો હે સદાશિવ! કૃપા કરી તે રહસ્યો હવે આપ કહો.' ૧૦,૧૧

શ્રી સદાશિવ બોલ્યા: 'હે મહાબુદ્ધિમાન શુકમુનિ! સારું સારું. હે જ્ઞાનના ભંડાર! પૂછવા જેવું વેદોનું રહસ્ય તમે પૂછ્યું છે. ૧૨ છ અંગો સહિત એ રહસ્યોપનિષદ અહીં કહેવાય છે, જેના માત્ર જ્ઞાનથી સાક્ષાત્ મોક્ષ થાય છે, એમાં સંશય નથી. ૧૩ અંગ વિનાનાં મહાવાક્યોનો ગુરુએ ઉપદેશ ન કરવો જોઈએ; પણ અંગ સહિત જ મહાવાક્યોનો સંપૂર્ણ ઉપદેશ કરવો. ૧૪ જેમ ચારે વેદોનું મસ્તક ઉપનિષદો છે, તેમ સર્વ ઉપનિષદોનું મસ્તક આ રહસ્યોપનિષદ છે. ૧૫ જે વિદ્વાન મનુષ્યે આ રહસ્ય ઉપનિષદમાં ઉપદેશેલા બ્રહ્મનું ધ્યાન કર્યું હોય, તેને પુણ્યનાં કારણ—તીર્થો, મંત્રો, શાસ્ત્રશ્રવણો કે જપ કરવાની શી

वाक्यार्थस्य विचारेण यदाप्नोति शरच्छतम्। एकवारजपेनैव ऋष्यादिध्यानतश्च यत् ॥१७॥ ॐ अस्य श्रीमहावाक्यमहामन्त्रस्य हंस ऋषिः। अव्यक्तगायत्री छन्दः। परमहंसो देवता। हं बीजम्। सः शक्तिः। सोऽहं कीलकम्। मम परमहंसप्रीत्यर्थे महावाक्यजपे विनियोगः। सत्यं ज्ञानमनन्तं ब्रह्म अङ्गुष्ठाभ्यां नमः। नित्यानन्दो ब्रह्म तर्जनीभ्यां स्वाहा। नित्यानन्दमयं ब्रह्म मध्यमाभ्यां वषट्। यो वै भूमा अनामिकाभ्यां हुम्। यो वै भूमाधिपतिः कनिष्ठिकाभ्यां वौषट्। एकमेवाद्वितीयं ब्रह्म करतलकरपृष्ठाभ्यां फट् ॥ सत्यं ज्ञानमनन्तं ब्रह्म हृदयाय नमः। नित्यानन्दो ब्रह्म शिरसे स्वाहा। नित्यानन्दमयं ब्रह्म शिखायै वषट्। यो वै भूमा कवचाय हुम्। यो वै भूमाधिपतिः नेत्रत्रयाय वौषट्। एकमेवाद्वितीयं ब्रह्म अस्त्राय फट्। भूर्भुवःसुवरोमिति दिग्बन्धः। ध्यानम्। नित्यानन्दं परमसुखदं केवलं ज्ञानमूर्तिं द्वन्द्वातीतं गगनसदृशं तत्त्वमस्यादिलक्ष्यम्। एकं नित्यं विमलमचलं सर्वधीसाक्षिभूतं भावातीतं त्रिगुणरहितं सद्गुरुं तं नमामि ॥१॥

अथ महावाक्यानि चत्वारि। यथा ॐ प्रज्ञानं ब्रह्म ॥१॥ ॐ अहं ब्रह्मास्मि ॥२॥ ॐ तत्त्वमसि ॥३॥ ॐ अयमात्मा ब्रह्म ॥४॥ तत्त्वमसीत्यभेदवाचकमिदं ये जपन्ति ते शिवसायुज्यमुक्तिभाजो

જરૂર છે? ૧૬ સો વર્ષો સુધી વાક્યોના અર્થનો વિચાર કરવાથી જે ફળ પામે છે, તે જ ફળ ઋષિ આદિના ધ્યાનપૂર્વક માત્ર એક જ વાર જપ કરવાથી મનુષ્ય પામે છે. ૧૭

ૐ આ શ્રી મહાવાક્ય મહામંત્રના ઋષિ* હંસ છે; અવ્યક્ત ગાયત્રી છંદ છે; પરમહંસ દેવતા છે; हं બીજ છે, सः શક્તિ છે; 'सोऽहम्' કીલક છે; અને મારા પર પરમહંસની પ્રીતિ થાય, માટે મહાવાક્યના જપમાં આનો વિનિયોગ થાઓ. 'બ્રહ્મ સત્ય, જ્ઞાન તથા અનંતસ્વરૂપ છે' બે અંગૂઠાને નમસ્કાર; 'બ્રહ્મ નિત્ય આનંદસ્વરૂપ છે' 'બન્ને તર્જનીઓ માટે સ્વાહા,' 'બ્રહ્મ નિત્ય આનંદમય છે' બન્ને વચલી આંગળીઓ માટે વષટ્; 'જે ભૂમા છે' બન્ને અનામિકાઓ માટે હુમ્; જે ભૂમાના અધિપતિ છે' બન્ને ટચલી આંગળીઓ માટે વૌષટ્; 'એક જ અદ્વિતીય બ્રહ્મ છે' બન્ને હથેળીઓ અને બન્ને પહોંચાઓ માટે ફટ્; 'બ્રહ્મ સત્ય, જ્ઞાન તથા અનંતસ્વરૂપ છે' હૃદયને નમસ્કાર; 'બ્રહ્મ નિત્ય આનંદસ્વરૂપ છે' મસ્તક માટે સ્વાહા; 'બ્રહ્મ નિત્ય આનંદમય છે' શિખા માટે વષટ્; 'જે ભૂમા છે' કવચ માટે હુમ્; 'જે ભૂમાના અધિપતિ છે' ત્રણ નેત્રો માટે વૌષટ્; 'એક જ અદ્વિતીય બ્રહ્મ છે' અસ્ત્ર માટે ફટ્; 'ભૂર્, ભુવઃ, સુવર્, ૐ' એમ કહી દિગ્બંધ કરવો. તે પછી આ પ્રમાણે ધ્યાન કરવું. 'જે નિત્ય આનંદરૂપ, પરમ સુખને આપનાર, કેવળ જ્ઞાનમૂર્તિ, દ્વંદ્વથી રહિત, આકાશ સમાન, 'तत्त्वमसि' આદિ વાક્યોના લક્ષ્યાર્થરૂપ, એક, નિત્ય, નિર્મળ, અચળ, સર્વની બુદ્ધિઓના સાક્ષી, સર્વ પદાર્થોથી પર અને ત્રણે ગુણોથી રહિત છે, તે સદ્ગુરુને હું નમું છું. ૧

હવે ચાર મહાવાક્યો આ પ્રમાણે: ૧ ૐ प्रज्ञानं ब्रह्म, ૨ ૐ अहं ब्रह्मास्मि, ૩ ૐ तत्त्वमसि; ૪ ૐ अयमात्मा ब्रह्म—આ ચાર મહાવાક્યોમાંનું 'तत्त्वमसि' એ મહા-

* આ ઋષિ, ન્યાસ વગેરે મૂળના શબ્દોમાં કરવા તે વિધિ છે.

भवन्ति ॥ तत्पदमहामन्त्रस्य परमहंस ऋषिः । अव्यक्तगायत्री छन्दः । परमहंसो देवता । हं बीजम् । सः शक्तिः । सोऽहं कीलकम् । मम सायुज्ययुक्त्यर्थे जपे विनियोगः । तत्पुरुषाय अङ्गुष्ठाभ्यां नमः । ईशानाय तर्जनीभ्यां स्वाहा । अघोराय मध्यमाभ्यां वषट् । सद्योजाताय अनामिकाभ्यां हुम् । वामदेवाय कनिष्ठिकाभ्यां वौषट् । तत्पुरुषेशानाघोरसद्योजातवामदेवेभ्यो नमः करतलकरपृष्ठाभ्यां फट् । एवं हृदयादिन्यासः । भूर्भुवःसुवरोमिति दिग्बन्धः ॥ ध्यानम् । ज्ञानं ज्ञेयं ज्ञानगम्यादतीतं शुद्धं बुद्धं मुक्तमप्यव्ययं च । सत्यं ज्ञानं सच्चिदानन्दरूपं ध्यायेदेवं तन्महो भ्राजमानम् ॥ त्वंपदमहामन्त्रस्य विष्णुर्ऋषिः । गायत्रीछन्द । परमात्मा देवता । ऐं बीजम् । क्लीं शक्तिः । सौः कीलकम् । मम मुक्त्यर्थे जपे विनियोगः । वासुदेवाय अङ्गुष्ठाभ्यां नमः । संकर्षणाय तर्जनीभ्यां स्वाहा । प्रद्युम्नाय मध्यमाभ्यां वषट् । अनिरुद्धाय अनामिकाभ्यां हुम् । वासुदेवाय कनिष्ठिकाभ्यां वौषट् । वासुदेवसंकर्षणप्रद्युम्नानिरुद्धेभ्यः करतलकरपृष्ठाभ्यां फट् । एवं हृदयादिन्यासः । भूर्भुवःसुवरोमिति दिग्बन्धः ॥ ध्यानम् ॥ जीवत्वं सर्वभूतानां सर्वत्राखण्डविग्रहम् । चित्ताहंकारयन्तारं जीवाख्यं त्वंपदं भजे । असिपदमहामन्त्रस्य मन ऋषिः । गायत्री छन्दः । अर्धनारीश्वरो देवता । अव्यक्तादिर्बीजम् । नृसिंहः शक्तिः । परमात्मा कीलकम् । जीवब्रह्मैक्यार्थे जपे विनियोगः । पृथ्वीद्व्यणुकाय अङ्गु-

વાક્ય પરબ્રહ્મની સાથે આત્માનો અભેદ જણાવે છે. એનો જેઓ જપ કરે છે, તેઓ શિવ સાથેની સાયુજ્યમુક્તિ પામે છે. એ મહાવાક્યમાંના તત્ પદરૂપ મહામંત્રના ઋષિ પરમહંસ છે; અવ્યક્ત

ગાયત્રી છંદ છે; પરમહંસ દેવતા છે; 'हं' બીજ છે; 'सः' શક્તિ છે; सोऽहम्' કીલક છે; મને સાયુજ્યમુક્તિ પ્રાપ્ત થાય માટે તેનો જપમાં વિનિયોગ થાઓ. 'तत्पुरुषाय'–એ અંગૂઠાઓને નમસ્કાર; 'ईशानाय'–એ તર્જનીઓ માટે સ્વાહા; 'अघोराय'– એ વચલી આંગળીઓ માટે वषट्; 'सद्योजाताय'–બન્ને અનામિકાઓ માટે हुम्; 'वामदेवाय'–બન્ને ટચલી આંગળીઓ માટે वौषट्; 'तत्पुरुषेशानाघोरसद्योजातवामदेवेभ्यो नमः' એમ કહી બન્ને હથેળી અને પહોંચાઓ માટે फट्. એ રીતે હૃદય આદિમાં ન્યાસ કરવો. भूर्, भुवः, सुवर्, ॐ' એમ કહી દિગ્બંધ કરવો. પછી ધ્યાન કરવું: 'જે જ્ઞાનરૂપ, જ્ઞેયરૂપ, જ્ઞાન વડે પ્રાપ્ત કરવા યોગ્યથી પર, શુદ્ધ, બુદ્ધ, મુક્ત, નિર્વિકાર, સત્ય, જ્ઞાન અને સચ્ચિદાનંદરૂપ છે, તે પ્રકાશમાન તેજનું ધ્યાન કરવું જોઈએ.' હવે त्वम् પદરૂપ મહામંત્રના ઋષિ વિષ્ણુ છે; ગાયત્રી છંદ છે; પરમાત્મા દેવતા છે; ऐं બીજ છે; क्लीं શક્તિ છે; सौः કીલક છે; મને મુક્તિ પ્રાપ્તિ થાય માટે જપમાં વિનિયોગ થાઓ. 'वासुदेवाय'–બન્ને અંગૂઠાઓ વડે નમસ્કાર; 'संकर्षणाय'–બન્ને તર્જનીઓ વડે સ્વાહા; 'प्रद्युम्नाय'–બન્ને વચલી આંગળીઓ વડે वषट्; 'अनिरुद्धाय'–બન્ને અનામિકાઓ વડે हुम्; 'वासुदेवाय' બન્ને ટચલી આંગળીઓ વડે वौषट्; 'वासुदेवसंकर्षणप्रद्युम्नानिरुद्धेभ्यः'–એમ કહી બંને હથેળી તથા પહોંચા વડે फट् કરે. એમ હૃદય વગેરેમાં ન્યાસ કરવો. 'भूर्, भुवः, सुवर्, ॐ' એમ કહી દિગ્બંધ કરવો. પછી આવું ધ્યાન કરવું: 'સર્વ પ્રાણીઓનું જીવપણું બધે અખંડ સ્વરૂપે છે. તે ચિત્ત અને અહંકારનું નિયંતા છે. એ 'જીવ' નામના 'त्वम्' પદને હું ભજું છું. હવે 'असि' પદરૂપ મહામંત્રનું મન ઋષિ છે; ગાયત્રી છંદ છે, અર્ધનારીશ્વર

ष्ठाभ्यां नमः। अब्व्यणुकाय तर्जनीभ्यां स्वाहा। तेजोव्व्यणुकाय मध्यमाभ्यां वषट्। वायुव्व्यणुकाय अनामिकाभ्यां हुम्। आकाशव्व्यणुकाय कनिष्ठिकाभ्यां वौषट्। पृथिव्यप्तेजोवाय्वाकाशव्व्यणुकेभ्यः करतलकरपृष्ठाभ्यां फट्। भूर्भुवःसुवरोमिति दिग्बन्धः॥ ध्यानम्॥ जीवो ब्रह्मेति वाक्यार्थं यावदस्ति मनःस्थितिः। ऐक्यं तत्त्वं लये कुर्वन्ध्यायेदसिपदं सदा॥ एवं महावाक्यषडङ्गान्युक्तानि॥

अथ रहस्योपनिषद्विभागशो वाक्यार्थश्लोकाः प्रोच्यन्ते॥ येनेक्षते शृणोतीदं जिघ्रति व्याकरोति च। स्वाद्वस्वादु विजानाति तत्प्रज्ञानमुदीरितम्॥ १॥ चतुर्मुखेन्द्रदेवेषु मनुष्याश्वगवादिषु। चैतन्यमेकं ब्रह्मातः प्रज्ञानं ब्रह्म मय्यपि॥ २॥ परिपूर्णः परात्मास्मिन्देहे विद्याधिकारिणि। बुद्धेः साक्षितया स्थित्वा स्फुरन्नहमितीर्यते॥ ३॥ स्वतः पूर्णः परात्मात्र ब्रह्मशब्देन वर्णितः। अस्मीत्यैक्यपरामर्शस्तेन ब्रह्म भवाम्यहम्॥ ४॥ एकमेवाद्वितीयं सन्नामरूपविवर्जितम्। सृष्टेः पुराधुनाप्यस्य तादृक्त्वं तदितीर्यते॥ ५॥ श्रोतुर्देहेन्द्रियातीतं वस्त्वत्र त्वंपदेरितम्। एकता ग्राह्यतेऽसीति तदैक्यमनुभूयताम्॥ ६॥ स्वप्रकाशापरोक्षत्वमयमित्युक्तितो मतम्। अहंकारादिदेहान्तं प्रत्यगात्मेति गीयते॥ ७॥ दृश्यमानस्य सर्वस्य जगतस्तत्त्वमीर्यते।

દેવતા છે; અવ્યક્તાદિ બીજ છે, નૃસિંહ શક્તિ છે, પરમાત્મા કીલક છે અને જીવ તથા બ્રહ્મની એકતા માટેના જપમાં તેનો વિનિયોગ થાઓ. પૃથ્વીના બે અણુઓ માટે બે અંગૂઠા વડે નમસ્કાર, જળના બે અણુઓ માટે બે તર્જનીઓ વડે સ્વાહા; તેજના બે અણુઓ માટે બે વચલી આંગળી વડે વષટ્; વાયુના બે અણુઓ માટે બે અનામિકાઓ વડે હુમ્; આકાશના બે અણુઓ માટે બે ટચલી

આંગળીઓ વડે વૌષટ્; પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશના બે અણુઓ માટે બે હથેળી અને બે પહોંચા વડે ફટ્; 'ભૂર્, ભુવઃ, સુવર્, ૐ' એમ કહી દિગ્બંધ કરવો. પછી આમ ધ્યાન કરવું:—જ્યાં સુધી મનની સ્થિતિ છે, ત્યાં સુધી 'જીવ બ્રહ્મ છે' એ વાક્યાર્થની તત્ત્વ પ્રત્યે લય થવા માટે એકતા કરતા રહી असि પદનું સદા ધ્યાન કરવું. એ રીતે મહાવાક્યનાં છ અંગો કહ્યાં.

હવે રહસ્યોપનિષદના વિભાગ પ્રમાણે વાક્યાર્થ દર્શાવનારા શ્લોકો કહેવાય છે:—'જેને લીધે પ્રાણીઓ જુએ છે, સાંભળે છે, સૂંઘે છે, બોલે છે અને સ્વાદિષ્ટ–અસ્વાદિષ્ટ જાણે છે, તેને 'પ્રજ્ઞાન' કહે છે. ૧ બ્રહ્મા, ઇંદ્ર, દેવો, મનુષ્યો, ઘોડા અને ગાયો વગેરેમાં જે ચૈતન્ય છે, તે જ એક બ્રહ્મ છે. આથી મારામાં પણ એ જ 'પ્રજ્ઞાન બ્રહ્મ' છે. ૨ જ્ઞાનના અધિકારી આ દેહમાં બુદ્ધિના સાક્ષીરૂપે રહી પરિપૂર્ણ પ્રકાશતા પરમાત્મા 'હું' એ રીતે કહેવાય છે. ૩ સ્વયં પરિપૂર્ણ પરમાત્મા અહીં 'બ્રહ્મ' શબ્દથી વર્ણવ્યા છે; તેમની સાથે 'હું છું' એમ એકતાનો સંબંધ થાય છે, માટે હું બ્રહ્મસ્વરૂપ જ છું. ૪ સૃષ્ટિની પહેલાં એક જ અદ્વિતીય બ્રહ્મ નામ તથા રૂપથી રહિત હતું અને તે જ હમણાં પણ તેવા જ સ્વરૂપે કહેવાય છે. ૫ સાંભળનારના શરીરમાં ઇંદ્રિયોથી પર જે વસ્તુ છે, તે જ 'तत्त्वमसि' એ વાક્યમાં 'त्वं' પદથી કહેવાઈ છે; અને 'असि' એ પદથી તેની 'तत्' પદના અર્થ સાથે એકતા ગ્રહણ કરાવી છે; માટે તે એકતાનો અનુભવ કરો. ૬ 'अयमात्मा ब्रह्म' એ મહાવાક્યમાં 'अयम्' પદથી આત્મા સ્વયંપ્રકાશ અને અપરોક્ષ છે, એમ જણાવ્યું છે; 'आत्मा' શબ્દથી અહંકારથી માંડી દેહ સુધીનું

ब्रह्मशब्देन तद्ब्रह्म स्वप्रकाशात्मरूपकम् ॥८॥ अनात्मदृष्टेरविवेक-निद्रामहं मम स्वप्नगतिं गतोऽहम्। स्वरूपसूर्येऽभ्युदिते स्फुटोक्तेर्गुरोर्महावाक्यपदैः प्रबुद्धः ॥९॥ वाच्यं लक्ष्यमिति द्विधार्थसरणी-वाच्यस्य हि त्वंपदे वाच्यं भौतिकमिन्द्रियादिरपि यल्लक्ष्यं त्वमर्थश्च सः। वाच्यं तत्पदमीशताकृतमतिर्लक्ष्यं तु सच्चित्सुखानन्दब्रह्म तदर्थ एष च तयोरैक्यं त्वसीदं पदम् ॥१०॥ त्वमिति तदिति कार्ये कारणे सत्युपाधौ द्वितयमितरथैकं सच्चिदानन्दरूपम्। उभयवचनहेतू देशकालौ च हित्वा जगति भवति सोऽयं देवदत्तो यथैकः ॥११॥ कार्योपाधिरयं जीवः कारणोपाधिरीश्वरः कार्यकारणतां हित्वा पूर्णबोधोऽवशिष्यते ॥१२॥ श्रवणं तु गुरोः पूर्वं मननं तदनन्तरम्। निदिध्यासनमित्येतत्पूर्णबोधस्य कारणम् ॥१३॥ अन्यविद्यापरिज्ञानमवश्यं नश्वरं भवेत्। ब्रह्मविद्यापरिज्ञानं ब्रह्मप्राप्तिकरं स्थितम् ॥१४॥ महावाक्यान्युपदिशेत्सषडङ्गानि देशिकः। केवलं नहि वाक्यानि ब्रह्मणो वचनं यथा ॥१५॥ ईश्वर उवाच। एवमुक्त्वा मुनिश्रेष्ठ रहस्योपनिषच्छुक। मया पित्रानुनीतेन व्यासेन ब्रह्मवादिना

પ્રત્યગાત્મા છે, એમ કહ્યું છે; અને 'ब्रह्म' શબ્દથી દેખાતું સમગ્ર જગત એ એક જ તત્ત્વ છે, એમ કહેલ છે. તે જ બ્રહ્મ સ્વયંપ્રકાશ આત્મારૂપ છે. ૭-૮ જ્યાં સુધી મારી આત્મદૃષ્ટિ ન હતી અને અવિવેકરૂપી નિદ્રામાં હું પડ્યો હતો; ત્યાં સુધી 'હું, મારું' એવી સ્વપ્નદશાને પામ્યો હતો; પણ હવે ગુરુએ સ્પષ્ટ ઉપદેશેલાં મહાવાક્યોનાં પદોથી આત્મસ્વરૂપરૂપી સૂર્ય ઊગી ગયો છે, તેથી હું અતિશય જાગ્યો છું-જ્ઞાની બન્યો છું. ૯ 'तत्त्वमसि' એ

વાકયના ' त्वं ' પદના બે અર્થ છે: વાચ્ય અને લક્ષ્ય, તેમાં ભૌતિક ઇંદ્રિયો, શરીર અને જીવ વગેરે વાચ્ય અર્થ છે અને તે શુદ્ધ ચૈતન્ય લક્ષ્ય અર્થ છે; એ જ પ્રમાણે ' तत् ' પદના પણ બે અર્થ છે; તેમાં ઈશ્વર, પરમાત્મા વગેરે વાચ્યાર્થ છે અને ' સચ્ચિત્સુખ-સ્વરૂપ તથા આનંદસ્વરૂપ બ્રહ્મ ' એ તેનો લક્ષ્યાર્થ છે. આમ લક્ષ્યાર્થરૂપે જીવ તથા બ્રહ્મની એકતા છે, એમ ' असि ' પદ સૂચવે છે. ૧૦ કાર્યરૂપ ઉપાધિ છે તો ' त्वं ' પદનો વાચ્યાર્થ જીવ છે; અને કારણરૂપ ઉપાધિ છે તો ' तत् ' પદનો વાચ્યાર્થ ઈશ્વર છે; પણ એ બન્ને ઉપાધિ દૂર થતાં એક જ સચ્ચિદાનંદ સ્વરૂપ બાકી રહે છે; ( અને તે જ એ બન્ને પદનો લક્ષ્યાર્થ છે. ) જેમ ' તે આ દેવદત્ત છે ' એ વાકયમાં ' તે ' અને ' આ ' એ બન્ને વચનનાં કારણ દેશ તથા કાળને જો ત્યજી દેવામાં આવે છે, તો એક જ દેવદત્ત વ્યક્તિ જગતમાં બાકી રહે છે. ૧૧ આ જીવ કાર્યરૂપ ઉપાધિવાળો છે અને ઈશ્વર કારણરૂપ ઉપાધિ-વાળા છે; પણ એ બન્ને કાર્ય–કારણરૂપ ઉપાધિ ત્યજી દીધા પછી એક જ પૂર્ણજ્ઞાન બાકી રહે છે. ૧૨ પ્રથમ ગુરુ પાસેથી ( મહાવાકયોના અર્થનું ) શ્રવણ કરવું જોઈએ; તે પછી તેનું મનન કરવું જોઈએ; અને પછી તેનું નિદિધ્યાસન કરવું જોઈએ; એમ આ ત્રણ વસ્તુ પૂર્ણજ્ઞાન મેળવવામાં કારણ છે. ૧૩ બ્રહ્મ-વિદ્યા સિવાયની બીજી વિદ્યાઓનું સંપૂર્ણ જ્ઞાન કર્યું, પણ તે અવશ્ય નાશવંત છે; કેવળ બ્રહ્મવિદ્યાનું જ પૂર્ણજ્ઞાન બ્રહ્મની પ્રાપ્તિ કરનાર બની કાયમ રહે છે. ૧૪ બ્રહ્માનું આવું વચન છે કે, ગુરુએ છ અંગો સહિત મહાવાકયોનો ઉપદેશ કરવો; પણ કેવળ એકલાં મહાવાકયોનો ઉપદેશ કરવો નહિ. ૧૫

ઈશ્વર બોલ્યા: હે મુનિશ્રેષ્ઠ શુકદેવ! તમારા પિતા બ્રહ્મવાદી વ્યાસે મને પ્રાર્થના કરી હતી; તેથી મેં આ રહસ્યો-

॥ १६ ॥ ततो ब्रह्मोपदिष्टं वै सच्चिदानन्दलक्षणम्। जीवन्मुक्तः सदा ध्यायन्नित्यस्त्वं विहरिष्यसि ॥ १७ ॥ यो वेदादौ स्वरः प्रोक्तो वेदान्ते च प्रतिष्ठितः। तस्य प्रकृतिलीनस्य यः परः स महेश्वरः ॥ १८ ॥ उपदिष्टः शिवेनेति जगत्तन्मयतां गतः। उत्थाय प्रणिपत्येशं त्यक्ताशेषपरिग्रहः ॥ १९ ॥ परब्रह्मपयोराशौ प्लवन्निव ययौ तदा। प्रव्रजन्तं तमालोक्य कृष्णद्वैपायनो मुनिः ॥ २० ॥ अनुव्रजन्नाजुहाव पुत्रविश्लेषकातरः। प्रतिनेदुस्तदा सर्वे जगत्स्थावरजङ्गमाः ॥ २१ ॥ तच्छ्रुत्वा सकलाकारं व्यासः सत्यवतीसुतः। पुत्रेण सहितः प्रीत्या परानन्दमुपेयिवान् ॥ २२ ॥ यो रहस्योपनिषदमधीते गुर्वनुग्रहात्। सर्वपापविनिर्मुक्तः साक्षात्कैवल्यमश्नुते साक्षात्कैवल्यमश्नुत इत्युपनिषत् ॥

ॐ सह नाववतु सह नौ भुनक्तु सह वीर्यं करवावहै। तेजस्विनावधीतमस्तु मा विद्विषावहै ॥ ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

इति याजुषी शुकरहस्योपनिषत्समाप्ता ॥

પનિષદ તમને ઉપદેશી છે; ૧૬ અને તે દ્વારા સચ્ચિદાનંદ લક્ષણવાળા બ્રહ્મનો તમને ઉપદેશ કર્યો છે. હવે તેનું સદાકાળ ધ્યાન કરતા તમે જીવન્મુક્ત થઈ નિત્ય સ્વરૂપે વિહાર કરશો. ૧૭ જે 'ૐ' સ્વર વેદના આદિમાં કહેવાયો છે અને વેદાંતમાં પ્રતિષ્ઠા પામ્યો છે, તેનો પ્રકૃતિલયમાં લય થતાં જે પરમતત્ત્વ બાકી રહે છે, તે જ મહેશ્વર છે.' ૧૮

શંકરે એમ ઉપદેશ કર્યો, એટલે શુકદેવજી એ શિવરૂપ તથા જગતસ્વરૂપ બની ગયા; તેમણે સમગ્ર પરિગ્રહ ત્યજી દીધો અને શંકરને પ્રણામ કરી ત્યાંથી ઊઠીને ચાલવા માંડ્યું. ૧૯ પરબ્રહ્મરૂપ મહાસાગરમાં જાણે તરતા હોય તેમ એ જવા લાગ્યા, ત્યારે વ્યાસ મુનિ તેમને (સંન્યાસી થઈને) જતા જોઈ પુત્રના વિયોગથી વિહ્વળ બન્યા અને તેમની પાછળ જઈ તેમને બોલાવવા લાગ્યા; તે સમયે જગતના સ્થાવર-જંગમ બધા પદાર્થોએ તેમને પ્રત્યુત્તર આપ્યો હતો. ૨૦,૨૧ પછી તે સમગ્રસ્વરૂપ બ્રહ્મને સાંભળી સત્યવતીના પુત્ર વ્યાસ પુત્રની સાથે પ્રસન્ન થઈ પરમ આનંદ પામ્યા. ૨૨ જે મનુષ્ય ગુરુની કૃપાથી આ રહસ્યોપનિષદ ભણે છે, તે સર્વ પાપોથી મુક્ત થઈ સાક્ષાત્ કૈવલ્યને પામે છે, સાક્ષાત્ કૈવલ્યને પામે છે; એવું આ રહસ્ય છે. ૨૩

ૐ બ્રહ્મ અમારું બન્ને (ગુરુ-શિષ્ય)નું સાથે રક્ષણ કરો; અમારું બન્નેનું સાથે પાલન કરો; અમે બન્ને સાથે જ સામર્થ્ય મેળવીએ; અમારું બન્નેનું ભણતર તેજસ્વી થાઓ; અમે કોઈનો દ્વેષ ન કરીએ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ઇતિ યજુર્વેદનું શુકરહસ્ય ઉપનિષદ સમાપ્ત

# तेजोबिन्दूपनिषत्

**शान्तिपाठः**—ॐ सह नाववतु सह नौ भुनक्तु सह वीर्यं करवावहै
तेजस्वि नावधीतमस्तु मा विद्विषावहै ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

## प्रथमोऽध्यायः

ॐ तेजोबिन्दुः परं ध्यानं विश्वात्महृदि संस्थितम् । आणवं शांभवं शान्तं स्थूलं सूक्ष्मं परं च यत् ॥ १ ॥ दुःखाढ्यं च दुराराध्यं दुष्प्रेक्ष्यं मुक्तमव्ययम् । दुर्लभं तत्स्वयं ध्यानं मुनीनां च मनीषिणाम् ॥ २ ॥ यताहारो जितक्रोधो जितसङ्गो जितेन्द्रियः । निर्द्वन्द्वो निरहंकारो निराशीरपरिग्रहः ॥ ३ ॥ अगम्यागमकर्ता यो गम्याऽगमनमानसः । मुखे त्रीणि च विन्दन्ति त्रिधामा हंस उच्यते ॥ ४ ॥ परं गुह्यतमं विद्धि ह्यस्ततन्द्रो निराश्रयः । सोमरूपकला सूक्ष्मा विष्णोस्तत्परमं पदम् ॥ ५ ॥ त्रिवक्त्रं त्रिगुणं स्थानं त्रिधातुं रूपवर्जितम् । निश्चलं निर्विकल्पं च निराकारं निराश्रयम् ॥ ६ ॥ उपाधिरहितं स्थानं वाङ्मनोऽतीतगोचरम् । स्वभावं भावसंग्राह्यमसंघातं पदाच्युतम् ॥ ७ ॥ अनानानन्दनातीतं दुष्प्रेक्ष्यं

# ૧૧ : તેજોબિંદુ ઉપનિષદ*

**શાંતિપાઠ**—ૐ બ્રહ્મ અમારું બન્ને (ગુરુ-શિષ્ય)નું સાથે રક્ષણ કરો; અમારું બન્નેનું સાથે પાલન કરો; અમે બંને સાથે જ સામર્થ્ય મેળવીએ; અમારું બંનેનું ભણતર તેજસ્વી થાઓ; અમે બંને કોઈનો દ્વેષ ન કરીએ. ૐ શાંતિ : શાંતિ : શાંતિ :

---

* સ્વામી વિરજાનંદે આલ્મોરામાંથી પ્રસિદ્ધ કરેલા આ ઉપનિષદમાં માત્ર ૧૩ જ શ્લોક છે, જ્યારે નિર્ણયસાગર પ્રેસમાંથી પ્રગટ થયેલા

## પહેલો અધ્યાય

વિશ્વમાં તેમ જ પોતાના હૃદયમાં રહેલા તેજરૂપ બિંદુનું ધ્યાન સૌથી ઉત્તમ છે; કેમ કે એ જ પરમાત્માનું અણુ સ્વરૂપ, શાંત, સ્થૂલ, સૂક્ષ્મ અને પરતત્ત્વ છે. (૧) એ મુક્ત અવિનાશી સ્વરૂપનાં દર્શન મુશ્કેલ છે; એટલા જ માટે વિદ્વાન મુનિઓને પણ એ ધ્યાન આપોઆપ દુર્લભ થાય છે. (૨) જેનો આહાર નિયમિત હોય, ક્રોધરહિત અને સંગરહિત થઈ જેણે ઇંદ્રિયો જીતી હોય, રાગ–દ્વેષાદિ દ્વંદ્વો અને અહંકાર જેનાં ગયાં હોય, તેમ જ આશાઓ તથા પરિગ્રહ જેણે ત્યજ્યાં હોય, તે જ મનુષ્ય એ ધ્યાન કરી શકે છે. (૩) જે અગમ્ય સ્ત્રી સાથે ગમન કરતો નથી, ગમ્ય સ્ત્રી સાથે ગમન કરવાનું પણ જેને મન થતું નથી અને મુખમાં ત્રણ અક્ષરો(ૐ)ને જે ઉચ્ચાર્યા કરે છે, તે ત્રણ ધામવાળો 'હંસ' કહેવાય છે. (૪) આ પરમ ગુહ્ય વસ્તુ છે, એમ તારે જાણવું. જે આળસરહિત અને આશ્રય વિનાનો છે, તે જ સૌમ્ય સ્વરૂપની સૂક્ષ્મ કળા છે અને વિષ્ણુનું પરમપદ છે. (૫) એ સ્થાન ત્રણ મુખવાળું, ત્રણ ગુણોવાળું, ત્રણ ધાતુવાળું છતાં રૂપરહિત છે; એ નિશ્ચળ, નિર્વિકલ્પ, નિરાકાર અને નિરાશ્રય છે. (૬) ઉપાધિરહિત એ સ્થાન વાણી તથા મનથી પર હોઈ અવિષય છે, સ્વભાવરૂપ છે, ભાવથી ગ્રહણ કરાય છે,

---

अष्टोत्तरशतोपनिषदः માં આ ઉપનિષદમાં છ અધ્યાય અને બધું મળીને લગભગ ૪૬૩ શ્લોકો છે. એમ જણાય છે કે શ્રી નથુરામ શર્માએ તથા શ્રી છોટાલાલ ચંદ્રશંકર શાસ્ત્રીએ પ્રગટ કરેલા આ ઉપનિષદના સારમાં તેર શ્લોકવાળા ઉપનિષદનો આધાર લેવામાં આવ્યો છે. ૪૬૩ શ્લોકના ઉપનિષદની પ્રામાણિકતા કે અપ્રમાણિકતા સાથે આપણે કાંઈ સંબંધ નથી, પરંતુ એ મોટું ઉપનિષદ અત્યંત સુંદર અને તત્ત્વથી ભરપૂર હોવાથી અહીં એ મોટા ઉપનિષદનો જ સંપૂર્ણ અનુવાદ આપવો ઉચિત લાગ્યો છે.

मुक्तमव्ययम्। चिन्त्यमेवं विनिर्मुक्तं शाश्वतं ध्रुवमच्युतम् ॥८॥ तद्ब्रह्मणस्तदध्यात्मं तद्विष्णोस्तत्परायणम्। अचिन्त्यं चिन्मयात्मानं यद्व्योम परमं स्थितम्॥९॥ अशून्यं शून्यभावं तु शून्यातीतं हृदि स्थितम्। न ध्यानं च न च ध्याता न ध्येयो ध्येय एव च॥१०॥ सर्वं च न परं शून्यं न परं नापरात्परम्। अचिन्त्यमप्रबुद्धं च न सत्यं न परं विदुः॥११॥ मुनीनां संप्रयुक्तं च न देवा न परं विदुः। लोभं मोहं भयं दर्पं कामं क्रोधं च किल्बिषम्॥१२॥ शीतोष्णे क्षुत्पिपासे च संकल्पकविकल्पकम्। न ब्रह्मकुलदर्पं च न मुक्तिग्रन्थिसंचयम्॥१३॥ न भयं न सुखं दुःखं तथा मानावमानयोः। एतद्भावविनिर्मुक्तं तद्ग्राह्यं ब्रह्म तत्परम्॥१४॥ यमो हि नियमस्त्यागो मौनं देशश्च कालतः। आसनं मूलबन्धश्च देहसाम्यं च दृक्स्थितिः॥१५॥ प्राणसंयमनं चैव प्रत्याहारश्च धारणा। आत्मध्यानं समाधिश्च प्रोक्तान्यङ्गानि वै क्रमात्॥१६॥ सर्वं ब्रह्मेति वै ज्ञानादिन्द्रियग्रामसंयमः। यमोऽयमिति संप्रोक्तोऽभ्यसनीयो मुहुर्मुहुः॥१७॥ सजातीयप्रवाहश्च विजातीयतिरस्कृतिः। नियमो हि परानन्दो नियमात्क्रियते बुधैः॥१८॥ त्यागो हि महता पूज्यः सद्यो मोक्षप्रदायकः॥१९॥ यस्माद्वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह। यन्मौनं योगिभिर्गम्यं तद्भजेत्सर्वदा बुधः

તત્ત્વોના સમુદાયરૂપ નથી, લૌકિક સ્થાનથી અલગ પડેલું છે, જાતજાતના આનંદોથી રહિત નથી, જોવું મુશ્કેલ છે, મુક્ત છે અને નિર્વિકાર છે. આમ તે અવિચળ, ઉપાધિમુક્ત, સનાતન તથા અચ્યુત સ્થાન ચિંતવવા યોગ્ય છે. (૭–૮)

તે જ અધ્યાત્મ છે, તે જ વ્યાપક બ્રહ્મનું પરમ આશ્રયસ્થાન છે, અચિંત્ય છે, ચૈતન્યમય સ્વરૂપવાળું છે અને પરમાકાશ સ્વરૂપે રહેલું છે. (૯) એ અશૂન્ય છે, છતાં શૂન્યભાવવાળું છે; શૂન્યથી પર છે, હૃદયમાં જ રહેલ છે અને ધ્યાન, ધ્યાતા કે ધ્યેયરૂપ નથી, છતાં કેવળ ધ્યેય જ છે. (૧૦) એ સર્વ સ્વરૂપ છે, પર નથી, શૂન્ય નથી, દ્વૈતરૂપ નથી અને અપરથી પર નથી. આવા અચિંત્ય એ પદને કોઈએ જાણ્યું નથી; એને કોઈ સત્ય નથી જાણતા કે પર નથી જાણતા. (૧૧) મુનિઓમાં તે સારી રીતે જોડાયેલું જણાય છે; દેવો તેને નથી જાણતા; બીજાઓ પણ એ પર તત્ત્વને નથી સમજતા. લોભ, મોહ, ભય, ગર્વ, કામ, ક્રોધ, પાપ, ઠંડી, ગરમી, ક્ષુધા, તૃષા, સંકલ્પો કે વિકલ્પો તેમાં નથી; બ્રાહ્મણ-કુળનું અભિમાન ત્યાં નથી; મુક્તિરૂપ ગાંઠનો સંચય પણ નથી; બીક નથી; માન મળતાં સુખ અને અપમાન થતાં દુ:ખ પણ તેમાં નથી. આવા ભાવોથી રહિત તે પરબ્રહ્મ ગ્રહણ કરવા યોગ્ય છે. (૧૨–૧૪)

(યોગનાં આ અંગો છે :) યમ, નિયમ, ત્યાગ, મૌન, દેશ, કાળ, આસન, મૂળબંધ, દેહની સમાન સ્થિતિ, દૃષ્ટિની સ્થિરતા, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, આત્મધ્યાન અને સમાધિ. (૧૫,૧૬) બધું બ્રહ્મ જ છે એમ જણાતાં, ઇંદ્રિયોની ઉપર જે આપમેળે જ કાબૂ આવી જાય છે, તે યમ કહેવાય છે. એનો વારંવાર અભ્યાસ કરવો. (૧૭) નિયમપૂર્વક એક જ પ્રકારના વિચાર કરવા, પણ જુદી જુદી જાતના વિચારો ન કરવા, એ પરમ આનંદરૂપ નિયમ છે. વિદ્વાનો કાળજીથી આને કરે છે. (૧૮) ત્યાગ જ મોટા પુરુષને પણ પૂજ્ય છે અને તે તરત જ મોક્ષ આપનાર થાય છે. (૧૯) 'જ્યાં વાણી પહોંચી શકતી નથી, એવા બ્રહ્મને વાણી દ્વારા કેવી રીતે કહી શકાય ?' એવા વિચારને લઈને ઊપજતું મૌન તે મૌન

॥ २० ॥ वाचो यस्मान्निवर्तन्ते तद्वक्तुं केन शक्यते। प्रपञ्चो यदि वक्तव्यः सोऽपि शब्दविवर्जितः ॥ २१ ॥ इति वा तद्भवेन्मौनं सर्वं सहजसंज्ञितम्। गिरां मौनं तु बालानामयुक्तं ब्रह्मवादिनाम् ॥ २२ ॥ आदावन्ते च मध्ये च जनो यस्मिन्न विद्यते। येनेदं सततं व्याप्तं स देशो विजनः स्मृतः ॥ २३ ॥ कल्पना सर्वभूतानां ब्रह्मादीनां निमेषतः। कालशब्देन निर्दिष्टं ह्यखण्डानन्दमद्वयम् ॥ २४ ॥ सुखेनैव भवेद्यस्मिन्नजस्रं ब्रह्मचिन्तनम्। आसनं तद्विजानीयादन्यत्सुखविनाशनम् ॥ २५ ॥ सिद्धये सर्वभूतादि विश्वाधिष्ठानमद्वयम्। यस्मिन्सिद्धिं गताः सिद्धास्तत्सिद्धासनमुच्यते ॥ २६ ॥ यन्मूलं सर्वलोकानां यन्मूलं चित्तबन्धनम्। मूलबन्धः सदा सेव्यो योग्योऽसौ ब्रह्मवादिनाम् ॥ २७ ॥ अङ्गानां समतां विद्यात्समे ब्रह्मणि लीयते। नो चेन्नैव समानत्वमृजुत्वं शुष्कवृक्षवत् ॥ २८ ॥ दृष्टिं ज्ञानमयीं कृत्वा पश्येद्ब्रह्ममयं जगत्। सा दृष्टिः परमोदारा न नासाग्रावलोकिनी ॥ २९ ॥ द्रष्टृदर्शनदृश्यानां विरामो यत्र वा भवेत्। दृष्टिस्तत्रैव कर्तव्या न नासाग्रावलोकिनी ॥ ३० ॥ चित्तादिसर्वभावेषु ब्रह्मत्वेनैव भावनात्। निरोधः सर्ववृत्तीनां प्राणायामः स उच्यते ॥ ३१ ॥ निषेधनं प्रपञ्चस्य रेचकाख्यः समीरितः। ब्रह्मैवास्मीति या वृत्तिः पूरको वायुरुच्यते ॥ ३२ ॥ ततस्तद्वृत्तिनैश्चल्यं

છે; એ જ મૌન યોગીઓને ગમે છે; માટે વિદ્વાને સર્વદા તે જ સેવવું. (૨૦) 'જ્યાંથી વાણી પાછી ફરે છે, તેને કયા સાધને કહી શકાય ? જો પ્રપંચ કહેવો હોય, તોપણુ તે માટે શબ્દ જડતો નથી;' આવા અભિપ્રાયથી સંપૂર્ણ મૌન રહેવું, એ સહજ નામનું મૌન છે. બાકી વાણીનું મૌન તો અજ્ઞાનીઓનું છે, બ્રહ્મવાદીઓ માટે તે યુક્ત નથી.

(૨૧,૨૨) જ્યાં આદિમાં, અંતમાં કે મધ્યમાં કોઈ લોક જ નથી અને જેના વડે આ બધું સતત વ્યાપ્ત છે, એ જ (પરમાત્મા) નિર્જન દેશ કહેવાય છે. (૨૩) જેના નેત્રના એક પલકારાથી બ્રહ્માદિ સર્વ ભૂતોની કલ્પના બની જાય છે, તે અખંડ, અદ્વૈત, આનંદ-સ્વરૂપ (બ્રહ્મ) 'કાળ' શબ્દથી કહેવાય છે. (૨૪) જ્યાં સુખ-પૂર્વક નિરંતર બ્રહ્મચિંતન થઈ શકે, એને આસન જાણવું; આકીનું આસન તો સુખનો નાશ કરનારું છે. (૨૫) સર્વ ભૂતોના આદિ, જગતનું અધિષ્ઠાન અને અદ્વૈત બ્રહ્મ સિદ્ધિ માટે યોગ્ય છે, એમાં સિદ્ધ પુરુષો સિદ્ધિને પામ્યા છે; માટે તે સિદ્ધાસન કહેવાય છે. (૨૬) જે લોકનું મૂળ છે, જેને લીધે ચિત્તનું બંધન થઈ શકે છે, એ જ બ્રહ્મવાદીઓને સદા સેવવા યોગ્ય મૂળબંધ છે. (૨૭) સર્વસ્વરૂપ બ્રહ્મમાં જે લીન થવાય, તેને જ અંગોની સમાનતા (ટટ્ટાર સ્થિતિ) જાણવી; નહિ તો સૂકા ઝાડ જેવી સમાનતા કે સરળતા એ સમાનતા નથી. (૨૮) જ્ઞાનમય દૃષ્ટિ કરીને જગતને બ્રહ્મમય જોવું, તે પરમ ઉદાર દૃષ્ટિ (ની સ્થિરતા) છે; બાકી નાકના ટેરવાને જોતી દૃષ્ટિ, તે દૃષ્ટિની સ્થિરતા નથી. (૨૯) જેમાં દ્રષ્ટા, દર્શન અને દૃશ્યનો વિરામ (અભાવ) થઈ જાય છે, એ બ્રહ્મમાં જ દૃષ્ટિ (સ્થિર) કરવી; પણ નાકના ટેરવાને જોતી દૃષ્ટિ (સ્થિર) કરવા યોગ્ય ગણાતી જ નથી. (૩૦) ચિત્ત વગેરે બધી વસ્તુઓમાં બ્રહ્મનું દર્શન કરતાં બધી વૃત્તિનો જે નિરોધ થાય છે, તે પ્રાણાયામ કહેવાય છે. (૩૧) જગતરૂપ પ્રપંચનો નિષેધ એ રેચક કહેવાય છે. 'હું બ્રહ્મ છું' એવી વૃત્તિ થવી એ પૂરક કહેવાય છે અને પછી વૃત્તિની નિશ્ચળતા થવી એ કુંભક કહેવાય છે. આવો જ પ્રાણાયામ જ્ઞાનીઓનો હોય છે. બાકી નાક દબાવી રાખવું, એ તો

कुम्भकः प्राणसंयमः। अयं चापि प्रबुद्धानामज्ञानां घ्राणपीडनम् ॥३३॥
विषयेष्वात्मतां दृष्ट्वा मनसश्चित्तरञ्जकम्। प्रत्याहारः स विज्ञेयोऽभ्यसनीयो मुहुर्मुहुः ॥ ३४ ॥ यत्र यत्र मनो याति ब्रह्मणस्तत्र दर्शनात्। मनसा धारणं चैव धारणा सा परा मता ॥ ३५ ॥ ब्रह्मैवास्मीति सद्वृत्त्या निरालम्बतया स्थितिः। ध्यानशब्देन विख्यातः परमानन्ददायकः ॥ ३६ ॥ निर्विकारतया वृत्त्या ब्रह्माकारतया पुनः। वृत्तिविस्मरणं सम्यक्समाधिरभिधीयते ॥ ३७ ॥ इमं चाकृत्रिमानन्दं तावत्साधु समभ्यसेत्। लक्ष्यो यावत्क्षणात्पुंसः प्रत्यक्त्वं संभवेत्स्वयम् ॥ ३८ ॥ ततः साधननिर्मुक्तः सिद्धो भवति योगिराट्। तत्स्वं रूपं भवेत्तस्य विषयो मनसो गिराम् ॥ ३९ ॥ समाधौ क्रियमाणे तु विघ्नान्यायान्ति वै बलात्। अनुसंधानराहित्यमालस्यं भोगलालसम् ॥ ४० ॥ लयस्तमश्च विक्षेपस्तेजः स्वेदश्च शून्यता। एवं हि विघ्नबाहुल्यं त्याज्यं ब्रह्मविशारदैः ॥ ४१ ॥ भाववृत्त्या हि भावत्वं शून्यवृत्त्या हि शून्यता। ब्रह्मवृत्त्या हि पूर्णत्वं तया पूर्णत्वमभ्यसेत् ॥ ४२ ॥ ये हि वृत्तिं विहायैनां ब्रह्माख्यां पावनीं पराम्। वृथैव ते तु जीवन्ति पशुभिश्च समा नराः ॥ ४३ ॥ ये तु वृत्तिं विजानन्ति ज्ञात्वा वै वर्धयन्ति ये। ते वै सत्पुरुषा धन्या वन्द्यास्ते भुवनत्रये ॥ ४४ ॥ येषां वृत्तिः समा वृद्धा परिपक्वा च सा पुनः। ते वै सद्ब्रह्मतां प्राप्ता नेतरे शब्दवादिनः ॥ ४५ ॥ कुशला ब्रह्मवार्तायां वृत्तिहीनाः सुरागिणः। तेऽप्यज्ञानतया नूनं पुनरायान्ति यान्ति च

અજ્ઞાનીઓનો પ્રાણાયામ છે. (૩૨,૩૩) બધા વિષયો આત્મરૂપ જ છે. એમ ગણી મનને તેમાંથી પાછું ખેંચી લઈ ચૈતન્યથી જ રાજી

રાખવું તે પ્રત્યાહાર કહેવાય છે. એનો વારંવાર અભ્યાસ કરવો. (૩૪) જ્યાં જ્યાં મન જાય ત્યાં બ્રહ્મનું દર્શન થવું અને તેના વડે મન સ્થિર થવું, એ ધારણા છે. (૩૫) 'હું બ્રહ્મ છું' એવી નિરાશ્રય ઉત્તમ વૃત્તિએ સ્થિતિ કરવી, તે પરમ આનંદદાયક પ્રખ્યાત ધ્યાન છે. (૩૬) વળી એવી જ નિર્વિકાર વૃત્તિ બ્રહ્માકાર બની જાય અને પછી વૃત્તિનું પણ વિસ્મરણ થઈ જાય, એ ઉત્તમ સમાધિ કહેવાય છે. (૩૭) આ અકૃત્રિમ આનંદનો ત્યાં સુધી સારી પેઠે અભ્યાસ કરવો જોઈએ કે જ્યાં સુધી મનુષ્યનું લક્ષ્ય આપોઆપ જ પ્રત્યક્સ્વરૂપ બની જાય. (૩૮) તે પછી સાધનરહિત થઈ એ મનુષ્ય સિદ્ધ યોગીરાજ બને છે અને તેને આત્મસ્વરૂપ જ મન તથા વાણીનો વિષય થઈ જાય છે. (૩૯) એ સમાધિ જ્યારે કરાતી હોય ત્યારે બળથી આવાં વિઘ્નો આવે છે:–અનુસંધાનરહિતપણું, આળસ, ભોગોની લાલસા, લય, તમસ, વિક્ષેપ, તેજ, પરસેવો અને શૂન્યતા–એવાં ઘણાં વિઘ્નો આવે છે; પણ બ્રહ્મ–કુશળ પુરુષો તેઓને ત્યજી શકે છે. (૪૦,૪૧) કોઈ પદાર્થવાળી વૃત્તિથી એ પદાર્થસ્વરૂપ થવાય છે, શૂન્ય વૃત્તિએ રહેવાથી શૂન્યતા થાય છે અને બ્રહ્મવૃત્તિએ રહેવાથી પૂર્ણતા પ્રાપ્ત થાય છે; માટે એ વૃત્તિએ રહી પૂર્ણતાનો અભ્યાસ કરવો. (૪૨) જેઓ આ અત્યંત પવિત્ર બ્રહ્મવૃત્તિનો ત્યાગ કરી જીવે છે, તે મનુષ્યો વ્યર્થ જીવે છે અને પશુ જેવા છે; (૪૩) પણ જેઓ એ બ્રહ્મવૃત્તિને જાણે છે અને જાણીને વધારે છે, તે સત્પુરુષો ધન્યવાદને પાત્ર હોઈ ત્રણે ભુવનમાં વંદનીય છે. (૪૪) જેઓની એ બ્રહ્મવૃત્તિ એકસરખી વધીને પરિપકવ થઈ હોય, તેઓ શ્રેષ્ઠ બ્રહ્મપણાને પામે છે; પણ બીજાઓ ખાલી શબ્દો બોલનારા બ્રહ્મપણું પામતા નથી. ૪૫ જેઓ બ્રહ્માની વાતો કરવામાં કુશળ હોય છે, પણ એ બ્રહ્મવૃત્તિથી રહિત અને અતિશય રાગી

॥४६॥ निमिषार्धं न तिष्ठन्ति वृत्तिं ब्रह्ममयीं विना। यथा तिष्ठन्ति ब्रह्माद्याः सनकाद्याः शुकादयः ॥४७॥ कारणं यस्य वै कार्यं कारणं तस्य जायते। कारणं तत्त्वतो नश्येत्कार्याभावे विचारतः ॥४८॥ अथ शुद्धं भवेद्वस्तु यद्वै वाचामगोचरम्। उदेति शुद्धचित्तानां वृत्तिज्ञानं ततः परम् ॥४९॥ भावितं तीव्रवेगेन यद्वस्तु निश्चयात्मकम्। दृश्यं ह्यदृश्यतां नीत्वा ब्रह्माकारेण चिन्तयेत् ॥५०॥ विद्वान्नित्यं सुखे तिष्ठेद्धिया चिद्रसपूर्णया ॥५१॥

इति प्रथमोऽध्यायः ॥१॥

## द्वितीयोऽध्यायः

अथ ह कुमारः शिवं पप्रच्छाऽखण्डैकरसचिन्मात्रस्वरूपमनुब्रूहीति। स होवाच परमः शिवः। अखण्डैकरसं दृश्यमखण्डैकरसं जगत्। अखण्डैकरसं भावमखण्डैकरसं स्वयम् ॥१॥ अखण्डैकरसो मन्त्र अखण्डैकरसा क्रिया। अखण्डैकरसं ज्ञानमखण्डैकरसं जलम् ॥२॥ अखण्डैकरसा भूमिरखण्डैकरसं वियत्। अखण्डैकरसं शास्त्रमखण्डैकरसा त्रयी ॥३॥ अखण्डैकरसं ब्रह्म चाखण्डैकरसं व्रतम्। अखण्डैकरसो जीव अखण्डैकरसो ह्यजः ॥४॥ अखण्डैकरसो ब्रह्मा अखण्डैकरसो हरिः। अखण्डैकरसो रुद्र अखण्डैकरसोऽस्म्यहम् ॥५॥ अखण्डैकरसो ह्यात्मा ह्यखण्डैकरसो गुरुः। अखण्डैकरसं लक्ष्यमखण्डैकरसं महः ॥६॥ अखण्डैकरसो देह

હોય છે, તેઓ અજ્ઞાનપણાને લીધે ફરી સંસારમાં આવે છે. ને જાય છે; ૪૬ માટે બ્રહ્માદિ, સનકાદિ અને શુક વગેરેની પેઠે

યોગીઓ અર્ધો નિમેષ પણ બ્રહ્મમય વૃત્તિ વિના રહેતા નથી. ૪૭ જેની વૃત્તિએ કારણ એ જ કાર્ય અને કાર્ય એ જ કારણ બને છે, તેને તત્ત્વસ્વરૂપે વિચાર થતાં કાર્યનો અભાવ જણાય છે અને પછી કારણ પણ નાશ પામે છે. ૪૮ પછી એવા શુદ્ધ ચિત્તવાળા મનુષ્યો સામે શુદ્ધ વસ્તુ જ પ્રકટે છે કે જે વાણીનો અવિષય છે; પછી શ્રેષ્ઠ બ્રહ્મવૃત્તિનું જ જ્ઞાન રહે છે. ૪૯ જે વસ્તુને નિશ્ચયાત્મક દૃશ્યરૂપે તીવ્ર વેગથી પ્રથમ ચિંતવી હોય, તેને જ પછીથી અદૃશ્યપણામાં લઈ જઈ બ્રહ્માકાર-સ્વરૂપે ચિંતવવી; જેથી એનો જાણકાર બની, મનુષ્ય ચૈતન્યરસથી પૂર્ણ બનેલી બુદ્ધિને લીધે નિત્ય સુખમાં સ્થિતિ કરે છે. ૫૦

પ્રથમ અધ્યાય સમાપ્ત

## બીજો અધ્યાય

પછી કાર્તિકસ્વામીએ શંકરને પૂછ્યું : 'અખંડ એકરસવાળું માત્ર ચૈતન્યસ્વરૂપ તમે કહો.' ત્યારે પરમ શિવ બોલ્યા : 'દૃશ્ય અખંડ એકરસ છે, જગત અખંડ એકરસ છે, ભાવ અખંડ એકરસ છે અને પોતે અખંડ એકરસ છે. ૧ મંત્ર અખંડ એકરસ છે, ક્રિયા અખંડ એકરસ છે, જ્ઞાન અખંડ એકરસ છે અને જળ અખંડ એકરસ છે. ૨ પૃથ્વી અખંડ એકરસ છે, આકાશ અખંડ એકરસ છે, શાસ્ત્ર અખંડ એકરસ છે અને ત્રણે વેદો અખંડ એકરસ છે. ૩ બ્રહ્મ અખંડ એકરસ છે, વ્રત અખંડ એકરસ છે, જીવ અખંડ એકરસ છે અને અજન્મા-પરમાત્મા અખંડ એકરસ છે. ૪ બ્રહ્મા અખંડ એકરસ છે, વિષ્ણુ અખંડ એકરસ છે, રુદ્ર અખંડ એકરસ છે અને હું અખંડ એકરસ છું. ૫ આત્મા અખંડ એકરસ છે, ગુરુ અખંડ એકરસ છે, લક્ષ્ય અખંડ એકરસ છે અને તેજ અખંડ એકરસ છે. ૬

अखण्डैकरसं मनः। अखण्डैकरसं चित्तमखण्डैकरसं सुखम् ॥७॥ अखण्डैकरसा विद्या अखण्डैकरसोऽव्ययः। अखण्डैकरसं नित्यमखण्डैकरसं परम् ॥८॥ अखण्डैकरसं किंचिदखण्डैकरसं परम्। अखण्डैकरसादन्यन्नास्ति नास्ति षडानन ॥९॥ अखण्डैकरसान्नास्ति अखण्डैकरसान्न हि। अखण्डैकरसात्किंचिदखण्डैकरसादहम् ॥१०॥ अखण्डैकरसं स्थूलं सूक्ष्मं चाखण्डैरूपकम्। अखण्डैकरसं वेद्यमखण्डैकरसो भवान् ॥११॥ अखण्डैकरसं गुह्यमखण्डैकरसादिकम्। अखण्डैकरसो ज्ञाता ह्यखण्डैकरसा स्थितिः ॥१२॥ अखण्डैकरसा माता अखण्डैकरसः पिता। अखण्डैकरसो भ्राता अखण्डैकरसः पतिः ॥१३॥ अखण्डैकरसं सूत्रमखण्डैकरसो विराट्। अखण्डैकरसं गात्रमखण्डैकरसं शिरः ॥१४॥ अखण्डैकरसं चान्तरखण्डैकरसं बहिः। अखण्डैकरसं पूर्णमखण्डैकरसामृतम् ॥१५॥ अखण्डैकरसं गोत्रमखण्डैकरसं गृहम्। अखण्डैकरसं गोप्यमखण्डैकरसश्शशी ॥१६॥ अखण्डैकरसास्तारा अखण्डैकरसो रविः। अखण्डैकरसं क्षेत्रमखण्डैकरसा क्षमा ॥१७॥ अखण्डैकरसः शान्त अखण्डैकरसोऽगुणः। अखण्डैकरसः साक्षी अखण्डैकरसः सुहृत् ॥१८॥ अखण्डैकरसो बन्धुरखण्डैकरसः सखा। अखण्डैकरसो राजा ह्यखण्डैकरसं पुरम् ॥१९॥ अखण्डैकरसं राज्यमखण्डैकरसाः प्रजाः। अखण्डैकरसं

દેહ અખંડ એકરસ છે અને મન અખંડ એકરસ છે, ચિત્ત અખંડ એકરસ છે અને સુખ અખંડ એકરસ છે. ૭ વિદ્યા અખંડ એકરસ છે, નિર્વિકાર આત્મા અખંડ એકરસ છે, નિત્ય વસ્તુ અખંડ એકરસ છે અને પરમ તત્ત્વ અખંડ એકરસ છે. ૮ કંઈક છે–એ અખંડ એકરસ છે, સર્વથી પર રહેલું

અખંડ એકરસ છે અને હે કાર્તિકસ્વામી! અખંડ એકરસથી જુદું કંઈ છે નહિ, છે જ નહિ. ૯ અખંડ એકરસ સિવાય કંઈ નથી, અખંડ એકરસ વિના બીજું નથી, અખંડ એકરસથી ભિન્ન કંઈ નથી અને હું અખંડ એકરસથી જુદો નથી. ૧૦ સ્થૂલ વસ્તુ અખંડ એકરસ છે, સૂક્ષ્મ અખંડ એકરસ છે. જાણવા યોગ્ય અખંડ એકરસ છે અને તમે અખંડ એકરસ છો. ૧૧ ગુહ્ય વસ્તુ અખંડ એકરસ છે અને અખંડ એકરસ જેનો આદિ છે તેવી છે; જાણનારો અખંડ એકરસ છે અને સ્થિતિ અખંડ એકરસમય છે. ૧૨ માતા અખંડ એકરસ છે, પિતા અખંડ એકરસ છે, ભાઈ અખંડ એકરસ છે અને સ્વામી અખંડ એકરસ છે. ૧૩ સૂત્રાત્મા અખંડ એકરસ છે, વિરાટ અખંડ એકરસ છે, અવયવો અખંડ એકરસ છે અને માથું અખંડ એકરસ છે. ૧૪ અંદરનું અખંડ એકરસ છે, બહારનું અખંડ એકરસ છે, પૂર્ણ વસ્તુ અખંડ એકરસ છે અને અખંડ એકરસ જ અમૃત છે. ૧૫ વંશ અથવા નામ અખંડ એકરસ છે, ઘર અખંડ એકરસ છે, ગુપ્ત રાખવા યોગ્ય અંખડ એકરસ છે અને ચંદ્રમા અખંડ એકરસ છે. ૧૬ તારાઓ અખંડ એકરસ છે, સૂર્ય અખંડ એકરસ છે, ક્ષેત્ર અખંડ એકરસ છે અને ક્ષમા અખંડ એકરસ છે. ૧૭ શાંત રસ અખંડ એકરસ છે, ગુણવિનાનો અખંડ એકરસ છે, સાક્ષી અખંડ એકરસ છે અને મિત્ર અખંડ એકરસ છે. ૧૮ બંધુ અખંડ એકરસ છે, સમાન કહેવાતો–સખા અખંડ એકરસ છે, રાજા અખંડ એકરસ છે અને શહેર અખંડ એકરસ છે. ૧૯ રાજ્ય અખંડ એકરસ છે, પ્રજાઓ અખંડ એકરસ છે, તારક મંત્ર (ૐ) અખંડ એકરસ છે અને જપ અખંડ એકરસ છે. ૨૦ ધ્યાન અખંડ

तात्समखण्डैकरसो जपः ॥ २० ॥ अखण्डैकरसं ध्यानमखण्डैकरसं पदम् । अखण्डैकरसं ग्राह्यमखण्डैकरसं महत् ॥ २१ ॥ अखण्डैकरसं ज्योतिरखण्डैकरसं धनम् । अखण्डैकरसं भोज्यमखण्डैकरसं हविः ॥ २२ ॥ अखण्डैकरसो होम अखण्डैकरसो जपः । अखण्डैकरसं स्वर्गमखण्डैकरसः स्वयम् ॥ २३ ॥ अखण्डैकरसं सर्वं चिन्मात्रमिति भावयेत् । चिन्मात्रमेव चिन्मात्रमखण्डैकरसं परम् ॥ २४ ॥ भव-वर्जितचिन्मात्रं सर्वं चिन्मात्रमेव हि । इदं च सर्वं चिन्मात्रमयं चिन्मयमेव हि ॥ २५ ॥ आत्मभावं च चिन्मात्रमखण्डैकरसं विदुः । सर्वलोकं च चिन्मात्रं त्वत्ता मत्ता च चिन्मयम् ॥ २६ ॥ आकाशो भूर्जलं वायुरग्निर्ब्रह्मा हरिः शिवः । यत्किंचिद्यन्न किंचिच्च सर्वं चिन्मात्रमेव हि ॥ २७ ॥ अखण्डैकरसं सर्वं यद्यच्चिन्मात्रमेव हि । भूतं भव्यं भविष्यच्च सर्वं चिन्मात्रमेव हि ॥ २८ ॥ द्रव्यं कालं च चिन्मात्रं ज्ञानं ज्ञेयं चिदेव हि । ज्ञाता चिन्मात्ररूपश्च सर्वं चिन्मय-मेव हि ॥ २९ ॥ संभाषणं च चिन्मात्रं यद्यच्चिन्मात्रमेव हि । असच्च सच्च चिन्मात्रमाद्यन्तं चिन्मयं सदा ॥ ३० ॥ आदिरन्तश्च चिन्मात्रं गुरुशिष्यादि चिन्मयम् । दृग्दृश्यं यदि चिन्मात्रमस्ति चेच्चिन्मयं सदा ॥ ३१ ॥ सर्वाश्चर्यं हि चिन्मात्रं देहं चिन्मात्रमेव हि । लिङ्गं च कारणं चैव चिन्मात्रान्न हि विद्यते ॥ ३२ ॥ अहं त्वं चैव चिन्मात्रं मूर्तामूर्तादि चिन्मयम् । पुण्यं पापं च चिन्मात्रं जीवश्चि-

એકરસ છે, સ્થાન અખંડ એકરસ છે, ગ્રહણ કરવા યોગ્ય અખંડ એકરસ છે અને મોટું અખંડ એકરસ છે. ૨૧ જ્યોતિ

અખંડ એકરસ છે, ધન અખંડ એકરસ છે, ખાવાનું અખંડ એકરસ છે અને હોમવાનું અખંડ એકરસ છે. ૨૨ હોમ અખંડ એકરસ છે અને જપ અખંડ એકરસ છે, સ્વર્ગ અખંડ એકરસ છે અને પોતે અખંડ એકરસ છે. ૨૩ સર્વ માત્ર અખંડ એકરસ ચૈતન્ય છે, એમ ચિંતવવું. માત્ર ચૈતન્ય જ છે, માત્ર ચૈતન્ય જ પરમ તત્ત્વ અને અખંડ એકરસ છે. ૨૪ સંસારરહિત બધુંયે માત્ર ચૈતન્ય અને ચૈતન્ય જ છે. આ સઘળું માત્ર ચૈતન્ય અને ચૈતન્ય જ છે. ૨૫ આત્મભાવ માત્ર ચૈતન્ય અને અખંડ એકરસ છે, એમ જ્ઞાનીઓ જાણે છે; અને સર્વ લોકો માત્ર ચૈતન્ય છે, તેમ જ તુંપણું અને હુંપણુ પણ ચૈતન્યમય છે. ૨૬ આકાશ, પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ—જે કંઈ છે અને નથી, એ બધું માત્ર ચૈતન્ય જ છે. ૨૭ જે જે માત્ર ચૈતન્ય જ છે, તે તે બધું અખંડ એકરસ છે અને ભૂત, ભવિષ્ય તથા વર્તમાન બધું—માત્ર ચૈતન્ય જ છે. ૨૮ દ્રવ્ય અને કાળ માત્ર ચૈતન્ય છે; જ્ઞાન તથા જ્ઞેય માત્ર ચૈતન્ય છે અને જ્ઞાતા માત્ર ચૈતન્યરૂપ છે; એમ બધું ચૈતન્યમય જ છે. ૨૯ ઉત્તમ ભાષણ માત્ર ચૈતન્ય છે; જે જે છે, તે તે માત્ર ચૈતન્ય જ છે; અસત્ અને સત માત્ર ચૈતન્ય છે અને આદિ તથા અંત સદા ચૈતન્યમય છે. ૩૦ આદિ ને અંત માત્ર ચૈતન્ય છે, ગુરુ—શિષ્ય વગેરે ચૈતન્યમય છે અને દ્રષ્ટા તથા દૃશ્ય માત્ર જો ચૈતન્ય છે, તો સદા ચૈતન્યમય જ બધું છે. ૩૧ સર્વ આશ્ચર્ય માત્ર ચૈતન્ય જ છે, શરીરમાત્ર ચૈતન્ય જ છે અને લિંગદેહ તથા કારણ—શરીર પણ માત્ર ચૈતન્યથી જુદું નથી. ૩૨ હું અને તું માત્ર ચૈતન્ય છીએ, મૂર્ત—અમૂર્ત વગેરે ચૈતન્યમય છે; પુણ્ય તથા પાપ માત્ર ચૈતન્ય છે અને જીવ

न्मात्रविग्रहः ॥ ३३ ॥ चिन्मात्रान्नास्ति संकल्पश्चिन्मात्रान्नास्ति वेद-
नम् । चिन्मात्रान्नास्ति मन्त्रादि चिन्मात्रान्नास्ति देवता ॥ ३४ ॥
चिन्मात्रान्नास्ति दिक्पालाश्चिन्मात्राद्व्यावहारिकम् । चिन्मात्रात्परमं
ब्रह्म चिन्मात्रान्नास्ति कोऽपि हि ॥ ३५ ॥ चिन्मात्रान्नास्ति माया च
चिन्मात्रान्नास्ति पूजनम् । चिन्मात्रान्नास्ति मन्तव्यं चिन्मात्रान्नास्ति
सत्यकम् ॥ ३६ ॥ चिन्मात्रान्नास्ति कोशादि चिन्मात्रान्नास्ति वै
वसु । चिन्मात्रान्नास्ति मौनं च चिन्मात्रान्नास्त्यमौनकम् ॥ ३७ ॥
चिन्मात्रान्नास्ति वैराग्यं सर्वं चिन्मात्रमेव हि । यच्च यावच्च चिन्मात्रं
यच्च यावच्च दृश्यते ॥ ३८ ॥ यच्च यावच्च दूरस्थं सर्वं चिन्मात्रमेव हि ।
यच्च यावच्च भूतादि यच्च यावच्च लक्ष्यते ॥ ३९ ॥ यच्च यावच्च
वेदान्ताः सर्वं चिन्मात्रमेव हि । चिन्मात्रान्नास्ति गमनं चिन्मात्रा-
न्नास्ति मोक्षकम् ॥ ४० ॥ चिन्मात्रान्नास्ति लक्ष्यं च सर्वं चिन्मात्र-
मेव हि । अखण्डैकरसं ब्रह्म चिन्मात्रान्न हि विद्यते ॥ ४१ ॥ शास्त्रे
मयि त्वयीशे च ह्यखण्डैकरसो भवान् । इत्येकरूपकतया यो वा
जानात्यहं त्विति ॥ ४२ ॥ सकृज्ज्ञानेन मुक्तिः स्यात्सम्यग्ज्ञाने
स्वयं गुरुः ॥ ४३ ॥

इति द्वितीयोऽध्यायः ॥ २ ॥

માત્ર ચૈતન્યરૂપ શરીરવાળો છે. ૩૩ સંકલ્પ માત્ર ચૈતન્યથી જુદો નથી; અનુભવ–જ્ઞાન માત્ર ચૈતન્યથી અલગ નથી; મંત્ર વગેરે ચૈતન્યથી જુદા નથી અને માત્ર ચૈતન્યથી જુદો કોઈ દેવ નથી. ૩૪ દિક્પાલો માત્ર ચૈતન્યથી જુદા નથી, વ્યવહારની સર્વ વસ્તુ માત્ર ચૈતન્યથી જુદી નથી, પરમ બ્રહ્મ માત્ર ચૈતન્યથી જુદું નથી અને માત્ર ચૈતન્યથી જુદો કોઈ પદાર્થ જ નથી. ૩૫ માયા માત્ર ચૈતન્યથી જુદી નથી, પૂજન માત્ર ચૈતન્યથી જુદું નથી, જાણવાનું માત્ર ચૈતન્યથી જુદું નથી અને સત્ય માત્ર ચૈતન્યથી અલગ નથી. ૩૬ ખજાનો વગેરે માત્ર ચૈતન્યથી જુદા નથી, ધન માત્ર ચૈતન્યથી બીજું નથી, મૌન માત્ર ચૈતન્યથી અલગ નથી. અને અમૌન પણ માત્ર ચૈતન્યથી જુદું નથી. ૩૭ વૈરાગ્ય ચૈતન્યથી જુદો નથી; બધું માત્ર ચૈતન્ય જ છે. જે જેટલું દેખાય છે, તે બધું માત્ર ચૈતન્ય જ છે. ૩૮ જે જેટલું દૂર રહેલું છે, તે સઘળું માત્ર ચૈતન્ય જ છે અને જે જેટલું ભૂતોનો આદિ જણાય છે, તે પણ માત્ર ચૈતન્ય જ છે. ૩૯ જે જેટલાં વેદાંતો છે, તે બધાં માત્ર ચૈતન્ય જ છે; માત્ર ચૈતન્યથી જુદું કોઈ ગમન નથી અને ચૈતન્યથી જુદું કોઈ છોડાવનાર નથી.૪૦માત્ર ચૈતન્યથી જુદું કોઈ લક્ષ્ય નથી; બધું માત્ર ચૈતન્ય જ છે અને અખંડ એકરસવાળું બ્રહ્મ માત્ર ચૈતન્યથી અલગ નથી. ૪૧ શાસ્ત્રમાં, મારામાં, તારામાં અને ઈશ્વરમાં તું જ અખંડ એકરસરૂપે છે, એમ જે એકરૂપપણાથી જાણે છે, તે જ હું સર્વ-સ્વરૂપ છું એમ જાણે છે. ૪૨ આવા એક જ વારના જ્ઞાનથી મુક્તિ થાય છે અને એ ઉત્તમ જ્ઞાન માટે પોતે જ ગુરુ છે.'૪૩

બીજો અધ્યાય સમાપ્ત

## तृतीयोऽध्यायः

कुमारः पितरमात्मानुभवमनुब्रूहीति पप्रच्छ। स होवाच परः शिवः। परब्रह्मस्वरूपोऽहं परमानन्दमस्म्यहम्। केवलं ज्ञानरूपोऽहं केवलं परमोऽस्म्यहम् ॥ १ ॥ केवलं शान्तरूपोऽहं केवलं चिन्मयोऽस्म्यहम्। केवलं नित्यरूपोऽहं केवलं शाश्वतोऽस्म्यहम् ॥ २ ॥ केवलं सत्त्वरूपोऽहमहं त्यक्त्वाहमस्म्यहम्। सर्वहीनस्वरूपोऽहं चिदाकाशमयोऽस्म्यहम् ॥ ३ ॥ केवलं तुर्यरूपोऽस्मि तुर्यातीतोऽस्मि केवलः। सदा चैतन्यरूपोऽस्मि चिदानन्दमयोऽस्म्यहम् ॥४॥ केवलाकाररूपोऽस्मि शुद्धरूपोऽस्म्यहं सदा। केवलं ज्ञानरूपोऽस्मि केवलं प्रियमस्म्यहम् ॥ ५ ॥ निर्विकल्पस्वरूपोऽस्मि निरीहोऽस्मि निरामयः। सदाऽसङ्गस्वरूपोऽस्मि निर्विकारोऽहमव्ययः ॥ ६ ॥ सदैकरसरूपोऽस्मि सदा चिन्मात्रविग्रहः। अपरिच्छिन्नरूपोऽस्मि ह्यखण्डानन्दरूपवान् ॥ ७ ॥ सत्परानन्दरूपोऽस्मि चित्परानन्दमस्म्यहम्। अन्तरान्तररूपोऽहमवाङ्मनसगोचरः ॥ ८ ॥ आत्मानन्दस्वरूपोऽहं सत्यानन्दोऽस्म्यहं सदा। आत्मारामस्वरूपोऽस्मि ह्यहमात्मा सदाशिवः ॥ ९ ॥ आत्मप्रकाशरूपोऽस्मि ह्यात्मज्योतीरसोऽस्म्यहम्। आदिमध्यान्तहीनोऽस्मि ह्याकाशसदृशोऽस्म्यहम् ॥ १० ॥ नित्यशुद्धचिदानन्दसत्तामात्रोऽहमव्ययः। नित्यबुद्धविशुद्धैकसच्चिदानन्दमस्म्यहम् ॥ ११ ॥ नित्यशेषस्वरूपोऽस्मि सर्वातीतोऽस्म्यहं सदा। रूपातीतस्वरूपोऽस्मि परमाकाशविग्रहः ॥ १२ ॥ भूमानन्दस्वरूपोऽस्मि भाषाहीनोऽस्म्यहं सदा। सर्वाधिष्ठानरूपो-

## ત્રીજો અધ્યાય

કુમાર કાર્તિકસ્વામીએ પિતા શંકરને પૂછયું કે, 'આત્માનો અનુભવ તમે કહો.' ત્યારે પરમ શિવ બોલ્યા : 'હું પરબ્રહ્મ-સ્વરૂપ છું, હું પરમ આનંદસ્વરૂપ છું, કેવળ જ્ઞાનરૂપ છું, હું કેવળ પરમ પરમાત્મા છું. ૧ હું કેવળ શાંતરૂપ છું, હું કેવળ ચૈતન્યમય છું, હું કેવળ નિત્યરૂપ છું, હું કેવળ શાશ્વત-સનાતન છું. ૨ હું કેવળ સત્ત્વરૂપ છું, 'હું' તજીને હું છું, હું સર્વથી રહિત સ્વરૂપવાળો છું; હું ચિદાકાશમય છું. ૩ હું કેવળ તુર્ય (ચોથું) રૂપ છું, કેવળ તુર્યથી પર છું, સદા ચૈતન્ય-રૂપ છું અને જ્ઞાન તથા આનંદમય છું. ૪ હું કેવળ આકાર-રૂપ છું, હું સદા શુદ્ધ સ્વરૂપ છું, કેવળ જ્ઞાનરૂપ છું અને કેવળ પ્રિય સ્વરૂપ છું. ૫ હું નિર્વિકલ્પ સ્વરૂપ છું, સદા ઇચ્છાઓરહિત છું, નિર્દોષ છું, સદા સંગરહિત સ્વરૂપવાળો છું, નિર્વિકાર છું અને અવિનાશી છું. ૬ હું સદા એકરસરૂપ છું, માત્ર ચૈતન્યરૂપ શરીરવાળો છું, અમાપ રૂપવાળો છું અને અખંડ આનંદરૂપવાળો છું. ૭ હું સાચા પરમ આનંદરૂપવાળો છું, હું માત્ર ચૈતન્ય અને આનંદમય છું, અંતરના આંતરિક રૂપવાળો છું અને હું વાણી તથા મનનો અવિષય છું. ૮ હું આત્માનંદસ્વરૂપ છું, હું સદા સત્ય આનંદ છું, આત્મારામ-સ્વરૂપ છું અને હું સદાશિવ આત્મા છું. ૯ હું આત્માના પ્રકાશરૂપ છું, હું આત્મજ્યોતિરૂપ રસવાળો છું; આદિ-મધ્ય-વિનાનો છું અને હું આકાશ જેવો છું. ૧૦ હું નિત્ય, શુદ્ધ, ચૈતન્ય, આનંદ અને માત્ર સત્તારૂપ છું. હું નિર્વિકાર છું, નિત્ય જ્ઞાનવાળો છું, અતિશય શુદ્ધ છું અને કેવળ સચ્ચિદાનંદ છું. ૧૧ હું નિત્ય બાકી રહેતી વસ્તુરૂપ છું, સર્વથી પર છું, સદા રૂપરહિત

ऽस्मि सर्वदा चिद्घनोऽस्म्यहम् ॥ १३ ॥ देहभावविहीनोऽस्मि चिन्ताहीनोऽस्मि सर्वदा। चित्तवृत्तिविहीनोऽहं चिदात्मैकरसोऽस्म्यहम् ॥ १४ ॥ सर्वदृश्यविहीनोऽहं दृग्रूपोऽस्म्यहमेव हि। सर्वदा पूर्णरूपोऽस्मि नित्यतृप्तोऽस्म्यहं सदा ॥ १५ ॥ अहं ब्रह्मैव सर्वं स्यादहं चैतन्यमेव हि। अहमेवाहमेवास्मि भूमाकाशस्वरूपवान् ॥१६॥ अहमेव महानात्मा ह्यहमेव परात्परः। अहमन्यवदाभामि ह्यहमेव शरीरवत् ॥ १७ ॥ अहं शिष्यवदाभामि ह्ययं लोकत्रयाश्रयः। अहं कालत्रयातीत अहं वेदैरुपासितः ॥ १८ ॥ अहं शास्त्रेण निर्णीत अहं चित्ते व्यवस्थितः। मत्त्यक्तं नास्ति किंचिद्वा मत्त्यक्तं पृथिवी च वा ॥ १९ ॥ मयातिरिक्तं यद्यद्वा तत्तन्नास्तीति निश्चिनु। अहं ब्रह्मास्मि सिद्धोऽस्मि नित्यशुद्धोऽस्म्यहं सदा ॥ २० ॥ निर्गुणः केवलात्मास्मि निराकारोऽस्म्यहं सदा। केवलं ब्रह्ममात्रोऽस्मि ह्यजरोऽस्म्यमरोऽस्म्यहम् ॥ २१ ॥ स्वयमेव स्वयं भामि स्वयमेव सदात्मकः। स्वयमेवात्मनि स्वस्थः स्वयमेव परा गतिः ॥ २२ ॥ स्वयमेव स्वयं भुञ्जे स्वयमेव स्वयं रमे। स्वयमेव स्वयं ज्योतिः स्वयमेव स्वयं महः ॥ २३ ॥ स्वस्यात्मनि स्वयं रंस्ये स्वात्मन्येव विलोकये। स्वात्मन्येव सुखासीनः स्वात्ममात्रावशेषकः ॥ २४ ॥ स्वचैतन्ये स्वयं स्थास्ये स्वात्मराज्ये सुखे रमे। स्वात्मसिंहासने स्थित्वा स्वात्मनोऽन्यन्न चिन्तये ॥ २५ ॥ चिद्रूपमात्रं ब्रह्मैव सच्चिदा-

સ્વરૂપવાળો છું અને પરમ આકાશરૂપ શરીરવાળો છું. ૧૨ હું ભૂમા (સર્વથી મોટા) આનંદસ્વરૂપ છું, હું સદા ભાષારહિત છું, સર્વના અધિષ્ઠાનરૂપ છું અને સર્વકાળે ચૈતન્યવ્યાપ્ત છું. ૧૩

હું દેહપણાથી રહિત છું, સર્વદા ચિંતાવિનાનો છું, ચિત્તની વૃત્તિથી જુદો છું અને હું સર્વકાળે આત્મારૂપ એકરસવાળો છું. ૧૪ હું સર્વ દશ્યથી જુદો છું, હું દ્રષ્ટારૂપ છું, સર્વદા પૂર્ણરૂપ છું અને સદા નિત્યતૃપ્ત છું. ૧૫ હું બ્રહ્મ જ છું, સર્વ-સ્વરૂપ છું, હું ચૈતન્ય જ છું, હું જ છું, હું જ છું અને સર્વથી મોટામાં મોટા આકાશરૂપ છું. ૧૬ હું જ મહાન આત્મા છું, હું જ પરથી પર છું, હું જ બીજા જેવો જણાઉં છું, હું જ શરીર જેવો લાગું છું. ૧૭ હું શિષ્ય જેવો જણાઉં છું, ત્રણે લોકનો આશ્રય છું, હું ત્રણે કાળથી પર છું અને હું જ વેદો વડે ઉપાસેલો છું. ૧૮ હું શાસ્ત્ર વડે નિર્ણય કરાયો છું, હું ચિત્તમાં રહ્યો છું, હું મારાથી ત્યજાયેલું કંઈ જ નથી અથવા મારાથી ત્યજાયલી પૃથ્વી જ છે. (માટી જ બને છે.) ૧૯ મારાથી જુદું જે કંઈ છે, તે નથી જ એમ તું નિશ્ચય કર. હું બ્રહ્મ છું, સિદ્ધ છું અને સદાકાળ હું નિત્ય શુદ્ધ છું. ૨૦ હું કેવળ નિર્ગુણ આત્મા છું, હું સદા નિરાકાર છું, હું કેવળ માત્ર બ્રહ્મ છું, હું અજર છું અને હું અમર છું. ૨૧ હું પોતે જ પોતા-રૂપે પ્રકાશું છું, હું પોતે જ સદા આત્મારૂપ છું, હું પોતે જ આત્મામાં સ્વસ્વરૂપે રહું છું અને હું પોતે જ પરમગતિરૂપ છું ૨૨ હું પોતે જ પોતાને જમું છું, હું પોતે જ પોતાની સાથે રહું છું, હું પોતે જ સ્વયંજ્યોતિ છું અને હું પોતે સ્વયં-પ્રકાશ છું. ૨૩ હું પોતે જ પોતાના સ્વરૂપમાં રમીશ, પોતાના આત્મામાં જ હું જોઉં છું, પોતાના આત્મામાં જ સુખપૂર્વક હું રહ્યો છું અને પોતાના આત્મારૂપ જ હું બાકી રહું છું. ૨૪ હું પોતાના ચૈતન્યમાં પોતે રહીશ, પોતાના આત્મરૂપ રાજ્યમાં અને સુખમાં હું રમું છું અને પોતાના આત્મરૂપ સિંહાસન પર બેસીને પોતાના આત્માથી જુદું હું ચિંતવતો નથી.

नन्दमद्वयम् । आनन्दघन एवाहमहं ब्रह्मास्मि केवलम् ॥ २६ ॥ सर्वदा सर्वशून्योऽहं सर्वात्मानन्दवानहम् । नित्यानन्दस्वरूपोऽहमात्माकाशोऽस्मि नित्यदा ॥ २७ ॥ अहमेव हृदाकाशश्चिदादित्यस्वरूपवान् । आत्मनात्मनि तृप्तोऽस्मि ह्यरूपोऽस्म्यहमव्ययः ॥ २८ ॥ एकसंख्याविहीनोऽस्मि नित्यमुक्तस्वरूपवान् । आकाशादपि सूक्ष्मोऽहमाद्यन्ताभाववानहम् ॥ २९ ॥ सर्वप्रकाशरूपोऽहं परावरसुखोऽस्म्यहम् । सत्तामात्रस्वरूपोऽहं शुद्धमोक्षस्वरूपवान् ॥ ३० ॥ सत्यानन्दस्वरूपोऽहं ज्ञानानन्दघनोऽस्म्यहम् । विज्ञानमात्ररूपोऽहं सच्चिदानन्दलक्षणः ॥ ३१ ॥ ब्रह्ममात्रमिदं सर्वं ब्रह्मणोऽन्यन्न किंचन । तदेवाहं सदानन्दं ब्रह्मैवाहं सनातनम् ॥ ३२ ॥ त्वमित्येतत्तदित्येतन्मत्तोऽन्यन्नास्ति किंचन । चिच्चैतन्यस्वरूपोऽहमहमेव परः शिवः ॥ ३३ ॥ अतिभावस्वरूपोऽहमहमेव सुखात्मकः । साक्षिवस्तुविहीनत्वात्साक्षित्वं नास्ति मे सदा ॥ ३४ ॥ केवलं ब्रह्ममात्रत्वादहमात्मा सनातनः । अहमेवादिशेषोऽहमहं शेषोऽहमेव हि ॥ ३५ ॥ नामरूपविमुक्तोऽहमहमानन्दविग्रहः । इन्द्रियाभावरूपोऽहं सर्वभावस्वरूपकः ॥ ३६ ॥ बन्धमुक्तिविहीनोऽहं शाश्वतानन्दविग्रहः । आदिचैतन्यमात्रोऽहमखण्डैकरसोऽस्म्यहम् ॥ ३७ ॥ वाङ्मनोऽगोचरश्चाहं सर्वत्र सुखवानहम् । सर्वत्र पूर्णरूपोऽहं भूमानन्दमयोऽस्म्यहम् ॥ ३८ ॥ सर्वत्र तृप्तिरूपोऽहं परामृतरसोऽस्म्यहम् । एकमेवाद्वितीयं सद्ब्रह्मैवाहं न संशयः ॥ ३९ ॥ सर्वशून्यस्वरूपोऽहं सकलागमगोचरः । मुक्तोऽहं

૨૫ માત્ર ચૈતન્યરૂપ બ્રહ્મ જ સચ્ચિદાનંદ અને અદ્વૈત છે; હું જ આનંદમય છું અને હું જ કેવળ બ્રહ્મ છું. ૨૬ હું સર્વદા

સર્વથી શૂન્ય છું, હું સર્વનો આત્મા અને આનંદયુક્ત છું, નિત્ય આનંદસ્વરૂપ હું છું અને સર્વકાળે હું આત્મારૂપે પ્રકાશું છું. ૨૭ હું જ હૃદયમાં આકાશરૂપ છું; ચૈતન્યમય સૂર્યસ્વરૂપથી યુક્ત છું અને હું પોતે જ આત્મામાં આત્મારૂપે તૃપ્ત છું, રૂપરહિત છું અને અવિનાશી છું. ૨૮ હું એક સંખ્યાથી રહિત છું, નિત્ય મુક્ત સ્વરૂપવાળો છું, આકાશથી પણ સૂક્ષ્મ છું, અને હું આદિ તથા અંત વિનાનો છું. ૨૯ હું સર્વ પ્રકાશરૂપ છું, હું પર તથા અપર સુખ છું, હું માત્ર સત્તાસ્વરૂપ છું અને શુદ્ધ મોક્ષરૂપ સ્વરૂપવાળો છું. ૩૦ હું સત્ય આનંદસ્વરૂપ છું, હું જ્ઞાન તથા આનંદમય છું, હું માત્ર વિજ્ઞાનરૂપ છું અને સચ્ચિદાનંદરૂપ લક્ષણવાળો છું. ૩૧ આ બધું માત્ર બ્રહ્મ જ છે, બ્રહ્મથી જુદું કાંઈ નથી. એ જ સદા આનંદરૂપ સનાતન બ્રહ્મ હું જ છું. ૩૨ 'તું' અને 'તે' એ બન્ને મારાથી જુદું કંઈ જ નથી. હું જ્ઞાન તથા ચૈતન્યસ્વરૂપ છું અને હું જ પરમ શિવ છું. ૩૩ હું સર્વથી પર રહેલા પદાર્થરૂપ છું, હું જ સુખસ્વરૂપ છું અને હું સાક્ષીરૂપ વસ્તુથી રહિત છું; તેથી મારામાં સાક્ષીપણું સર્વ કાળે નથી. ૩૪ કેવળ માત્ર બ્રહ્મપણાથી હું સનાતન આત્મા છું અને હું જ આદિ-રૂપે બાકી રહું છું, હું જ બાકીરૂપ છું. ૩૫ હું નામ તથા રૂપથી રહિત છું, હું આનંદરૂપ શરીરવાળો છું, હું ઇંદ્રિયોના અભાવરૂપ છું અને સર્વ પદાર્થોરૂપ છું. ૩૬ હું બંધન તથા મોક્ષથી રહિત છું, સનાતન આનંદરૂપ શરીરવાળો છું, હું માત્ર આદિ ચૈતન્ય છું અને હું અખંડ એકરસરૂપ છું. ૩૭ હું વાણી તથા મનનો અવિષય છું, હું બધે સુખવાળો છું, હું બધે પૂર્ણરૂપ છું અને હું અતિશય અધિક આનંદમય છું. ૩૮ હું બધે તૃપ્તિરૂપ છું, હું પરમ અમૃતનો રસ છું અને હું

मोक्षरूपोऽहं निर्वाणसुखरूपवान् ॥ ४० ॥ सत्यविज्ञानमात्रोऽहं सन्मात्रानन्दवानहम्। तुरीयातीतरूपोऽहं निर्विकल्पस्वरूपवान् ॥४१॥ सर्वदा ह्यजरूपोऽहं नीरागोऽस्मि निरञ्जनः। अहं शुद्धोऽस्मि बुद्धोऽस्मि नित्योऽस्मि प्रभुरस्म्यहम् ॥४२॥ ओङ्कारार्थस्वरूपोऽस्मि निष्कलङ्कमयोऽस्म्यहम्। चिदाकारस्वरूपोऽस्मि नाहमस्मि न सोऽस्म्यहम् ॥४३॥ न हि किंचित्स्वरूपोऽस्मि निर्व्यापारस्वरूपवान् निरंशोऽस्मि निराभासो न मनो नेन्द्रियोऽस्म्यहम् ॥४४॥ न बुद्धिर्न विकल्पोऽहं न देहादित्रयोऽस्म्यहम्। न जाग्रत्स्वप्नरूपोऽहं न सुषुप्तिस्वरूपवान् ॥ ४५ ॥ न तापत्रयरूपोऽहं नेषणात्रयवानहम्। श्रवणं नास्ति मे सिद्धेर्मननं च चिदात्मनि ॥४६॥ सजातीयं न मे किंचिद्विजातीयं न मे क्वचित्। स्वगतं च न मे किंचिन्न मे भेदत्रयं क्वचित् ॥४७॥ असत्यं हि मनोरूपमसत्यं बुद्धिरूपकम्। अहंकारमसद्धीति नित्योऽहं शाश्वतो ह्यजः ॥४८॥ देहत्रयमसद्विद्धि कालत्रयमसत्सदा। गुणत्रयमसद्विद्धि ह्यहं सत्यात्मकः शुचिः ॥४९॥ श्रुतं सर्वमसद्विद्धि वेदं सर्वमसत्सदा। शास्त्रं सर्वमसद्विद्धि ह्यहं सत्यचिदात्मकः ॥५०॥ मूर्तित्रयमसद्विद्धि सर्वभूतमसत्सदा। सर्वतत्त्वमसद्विद्धि ह्यहं भूमा सदाशिवः ॥५१॥ गुरुशिष्यमसद्विद्धि गुरोर्मन्त्रमसत्ततः। यद्दृश्यं तदसद्विद्धि न मां विद्धि तथाविधम् ॥५२॥ यच्चिन्त्यं तदसद्विद्धि यन्न्याय्यं तदसत्सदा। यद्धितं तदसद्विद्धि

૭૪ એક અદ્વિતીય બ્રહ્મ છું, એમાં સંશય નથી. ૩૯ હું બધે શૂન્યસ્વરૂપ છું, સકળ શાસ્ત્રોનો વિષય છું, હું મુક્ત છું, મોક્ષરૂપ છું અને નિર્વાણના સુખસ્વરૂપથી યુક્ત છું. ૪૦ હું સત્ય તથા વિજ્ઞાન હું માત્ર છું; હું માત્ર સત્ અને આનંદ-

યુક્ત છું; હું તુરીયથી પર સ્વરૂપવાળો છું અને નિર્વિકલ્પ સ્વરૂપવાળો છું. ૪૧ હું સર્વ કાળે અજન્મારૂપ છું, રાગરહિત છું, નિરંજન છું; હું શુદ્ધ છું, બ્રહ્મ છું, નિત્ય છું અને હું પ્રભુ છું. ૪૨ હું ૐકારના અર્થસ્વરૂપ છું, નિષ્કલંકમય છું, ચૈતન્યના આકારસ્વરૂપ છું અને હું 'હું' નથી અને હું 'તે' નથી. ૪૩ હું કોઈ સ્વરૂપ નથી, વ્યાપાર રહિત સ્વરૂપવાળો છું, અંશવિનાનો છું, આભાસરહિત છું અને હું મન નથી તથા ઇંદ્રિય નથી. ૪૪ હું બુદ્ધિ નથી, વિકલ્પ નથી, દેહ આદિ ત્રણવાળો હું નથી; હું જાગ્રત નથી, સ્વપ્ન નથી કે સુષુપ્તિના સ્વરૂપવાળો પણ નથી. ૪૫ હું ત્રણ તાપોરૂપ નથી, ત્રણ એષણાઓવાળો નથી; મારે સિદ્ધિનું શ્રવણ નથી અને ચિદાત્મા વિષેનું મનન પણ નથી. ૪૬ મારું કંઈ સજાતીય નથી કે ક્યાંય વિજાતીય નથી; મારું કાંઈ સ્વગત નથી; એમ મારા ત્રણે ભેદો નથી. ૪૭ મનનું રૂપ અસત્ય છે, બુદ્ધિનું રૂપ અસત્ય છે, અહંકાર અસત્ છે પણ હું જ નિત્ય છું, સનાતન છું અને અજન્મા છું. ૪૮ તારે ત્રણે દેહને અસત્ સમજવા, ત્રણે કાળને સદા અસત્ જાણવા અને ત્રણે ગુણોને અસત્ માનવા. કેવળ હું જ સત્યસ્વરૂપ પવિત્ર છું, એમ તારે જાણવું. ૪૯ સર્વ સાંભળેલું તારે મિથ્યા જાણવું, સર્વ વેદોને મિથ્યા જાણવા. સર્વ શાસ્ત્રોને જૂઠાં જાણવાં અને હું જ સત્ય તથા ચૈતન્યમય છું, એમ સમજવું. ૫૦ ત્રણે મૂર્તિઓને તું જૂઠી જાણ, સર્વ ભૂતોને સદા મિથ્યા માન, સર્વ તત્ત્વોને જૂઠાં જાણ અને હું જ સર્વથી અધિક સદશિવ છું, એમ તું સમજ. ૫૧ ગુરુ–શિષ્યને તું મિથ્યા માન, તે પછી ગુરુના મંત્રને મિથ્યા જાણ અને જે કંઈ દેખાય છે તે મિથ્યા છે, એમ તું જાણ; પણ મને તેવો મિથ્યા ન માનજે. ૫૨ જે ચિંતવાય છે, તેને તારે મિથ્યા માનવું; જે ન્યાયવાળું છે, તેને

न मां विद्धि तथाविधम् ॥५३॥ सर्वान्प्राणानसद्विद्धि सर्वान्भोगानसत्त्विति। दृष्टं श्रुतमसद्विद्धि ओतं प्रोतमसन्मयम् ॥ ५४ ॥ कार्याकार्यमसद्विद्धि नष्टं प्राप्तमसन्मयम्। दुःखादुःखमसद्विद्धि सर्वासर्वमसन्मयम् ॥ ५५ ॥ पूर्णापूर्णमसद्विद्धि धर्माधर्ममसन्मयम्। लाभालाभावसद्विद्धि जयाजयमसन्मयम् ॥ ५६ ॥ शब्दं सर्वमसद्विद्धि स्पर्शं सर्वमसत्सदा। रूपं सर्वमसद्विद्धि रसं सर्वमसन्मयम् ॥ ५७ ॥ गन्धं सर्वमसद्विद्धि सर्वाज्ञानमसन्मयम्। असदेव सदा सर्वमसदेव भवोद्भवम् ॥ ५८ ॥ असदेव गुणं सर्वं सन्मात्रमहमेव हि। स्वात्ममन्त्रं सदा पश्येत्स्वात्ममन्त्रं सदाभ्यसेत् ॥ ५९ ॥ अहं ब्रह्मास्मि मन्त्रोऽयं दृश्यपापं विनाशयेत्। अहं ब्रह्मास्मि मन्त्रोऽयमन्यमन्त्रं विनाशयेत् ॥ ६० ॥ अहं ब्रह्मास्मि मन्त्रोऽयं देहदोषं विनाशयेत्। अहं ब्रह्मास्मि मन्त्रोऽयं जन्मपापं विनाशयेत् ॥ ६१ ॥ अहं ब्रह्मास्मि मन्त्रोऽयं मृत्युपाशं विनाशयेत्। अहं ब्रह्मास्मि मन्त्रोऽयं द्वैतदुःखं विनाशयेत् ॥ ६२ ॥ अहं ब्रह्मास्मि मन्त्रोऽयं भेदबुद्धिं विनाशयेत्। अहं ब्रह्मास्मि मन्त्रोऽयं चिन्तादुःखं विनाशयेत् ॥ ६३ ॥ अहं ब्रह्मास्मि मन्त्रोऽयं बुद्धिव्याधिं विनाशयेत्। अहं ब्रह्मास्मि मन्त्रोऽयं चित्तबन्धं विनाशयेत् ॥ ६४ ॥ अहं ब्रह्मास्मि मन्त्रोऽयं सर्वव्याधीन्विनाशयेत्। अहं ब्रह्मास्मि मन्त्रोऽयं सर्वशोकं विनाशयेत् ॥ ६५ ॥ अहं ब्रह्मास्मि मन्त्रोऽयं कामादीन्नाशयेत्क्षणात्। अहं ब्रह्मास्मि

સદા મિથ્યા જાણવું અને જે હિતકારી છે, તે પણ મિથ્યા માનવું; પણ મને તેવો મિથ્યા ન માનજે. ૫૩ સર્વ પ્રાણોને તારે મિથ્યા માનવા, સર્વ ભોગોને જૂઠા જાણવા; જોયેલું તથા સાંભળેલું

ખોટું જાણવું અને જે ઓતપ્રોત છે, તે પણ અસત્‌મય છે, એમ સમજવું. ૫૪ કાર્ય તથા અકાર્યને જૂઠું જાણવું, પ્રાપ્ત થયેલું ને નાશ પામેલું મિથ્યા માનવું, દુઃખ તથા સુખને જૂઠાં જાણવાં અને સર્વ તથા અસર્વને અસત્‌મય જાણવું. ૫૫ પૂર્ણ તથા અપૂર્ણને મિથ્યા માનવું, ધર્મ તથા અધર્મને અસત્‌મય જાણવા, લાભ તથા અલાભને અસત્ જાણવા અને જય તથા પરાજયને અસત્‌મય માનવા. ૫૬ શબ્દને જૂઠા જાણ, સર્વ સ્પર્શ-ને સદા મિથ્યા માન, સર્વ રૂપને જૂઠું જાણ અને સર્વ રસને અસત્‌મય સમજ. ૫૭ સર્વ ગંધને તું અસત્ જાણ, સર્વ અજ્ઞાન-ને અસત્‌મય માન, બધું સદા અસત્ જ છે; સંસારમાં ઊપજેલું બધું જૂઠું જ છે. ૫૮ સર્વ ગુણો જૂઠા જ છે; માત્ર હું જ કેવળ સત્ છું. પોતાના આત્મારૂપ મંત્રનાં સદા દર્શન કરવાં અને પોતાના આત્મારૂપ મંત્રનો સદા અભ્યાસ કરવો. ૫૯ 'હું બ્રહ્મ છું' આ મંત્ર દેખાતાં પાપોનો નાશ કરે છે; 'હું બ્રહ્મ છું' આ મંત્ર બીજા મંત્રોનો નાશ કરે છે; 'હું બ્રહ્મ છું' આ મંત્ર દેહના દોષનો નાશ કરે છે; 'હું બ્રહ્મ છું' આ મંત્ર જન્મોનાં પાપોનો નાશ કરે છે; 'હું બ્રહ્મ છું' આ મંત્ર મૃત્યુ-રૂપ પાશનો નાશ કરે છે; 'હું બ્રહ્મ છું' આ મંત્ર દ્વૈતનાં દુઃખનો નાશ કરે છે; 'હું બ્રહ્મ છું' આ મંત્ર ભેદબુદ્ધિનો નાશ કરે છે; 'હું બ્રહ્મ છું' આ મંત્ર ચિંતાના દુઃખનો નાશ કરે છે; 'હું બ્રહ્મ છું' આ મંત્ર બુદ્ધિરૂપ વ્યાધિનો નાશ કરે છે; 'હું બ્રહ્મ છું' આ મંત્ર ચિત્તરૂપ બંધનનો નાશ કરે છે; 'હું બ્રહ્મ છું' આ મંત્ર સર્વ વ્યાધિઓનો નાશ કરે છે; 'હું બ્રહ્મ છું' આ મંત્ર સર્વ શોકનો નાશ કરે છે; 'હું બ્રહ્મ છું' આ મંત્ર કામ વગેરેનો ક્ષણવારમાં નાશ કરે છે; 'હું બ્રહ્મ છું' આ મંત્ર ક્રોધની શક્તિનો નાશ કરે છે; 'હું બ્રહ્મ છું' આ મંત્ર

मन्त्रोऽयं क्रोधशक्तिं विनाशयेत् ॥ ६६ ॥ अहं ब्रह्मास्मि मन्त्रोऽयं चित्तवृत्तिं विनाशयेत् । अहं ब्रह्मास्मि मन्त्रोऽयं संकल्पादीन्विनाशयेत् ॥ ६७ ॥ अहं ब्रह्मास्मि मन्त्रोऽयं कोटिदोषं विनाशयेत् । अहं ब्रह्मास्मि मन्त्रोऽयं सर्वतन्त्रं विनाशयेत् ॥ ६८ ॥ अहं ब्रह्मास्मि मन्त्रोऽयमात्मज्ञानं विनाशयेत् । अहं ब्रह्मास्मि मन्त्रोऽयमात्मलोकजयप्रदः ॥ ६९ ॥ अहं ब्रह्मास्मि मन्त्रोऽयमप्रतर्क्यसुखप्रदः । अहं ब्रह्मास्मि मन्त्रोऽयमजडत्वं प्रयच्छति ॥ ७० ॥ अहं ब्रह्मास्मि मन्त्रोऽयमनात्मासुरमर्दनः । अहं ब्रह्मास्मि वज्रोऽयमनात्माख्यगिरीन्हरेत् ॥ ७१ ॥ अहं ब्रह्मास्मि मन्त्रोऽयमनात्माख्यासुरान्हरेत् । अहं ब्रह्मास्मि मन्त्रोऽयं सर्वांस्तान्मोक्षयिष्यति ॥ ७२ ॥ अहं ब्रह्मास्मि मन्त्रोऽयं ज्ञानानन्दं प्रयच्छति । सप्तकोटिमहामन्त्रं जन्मकोटिशतप्रदम् ॥ ७३ ॥ सर्वमन्त्रान्समुत्सृज्य एतं मन्त्रं समभ्यसेत् । सद्यो मोक्षमवाप्नोति नात्र संदेहमण्वपि ॥ ७४ ॥

इति तृतीयोऽध्यायः ॥ ३ ॥

## चतुर्थोऽध्यायः

कुमारः परमेश्वरं पप्रच्छ जीवन्मुक्तविदेहमुक्तयोः स्थितिमनुब्रूहीति । स होवाच परः शिवः । चिदात्माहं परात्माहं निर्गुणोऽहं परात्परः । आत्ममात्रेण यस्तिष्ठेत्स जीवन्मुक्त उच्यते ॥ १ ॥ देहत्रयातिरिक्तोऽहं शुद्धचैतन्यमस्म्यहम् । ब्रह्माहमिति यस्यान्तः स जीवन्मुक्त उच्यते ॥ २ ॥ आनन्दघनरूपोऽस्मि परानन्दघनोऽस्म्यहम् । यस्य देहादिकं नास्ति यस्य ब्रह्मेति निश्चयः । परमानन्द-

ચિત્તની વૃત્તિનો નાશ કરે છે; 'હું બ્રહ્મ છું' આ મંત્ર સંકલ્પ વગેરેનો નાશ કરે છે; 'હું બ્રહ્મ છું' આ મંત્ર કરોડો દોષોનો નાશ કરે છે; 'હું બ્રહ્મ છું' આ મંત્ર સર્વ તંત્રોનો નાશ કરે છે; 'હું બ્રહ્મ છું' આ મંત્ર આત્માના અજ્ઞાનનો નાશ કરે છે; 'હું બ્રહ્મ છું' આ મંત્ર આત્મારૂપ લોકને જીતી આપે છે; 'હું બ્રહ્મ છું' આ મંત્ર જ્ઞાનીપણું આપે છે; 'હું બ્રહ્મ છું' આ મંત્ર અનાત્મારૂપ અસુરનો નાશ કરે છે; 'હું બ્રહ્મ છું' આ મંત્ર અનાત્મારૂપી પર્વતો માટે વજ્ર બની તેઓને તોડી પાડે છે અને 'હું બ્રહ્મ છું' આ મંત્ર તેનો જપ કરનારા સર્વને સંસારથી છોડાવશે. ૬૦–૭૨ 'હું બ્રહ્મ છું' આ મંત્ર જ્ઞાનનો આનંદ આપે છે અને 'હું બ્રહ્મ છું' આ મંત્ર સાત કરોડ મહામંત્રરૂપ છે અને કરોડો જન્મોને કાપી નાખે છે. ૭૩ સર્વ મંત્રોનો ત્યાગ કરી આ મંત્રનો જ અભ્યાસ કરવો; જેથી તુરત જ મનુષ્ય મોક્ષ પામે છે, એમાં લગારે સંદેહ નથી.' ૭૪

ત્રીજો અધ્યાય સમાપ્ત

## ચોથો અધ્યાય

કુમાર કાર્તિકસ્વામીએ પરમેશ્વર શંકરને પૂછ્યું કે, 'જીવન્મુક્ત તથા વિદેહમુક્તની સ્થિતિ તમે કહો.' ત્યારે તે પરમ શિવ બોલ્યા : 'હું ચિદાત્મા છું, પરમાત્મા છું, નિર્ગુણ છું અને પરથી પર છું; આમ માત્ર આત્મારૂપે જે સ્થિતિ કરે, તે જીવન્મુક્ત કહેવાય છે. ૧ હું ત્રણે દેહથી જુદો છું, હું શુદ્ધ ચૈતન્ય છું અને હું બ્રહ્મ છું; આમ જેના અંતરમાં રહ્યા કરે, તે જીવન્મુક્ત કહેવાય છે. ૨ હું આનંદઘનરૂપ છું, હું પરમાનંદઘન છું, એવા જ્ઞાનથી જેને દેહ વગેરેનો સંબંધ જ નથી; જેને 'હું બ્રહ્મ છું' આવો નિશ્ચય થયો હોય અને

पूर्णो यः स जीवन्मुक्त उच्यते ॥ ३ ॥ यस्य किंचिदहं नास्ति चिन्मात्रेणावतिष्ठते। चैतन्यमात्रो यस्यान्तश्चिन्मात्रैकस्वरूपवान् ॥४॥ सर्वत्र पूर्णरूपात्मा सर्वत्रात्मावशेषकः। आनन्दरतिरव्यक्तः परिपूर्णश्चिदात्मकः ॥ ५ ॥ शुद्धचैतन्यरूपात्मा सर्वसङ्गविवर्जितः। नित्यानन्दः प्रसन्नात्मा ह्यन्यचिन्ताविवर्जितः ॥ ६ ॥ किंचिदस्तित्वहीनो यः स जीवन्मुक्त उच्यते। न मे चित्तं न मे बुद्धिर्नाहंकारो न चेन्द्रियम् ॥ ७ ॥ न मे देहः कदाचिद्वा न मे प्राणादयः क्वचित्। न मे माया न मे कामो न मे क्रोधः परोऽस्म्यहम् ॥ ८ ॥ न मे किंचिदिदं वापि न मे किंचित्क्वचिज्जगत्। न मे दोषो न मे लिङ्गं न मे चक्षुर्न मे मनः ॥ ९ ॥ न मे श्रोत्रं न मे नासा न मे जिह्वा न मे करः। न मे जाग्रन्न मे स्वप्नं न मे कारणमण्वपि ॥ १० ॥ न मे तुरीयमिति यः स जीवन्मुक्त उच्यते। इदं सर्वं न मे किंचिदयं सर्वं न मे क्वचित् ॥ ११ ॥ न मे कालो न मे देशो न मे वस्तु न मे मतिः। न मे स्नानं न मे संध्या न मे दैवं न मे स्थलम् ॥ १२ ॥ न मे तीर्थं न मे सेवा न मे ज्ञानं न मे पदम्। न मे बन्धो न मे जन्म न मे वाक्यं न मे रविः ॥ १३ ॥ न मे पुण्यं न मे पापं न मे कार्यं न मे शुभम्। न मे जीव इति स्वात्मा न मे किंचिज्जगत्त्रयम् ॥ १४ ॥ न मे मोक्षो न मे द्वैतं न मे वेदो न मे विधिः।

જે પરમાનંદથી પૂર્ણ થયો હોય, તે જીવન્મુક્ત કહેવાય છે. ૩ જેને કંઈ પણ હુંભાવે નથી, જે માત્ર ચૈતન્યસ્વરૂપે સ્થિતિ કરે છે, જેના અંતરમાં માત્ર ચૈતન્ય જ રમતું હોઈ માત્ર એક ચૈતન્ય જેવું જેનું સ્વરૂપ બન્યું હોય, જે બધે પૂર્ણરૂપ

આત્મા બન્યો હોય, બધે આત્મારૂપે બાકી રહ્યો હોય, આનંદમાં જ રમતો હોય, સ્પષ્ટ જણાતો ન હોય, પરિપૂર્ણ બન્યો હોય, ચૈતન્યસ્વરૂપ થયો હોય, શુદ્ધ ચૈતન્યરૂપ આત્માવાળો હોય, સર્વ સંગથી રહિત થયો હોય, નિત્ય આનંદરૂપ હોઈ પ્રસન્ન આત્માવાળો હોય, બીજાની ચિંતાથી રહિત હોય અને બીજું કંઈ છે જ નહિ, એમ જે માનતો હોય, તે જીવન્મુક્ત કહેવાય છે. ૪-૬ ચિત્ત મારું નથી, બુદ્ધિ મારી નથી, અહંકાર મારો નથી, ઇંદ્રિય મારી નથી, દેહ મારો નથી, પ્રાણ વગેરે કદી યે મારા નથી; મને માયા નથી, મને કામ નથી, મને ક્રોધ નથી; હું તો સર્વથી પર છું, આ કંઈ પણ મારું નથી, કોઈ પણ જગત ક્યાંય પણ મારું નથી, મને દોષ નથી, મારું લિંગ કે ચિહ્ન નથી, મને નેત્ર નથી, મન મારું નથી, કાન મારો નથી, નાક મારું નથી, જીભ મારી નથી, હાથ મારો નથી, મને જાગ્રત નથી, મને સ્વપ્ન નથી, મને કારણ શરીર નથી, મને ચોથી અવસ્થા પણ લગારે નથી; આમ જે સમજે છે, તે જીવન્મુક્ત કહેવાય છે. આ સર્વ મારું નથી, આ બધું કોઈ ઠેકાણે મારું કંઈ પણ નથી. ૭-૧૧ કાળ મારો નથી, દેશ મારો નથી, વસ્તુ મારી નથી, બુદ્ધિ મારી નથી, મારા માટે સ્નાન નથી, સંધ્યા નથી, મારો કોઈ દેવ નથી, મારું સ્થળ નથી, મારે કોઈ તીર્થ નથી, મારે સેવા નથી, મને જ્ઞાન નથી, મારું પદ નથી, મને બંધન નથી, મારો જન્મ નથી, મારું વાક્ય નથી, મારા માટે સૂર્ય નથી, મારે પુણ્ય નથી, મને પાપ નથી, મારું શુભ નથી, મારો જીવ નથી; પણ હું પોતે જ આત્મા છું; આ ત્રણે જગત કંઈ પણ મારું નથી. ૧૨-૧૪ મારો મોક્ષ નથી, મારું દ્વૈત નથી, વેદ મારા માટે નથી, મારા માટે કોઈ વિધિ નથી, મારી પાસે નથી, મારે દૂર નથી, મને બોધ નથી,

न मेऽन्तिकं न मे दूरं न मे बोधो न मे रहः ॥ १५ ॥ न मे गुरुर्न मे शिष्यो न मे हीनो न चाधिकः । न मे ब्रह्म न मे विष्णुर्न मे रुद्रो न चन्द्रमाः ॥ १६ ॥ न मे पृथ्वी न मे तोयं न मे वायुर्न मे वियत् । न मे वह्निर्न मे गोत्रं न मे लक्ष्यं न मे भवः ॥ १७ ॥ न मे ध्याता न मे ध्येयं न मे ध्यानं न मे मनुः । न मे शीतं न मे चोष्णं न मे तृष्णा न मे क्षुधा ॥ १८ ॥ न मे मित्रं न मे शत्रुर्न मे मोहो न मे जयः । न मे पूर्वं न मे पश्चान्न मे चोर्ध्वं न मे दिशः ॥ १९ ॥ न मे वक्तव्यमल्पं वा न मे श्रोतव्यमण्वपि । न मे गन्तव्यमीषद्वा न मे ध्यातव्यमण्वपि ॥ २० ॥ न मे भोक्तव्यमीषद्वा न मे स्मर्तव्यमण्वपि । न मे भोगो न मे रागो न मे यागो न मे लयः ॥ २१ ॥ न मे मौर्ख्यं न मे शान्तं न मे बन्धो न मे प्रियम् । न मे मोदः प्रमोदो वा न मे स्थूलं न मे कृशम् ॥ २२ ॥ न मे दीर्घं न मे ह्रस्वं न मे वृद्धिर्न मे क्षयः । अध्यारोपोऽपवादो वा न मे चैकं न मे बहु ॥ २३ ॥ न मे आन्ध्यं न मे मान्द्यं न मे पट्विदमण्वपि । न मे मांसं न मे रक्तं न मे मेदो न मे ह्यसृक् ॥२४॥ न मे मज्जा न मेऽस्थिर्वा न मे त्वग्धातुसप्तकम् । न मे शुक्लं न मे रक्तं न मे नीलं न मे पृथक् ॥ २५ ॥ न मे तापो न मे लाभो मुख्यं गौणं न मे क्वचित् । न मे भ्रान्तिर्न मे स्थैर्यं न मे गुह्यं न मे कुलम् ॥ २६ ॥ न मे त्याज्यं न मे ग्राह्यं न मे हास्यं न मे नयः ।

મારે એકાંત નથી, મારો ગુરુ નથી, મારે શિષ્ય નથી, મારાથી કોઈ હલકો નથી, મારાથી કોઈ અધિક નથી, મારે બ્રહ્મ નથી, મારે વિષ્ણુ નથી, મારે રુદ્ર નથી, ચંદ્ર મારા માટે નથી, પૃથ્વી

મારી નથી, 'પાણી મારું નથી, વાયુ મારો નથી, આકાશ મારું નથી, અગ્નિ મારો નથી, મારું ગોત્ર નથી, મારું લક્ષ્ય નથી, મને સંસાર નથી, મારું ધ્યાન કરનાર નથી, મારે ધ્યાન કરવાનું નથી, મારે મંત્ર નથી, મને ઠંડી નથી, મને ગરમી નથી, મને તૃષ્ણા નથી, મને ભૂખ નથી, મારે મિત્ર નથી, મારે શત્રુ નથી, મને મોહ નથી, મારો જય નથી, મારે પૂર્વ નથી, મારે પશ્ચિમ નથી, મારે ઉપર નથી, મારે દિશાઓ નથી. ૧૫–૧૯

મારે લગારે બોલવાનું નથી, મારે લગારે સાંભળવાનું નથી, મારે લગારે જવાનું નથી, મારે લગારે ધ્યાન કરવાનું નથી, મારે લગારે ભોગવવાનું નથી, મારે લગારે યાદ કરવાનું નથી, મારે ભોગ નથી, મને રોગ નથી, મારે યજ્ઞ કરવાના નથી, મારો લય નથી, મારામાં મૂર્ખાઈ નથી, મને શાંતિ નથી, મને બંધન નથી, મને પ્રિય નથી, મને હર્ષ નથી, મને પ્રમોદ નથી, મને જાડું નથી, મને પાતળું નથી, મારે લાંબું નથી, મારે ટૂંકું નથી, મારી વૃદ્ધિ નથી, મારો ક્ષય નથી, મારો અધ્યારોપ કે અપવાદ નથી અને મારે એક અથવા બહુ નથી. ૨૦–૨૩ મને અંધાપો નથી, મારી મંદતા નથી, મારે આ લગારે સારું નથી, મારું માંસ નથી, મારું લોહી નથી, મારે મેદ નથી, મારે રુધિર નથી, મારે ચરબી નથી, મારાં હાડકાં નથી, મને ચામડી નથી, એમ સાતે ધાતુઓ મારે નથી, મારું ધોળું નથી, મારું લાલ નથી, મારું લીલું નથી અને મારે કંઈ જુદું નથી. ૨૪,૨૫ મને તાપ નથી, મને લાભ નથી, મારે મુખ્ય નથી કે મારે ગૌણ નથી, મને ક્યાંયે ભ્રાંતિ નથી, મારી સ્થિરતા નથી, મારે છાનું નથી અને મારું કુળ નથી. ૨૬ મારે ત્યજવાનું નથી, મારે લેવાનું નથી, મારે હસવાનું નથી, મારે નીતિ નથી, મારું વર્તન નથી, મને ગ્લાનિ નથી, મારે

न मे वृत्तं न मे ग्लानिर्न मे शोष्यं न मे सुखम् ॥ २७ ॥ न मे ज्ञाता न मे ज्ञानं न मे ज्ञेयं न मे स्वयम् । न मे तुभ्यं न मे मह्यं न मे त्वं च न मे त्वहम् ॥ २८ ॥ न मे जरा न मे बाल्यं न मे यौवनमण्वपि । अहं ब्रह्मास्म्यहं ब्रह्मास्म्यहं ब्रह्मेति निश्चयः ॥ २९ ॥ चिदहं चिदहं चेति स जीवन्मुक्त उच्यते । ब्रह्मैवाहं चिदेवाहं परो वाहं न संशयः ॥ ३० ॥ स्वयमेव स्वयं हंसः स्वयमेव स्वयं स्थितः । स्वयमेव स्वयं पश्येत्स्वात्मराज्ये सुखं वसेत् । स्वात्मानन्दं स्वयं भोक्ष्येत्स जीवन्मुक्त उच्यते ॥ ३१ ॥ स्वयमेवैकवीरोऽग्रे स्वयमेव प्रभुः स्मृतः । स्वस्वरूपे स्वयं स्वप्स्येत्स जीवन्मुक्त उच्यते ॥ ३२ ॥ ब्रह्मभूतः प्रशान्तात्मा ब्रह्मानन्दमयः सुखी । स्वच्छरूपो महामौनी वैदेही मुक्त एव सः ॥ ३३ ॥ सर्वात्मा समरूपात्मा शुद्धात्मा त्वहमुत्थितः । एकवर्जित एकात्मा सर्वात्मा स्वात्ममात्रकः ॥ ३४ ॥ अजात्मा चामृतात्माहं स्वयमात्माहमव्ययः । लक्ष्यात्मा ललितात्माहं तूष्णीमात्मस्वभाववान् ॥ ३५ ॥ आनन्दात्मा प्रियो ह्यात्मा मोक्षात्मा बन्धवर्जितः । ब्रह्मैवाहं चिदेवाहमेवं वापि न चिन्त्यते ॥ ३६ ॥ चिन्मात्रेणैव यस्तिष्ठेद्वैदेही मुक्त एव सः ॥ ३७ ॥ निश्चयं च परित्यज्य अहं ब्रह्मेति निश्चयम् । आनन्दभरितस्वान्तो वैदेही मुक्त एव सः ॥ ३८ ॥ सर्वमस्तीति नास्तीति निश्चयं त्यज्य तिष्ठति । अहं ब्रह्मास्मि नास्मीति सच्चिदानन्दमात्रकः ॥ ३९ ॥ किंचित्क्वचित्कदा-

સુકાવાનું નથી, મને સુખ નથી; મને જાણનાર નથી, મારું જ્ઞાન નથી, મારે જાણવાનું નથી, મારું પોતે નથી, મને તારા માટે નથી, મારે મારા માટે નથી, મારો તું નથી અને મારો

હું નથી. ૨૭,૨૮ મને ઘડપણ નથી, મને બાળપણ નથી, મને લગારે જુવાની નથી, પણ હું બ્રહ્મ છું, બ્રહ્મ છું, બ્રહ્મ છું, આવો નિશ્ચય છે. ૨૯ હું ચૈતન્ય છું, હું ચૈતન્ય છું, હું બ્રહ્મ જ છું, હું ચૈતન્ય જ છું અને હું સર્વથી પર છું, આમ જેને ચોક્કસ થયું હોય, એ જીવન્મુક્ત કહેવાય છે. ૩૦ એ પુરુષ પોતે જ પોતે છે, પોતે જ હંસરૂપે રહ્યો છે, પોતે જ પોતાને જુએ છે અને પોતાના આત્મારૂપ રાજ્યમાં સુખથી વસે છે. એ પોતાના આત્માના આનંદને પોતે જ ભોગવે છે અને તે જીવન્મુક્ત કહેવાય છે. ૩૧ જે પોતે જ એક વીર તરીકે આગળ રહે છે, પોતે જ પ્રભુ કહેવાય છે અને પોતાના સ્વરૂપમાં જ પોતે સૂએ છે, તે જીવન્મુક્ત કહેવાય છે. ૩૨

જે બ્રહ્મરૂપ થયો હોય, અત્યંત શાંત મનવાળો હોય, બ્રહ્મના આનંદમય હોઈ સુખી, સ્વચ્છ રૂપવાળો અને મોટું મૌનવ્રત ધારણ કરતો હોય, તે વિદેહમુક્ત જ છે. ૩૩ જે સર્વનો આત્મા, સમાનરૂપ આત્માવાળો, શુદ્ધાત્મા, 'હું' એમ ઉત્થાન પામ્યો હોય, એકથી રહિત, એકસ્વરૂપ, સર્વસ્વરૂપ, માત્ર પોતાના આત્મારૂપે રહ્યો હોય, અજન્મારૂપ, અમરસ્વરૂપ, પોતે જ આત્મારૂપ હોઈ 'હું' એમ અવિનાશી અને નિર્વિકાર થયો હોય; જેનું લક્ષ્ય આત્મા હોય, આત્મારૂપ હોય, ચૂપચાપ, આત્માના સ્વભાવવાળો હોય, આનંદરૂપ આત્માવાળો, પ્રિય, આત્મારૂપ, મોક્ષસ્વરૂપ, બંધન વિનાનો, 'હું બ્રહ્મ જ છું, હું ચૈતન્ય જ છું.' એમ પણ જે ન ચિંતવે અને માત્ર ચૈતન્યસ્વરૂપે જ રહે, તે વિદેહમુક્ત જ છે. ૩૪–૩૭ જે બધું છે અથવા નથી, એવો નિશ્ચય ત્યજીને રહે છે, હું બ્રહ્મ છું અથવા નથી, એ નિશ્ચય પણ ત્યજી દઈ માત્ર સચ્ચિદાનંદમય બન્યો હોય; એ કોઈ ઠેકાણે અને કોઈ કાળે લગારે આત્માનો સ્પર્શ કરતો નથી; મૌન જ

चिच्च आत्मानं न स्पृशत्यसौ । तूष्णीमेव स्थितस्तूष्णीं तूष्णीं सत्यं न किंचन ॥ ४० ॥ परमात्मा गुणातीतः सर्वात्मा भूतभावनः । कालभेदं वस्तुभेदं देशभेदं स्वभेदकम् ॥ ४१ ॥ किंचिद्भेदं न तस्यास्ति किंचिद्वापि न विद्यते । अहं त्वं तदिदं सोऽयं कालात्मा कालहीनकः ॥ ४२ ॥ शून्यात्मा सूक्ष्मरूपात्मा विश्वात्मा विश्वहीनकः । देवात्मा देवहीनात्मा मेयात्मा मेयवर्जितः ॥ ४३ ॥ सर्वत्र जडहीनात्मा सर्वेषामन्तरात्मकः । सर्वसंकल्पहीनात्मा चिन्मात्रोऽस्मीति सर्वदा ॥ ४४ ॥ केवलः परमात्माहं केवलो ज्ञानविग्रहः । सत्तामात्रस्वरूपात्मा नान्यत्किंचिज्जगद्भयम् ॥ ४५ ॥ जीवेश्वरेति वाक् क्वेति वेदशास्त्राद्यहं त्विति । इदं चैतन्यमेवेति अहं चैतन्यमित्यपि ॥ ४६ ॥ इति निश्चयशून्यो यो वैदेही मुक्त एव सः । चैतन्यमात्रसंसिद्धः स्वात्मारामः सुखासनः ॥ ४७ ॥ अपरिच्छिन्नरूपात्मा अणुस्थूलादिवर्जितः । तुर्यतुर्यः परानन्दो वैदेही मुक्त एव सः ॥ ४८ ॥ नामरूपविहीनात्मा परसंवित्सुखात्मकः । तुरीयातीतरूपात्मा शुभाशुभविवर्जितः ॥ ४९ ॥ योगात्मा योगयुक्तात्मा बन्धमोक्षविवर्जितः । गुणागुणविहीनात्मा देशकालादिवर्जितः ॥ ५० ॥ साक्ष्यसाक्षित्वहीनात्मा किंचित्किंचिन्न किंचन । यस्य प्रपञ्चभानं न ब्रह्माकारमपीह न ॥ ५१ ॥ स्वस्वरूपे स्वयंज्योतिः स्वस्वरूपे स्वयंरतिः । वाचामगो-

રહ્યો હોય, મૌન જ સત્ય છે, બીજું કંઈ નથી, એમ પરમાત્મા ગુણાતીત, સર્વાત્મા તથા પ્રાણીઓનું રક્ષણ કરનાર બન્યો હોય, તેને કાળનો ભેદ, વસ્તુનો ભેદ કે પોતાનો ભેદ રહેતો નથી. કોઈ જાતના ભેદ નથી, અથવા હું, તું, તે, આ-એવું કંઈ પણ

તેને નથી. એ તો કાળસ્વરૂપ, કાળરહિત, શૂન્યસ્વરૂપ, સૂક્ષ્મરૂપ, આત્માવાળો, વિશ્વનો આત્મા, વિશ્વથી રહિત, દેવોનો આત્મા, દેવોરહિત સ્વરૂપવાળો, માપવા યોગ્ય સ્વરૂપવાળો, માપવા યોગ્ય વિનાનો, બધે જડતારહિત આત્મસ્વરૂપવાળો સર્વનો અંતરાત્મા, સર્વ સંકલ્પોરહિત સ્વરૂપવાળો અને સર્વ કાળે માત્ર હું ચૈતન્ય છું, એમ સમજે છે. ૩૮–૪૪ હું કેવળ પરમાત્મા છું, કેવળ જ્ઞાનરૂપ શરીરવાળો છું, માત્ર સત્તાસ્વરૂપ આત્મા છું, બીજું કંઈ નથી, ભયરૂપ જગત છે જ નહિ, જીવ અને ઈશ્વર–એવી વાણી ક્યાં છે? વેદો અને શાસ્ત્રો હું જ છું, આ ચૈતન્ય જ છું અને હું ચૈતન્ય જ છું, આવો નિશ્ચય પણ જેને ન રહ્યો હોય, તે વિદેહમુક્ત જ છે. જે માત્ર ચૈતન્યરૂપે સિદ્ધ થયો હોય, પોતાના આત્મામાં રમતો હોય, સુખપૂર્વક બેસી રહેતો હોય, અમાપ સ્વરૂપ આત્મા બન્યો હોય, સ્થૂલ–સૂક્ષ્મ આદિથી રહિત હોય, ચોથાનો પણ ચોથો બન્યો હોય અને પરમાનંદરૂપ હોય, તે વિદેહમુક્ત જ છે. ૪૫–૪૮

જેનું સ્વરૂપ નામ તથા રૂપથી રહિત બન્યું હોય, જેનો આત્મા ઉત્કૃષ્ટ જ્ઞાનમય થયો હોય, તુરીયથી પર સ્વરૂપવાળો થયો હોય, જે શુભ તથા અશુભથી રહિત હોય, યોગરૂપ હોય, યોગયુક્ત આત્માવાળો હોય, બંધન તથા મોક્ષથી રહિત હોય, ગુણ તથા અગુણથી પણ રહિત સ્વરૂપવાળો હોય, દેશ તથા કાળ વગેરેથી રહિત હોય, સાક્ષી તથા અસાક્ષીપણાથી રહિત સ્વરૂપવાળો હોય, જેની દૃષ્ટિએ કંઈ–કંઈ અને કંઈ પણ ન હોય, જેને પ્રપંચનું જ્ઞાન ન હોય, બ્રહ્માકાર પણ ન હોય, જે પોતાના સ્વરૂપમાં સ્વયંજ્યોતિરૂપ થઈ આત્મસ્વરૂપમાં જ રમણ કરતો હોય, વાણીનો અવિષય આનંદરૂપ બન્યો હોય, પોતે વાણી તથા મનનો અવિષય થયો હોય અને જે પરથી પણ

चरानन्दो वाङ्मनोगोचरः स्वयम् ॥ ५२ ॥ अतीतातीतभावो यो वैदेही मुक्त एव सः । चित्तवृत्तेरतीतो यश्चित्तवृत्त्यवभासकः ॥ ५३ ॥ सर्ववृत्तिविहीनात्मा वैदेही मुक्त एव सः । तस्मिन्काले विदेहीति देहस्मरणवर्जितः ॥ ५४ ॥ ईषन्मात्रं स्मृतं चेद्यस्तदा सर्वसमन्वितः । परैरदृष्टबाह्यात्मा परमानन्दचिद्घनः ॥ ५५ ॥ परैरदृष्टबाह्यात्मा सर्ववेदान्तगोचरः । ब्रह्मामृतरसास्वादो ब्रह्मामृतरसायनः ॥ ५६ ॥ ब्रह्मामृतरसासक्तो ब्रह्मामृतरसः स्वयम् । ब्रह्मामृतरसे मग्नो ब्रह्मानन्दशिवार्चनः ॥ ५७ ॥ ब्रह्मामृतरसे तृप्तो ब्रह्मानन्दानुभावकः । ब्रह्मानन्दशिवानन्दो ब्रह्मानन्दरसप्रभः ॥ ५८ ॥ ब्रह्मानन्दपरं ज्योतिर्ब्रह्मानन्दनिरन्तरः । ब्रह्मानन्दरसान्नादो ब्रह्मानन्दकुटुम्बकः ॥ ५९ ॥ ब्रह्मानन्दरसारूढो ब्रह्मानन्दैकचिद्घनः । ब्रह्मानन्दरसोद्बाहो ब्रह्मानन्दरसंभरः ॥ ६० ॥ ब्रह्मानन्दजनैर्युक्तो ब्रह्मानन्दात्मनि स्थितः । आत्मरूपमिदं सर्वमात्मनोऽन्यन्न किंचन ॥ ६१ ॥ सर्वमात्माहमात्मास्मि परमात्मा परात्मकः । नित्यानन्दस्वरूपात्मा वैदेही मुक्त एव सः ॥ ६२ ॥ पूर्णरूपो महानात्मा प्रीतात्मा शाश्वतात्मकः । सर्वान्तर्यामिरूपात्मा निर्मलात्मा निरात्मकः ॥ ६३ ॥ निर्विकारस्वरूपात्मा शुद्धात्मा शान्तरूपकः । शान्ताशान्तस्वरूपात्मा नैकात्मत्वविवर्जितः ॥ ६४ ॥ जीवात्मपरमात्मेति चिन्तासर्वस्ववर्जितः । मुक्तामुक्तस्वरू-

પર પદાર્થરૂપ થયો હોય, તે વિદેહમુક્ત જ છે. ૪૯—પર જે ચિત્તની વૃત્તિથી પર થયો હોય, ચિત્તની વૃત્તિનો પ્રકાશ હોય અને સર્વ વૃત્તિઓથી રહિત સ્વરૂપવાળો હોય, તે વિદેહમુક્ત જ છે. એ સમયે ‘ હું વિદેહમુક્ત છું. ’ એવા જ્ઞાનથી તેને દેહનું

સ્મરણ રહેતું નથી. ૫૩, ૫૪ તેને માત્ર થોડું પણ સ્મરણ રહ્યું હોય, તો સર્વની સાથે તે હોય છે; છતાં બીજાઓ તેના બાહ્ય સ્વરૂપને જોઈ શકતા નથી; તે પોતે તો પરમ આનંદ અને ચૈતન્યમય હોય છે; ૫૫ તેનો બાહ્ય આત્મા બીજાઓથી દેખાતો નથી; સર્વ વેદાંતોનો તે વિષય બને છે, બ્રહ્મરૂપ અમૃતના રસનો તેને સ્વાદ લાગ્યો હોય છે અને બ્રહ્મરૂપ અમૃતના રસનો તે આશ્રય બને છે. ૫૬ બ્રહ્મરૂપ અમૃતના રસમાં આસક્ત થઈ પોતે જ એ બ્રહ્મરૂપ અમૃતનો રસ બની જાય છે; બ્રહ્મરૂપ અમૃતના રસમાં મગ્ન બને છે ,અને બ્રહ્માનંદ એ જ તેનું શિવ-પૂજન હોય છે. ૫૭ બ્રહ્મરૂપ અમૃતના રસમાં તૃપ્ત, બ્રહ્માનંદનો અનુભવ કરનાર, બ્રહ્માનંદરૂપ માંગલિક આનંદવાળો, બ્રહ્માનંદ-ના રસની કાંતિવાળો, બ્રહ્માનંદરૂપ પરમજ્યોતિ અનુભવતો, બ્રહ્માનંદ વડે વ્યાપ્ત, બ્રહ્માનંદના રસરૂપ અન્નને ખાનારો, બ્રહ્મા-નંદરૂપ કુટુંબવાળો, બ્રહ્માનંદના રસ પર આરૂઢ થયેલો, બ્રહ્મા-નંદના રસરૂપ એક ચૈતન્ય વડે વ્યાપ્ત, બ્રહ્માનંદના રસને વહેતો, બ્રહ્માનંદના રસથી ભરપૂર, બ્રહ્માનંદરૂપ લોકો સાથે જોડાયેલો અને બ્રહ્માનંદરૂપ આત્મામાં તે રહ્યો હોય છે. તેની દૃષ્ટિએ આ બધું આત્મારૂપ હોય છે; આત્માથી જુદું કંઈ હોતું નથી. ૫૮–૬૧ વળી સર્વ આત્મા છે, હું આત્મા છું, પરમાત્મા છું, બીજાઓ-નો પણ આત્મા છું અને નિત્ય આનંદસ્વરૂપમય છું, એમ જે અનુભવે છે, તે વિદેહમુક્ત જ છે. ૬૨ એ પૂર્ણસ્વરૂપ, મહાન આત્મા, પ્રસન્નાત્મા, સનાતનસ્વરૂપ, સર્વનો અંતર્યામી આત્મા, નિર્મળસ્વરૂપ, આત્મભાવનાથી રહિત, નિર્વિકારસ્વરૂપ, શુદ્ધાત્મા, શાંત રૂપવાળો, શાંત–અશાંતસ્વરૂપાત્મા, અનેક આત્માઓની ભાવના વિનાનો, જીવાત્મા અને પરમાત્મા–એવા વિચારથી સંપૂર્ણ રહિત, મુક્ત અને અમુક્ત સ્વરૂપનો આત્મા, મુક્ત અને અમુક્તથી

पात्मा मुक्तामुक्तविवर्जितः ॥ ६५ ॥ बन्धमोक्षस्वरूपात्मा बन्धमोक्ष-विवर्जितः । द्वैताद्वैतस्वरूपात्मा द्वैताद्वैतविवर्जितः ॥ ६६ ॥ सर्वा-सर्वस्वरूपात्मा सर्वासर्वविवर्जितः । मोदप्रमोदरूपात्मा मोदादिवि-निवर्जितः ॥ ६७ ॥ सर्वसंकल्पहीनात्मा वैदेही मुक्त एव सः । निष्कलात्मा निर्मलात्मा बुद्धात्मा पुरुषात्मकः ॥ ६८ ॥ आनन्दादि-विहीनात्मा अमृतात्मामृतात्मक । कालत्रयस्वरूपात्मा कालत्रयविव-र्जितः ॥ ६९ ॥ अखिलात्मा ह्यमेयात्मा मानात्मा मानवर्जितः । नित्यप्रत्यक्षरूपात्मा नित्यप्रत्यक्षनिर्णयः ॥ ७० ॥ अन्यहीनस्वभा-वात्मा अन्यहीनस्वयंप्रभः । विद्याविद्यादिमेयात्मा विद्याविद्यादिव-र्जितः ॥ ७१ ॥ नित्यानित्यविहीनात्मा इहामुत्रविवर्जितः । शमादि-षट्कशून्यात्मा मुमुक्षुत्वादिवर्जितः ॥ ७२ ॥ स्थूलदेहविहीनात्मा सूक्ष्मदेहविवर्जितः । कारणादिविहीनात्मा तुरीयादिविवर्जितः ॥ ७३ ॥ अन्नकोशविहीनात्मा प्राणकोशविवर्जितः । मनःकोशविहीनात्मा विज्ञानादिविवर्जितः ॥ ७४ ॥ आनन्दकोशहीनात्मा पञ्चकोशविव-र्जितः । निर्विकल्पस्वरूपात्मा सविकल्पविवर्जितः ॥ ७५ ॥ दृश्यानु-विद्धहीनात्मा शब्दविद्धविवर्जितः । सदा समाधिशून्यात्मा आदि-मध्यान्तवर्जितः ॥ ७६ ॥ प्रज्ञानवाक्यहीनात्मा अहंब्रह्मास्मिवर्जितः । तत्त्वमस्यादिहीनात्मा अयमात्मेत्यभावकः ॥ ७७ ॥ ओंकारवाच्य-हीनात्मा सर्ववाच्यविवर्जितः । अवस्थात्रयहीनात्मा अक्षरात्मा चिदा-

રહિત, બંધ અને મોક્ષના સ્વરૂપનો આત્મા, બંધ અને મોક્ષથી રહિત, દ્વૈત અને અદ્વૈત સ્વરૂપનો આત્મા, દ્વૈત અને અદ્વૈતથી રહિત, સર્વ અને અસર્વનો આત્મા, સર્વ અને

અસર્વથી રહિત, મોદ અને પ્રમોદરૂપ આત્માવાળો અને મોદ વગેરેથી રહિત પણ હોય છે. આમ જેનો આત્મા સર્વ સંકલ્પોથી રહિત થયો હોય, તે વિદેહમુક્ત જ છે. તે કલારહિત સ્વરૂપવાળો, નિર્મળસ્વરૂપ, જ્ઞાનીસ્વરૂપ અને પુરુષાત્મા હોય છે. ૬૩–૬૮ વળી તે આનંદ વગેરેથી રહિત આત્માવાળો, અમૃતસ્વરૂપ, અમૃતનો પણ આત્મા, ત્રણે કાળસ્વરૂપ આત્માવાળો અને ત્રણે કાળથી રહિત હોય છે. ૬૯ એ સર્વનો આત્મા, અમાપ સ્વરૂપવાળો, પ્રમાણનો પણ આત્મા, પ્રમાણરહિત, નિત્ય પ્રત્યક્ષરૂપ આત્માવાળો અને નિત્ય પ્રત્યક્ષનો પણ નિર્ણય બને છે. ૭૦ એનો આત્મા બીજાઓથી રહિત સ્વભાવવાળો, બીજાઓથી રહિત, સ્વયંપ્રકાશ, વિદ્યા–અવિદ્યા આદિ મપાતી વસ્તુનો આત્મા અને વિદ્યા–અવિદ્યા આદિથી રહિત હોય છે. ૭૧ વળી તે નિત્ય–અનિત્યથી રહિત સ્વરૂપવાળો, આ લોક ને પરલોકથી રહિત, શમ આદિ છ થી શૂન્ય સ્વરૂપવાળો અને મુમુક્ષુપણું વગેરેથી પણ રહિત હોય છે. ૭૨ એનો આત્મા સ્થૂલ દેહથી રહિત, સૂક્ષ્મ દેહથી પણ રહિત, કારણ વગેરેથી જુદો અને તુરીય આદિથી પણ છૂટો થયો હોય છે. ૭૩ અન્નકોશથી રહિત સ્વરૂપવાળો, પ્રાણકોશ વિનાનો, મનોમય કોશ વિનાનો, વિજ્ઞાન આદિથી રહિત, આનંદમય કોશ વિનાનો–એમ પાંચે કોશરહિત અને નિર્વિકલ્પ સ્વરૂપ તેનો આત્મા સવિકલ્પથી છૂટ્યો હોય છે. ૭૪,૭૫ વળી તેનો આત્મા દૃશ્યોથી જોડાયલો નથી હોતો, શબ્દયુક્ત પણ નથી હોતો, સદા સમાધિશૂન્ય હોય છે અને આદિ, મધ્ય તથા અંત વિનાનો હોય છે. ૭૬ વળી તેનું સ્વરૂપ 'प्रज्ञानं ब्रह्म'–એ વાક્ય વિનાનું, 'अहं ब्रह्मास्मि'–એથી પણ રહિત, 'तत्त्वमसि'–આદિથી રહિત અને 'अयमात्मा ब्रह्म'–એ વાક્યથી પણ રહિત હોય છે. ૭૭ એનો આત્મા ૐકારના અર્થથી રહિત, સર્વ અર્થોથી રહિત, ત્રણે

त्मकः ॥७८॥ आत्मज्ञेयादिहीनात्मा यत्किंचिदिदमात्मकः। भाना-भानविहीनात्मा वैदेही मुक्त एव सः ॥७९॥ आत्मानमेव वीक्षस्व आत्मानं बोधय स्वकम्। स्वमात्मानं स्वयं भुङ्क्ष्व स्वस्थो भव षडानन ॥८०॥ स्वमात्मनि स्वयं तृप्तः स्वमात्मानं स्वयं चर। आत्मानमेव मोदस्व वैदेही मुक्तिको भवेत्युपनिषत् ॥

इति चतुर्थोऽध्यायः ॥४॥

## पञ्चमोऽध्यायः

निदाघो नाम वै मुनिः पप्रच्छ ऋभुं भगवन्तमात्मानात्मविवेकमनुब्रूहीति। स होवाच ऋभुः। सर्ववाचोऽवधिर्ब्रह्म सर्वचिन्तावधिर्गुरुः। सर्वकारणकार्यात्मा कार्यकारणवर्जितः ॥१॥ सर्वसंकल्परहितः सर्वनादमयः शिवः। सर्ववर्जितचिन्मात्रः सर्वानन्दमयः परः ॥२॥ सर्वतेजःप्रकाशात्मा नादानन्दमयात्मकः। सर्वानुभवनिर्मुक्तः सर्वध्यानविवर्जितः ॥३॥ सर्वनादकलातीत एष आत्माहमव्ययः। आत्मानात्मविवेकादिभेदाभेदविवर्जितः ॥४॥ शान्ताशान्तादिहीनात्मा नादान्तर्ज्योतिरूपकः। महावाक्यार्थतो दूरो ब्रह्मास्मीत्यतिदूरतः ॥५॥ तच्छब्दवर्ज्यस्त्वंशब्दहीनो वाक्यार्थवर्जितः। क्षराक्षरविहीनो यो नादान्तर्ज्योतिरेव सः ॥६॥ अखण्डैकरसो वाहमानन्दोऽस्मीति वर्जितः। सर्वातीतस्वभावात्मा नादान्तर्ज्योतिरेव सः

અવસ્થાઓથી જુદો, અક્ષરસ્વરૂપ અને ચૈતન્યમય હોય છે. ૭૮ વળી એ આત્મારૂપે જાણવાયોગ્ય આદિથી રહિત, 'જે કંઈ આ છે, તે આત્મા છે' આવા જ્ઞાનવાળો અને ભાન તથા અભાનથી રહિત સ્વરૂપવાળો થયો હોય છે; તેથી વિદેહમુક્ત જ છે. ૭૯

હે કાર્તિકસ્વામી ! તું આત્માનાં જ દર્શન કર, પોતાના આત્માને જ બોધ પમાડ, પોતાના આત્માને જ પોતે ભોગવ અને સ્વસ્થ થા. ૮૦ એમ પોતાના આત્મામાં જ તું તૃપ્ત થા, પોતાના આત્મામાં જ વિચર, આત્મામાં જ આનંદ પામ અને વિદેહમુક્ત થા. આવું આ રહસ્ય છે.' ૮૧

ચોથો અધ્યાય સમાપ્ત

## પાંચમો અધ્યાય

નિદાઘ નામના મુનિએ ભગવાન ઋભુને પૂછ્યું કે, આત્માનો તથા અનાત્માનો વિવેક તમે કહો.' ત્યારે તે ઋભુએ કહ્યું: 'બ્રહ્મ સર્વ વાણીના અવધિ છે, સર્વ ચિંતાના અવધિ છે, ગુરુ છે, સર્વ કારણ અને કાર્યરૂપ છે; તેમ જ કાર્ય-કારણથી રહિત પણ છે. ૧ સર્વ સંકલ્પોથી રહિત, સર્વ નાદમય, શિવ, સર્વથી રહિત, માત્ર ચૈતન્યરૂપ અને સર્વ આનંદમય પરમાત્મા છે. ૨ સર્વ તેજ અને પ્રકાશરૂપ, નાદ અને આનંદમયસ્વરૂપ, સર્વ અનુભવથી રહિત, સર્વ ધ્યાનથી રહિત અને સર્વ નાદ તથા કળાઓથી પર આ હું અવિનાશી આત્મા છું. વળી હું આત્મા તથા અનાત્માના વિવેક આદિથી રહિત અને ભેદ-અભેદ વિનાનો છું. ૩,૪ વળી શાંત-અશાંત આદિથી રહિત સ્વરૂપવાળો, નાદની અંદરના જ્યોતિરૂપ, મહાવાક્યના અર્થથી દૂર, 'ब्रह्मास्मि' એ વાક્યાર્થથી પણ અતિ દૂર, तत् શબ્દથી રહિત, त्वं શબ્દ વિનાનો, વાક્યાર્થથી રહિત અને ક્ષર તથા અક્ષરથી પણ જે જુદો છે, તે જ નાદની અંદરનો જ્યોતિ-આત્મા છે. ૫,૬ અખંડ એકરસવાળો અથવા 'હું આનંદ છું' એવા ભાવથી પણ રહિત અને સર્વથી પર સ્વભાવવાળો જે આત્મા છે, તે જ નાદની

॥ ७ ॥ आत्मेति शब्दहीनो य आत्मशब्दार्थवर्जितः । सच्चिदानन्द-
हीनो य एषैवात्मा सनातनः ॥ ८ ॥ स निर्देष्टुमशक्यो यो वेदवा-
क्यैरगम्यतः । यस्य किंचिद्बहिर्नास्ति किंचिदन्तः कियन्न च ॥९॥
यस्य लिङ्गं प्रपञ्चं वा ब्रह्मैवात्मा न संशयः । नास्ति यस्य शरीरं
वा जीवो वा भूतभौतिकः ॥ १० ॥ नामरूपादिकं नास्ति भोज्यं
वा भोगभुक् च वा । सद्वाऽसद्वा स्थितिर्वापि यस्य नास्ति क्षराक्षरम्
॥ ११ ॥ गुणं वा विगुणं वापि सम आत्मा न संशयः । यस्य वाच्यं
वाचकं वा श्रवणं मननं च वा ॥ १२ ॥ गुरुशिष्यादिभेदं वा
देवलोकाः सुरासुराः । यत्र धर्ममधर्मं वा शुद्धं वाशुद्धमण्वपि ॥१३॥
यत्र कालमकालं वा निश्चयः संशयो न हि । यत्र मन्त्रममन्त्रं वा
विद्याऽविद्या न विद्यते ॥ १४ ॥ द्रष्टृदर्शनदृश्यं वा ईषन्मात्रं कला-
त्मकम् । अनात्मेति प्रसङ्गो वा ह्यनात्मेति मनोऽपि वा ॥ १५ ॥
अनात्मेति जगद्वापि नास्ति नास्तीति निश्चिनु । सर्वसंकल्पशून्यत्वा-
त्सर्वकार्यविवर्जनात् ॥ १६ ॥ केवलं ब्रह्ममात्रत्वान्नास्त्यनात्मेति
निश्चिनु । देहत्रयविहीनत्वात्कालत्रयविवर्जनात् ॥ १७ ॥ जीवत्र-
यगुणाभावात्तापत्रयविवर्जनात् । लोकत्रयविहीनत्वात्सर्वमात्मेति शास-
नात् ॥ १८ ॥ चित्ताभावाच्चिन्तनीयं देहाभावाज्जरा न च । पादा-
भावाद्गतिर्नास्ति हस्ताभावात्क्रिया न च ॥ १९ ॥ मृत्युर्न जनना-
भावाद्बुद्ध्यभावात्सुखादिकम् । धर्मो नास्ति शुचिर्नास्ति सत्यं नास्ति

અંદર રહેલું જ્યોતિ છે, જે 'આત્મા' એ શબ્દથી રહિત છે, 'આત્મા' એ શબ્દના અર્થથી રહિત છે અને જે સચ્ચિદાનંદથી પણ રહિત છે, એ જ સનાતન આત્મા છે. ૮ જે વેદનાં વાક્યોથી અગમ્ય છે, જેની બહાર કંઈ નથી અને જેની અંદર

પણ કંઈ નથી, તેને બતાવવો અશક્ય છે. ૯ જેને લિંગ શરીર નથી અથવા પ્રપંચ–સંસાર જ નથી, એ જ બ્રહ્મ આત્મા છે, એમાં સંશય નથી. જેને શરીર નથી, જીવ નથી અથવા ભૂત–ભૌતિક નથી; ૧૦ જેનું નામ–રૂપ વગેરે નથી, જેને ભોગવવાનું નથી, જે ભોગોનો ભોક્તા નથી, જેની સત્ કે અસત્ સ્થિતિ નથી; જેને ક્ષર કે અક્ષર નથી, ગુણ અથવા નિર્ગુણ નથી, એ જ સમાન સ્વરૂપવાળો આત્મા છે, એમાં સંશય નથી. જેનું વાચ્ય કે વાચક નથી, શ્રવણ કે મનન નથી, જેનામાં ગુરુ–શિષ્ય આદિ ભેદ નથી, ધર્મ કે અધર્મ નથી, લેશ પણ શુદ્ધ કે અશુદ્ધ નથી, કાળ કે અકાળ નથી, નિશ્ચય કે સંશય નથી, મંત્ર કે અમંત્ર નથી અને વિદ્યા કે અવિદ્યા નથી. ૧૧–૧૪ દ્રષ્ટા, દર્શન કે દશ્ય અથવા માત્ર થોડું કળારૂપ છે, તે અનાત્મા છે; અથવા તેઓનો પ્રસંગ જ અનાત્મા છે, મન પણ અનાત્મા છે અથવા જગત પણ અનાત્મા છે અને તે નથી, નથી, એવો તું નિશ્ચય કર. સર્વ સંકલ્પોથી રહિતપણાને લીધે સર્વ કાર્યોથી રહિત હોવાને લીધે અને કેવળ માત્ર બ્રહ્મસ્વરૂપ જ હોવાથી અનાત્મા એવી કોઈ વસ્તુ જ નથી, એમ તું નિશ્ચય કર. ત્રણે દેહથી રહિતપણાને લીધે, ત્રણે કાળથી રહિત હોવાથી, જીવના ત્રણ ગુણો નહિ હોવાથી, ત્રણે તાપો ત્યાગ કરવાથી, ત્રણે લોકોથી રહિતપણાથી અને 'સર્વ આત્મા છે' આવો ઉપદેશ હોવાથી અનાત્મા જેવી કોઈ વસ્તુ જ નથી; એમ તું નિશ્ચય કર. ૧૫–૧૮ ચિત્ત નથી, માટે ચિંતવવાનું નથી, દેહ નથી, માટે ઘડપણ નથી; પગ નથી, માટે ગતિ નથી; હાથ નથી, માટે ક્રિયા નથી; જન્મ નથી, માટે મૃત્યુ નથી; બુદ્ધિ નથી, માટે સુખ વગેરે નથી; ધર્મ નથી, પાવિત્ર્ય નથી, સત્ય નથી અને ભય નથી. ૧૯,૨૦ અક્ષરોનું ઉચ્ચા-

भयं न च ॥ २० ॥ अक्षरोच्चारणं नास्ति गुरुशिष्यादि नास्त्यपि । एकाभावे द्वितीयं न द्वितीयेऽपि न चैकता ॥ २१ ॥ सत्यत्वमस्ति चेत्किंचिदसत्यं न च संभवेत् । असत्यत्वं यदि भवेत्सत्यत्वं न घटिष्यति ॥ २२ ॥ शुभं यद्यशुभं विद्धि अशुभाच्छुभमिष्यते । भयं यद्यभयं विद्धि अभयाद्भयमापतेत् ॥ २३ ॥ बन्धत्वमपि चेन्मोक्षो बन्धाभावे क्व मोक्षता । मरणं यदि चेज्जन्म जन्माभावे मृतिर्न च ॥ २४ ॥ त्वमित्यपि भवेच्चाहं त्वं नो चेदहमेव न । इदं यदि तदेवास्ति तदभावादिदं न च ॥ २५ ॥ अस्तीति चेन्नास्ति तदा नास्ति चेदस्ति किंचन । कार्यं चेत्कारणं किंचित्कार्याभावे न कारणम् ॥ २६ ॥ द्वैतं यदि तदाऽद्वैतं द्वैताभावेऽद्वयं न च । दृश्यं यदि दृगप्यस्ति दृश्याभावे दृगेव न ॥ २७ ॥ अन्तर्यदि बहिः सत्य-मन्ताभावे बहिर्न च । पूर्णत्वमस्ति चेत्किंचिदपूर्णत्वं प्रसज्यते ॥२८॥ तस्मादेतत्क्वचिन्नास्ति त्वं चाहं वा इमे इदम् । नास्ति दृष्टान्तिकं सत्ये नास्ति दार्ष्टान्तिकं ह्यजे ॥ २९ ॥ परंब्रह्माहमस्मीति स्मरणस्य मनो न हि । ब्रह्ममात्रं जगदिदं ब्रह्ममात्रं त्वमप्यहम् ॥ ३० ॥ चिन्मात्रं केवलं चाहं नास्त्यनात्मेति निश्चिनु । इदं प्रपञ्चं नास्त्येव नोत्पन्नं नो स्थितं क्वचित् ॥ ३१ ॥ चित्तं प्रपञ्चमित्याहुर्नास्ति नास्त्येव सर्वदा । न प्रपञ्चं न चित्तादि नाहंकारो न जीवकः ॥ ३२ ॥ मायाकार्यादिकं नास्ति माया नास्ति भयं नहि । कर्ता नास्ति क्रिया

રણ નથી, ગુરુ–શિષ્ય આદિ પણ નથી; એક નથી માટે બીજું નથી. અને બીજું હોય તોપણ એકપણું નથી. ૨૧ સત્યપણું જો હોય તો અસત્ય કંઈ પણ સંભવે નહિ અને અસત્યપણું જો હોય તો સત્યપણું ઘટશે નહિ. ૨૨ જો શુભ હોય તો તારે અશુભ

જાણવું; કેમ કે અશુભથી શુભ ઇચ્છાય છે. જો ભય હોય તો અભય તારે જાણવું; કેમ કે અભયમાંથી ભય આવે છે. ૨૩ જો બંધન હોય તો મોક્ષ હોય; પણ બંધન જ નથી, તો મોક્ષ કયાં છે ? જો જન્મ હોય તો મરણ હોય; પણ જો જન્મ નથી, તો મરણ પણ નથી જ. ૨૪ જો 'તું' હોય તો 'હું' હોય; પરંતુ 'તું' નથી, માટે 'હું' પણ નથી; જો 'આ' હોય તો 'તે' છે; પણ 'તે' નથી, માટે 'આ' પણ નથી. ૨૫ જો 'છે' એમ હોય, તો 'નથી' એમ હોય; પણ 'છે' એવું કંઈ નથી, તો 'નથી' એ પણ નથી જ; જો કાર્ય હોય તો કારણ હોય; પણ કાર્ય છે જ નહિ, તો કારણ પણ નથી. ૨૬ જો દ્વૈત હોય તો અદ્વૈત હોય; પણ દ્વૈત નથી, માટે અદ્વૈત પણ નથી. જો દૃશ્ય હોય તો દ્રષ્ટા હોય; પણ દૃશ્ય છે જ નહિ, તો દ્રષ્ટા પણ નથી જ. ૨૭ જો અંદર હોય તો બહાર હોય; પણ અંદર છે જ નહિ, માટે બહાર પણ નથી; જો પૂર્ણતા હોય તો લગાર પણ અપૂર્ણતાનો પ્રસંગ આવે; પરંતુ આ પૂર્ણતા કયાંય છે જ નહિ, તેથી અપૂર્ણતા પણ નથી. એમ તું કે હું, અથવા આ કે તેઓ પણ નથી. સત્ય વસ્તુમાં દૃષ્ટાંતિક નથી અને અજન્મામાં દાર્ષ્ટાંતિક પણ નથી. ૨૮,૨૯ 'હું પર-બ્રહ્મ છું' એવા સ્મરણને મન જ નથી; આ જગત માત્ર બ્રહ્મ છે અને 'તું' તથા 'હું' પણ માત્ર બ્રહ્મ છીએ. ૩૦ માત્ર ચૈતન્ય કેવળ 'હું' છે; અનાત્મા એવું કંઈ છે જ નહિ, એમ તું નિશ્ચય કર. આ પ્રપંચ છે જ નહિ, કદી ઉત્પન્ન થયો નથી અને કયાંય રહ્યો નથી. ૩૧ ચિત્તને જ પ્રપંચ કહે છે અને તે સર્વદા નથી અને નથી જ. પ્રપંચ નથી, ચિત્ત વગેરે નથી, અહંકાર નથી અને જીવ પણ નથી. ૩૨ માયાનું કાર્ય વગેરે

नास्ति श्रवणं मननं नहि ॥ ३३ ॥ समाधिद्वितयं नास्ति मातृमानादि नास्ति हि । अज्ञानं चापि नास्त्येव ह्यविवेकं कदाचन ॥ ३४ ॥ अनुबन्धचतुष्कं न संबन्धत्रयमेव न । न गङ्गा न गया सेतुर्न भूतं नान्यदस्ति हि ॥ ३५ ॥ न भूमिर्न जलं नाग्निर्न वायुर्न च खं क्वचित् । न देवा न च दिक्पाला न वेदा न गुरुः क्वचित् ॥ ३६ ॥ न दूरं नान्तिकं नालं न मध्यं न क्वचित्स्थितम् । नाद्वैतं द्वैतसत्यं वा ह्यसत्यं वा इदं न च ॥ ३७ ॥ बन्धमोक्षादिकं नास्ति सद्वाऽसद्वा सुखादि वा । जातिर्नास्ति गतिर्नास्ति वर्णो नास्ति न लौकिकम् ॥ ३८ ॥ सर्वं ब्रह्मेति नास्त्येव ब्रह्म इत्यपि नास्ति हि । चिदित्येवेति नास्त्येव चिदहंभाषणं नहि ॥ ३९ ॥ अहं ब्रह्मास्मि नास्त्येव नित्यशुद्धोऽस्मि न क्वचित् । वाचा यदुच्यते किंचिन्मनसा मनुते क्वचित् ॥ ४० ॥ बुद्ध्या निश्चिनुते नास्ति चित्तेन ज्ञायते नहि । योगी योगादिकं नास्ति सदा सर्वं सदा न च ॥ ४१ ॥ अहोरात्रादिकं नास्ति स्नानध्यानादिकं नहि । भ्रान्तिरभ्रान्तिर्नास्त्येव नास्त्यनात्मेति निश्चिनु ॥ ४२ ॥ वेदः शास्त्रं पुराणं च कार्यं कारणमीश्वरः । लोको भूतं जनस्त्वैक्यं सर्वं मिथ्या न संशयः ॥ ४३ ॥ बन्धो मोक्षः सुखं दुःखं ध्यानं चित्तं सुरासुराः । गौणं मुख्यं परं चान्यत्सर्वं मिथ्या न संशयः ॥ ४४ ॥ वाचा वदति यत्किंचित्संकल्पैः कल्प्यते च यत् । मनसा चिन्त्यते यद्यत्सर्वं मिथ्या न संशयः ॥ ४५ ॥ बुद्ध्या निश्चीयते किंचिच्चित्ते निश्चीयते क्वचित् । शास्त्रैः प्रपञ्च्यते

નથી, માયા નથી, ભય નથી, કર્તા નથી, ક્રિયા નથી, શ્રવણ નથી અને મનન પણ નથી. ૩૩ બન્ને સમાધિ નથી; પ્રમાણ કરનારો અને પ્રમાણ વગેરે નથી; અજ્ઞાન નથી અને અવિવેક

પણ કદી નથી. ૩૪ ચાર અનુબંધો નથી, ત્રણે સંબંધો નથી, ગંગા નથી, ગયા નથી, સેતુ નથી, ભૂત નથી અને બીજું પણ કંઈ છે જ નહિ. ૩૫ પૃથ્વી નથી, જળ નથી, અગ્નિ નથી, વાયુ નથી, આકાશ નથી, ક્યાંય દેવો નથી, દિક્પાલો નથી, વેદો નથી અને ક્યાંય ગુરુ નથી. ૩૬ દૂર નથી, પાસે નથી, અંત નથી, મધ્ય નથી, કોઈ ક્યાંય રહેલું નથી, અદ્વૈત નથી, સત્ય નથી અને આ અસત્ય પણ નથી. ૩૭ બંધ–મોક્ષ વગેરે નથી; સત્, અસત્ કે સુખ વગેરે નથી; જાતિ નથી, ગતિ નથી, વર્ણ નથી કે લૌકિક નથી. ૩૮ 'બધું બ્રહ્મ છે' એવું પણ નથી જ; 'બ્રહ્મ' એ પણ નથી જ; 'ચૈતન્ય જ છે' એવું પણ નથી જ અને 'હું ચૈતન્ય છું' એવું ભાષણ પણ નથી જ. ૩૯ 'હું બ્રહ્મ છું' એવું પણ નથી, 'હું નિત્ય શુદ્ધ છું' એવું પણ નથી; વાણીથી જે બોલાય છે, મનથી જે કંઈ વિચારાય છે, બુદ્ધિથી જે કંઈ નિશ્ચય કરાય છે અને ચિત્ત વડે જે કંઈ જણાય છે, તે બધું નથી; યોગી અને યોગ વગેરે નથી અને બધું સર્વ કાળે નથી. ૪૦,૪૧ દિવસ–રાત વગેરે નથી; સ્નાન–ધ્યાન વગેરે નથી; ભ્રાંતિ–અભ્રાંતિ નથી; એમ અનાત્મા છે જ નહિ, એવો તું નિશ્ચય કર. ૪૨ વેદ, શાસ્ત્ર, પુરાણ, કાર્ય, કારણ, ઈશ્વર, લોક, ભૂત, માણસ અને એકતા–એ બધું મિથ્યા છે, એમાં સંશય નથી. ૪૩ બંધ, મોક્ષ, સુખ, દુઃખ, ધ્યાન, ચિત્ત, દેવો, અસુરો, ગૌણ, મુખ્ય અને બીજું બધું મિથ્યા છે, એમાં સંશય નથી. ૪૪ વાણીથી જે બોલે છે, સંકલ્પોથી જે કલ્પાય છે અને મનથી જે જે ચિંતવાય છે, તે સર્વ મિથ્યા છે, એમાં સંશય નથી. ૪૫ બુદ્ધિથી કંઈ નિશ્ચય કરાય છે, ચિત્તમાં કંઈ નિશ્ચય કરાય છે, શાસ્ત્રો વડે પ્રપંચ કરાય છે, નેત્ર વડે જે જે જોવાય છે, એ કાન વડે જે સંભળાય છે અને બીજું જે જે હયાત

यद्यन्नेत्रेणैव निरीक्ष्यते ॥४६॥ श्रोत्राभ्यां श्रूयते यद्यदन्यत्सद्भावमेव च। नेत्रं श्रोत्रं गात्रमेव मिथ्येति च सुनिश्चितम् ॥४७॥ इदमित्येव निर्दिष्टमयमित्येव कल्प्यते। त्वमहं तदिदं सोऽहमन्यत्सद्भावमेव च ॥४८॥ यद्यत्संभाव्यते लोके सर्वसंकल्पसंभ्रमः। सर्वाध्यासं सर्वगोप्यं सर्वभोगप्रभेदकम् ॥४९॥ सर्वदोषप्रभेदाच्च नास्त्यनात्मेति निश्चिनु। मदीयं च त्वदीयं च ममेति च तवेति च ॥५०॥ मह्यं तुभ्यं मयेत्यादि तत्सर्वं वितथं भवेत्। रक्षको विष्णुरित्यादि ब्रह्मा सृष्टेस्तु कारणम् ॥५१॥ संहारे रुद्र इत्येवं सर्वं मिथ्येति निश्चिनु। स्नानं जपस्तपो होमः स्वाध्यायो देवपूजनम् ॥५२॥ मन्त्रं तन्त्रं च सत्सङ्गो गुणदोषविजृम्भणम्। अन्तःकरणसद्भाव अविद्यायाश्च संभवः ॥५३॥ अनेककोटिब्रह्माण्डं सर्वं मिथ्येति निश्चिनु। सर्वदेशिकवाक्योक्तिर्येन केनापि निश्चितम् ॥५४॥ दृश्यते जगति यद्यद्यज्जगति वीक्ष्यते। वर्तते जगति यद्यत्सर्वं मिथ्येति निश्चिनु ॥५५॥ येन केनाक्षरेणोक्तं येन केन विनिश्चितम्। येन केनापि गदितं येन केनापि मोदितम् ॥५६॥ येन केनापि यद्दत्तं येन केनापि यत्कृतम्। यत्र यत्र शुभं कर्म यत्र यत्र च दुष्कृतम् ॥५७॥ यद्यत्करोषि सत्येन सर्वं मिथ्येति निश्चिनु। त्वमेव परमात्मासि त्वमेव परमो गुरुः ॥५८॥ त्वमेवाकाशरूपोऽसि साक्षिहीनोऽसि सर्वदा। त्वमेव सर्वभावोऽसि त्वं ब्रह्मासि न संशयः ॥५९॥ कालहीनोऽसि कालोऽसि सदा ब्रह्मासि चिद्घनः।

લાગે છે, તે તે બધું મિથ્યા છે, એમાં સંશય નથી. આંખ, કાન અને શરીર જ મિથ્યા છે, એવો સારી રીતે નિશ્ચય કર્યો

છે. ૪૬,૪૭ 'આ' એ પ્રમાણે જ જે બતાવ્યું છે. 'આ' એ પ્રમાણે જ જે કલ્પાય છે, 'તું, હું, તે, આ, તે, હું; બીજું અને જે કંઈ સાચો ભાવ જ છે,' એમ જે જે લોકમાં માની લેવાય છે, તે બધો સંકલ્પોનો સંભ્રમ છે. સર્વ આરોપ, સર્વ ગુપ્ત રાખવા લાયક, સર્વ ભોગોના ભેદો અને સર્વ દોષોના ભેદો–એ બધું અનાત્મા રૂપ કંઈ છે જ નહિ, એમ તું નિશ્ચય કર. 'મારું આ, તારું આ, મારું, તારું, મારા માટે, તારા માટે' ઇત્યાદિ સર્વ જૂઠું છે. 'વિષ્ણુ રક્ષણ કરનાર છે, બ્રહ્મા સૃષ્ટિનું કારણ છે અને રુદ્ર સંહારનું કારણ છે' ઇત્યાદિ આ બધું મિથ્યા છે, એમ તું નિશ્ચય કર. સ્નાન, જપ, તપ, હોમ, સ્વાધ્યાય, દેવપૂજન, મંત્ર, તંત્ર, સત્સંગ, ગુણ–દોષના વિલાસ, અંતઃકરણનું સાચાપણું, અવિદ્યાનો સંશય અને અનેક કરોડો બ્રહ્માંડ–આ બધું મિથ્યા છે, એમ તું નિશ્ચય કર, સર્વ ગુરુઓનાં વાક્યો ને વચનો, જે કોઈએ કંઈ નિશ્ચય કર્યો છે, જગતમાં જે જે જોવાય છે, જગતમાં જે જે દેખાય છે અને જગતમાં જે જે છે, તે બધું મિથ્યા છે, એમ તું નિશ્ચય કર. ૪૮–૫૫ જે કોઈ અક્ષર વડે કહેવાયું છે, જે કોઈએ વિશેષ નિશ્ચય કર્યો છે, જે કોઈએ કહ્યું છે, જે કોઈ વડે આનંદ પામ્યું છે, જે કોઈએ જે આપ્યું છે, જે કોઈએ જે કર્યું છે, જ્યાં જ્યાં શુભ કર્મ છે, જ્યાં જ્યાં પાપ-કર્મ છે અને જે જે તું સાચું માની કરે છે, તે બધું મિથ્યા છે, એમ તું નિશ્ચય કર. તું જ પરમાત્મા છે અને તું જ પરમ ગુરુ છે. ૫૬–૫૮ તું જ આકાશરૂપ છે, તું સર્વ કાળે સાક્ષીરહિત છે, તું જ સર્વ પદાર્થોરૂપ છે અને તું બ્રહ્મ છે, એમાં સંશય નથી. ૫૯ તું કામરહિત છે, કામ છે, સદા બ્રહ્મ છે, ચૈતન્યવ્યાપ્ત છે, ચારે બાજુ સ્વસ્વરૂપ છે અને ચૈતન્યથી ભરપૂર છે. ૬૦ તું સત્ય છે,

सर्वतः स्वस्वरूपोऽसि चैतन्यघनवानसि ॥ ६० ॥ सत्योऽसि सिद्धोऽसि सनातनोऽसि मुक्तोऽसि मोक्षोऽसि मुदामृतोऽसि। देवोऽसि शान्तोऽसि निरामयोऽसि ब्रह्मासि पूर्णोऽसि परात्परोऽसि ॥ ६१ ॥ समोऽसि सच्चापि सनातनोऽसि सत्यादिवाक्यैः प्रतिबोधितोऽसि। सर्वाङ्गहीनोऽसि सदा स्थितोऽसि ब्रह्मेन्द्ररुद्रादिविभावितोऽसि ॥ ६२ ॥ सर्वप्रपञ्चभ्रमवर्जितोऽसि सर्वेषु भूतेषु च भासितोऽसि। सर्वत्र संकल्पविवर्जितोऽसि सर्वागमान्तार्थविभावितोऽसि ॥ ६३ ॥ सर्वत्र संतोषसुखासनोऽसि सर्वत्र गत्यादिविवर्जितोऽसि। सर्वत्र लक्ष्यादिविवर्जितोऽसि ध्यातोऽसि विष्ण्वादिसुरैरजस्रम् ॥ ६४ ॥ चिदाकारस्वरूपोऽसि चिन्मात्रोऽसि निरङ्कुशः। आत्मन्येव स्थितोऽसि त्वं सर्वशून्योऽसि निर्गुणः ॥ ६५ ॥ आनन्दोऽसि परोऽसि त्वमेक एवाद्वितीयकः। चिद्घनानन्दरूपोऽसि परिपूर्णस्वरूपकः ॥ ६६ ॥ सदसि त्वमसि ज्ञोऽसि सोऽसि जानासि वीक्षसि। सच्चिदानन्दरूपोऽसि वासुदेवोऽसि वै प्रभुः ॥ ६७ ॥ अमृतोऽसि विभुश्चासि चञ्चलो ह्यचलो ह्यसि। सर्वोऽसि सर्वहीनोऽसि शान्ताशान्तविवर्जितः ॥ ६८ ॥ सत्तामात्रप्रकाशोऽसि सत्तासामान्यको ह्यसि। नित्यसिद्धिस्वरूपोऽसि सर्वसिद्धिविवर्जितः ॥ ६९ ॥ ईषन्मात्रविशून्योऽसि अणुमात्रविवर्जितः। अस्तित्ववर्जितोऽसि त्वं नास्तित्वादिविवर्जितः ॥ ७० ॥ लक्ष्यलक्षणहीनोऽसि निर्विकारो निरामयः। सर्वनादान्तरोऽसि त्वं कलाकाष्ठाविवर्जितः ॥ ७१ ॥ ब्रह्मविष्ण्वीशहीनोऽसि स्वस्वरूपं प्रपश्यसि। स्वस्वरूपावशेषोऽसि स्वानन्दाब्धौ निमज्जसि ॥ ७२ ॥ स्वात्मराज्ये

સિદ્ધ છે, સનાતન છે, મુક્ત છે, મોક્ષ છે, આનંદ સાથે અમર છે, દેવ છે, શાંત છે, નિર્દોષ છે, બ્રહ્મ છે, પૂર્ણ છે અને પરથી પર છે. ૬૧ તું સમાન છે, સત્ છે, સનાતન છે, સત્ય આદિ વાક્યોથી બોધ પામેલો છે, સર્વ અંગોથી રહિત છે, સદાકાળ રહેલો છે અને બ્રહ્મા–ઇંદ્ર–રુદ્ર–આદિ વડે ચિંતવાયેલો છે. ૬૨ તું સર્વ પ્રપંચરૂપી ભ્રમથી રહિત છે, સર્વ ભૂતોમાં પ્રકાશેલો છે; સર્વ સ્થળે સંકલ્પ વિનાનો છે અને સર્વ ઉપનિષદોના અર્થથી વિચારાયેલો છે. ૬૩ બધે સંતોષરૂપી સુખાસને તું બિરાજેલો છે, બધે ગતિ વગેરેથી રહિત છે, લક્ષ્ય આદિથી રહિત છે અને વિષ્ણુ આદિ દેવો વડે નિરંતર ધ્યાન કરાયેલો છે. ૬૪ તું ચૈતન્યના આકારસ્વરૂપ છે, માત્ર ચૈતન્ય છે, નિરંકુશ છે, આત્મામાં જ રહેલો છે, સર્વથી શૂન્ય છે અને નિર્ગુણ છે. ૬૫ તું આનંદ છે, પર છે, એક જ અને અદ્વિતીય છે; ચૈતન્યથી વ્યાપ્ત અને આનંદરૂપ છે, તેમ જ પરિપૂર્ણ સ્વરૂપવાળો છે. ૬૬ તું સત છે, 'તું' છે, જ્ઞાની છે, 'તે' છે, તું જાણે છે, જુએ છે, સચ્ચિદાનંદરૂપ છે અને વાસુદેવ પ્રભુ છે. ૬૭ તું અમર છે, વ્યાપક છે, ચંચળ છે, અચળ છે, સર્વસ્વરૂપ છે, સર્વથી રહિત છે, શાંત–અશાંતથી રહિત છે. ૬૮ તું માત્ર સત્તારૂપ પ્રકાશવાળો છે, સામાન્ય સત્તારૂપ છે, નિત્ય સિદ્ધિસ્વરૂપ છે અને સર્વ સિદ્ધિઓથી રહિત છે. ૬૯ તું લેશમાત્ર શૂન્યતાથી રહિત છે, અણુમાત્રથી રહિત છે, અસ્તિપણાથી રહિત છે, નાસ્તિપણાથી પણ રહિત છે. ૭૦ તું લક્ષ્ય તથા લક્ષણથી રહિત છે, નિર્વિકાર છે, નીરોગી છે, સર્વ નાદની અંદર રહેલો છે અને કળા તથા સીમાથી રહિત છે. ૭૧ તું બ્રહ્મા, વિષ્ણુ તથા શંકરથી જુદો છે; પોતાના સ્વરૂપને તું જોઈ રહ્યો છે, પોતાના સ્વરૂપે તું બાકી રહે છે અને પોતાના આનંદરૂપ સ્વરૂપમાં તું ડૂબી

त्वमेवासि स्वयंभावविवर्जितः । शिष्टपूर्णस्वरूपोऽसि स्वस्मात्किंचिन्न पश्यसि ॥ ७३ ॥ स्वस्वरूपान्न चलसि स्वस्वरूपेण जृम्भसि । स्वस्वरूपादनन्योऽसि ह्यहमेवासि निश्चिनु ॥ ७४ ॥ इदं प्रपञ्चं यत्किंचिद्यद्यज्जगति विद्यते । दृश्यरूपं च दृग्रूपं सर्वं शशविषाणवत् ॥ ७५ ॥ भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च । अहंकारश्च तेजश्च लोकं भुवनमण्डलम् ॥ ७६ ॥ नाशो जन्म च सत्यं च पुण्यपापजयादिकम् । रागः कामः क्रोधलोभौ ध्यानं ध्येयं गुणं परम् ॥ ७७ ॥ गुरुशिष्योपदेशादिरादिरन्तं शमं शुभम् । भूतं भव्यं वर्तमानं लक्ष्यं लक्षणमद्वयम् ॥ ७८ ॥ शमो विचारः संतोषो भोक्तृभोज्यादिरूपकम् । यमाद्यष्टाङ्गयोगं च गमनागमनात्मकम् ॥ ७९ ॥ आदिमध्यान्तरङ्गं च ग्राह्यं त्याज्यं हरिः शिवः । इन्द्रियाणि मनश्चैव अवस्थात्रितयं तथा ॥ ८० ॥ चतुर्विंशतितत्त्वं च साधनानां चतुष्टयम् । सजातीयं विजातीयं लोका भूरादयः क्रमात् ॥ ८१ ॥ सर्ववर्णाश्रमाचारं मन्त्रतन्त्रादिसंग्रहम् । विद्याविद्यादिरूपं च सर्ववेदं जडाजडम् ॥ ८२ ॥ बन्धमोक्षविभागं च ज्ञानविज्ञानरूपकम् । बोधाबोधस्वरूपं वा द्वैताद्वैतादिभाषणम् ॥ ८३ ॥ सर्ववेदान्तसिद्धान्तं सर्वशास्त्रार्थनिर्णयम् । अनेकजीवसद्भावमेकजीवादिनिर्णयम् ॥ ८४ ॥ यद्यद्ध्यायति चित्तेन यद्यत्संकल्पते क्वचित् । बुद्ध्या निश्चीयते यद्यद्गुरुणा संशृणोति यत् ॥ ८५ ॥ यद्यद्वाचा व्याकरोति यद्यदाचार्यभाषणम् । यद्यत्स्वरेन्द्रियैर्भाव्यं यद्यन्मीमांस्यते पृथक् ॥ ८६ ॥ यद्यन्न्यायेन निर्णीतं महद्भिर्वेदपारगैः । शिवः क्षरति लोकान्वै विष्णुः पाति जग-

રહ્યો છે. ૭૨ પોતાના આત્મારૂપ રાજ્યમાં તું જ છે, 'પોતે' એવા ભાવથી તું રહિત છે; બાકી રહેલા પૂર્ણ સ્વરૂપે તું છે અને પોતાથી જુદું કંઈ પણ તું દેખતો નથી. ૭૩ તું પોતાના સ્વરૂપથી ચળતો નથી, પોતાના સ્વરૂપે તું પ્રકાશે છે, પોતાના સ્વરૂપથી તું જુદો નથી અને 'હું જ છું' એવો તું નિશ્ચય કર. ૭૪ આ જગતમાં જે કંઈ દશ્યરૂપ તથા દ્રષ્ટારૂપ પ્રપંચ છે, તે બધો સસલાનાં શિંગડાં જેવો મિથ્યા છે. ૭૫ પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ, અહંકાર, તેજ, લોક, ભુવનમંડળ, નાશ, જન્મ, સત્ય, પુણ્ય-પાપ-જય ,વગેરે, રાગ, કામ, ક્રોધ, લોભ, ધ્યાન, ધ્યેય, ગુણ, પરવસ્તુ, ગુરુ-શિષ્ય-ઉપદેશ વગેરે, આદિ, અંત, શમ, શુભ, ભૂત, ભવિષ્ય, વર્તમાન, લક્ષ્ય, લક્ષણ, અદ્વૈત, ક્ષમ, વિચાર, સંતોષ ભોગવનાર, ભોગવવાનું વગેરેનાં સ્વરૂપ, યમ વગેરે અષ્ટાંગયોગ, ગમન-આગમનનું સ્વરૂપ, આદિ-મધ્ય-અંતરંગ, ગ્રહણ કરવાનું, ત્યજવાનું, હરિ, શિવ, ઇંદ્રિયો, મન, ત્રણ અવસ્થાઓ, ચોવીસ તત્ત્વો, ચાર સાધનો; સજાતીય, વિજાતીય, ભૂર્ આદિ લોકો, સર્વ વર્ણો તથા આશ્રમોના આચાર, મંત્ર-તંત્ર આદિનો સંગ્રહ, વિદ્યા-અવિદ્યા આદિનાં રૂપ સર્વ જાણવા જેવું, જડ-અજડ, બંધ-મોક્ષના વિભાગ, જ્ઞાન-વિજ્ઞાનનું સ્વરૂપ, બોધ-અબોધનું સ્વરૂપ, દ્વૈત-અદ્વૈત આદિ ભાષણ, સર્વ વેદાંતનો સિદ્ધાંત, સર્વ શાસ્ત્રોના અર્થનો નિર્ણય, અનેક જીવોનું અસ્તિત્વ અને એક જીવ આદિનો નિર્ણય-એ બધું સસલાંનાં શિંગડાં જેવું મિથ્યા છે. ૭૬-૮૪ મનુષ્ય ચિત્ત વડે જે જે ધ્યાન કરે છે, કોઈ વિષે જે જે સંકલ્પ કરે છે, બુદ્ધિ વડે જે જે નિશ્ચય કરે છે, ગુરુ પાસે જે કંઈ સાંભળે છે, વાણી વડે જે જે બોલે છે; આચાર્યનું જે જે ભાષણ છે, સ્વરો તથા ઇંદ્રિયો વડે જે જે થાય છે, જુદું જુદું જે જે વિચારાય છે, વેદપારંગત મહાપુરુષોએ

त्रयम् ॥ ८७ ॥ ब्रह्मा सृजति लोकान्वै एवमादिक्रियादिकम् । यद्यदस्ति पुराणेषु यद्यद्वेदेषु निर्णयम् ॥ ८८ ॥ सर्वोपनिषदां भावं सर्वं शशविषाणवत् । देहोऽहमिति संकल्पं तदन्तःकरणं स्मृतम् ॥८९॥ देहोऽहमिति संकल्पो महत्संसार उच्यते । देहोऽहमिति संकल्पस्तद्बन्धमिति चोच्यते ॥९०॥ देहोऽहमिति संकल्पस्तद्दुःखमिति चोच्यते । देहोऽहमिति यज्ज्ञानं तदेव नरकं स्मृतम् ॥ ९१ ॥ देहोऽहमिति संकल्पो जगत्सर्वमितीर्यते । देहोऽहमिति संकल्पो हृदयग्रन्थिरीरितः ॥ ९२ ॥ देहोऽहमिति यज्ज्ञानं तदेवाज्ञानमुच्यते । देहोऽहमिति यज्ज्ञानं तदसद्भावमेव च ॥ ९३ ॥ देहोऽहमिति या बुद्धिः सा चाविद्येति भण्यते । देहोऽहमिति यज्ज्ञानं तदेव द्वैतमुच्यते ॥९४॥ देहोऽहमिति संकल्पः सत्यजीवः स एव हि । देहोऽहमिति यज्ज्ञानं परिच्छिन्नमितीरितम् ॥ ९५ ॥ देहोऽहमिति संकल्पो महापापमिति स्फुटम् । देहोऽहमिति या बुद्धिस्तृष्णा दोषामयः किल ॥ ९६ ॥ यत्किंचिदपि संकल्पस्तापत्रयमितीरितम् । कामं क्रोधं बन्धनं सर्वदुःखं विश्वं दोषं कालनानास्वरूपम् । यत्किंचेदं सर्वसंकल्पजालं तत्किंचेदं मानसं सोम्य विद्धि ॥ ९७ ॥ मन एव जगत्सर्वं मन एव महारिपुः । मन एव हि संसारो मन एव जगत्त्रयम् ॥ ९८ ॥ मन एव महद्दुःखं मन एव जरादिकम् । मन एव हि कालश्च मन एव मलं तथा ॥ ९९ ॥ मन एव हि संकल्पो मन एव हि जीवकः । मन एव हि चित्तं च मनोऽहंकार एव च ॥ १०० ॥ मन एव महद्बन्धं मनोऽन्तःकरणं च तत् । मन एव हि भूमिश्च मन एव हि तोयकम् ॥ १०१ ॥ मन एव हि तेजश्च मन एव मरुन्महान् ।

ન્યાય વડે જે જે નિર્ણય કર્યો છે; શિવ લોકોનો સંહાર કરે છે, વિષ્ણુ ત્રણે જગતનું રક્ષણ કરે છે, બ્રહ્મા લોકોને સરજે છે– ઇત્યાદિ જે ક્રિયા વગેરે છે, પુરાણોમાં તથા વેદોમાં જે જે નિર્ણય છે અને સર્વ ઉપનિષદોનો જે ભાવ છે, તે બધું સસલાનાં શિંગડાં જેવું મિથ્યા છે. 'હું દેહ છું' આવો સંકલ્પ તે જ અંતઃકરણ કહેવાય છે; ૮૫–૮૯ 'હું દેહ છું' આવો સંકલ્પ તે જ મોટો સંસાર કહેવાય છે; 'હું દેહ છું' આવો સંકલ્પ તે જ બંધન કહેવાય છે; 'હું દેહ છું' આવો સંકલ્પ તે જ દુઃખ કહેવાય છે; 'હું દેહ છું' આવું જે ભાન તેને જ નરક કહ્યું છે; 'હું દેહ છું' આવો જે સંકલ્પ તે જ બધું જગત છે, એમ કહેવાય છે; 'હું દેહ છું' આવો જે સંકલ્પ તેને જ હૃદયની ગાંઠ કહી છે; 'હું દેહ છું' આવું જે જ્ઞાન તે જ અજ્ઞાન કહેવાય છે; 'હું દેહ છું' આવું જે જ્ઞાન તે જ અસત્‌ ભાવ છે; 'હું દેહ છું' આવો જે સંકલ્પ તે જ ખુલ્લું પાપ છે; અને 'હું દેહ છું' આવી જે બુદ્ધિ તે જ દોષમય તૃષ્ણા છે. ૯૦–૯૬ જે કંઈ સંકલ્પ થાય છે, તેને જ ત્રણ તાપ કહેલ છે. કામ, ક્રોધ, બંધન, સર્વ દુઃખ, બધા દોષ, કાળનાં અનેક જાતનાં સ્વરૂપ, જે કંઈ સર્વ સંકલ્પોનો સમૂહ છે અને જે કંઈ આ છે, તે બધું હે સૌમ્ય! માનસિક છે, એમ તારે જાણવું, ૯૭ મન જ બધું જગત છે, મન જ મોટો શત્રુ છે, મન જ સંસાર છે, મન જ ત્રણ જગત છે. મન જ મોટું દુઃખ છે, મન જ ઘડપણ વગેરે છે; મન જ કાળ છે, મન જ મેલ છે, મન જ સંકલ્પ છે, મન જ જીવ છે, મન જ ચિત્ત છે, મન જ અહંકાર છે, મન જ મોટું બંધન છે, મન જ અંતઃકરણ છે, મન જ પૃથ્વી છે, મન જ પાણી છે, મન જ તેજ છે, મન જ મોટો વાયુ છે, મન જ આકાશ છે અને મન જ શબ્દ છે.૯૮–૧૦૨